શ્રી

સિધ્ધારૂઢ સ્વામીજી

(મહાત્મા રૂપે પરમાત્મા)

ભાગ બીજો

લેખક તથા પ્રકાશક:—

નરસિંહ પરશરામ પંડિત

સાઇલોજ, ટીળક રોડ: સાન્તાક્રુઝ.

બી. બી. સી. આઈ. રેલ્વે.

મુલ્ય રૂપીઓ સવા

શ્રી

સિધ્ધારૂઢ સ્વામીજી

(મહાત્મા રૂપે પરમાત્મા)

ભાગ બીજો

લેખક તથા પ્રકાશકઃ—
નરસિંહ પરશરામ પંડિત
સાઇલોજ, ટીળક રોડ; સાન્તાક્રુઝ.
બી. બી. સી. આઈ રેલ્વે.

મુલ્ય રૂપીઓ સવા

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૦૦૦

વિ. સં. ૧૯૮૪ — ઈ. સ. ૧૯૨૮

મુદ્રક: રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદી.

મુદ્રણસ્થાન: સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ–ઉમરેઠ.
(જી. ખેડા)

પ્રકાશક: નરસિંહ પરશરામ પંડિત.

પ્રાકટ્ય સ્થાન: સાઈલોજ, ટીલકરોડ, સાન્તાક્રુઝ.
બી. બી. એન્ડ સી. આઈ રેલ્વે.

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના

પવિત્ર

ચરણે

પ્રકાશક,

નરસિંહ પરશરામ પંડિત.

ૐ

______________________________ ને

______________________________ તરફથી સપ્રેમ ભેટ

લી૦ આપનો,

____

—બે બોલ—

પ્રિય વાંચક! આજ લગી આપણે જે અદ્દભુત ચમત્કારો વાંચી ગયા છીએ તેમાંનોજ આ પણ એક ચમત્કાર મહારાજશ્રીએ બતલાવેલો છે, તે નીચેની આત્મકથા ઉપરથી દરેકના ધ્યાનમાં આવશે.

સને ૧૯૨૫માં મારા પુજ્ય પિતાશ્રી તથા માતુશ્રી શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીની કારકીર્દી સાંભળી દર્શનાર્થે હુબળી જઈ આવ્યાં, ત્યાર બાદ એપ્રીલ માસમાં મને પણ ત્યાં જવાની આજ્ઞા થઇ, સાચું જોતાં મારા પુજ્ય પિતાશ્રીની કૃપાથીજ આ દર્શનનો લાભ મને પ્રાપ્ત થયો.

સ્વામીજી તો પ્રત્યક્ષ ભગવાન રૂપજ છે અને તેઓશ્રીના દર્શનથી મેં જે આનંદ અનુભવ્યો તેનું વર્ણન કરવા હું શક્તિમાન નથી.

આ વખતે મારા મનમાં એક પુજ્ય વિચાર ઉભો થયો તે એ કે મહારાજશ્રીનું વાર્તારૂપમાં ચરિત્ર લખી અલ્પ સેવા કરવાનો હતો.

મનમાં વિચાર આવતાંજ ઝટ મહારાજશ્રીના ચરણ પાસે એ વિચાર કહી સંભળાવ્યો પણ આનંદ લહેરીમાં હું મશગુલ હોવાથી ચરિત્ર ગુજરાતીમાં કરૂં છું એમજ કહેવાઇ ગયું.

પરમ કૃપાળુ સ્વામીજીએ શાંન્તમનથી મારી ઈચ્છા સાંભળી લઇ પોતાનો કૃપા હસ્ત મારા શીર ઉપર મુકી કહ્યું " ગુરૂ-કૃપા, લખવાને જલદી આરંભ કર, ગુરૂનો પૂર્ણ આશીર્વાદ તને છે.

આવી રીતે વગર વિલંબે બધું બની ગયું અને હું મઠની બહાર આવ્યા બાદ મને મારી ભૂલ જણાઈ, કારણ કે હું દક્ષિણી શુકલ યજુર્વેદી બ્રાહ્મણ હોવાથી ગુજરાતી મારી કંઈ માતૃભાષા નથી. અને ચરિત્ર લખવાનું જે કંઈ હું બોલ્યો તે જો કે અયોગ્ય હતું તેથી એનો ઇલાજ કરવા માટે હું તરતજ પાછો ફરતો હતો પણ ગુરૂ કૃપાથી મને શ્રીયુત્ શીવરાવ કે જેમણે મહારાજશ્રીનું કાનડીમાંથી ઉળી-બધ્ધ મરાઠીમાં પુસ્તક બહાર પાડયું છે તેઓ મને સામે મળ્યા, અને તેમને ઉપલી બનેલી વાતથી વાકેફ કર્યા, તેમણે કહ્યું " કંઈ ફીકર કરતા નહિ, હું તમોને એક ગૃહસ્થનો પત્તો લખી આપું છું તે લઇ તમો મુંબાઈ જાવ અને તે ગૃહસ્થની તપાસ કરી તેમની મદદ લેશો એટલે તમારૂ વચન પૂર્ણ થશે, કારણ કે તે ગૃહસ્થે ગુજરાતીમાં મહારાજશ્રીનું ચરિત્ર બહાર પાડવાની ઈચ્છા જણાવી હતી.

મુંબાઈ આવ્યા પછી હું પેલા ગૃહસ્થને મળ્યો, તેમણે પોતાનાથી નહિ બની શકતાં બીજાને કામ સોપ્યું હતું.

આ વાત મારે સ્વામીજી પાસે લખી મોકલવાની

ફરજ પડી. સ્વામીજીએ તુરતજ જવાબ લખી મને આજ્ઞા કરી કે " બીજાના ઉપર ભરૂષો રાખી તારે બેસી રહેવાની કંઈ જરૂર નથી પણ અત્યારેજ કાર્યની શરૂઆત કરો. "

સ્વામીજીની આજ્ઞા શીર ઉપર ચઢાવી એમની પ્રેરણાથી મારી અલ્પ મતીને જે યોગ્ય લાગ્યું તેટલુંજ પ્રિય વાંચકો આગળ રજુ કર્યું છે, આનો કર્તા હર્તા શ્રી સ્વામીજીજ છે હું તો નામ માત્રજ છું તેથીજ ક્ષીરનીર ન્યાયથી વાંચકો અંગીકાર કરશે અને આ પરમ પવિત્ર દયાળુ સ્વામીજીના દર્શનનો લાભ લઈ પોતપોતાના સંસારમાંના અનેક સંકટો દૂર કરી લેશે એટલુંજ નહિ પણ પરમાર્થ માર્ગ એટલે જે ઉત્તમજ્ઞાન સ્વામીજીના સહેવાસમાં આવી સંપાદાન કરી લેશે તોજ આ મારા પ્રયત્નનું સાર્થક થયું છે એમ હું માનીશ.

મહાન પવિત્ર મહાશિવરાત્રી તા. ૧૯–૨–૨૮ના રોજ રવીવારના શુભ દીને આ પરમ પવિત્ર ચરિત્ર સ્વામીજીના ચરણ ઉપર અર્પણ કરૂ છું.

લી. આપનો સેવક

નરસિંહ પરશરામ પંડિત.

ટીળક રોડ, સાઇલોજ, **સાન્તાક્રુઝ.**

બી. બી. સી. આઇ. રેલ્વે.

નીચેના પુજય ગૃહસ્થોએ જે મને મદદ કરી છે તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૧ શંભુલાલ શીવલાલ મહેતા

૨ ચીમનલાલ અચરતલાલ મહેતા

૩ ડાહ્યાભાઈ લક્ષ્મીદાસ

૪ પરસોતમ મોરારજી મીસ્ત્રી

૫ વ્રીજલાલ ઝવેર

૬ ત્રીકમદાસ મંછારામ મીસ્ત્રી

૭ મગનલાલ ડાહ્યાભાઇ પટેલ રાંદેરકર

૮ શેઠ અંબાલાલ નાથાલાલ વ્યાસ બોરીવલી

मातृपितृदेवौ भवः



પિતાશ્રી પરશરામ ગંગાધર.   માતુશ્રી કાશીબાઇ પરશરામ પંડીત.
કે. નલીનીબાઇ નરસિંહ.

Nyayasagar Press, Kalbadevi, Bombay 2.

" દરરોજનો કાર્યક્રમ "

સમાધિસ્થાનની દક્ષિણ દીશાએ આવેલી શુશોભીત રમણીય બેઠકે સ્વામીજી પ્રભાતે આવી બીરાજે છે. આ વખતે પ્રેમી ભકતો આગળની છુટી જગ્યામાં સ્ત્રી ભકતો અને પુરૂષવર્ગ સામે સામે હારબંધે ગોઠવાઈ જઇ " કપુર-આરતી ઉતારી ૐ શિવાયનમઃ " નો મંત્ર ઘોષ સૂર્યોદય થતાં સુધી કરે છે. (આ આરતીને કાકડ આરતી તરીકે જાણવામાં આવે છે) ત્યાર બાદ સ્વામીજી અહિઆંથી ઉઠી આશ્રમની (મઠ) બેઠકમાં આવી બીરાજે છે, અહિઆં કાનડી ભાષામાં યાતો હીન્દી તથા સંસ્કૃતમાં પુરાણનું વિવેચન લગભગ બે કલાક સુધી કરવામાં આવે છે.

અહિઆં પણ આરતી ઉતારવામાં આવે છે. પછીથી આશ્રમના ભંડારમાં જઇ તૈયાર કરેલી રસોઇમાંથી પ્રસાદી લઇ દરેકને જમવાની છુટી કરવામાં આવે છે, રસોડે દરેકને જમવાની છુટ છે એટલે કે રાયથી કે રંક સુધી જમી શકે છે. કોઈને પણ વાંધો લેવામાં આવતોજ નથી.

પછીથી આશ્રમમાં આવેલા ભકતોને આશીર્વાદ કરવા તથા પુજન અને ભોજન કરવા માટે બાર વાગ્યા સુધીનો વખત ગાળવામાં આવે છે. ગામમાંથી પણ ભક્તો ભોજન કરાવવા પોતપોતાને ઘેર લઇ જાય છે.

બારથી એક વાગ્યા સુધી સ્વામીજી સમાધિસ્થાન અને ભંડારની વચ્ચે આવેલા ન્હાનકડા શયન મંદીરમાં વિસામો લે છે.

પોતે ઉઠયા પછી પાછા ભંડારમાં કે જ્યાં બેસવાની જગ્યા છે ત્યાં બેસે છે, આ વખતે પણ ભકતજનો આવે છે; સ્વામીજી પણ દરેકને સંતોષ પમાડે છે.

અહિઆં વર્ષમાંના દરેક ન્હાના મોટા ઉત્સવો ઉજવવામાં આવે છે. દરેક ઉત્સવ માટે સ્વામીજી પોતે પહેલેથી જ બધી તૈયારીઓ કરી રાખે છે. બપોરના વખતમાં પોતે જાતે બેસી દરેક ભકતોને ઉત્સવ માટેનું કામ સોપવામાં આવે છે. પ્રેમી ભકતો આવા કાર્યમાં બહુજ ઉત્સાહથી કામ કરે છે. અને કામ પુરૂ થતાંજ બીજા કામ માટે સ્વામીજીની કહેવાની રાહ ન જોતા બીજુ કામ ઉપાડી લે છે.

આ કાર્યમાં સ્ત્રી ભકતો પણ ઘણીજ મદદ કરે છે. આશ્રમમાં આવતું અનાજ, જેમકે ચોખા, દાળ, બાજરી, ઘઉં વીગેરે સાફસુફ કરવાનું, મસાલા કુટવાનું, વીણવાનું વીગેરે કામ તેઓ ૐ શિવાય નમઃ ના મંત્ર ઘોષથી કરે છે.

અહિઆં દરેક સોમવારે યાત્રા જેવું ભરાય છે. અને સાંજના સ્વામીજીને સારા અલંકારો પહેરાવી આરતી ઉતારવામાં આવે છે, આ વખતનો દેખાવ જાણે કે શંકર ભગવાન કૈલાસમાં ન બીરાજ્યા હોય તેવોજ લાગે છે.

દરેક ભકતોએ સોમવારનાં દર્શનનો લાભ લેવાને ચુકવો નહિ.

સ્વામીજીનો મોટામાં મોટો ઉત્સવ મહા શીવરાત્રી ઉપર ઉજવવામાં આવે છે. આ વખતે હજારો ભકતો દેશ-દેશમાંથી આવે છે.

આશ્રમમાં સમાધિસ્થાનની બાજુમાં એક નવુ ભવ્યદાર કૈલાસ મંડપ બાંધવામાં આવ્યું છે.

સ્વામીજી ચાર વાગે આશ્રમની બેઠકમાં આવી બીરાજે છે. આ વખતે પણ વેદાન્ત વિવેચન, ગીતા શ્રવણ વીગેરે વીગેરે વાંચવામાં આવે છે અને તે પુરેપુરી રીતે ભકતોને સમજણ પાડવામાં આવે છે. તથા દરેકને શંકા માટે પુછવાને છુટ છે.

સાંજના છ વાગે આરતી થાય છે ત્યાર પછી ફળ પ્રસાદી દરેક જણ લઈ આનંદથી વાર્તાલાપ કરતાં છુટા પડે છે.

આપ ફોટો ક્યાં પડાવશો ?

એકવાર જરૂર ફોટો પડાવી ખાત્રી કરો

શ્રી આરૂઢ મઠમાં આવેલા શ્રી સિદ્ધારૂઢ મઠનીવાસી

સિદ્ધદાસ માધવરાવ

ફોટોગ્રાફરને ત્યાં

હુબળી. એમ. એસ. એમ. રેલ્વે

(કે૦ શાસ્ત્રાચાર્ય કડલાસ્કરકૃત)

શ્રી સિદ્ધારૂઢનાં અષ્ટોત્તરશત નામાવલિ

દરેક નામના આરંભમાં ૐ અને છેવટે નમઃ બોલવું.

૧ ૐ સિદ્ધારૂઢાય નમઃ
૨ ,, યતિશ્રેષ્ઠાય નમઃ
૩ સદ્ગુરવે નમઃ
૪ પરમેશ્વરાય નમઃ
૫ વેદાન્તવાદનિરતાય૦
૬ વેદસંરક્ષણોદ્યતાય૦
૭ મુમુક્ષુજનસુપ્રીતાય૦
૮ મુક્તિકાંતામનોહરાય૦
૯ સર્વલક્ષણદાક્ષિણ્યાય૦
૧૦ સર્વસંસારભેષજાય૦
૧૧ મૌનમુદ્રાંચિતકરાય૦
૧૨ શિષ્યહૃત્તાપહારકાય૦
૧૩ મિથ્યાજ્ઞાનવિદૂરાય૦
૧૪ મિથ્યાસંશયનાશનાય૦
૧૫ સર્વદિગ્વ્યાપકાય૦
૧૬ સર્વમંડલાંતરસંસ્થિતાય૦
૧૭ શ્રીમતેપરમહંસાય૦
૧૮ સાધુનાં જ્ઞાનદાયકાય૦
૧૯ બ્રહ્મસૂત્રાર્થતત્ત્વજ્ઞાય૦
૨૦ બ્રહ્મવિદ્વરિષ્ઠાય નમઃ
૨૧ બ્રહ્માનંદફલપ્રદાય૦
૨૨ ભૂર્ભુવાદિપુસંચરાય૦
૨૩ ભર્ગાય નમઃ
૨૪ ભાગવતપ્રિયાય૦
૨૫ ધ્યાનગમ્યાય૦
૨૬ યોગિશ્રેષ્ઠાય નમઃ
૨૭ સર્વસિદ્ધિપ્રદાયકાય૦
૨૮ નિત્યાનિત્યાર્થતત્વજ્ઞાય૦
૨૯ નિર્મલાશયપાષેણાય૦
૩૦ સર્વશાસ્ત્રાર્થતત્ત્વજ્ઞાય૦
૩૧ મંત્રશાસ્ત્રાબ્ધિમંદરાય૦
૩૨ તપઃફલપ્રદાતાય૦
૩૩ તપાય નમઃ
૩૪ સત્યાય નમઃ
૩૫ શમાય નમઃ
૩૬ દમાય નમઃ
૩૭ શિવાત્મને નમઃ
૩૮ સુચરિત્રાઢ્યાય૦
૩૯ સર્વભૂતહિતોત્સુકાય૦
૪૦ શાંત્યાદિગુણસંપન્નાય૦
૪૧ શાંત્યાતીતસુખાશ્રયાય૦
૪૨ શિવાનંદરસાસ્વાદામોદસંપૂર્ણચેતનાય નમઃ
૪૩ શિવજીવૈક્યતત્ત્વજ્ઞાય૦
૪૪ દેવદેવાય નમઃ
૪૫ મહાપ્રભવે નમઃ
૪૬ અતીંદ્રિયાય નમઃ
૪૭ જ્ઞાનનિધયે નમઃ
૪૮ નિત્યાનિત્યવિવેકવતે૦
૪૯ સિદ્ધાય નમઃ

૫૦ સિદ્ધિમતાંશ્રેષ્ઠાય૦
૫૧ સિદ્ધાધિપવરપ્રદાય૦
૫૨ સાક્ષાત્સદાશિવાય૦
૫૩ શૈવમંત્રાધિદેવતાય૦
૫૪ શૈવાગમપ્રદર્શિને૦
૫૫ શિવપંચાક્ષરીપ્રિયાય૦
૫૬ નિત્યાય નમઃ
૫૭ નિર્મલાય નમઃ
૫૮ શુદ્ધાય નમઃ
૫૯ નિર્ગુણાય નમઃ
૬૦ નિયતેંદ્રિયાય નમઃ
૬૧ નિત્યાનંદાય નમઃ
૬૨ નિત્યતૃપ્તાય નમઃ
૬૩ નિત્યમુકતાય નમઃ
૬૪ અનહંકૃતયે નમઃ
૬૫ બ્રહ્માનંદસ્વરૂપાય૦
૬૬ બ્રહ્મવિદે નમઃ
૬૭ બ્રાહ્મણપ્રિયાય૦
૬૮ મહાવાકયપ્રભાવજ્ઞાય૦
૬૯ મહાવાકયાર્થરુપકાય૦
૭૦ સર્વજ્ઞાય નમઃ
૭૧ સર્વકર્ત્રે નમઃ
૭૨ સર્વતત્ત્વપ્રદર્શકાય૦
૭૩ કમલારૂણપાદાબ્જાય૦
૭૪ શુભજંઘાય નમઃ
૭૫ સુજાનુકાય નમઃ
૭૬ ઇભનાસાસમાનોરસે૦
૭૭ વિશાલકટિસુંદરાય૦
૭૮ કંબુકંઠાય નમઃ
૭૯ ચાપેયસમનસિકાય.

૮૦ આજાનુલંબસુભુજાય૦
૮૧ અરૂણાબ્જકરૂપ્રભાય૦
૮૨ આકાશનાભયે૦
૮૩ આકાશકેશાય૦
૮૪ આનંદવૈભવાય નમઃ
૮૫ હંસમંત્રસ્વરૂપાય૦
૮૬ હંસવાહનપૂજિતાય૦
૮૭ હાહાહૂહૂગાનલોલાય૦
૮૮ હરિદ્રાસદશાંબરાય૦
૮૯ લોકવંદ્યાય નમઃ
૯૦ લોકનાથાય નમઃ
૯૧ લોકરક્ષણતત્પરાય૦
૯૨ બ્રહ્મમંત્રાર્થતત્ત્વજ્ઞાય૦
૯૩ બ્રહ્માત્મૈકયપ્રબોધકાય૦
૯૪ કલ્યાણગુણસંપન્નાય૦
૯૫ સર્વલોકહિતપ્રદાય૦
૯૬ સર્વગાય નમઃ
૯૭ સત્યસંધાય નમઃ
૯૮ સર્વરૂપાય નમઃ
૯૯ સદાશ્રયાય નમઃ
૧૦૦ અનંતગુણગંભીરાય૦
૧૦૧ આકાશસમવિગ્રહાય૦
૧૦૨ વેદવેદાંતતત્ત્વજ્ઞાય૦
૧૦૩ વિદ્યાવિનયસંશ્રયાય૦
૧૦૪ જ્ઞાનસિંહાસનાધીશાય૦
૧૦૫ જગત્પૂજ્યાય નમઃ
૧૦૬ જગદ્ગુરવે નમઃ
૧૦૭ સત્પદારુઢનિરતાય૦
૧૦૮ સર્વલોક ગુરોઃપરાય૦
૧૦૯ ભ્રલતાપુરવાસિને૦


અનુક્રમણિકા:-

૧	મૃત્યુને પણ માર્યું	૧
૨	સિદ્ધ થયેલું સ્વપ્ન	૯
૩	શરણાપ્પાનું શરણ	૧૪
૪	પ્રથમ ભકત	૨૪
૫	તારકમાં ચંદ્ર	૩૫
૬	ભૂતનો ભાંગેલો ભય	૪૯
૭	ભોળો ભકત	૬૦
૮	ગોવિન્દાનંદ કોણ ?	૭૭
૯	કેરીનો ચમત્કાર અને હનુમંતની ભકિત	૮૮
૧૦	તાઈબાઇ દાભોળકર અને નલિનીનો બચાવ	૯૭
૧૧	શ્રી સિદ્ધારૂઢ ભૂતરૂપે પ્રકટ થઈ ચોરોને નસાડ્યા	૧૦૫
૧૨	યમદૂત જોડે હિરૂબાઈનો ઝઘડો	૧૧૩
૧૩	શંકર ભકત નદીપાર કે ભવપાર ?	૧૨૧
૧૪	ગોંદવલેકર ગણપતીબુવા યા બ્રહ્મચૈતન્ય	૧૩૦
૧૫	તમ્મણ શાસ્ત્રીને થએલો સાક્ષાત્કાર	૧૩૯
૧૬	ચમ્પુબાઈના લગ્નમાં નડેલાં વિઘ્નો	૧૪૬
૧૭	શરણપ્પાની ઉત્તમ ભકિત	૧૫૨
૧૮	હાલના શિવપુત્રનો પૂર્વ વૃત્તાંત	૧૬૨

૧૯ રૂકિમણીનો ભૂતથી છુટકારો અને મૃત્યુથી બચાવ ૧૭૩
૨૦ હુબળીના બદમાસો તથા સ્વામીજીને આપેલું ઝેર ૧૮૧
૨૧ વણકર ચનમલ્લપ્પાની ઉત્તમ ભક્તિ ૧૯૩
૨૨ ખાસગતની વૈરાગ્ય ભક્તિ ૨૦૩
૨૩ શ્રી સિધ્ધારૂઢ સ્વામીએ નિર્વાણપ્પાને વૈરાગ્યપર
કરેલો બોધ ૨૧૩
૨૪ આગબોટનું બુડવું અને લક્ષ્મીબાઇનો બચાવ ૨૨૩
૨૫ બાળકનો બચાવ ૨૩૬
૨૬ કુષ્ટ રોગનું નિવારણ ૨૪૦
૨૭ શિવરાવનો પરિચય ૨૫૧

સુધારો.

સદરહુ પુસ્તક બહુ ઉતાવળે છાપાયું હોવાથી કેટલીક પ્રતોમાં પ્રકરણ ૨૬ ની જગ્યાએ ૩૦ અને ૫૧ ની જગ્યાએ ૫૨ છાપાયલાં છે તે સુધારી વાંચવા વિનંતી છે.



श्री सिद्धारूढ स्वामि महाराज (विद्यमान–हुबळी.)

श्री गणेशाय नमः ।

श्री शीव्राय नमः ।

શ્રીમદ્ પરમ્ ભગવદ્ ભક્ત

શ્રી સિદ્ધારુઢ મહારાજ

ભાગ ૨ જો.

પ્રકરણ ૨૫ મું

મૃત્યુને પણ માર્યું.

યોગી લોકો જેનું ધ્યાન ધરે છે, અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેના રાત્રીદીન ગુણગાન કરે છે તેવા બ્રહ્મ સ્વરૂપ તે આપજ છો. જે ચિદાનંદ રૂપ કહેવાય છે તે પણ આપજ છો, જે કોઇ આપને નમન કરી આપનું શરણુ લે છે તેના મનની સર્વ કુવાસના ભસ્મ થઇ તેનું મન નિર્મળ બને છે અને સંસારના સર્વ ત્રિવીધ તાપ શમી જાય છે.

જેનાપર શ્રી સ્વામીજીની કૃપા હોય છે તેનો વાળ વંકો કરનાર બ્રહ્માંડમાં કોઈ છે નહિ. કદાચીત એક વાર હરિહરનો પણ કોપ થયો હોય તોયે જેનાપર શ્રી સ્વામીજીની કૃપા છે તેને ડરવાનું કારણ નથી કારણકે શ્રી સ્વામીજીજ સર્વ સમર્થ છે. પરંતુ જો શ્રી સ્વામીજીની કૃપા ન હોય તો આ લોકમાં તેમજ પરલોકમાં તેનો નાશ થાય છે એમ નિશ્ચય કરીને માનવું. સ્વામીજીની કૃપા સિવાય આ દુનિયામાં કે બીજે કોઈપણ ઠેકાણે કલ્યાણની આશા કરવી એ વ્યર્થ છે, કારણકે સંસારના તાપ અસહ્ય થઈ પડે છે અને તેથી બુધ્ધિ ભ્રષ્ટ થઈ અંતે આત્મિક નાશ થઇ જાય છે. આ સંસારરૂપી સાગરને પાર કરાવનાર શ્રી સ્વામીજીજ એક નૌકા રૂપે છે. માતા પિતા તો જન્મ આપી વેગળાં રહે છે, પરંતુ શ્રી સ્વામીજી તો તમને જન્મ મરણના દુઃખમાંથી ટાળી અમર જીવન આપે છે. માતા પિતા કે કોઇ પણ આપણને મૃત્યુના મુળમાંથી બચાવી શકતું નથી પરંતુ શ્રી સ્વામીજી તો આપણાં સઘળાં દુઃખો દૂર કરી શકે છે. અને મૃત્યુને મારીને પણ આપણને બચાવી શકે છે, તે નીચેનાં દૃષ્ટાંત પરથી જણાશે.

હુબળી શહેરના કેટલાક ભકતોએ શ્રીસિધ્ધાશ્રમમાં એક ધર્મશાળા બાંધવાના કામની શરૂઆત કરી હતી. આ ધર્મ-કૃત્યમાં પોતાને પણ કંઈ ભાગ મળે એટલા માટે દરેક જણ બહુજ ઉત્સુક રહેતા હતા. વળી આ ધર્મકૃત્યમાં પોતાને

ભાગ મળશે કે કેમ અને એ પુણ્ય પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય પોતાનું હશે કે કેમ એ બાબત પણ કેટલાક તો ધાસ્તી રાખતા હતા. દરેક ભક્તજન ધર્મકૃત્યમાં ભાગ લેવાને અત્યન્ત ઉત્સુક રહેજ છે અને એ એના આત્માની પવિત્રતાની તેમજ ઉન્નતિની અચુક સાબીતી છે.

એક દિવસે શિવાપ્પા નામનો ભકત કામની ઉતાવળમાં એક ઉંચી સીઢી પર ચઢી ગયો હતો. હવે બન્યું હતું એવું કે આ સીઢી પકડી રાખવાને ત્યાં બીજો કોઈ પણ ભકતજન પ્રાલતું હતો નહિ અને શિવાપ્પાને કામનો ઉત્સાહ એટલો બધો હતો કે તેણે કોઈની પણ રાહ જોઇ નહિ. તેથી જ્યારે એ સીઢીની છેક ઉપલી ટોચે ચઢયો ત્યારે તેના ભારથી સીઢી છટકી અને શિવાપ્પા છેક ઉપરથી નીચેના પત્થરો પર પડયો. તેને સખ્ત વાગ્યું અને એક પત્થરની કોર તેના માથાને વાગવાથી તેની ખોપરીને ઘણીજ સખ્ત ઇજા પ્હોંચી ધોધબંધ લોહી નીકળવા લાગ્યું. ત્યાં ઘણા માણસો એકઠા થઈ ગયા, તેમણે તેનાપર પડેલી સીઢી દૂર હઠાવી લીધી અને મસ્તક પર ઠંડા પાણીની ધારા કરવા માંડી. શિવાપ્પા તો તદ્દન બેભાન થઈ ગયો હતો અને શબવત બની ગયો હતો. એટલામાં આ વાતની ખબર તેના કુટુમ્બને પડી અને તે સર્વ લોકો ત્યાં આવી રડવા કકળવા લાગ્યાં ભકતજનોએ શિવાપ્પાને શુદ્ધિમાં લાવવાના ઘણા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તે સર્વ ફોગટ ગયા. બીજા લોકો કહેવા લાગ્યા કે કોઇ

વૈદ્ય અથવા ડૉકટરને બોલાવો. આ વખતે ત્યાં શ્રીસ્વામીજી પણ હાજર હતા. પરંતુ શિવાપ્પાની સ્ત્રી જેને શ્રીસ્વામીજીમાં શ્રધ્ધા હતી તેને શ્રીસ્વામીજીને કહ્યું કે "હે મહારાજ! હમે તો તમારે શરણુ છીએ. તમેજ અમારા માબાપ, અમારા પ્રભુ, અમારા તારણહાર છો. મારે બીજા કોઇ પણ વૈદ્ય કે ડૉક્ટરની જરૂર નથી. આપજ જે કરો તે થશે. અને જે થવાનું હોય તે ભલે થાઓ પરંતુ અમે તો તમારૂં શરણ છોડવાના નથી."

આટલા વખત સુધી મહારાજ ત્યાં આગળ શાંતિથી ચૂપચાપ ઉભા હતા, પરંતુ જ્યારે શિવાપ્પાની સ્ત્રીએ વૈદ્ય કે ડોકટરને બોલાવાની ના કહી ત્યારે તેઓ આગળ આવ્યા અને દયાથી જેનું હૃદય બીજાનાં દુઃખો જોઇ સદા રૂવે છે એવા તે સ્વામીજીએ જે જગ્યાએ માથામાં ઘા પડયો હતો અને લોહી વહેતું હતું ત્યાં પોતાના કરકમળથી સ્પર્શ કર્યો અને તેજ ક્ષણે રક્તનો પ્રવાહ બંધ થઇ ગયો. પછી "નમઃ શિવાય" નો ઉચ્ચાર કરી પોતાનો હાથ બેભાન થયેલા શિવાપ્પાના સમસ્ત અંગ પર ફેરવ્યો અને કહ્યું કે "એનું આયુષ્ય આજે પુરૂં થયું છે, અને મૃત્યુની પળ આવી ચૂકી છે પરંતુ આગળ પર એની જગતના કલ્યાણ કાર્યમાં ઘણી જરૂર છે તેથી જો સ્વામીજીની ઇચ્છા હશે તો જરૂર એ બચી જશે." એમ કહી અંજલીમાં પાણી લઇ શિવાપ્પાના મુખ પર છાંટયું અને એની પાસે આસન વાળી ધ્યાનસ્થ થયા.

આ વખતનો દેખાવ અદ્ભુત હતો. દરેક જણુ સ્તબ્ધ બની ઉભા હતા. શિવાપ્પાની સ્ત્રીની આંખમાંથી માત્ર દડદડ આંસુની ધાર પડતી હતી. દરેક જણુની નજર શિવાપ્પાના મુખ પર ઠરી ગઈ હતી અને શાંતિ તો એટલી બધી હતી કે એક ટાંકણી પડે તો પણ સાંભળી શકાય. થોડી વારમાં તો શિવાપ્પાના મુખમાંથી રામ નામનો જાપ સંભળાવા લાગ્યો, આ સાંભળી સર્વ એકત્ર થયેલા ભકતોને ઘણોજ આનંદ થયો અને તેમણે શ્રી સ્વામીજીના જય જયગારનો ગગનભેદી ધ્વનિ કર્યો. ત્યાં એકત્ર થયેલા લોકો આશ્ચર્યથી દિગમૂઢ બની ગયા. આ વખતે મહારાજ બોલ્યા કે " શ્રી સ્વામીજીએ કૃપા કરવાથી શિવાપ્પા બચ્યો છે. હવે એને કશી ધાસ્તી નથી. શિવાપ્પા બે ચાર દિવસમાં તદ્દન સારો થઈ ગયો અને પહેલાં કરતાં પણ વધારે ભકિત ભાવથી કામ કરવા લાગ્યો. આવી રીતે જેના પર શ્રી સ્વામીજીની કૃપા હોય છે તેને મૃત્યુ પણ મારી શકતું નથી, કારણ કે શ્રી સ્વામીજી એવા સમર્થ હોય છે કે તે મૃત્યુને પણ મારી શકે છે.

દેહનો ધર્મ છે કે તેને અનેક આધિવ્યાધી થાયજ અને સ્વામી મહારાજે દેહ ધારણ કરેલો હોવાથી તેમની પ્રકૃતિ પણ કોઈ વાર નરમ ગરમ રહે છે.

એક વખતે સ્વામી મહારાજને સખ્ત તાવ આવ્યો હતો અને તેમના દેહને અસહ્ય ત્રાસ થતો હતો. સ્વામી

મહારાજ બીછાના પર પડી રહ્યા હતા. આથી આખું ભકતમંડળ ગભરાઈ ગયું અને દરેક જણે અત્યન્ત પ્રેમથી આવી આવીને સ્વામી મહારાજને દવા આપવા માંડી. સ્વામી મહારાજ તો જે દવા આપે તે લઈ લઇને પોતાના ઉસીકા નીચે મૂકે અને કહે કે " હું દવા પછીથી લઈશ " એ અરસામાં કયાંકથી એક અતિ સુપ્રસિદ્ધ રાજવંશી વૈદ્ય ત્યાં આવી લાગ્યા. તેમણે મહારાજનું શરીર તપાસ્યું અને રોગની ચીકીત્સા કરી મહામૂલ્યવાન એવી દવાની ગોળીઓ આપી. મહારાજશ્રીએ તો લઇને તેને પણ ઉસીકા નીચે મૂકી દીધી. વૈદ્યરાજ દરરોજ આવતા જાય, મહારાજનું શરીર તપાસે અને અત્યન્ત પ્રેમથી દવા આપે. મહારાજશ્રી પણ દરરોજ દવા લે અને પોતાના ઉસીકા નીચે મૂકે. આમ કરતાં કરતાં વીસએક દિવસ પસાર થઇ ગયા તો પણ મહારાજના શરીરમાં કંઈ ફરક પડે નહિ. વૈદ્યરાજ શરીર તપાસે તો તેમને પણ કંઈ ફેરફાર જણાય નહિ. આથી એક દિવસે વૈદ્યરાજે ઉભા થઈ હાથ જોડી મહારાજશ્રીને કહ્યું કે "મહારાજ તાવને માટે મારી દવા અકસીર છે અને એનાથી ગમે તેવો તાવ પણ હઠી જાય છે છતાં આપનો તાવ જરા પણ કમી થયો હોય એમ લાગતું નથી તેથી મને શંકા પડે છે કે આપશ્રી મારી દવા બીલકુલ ખાતા નથી તો હવે હું તો આપનેજ શરણ છું અને આખા ભકતમંડળ તરફથી વીનંતી કરૂં છું કે આપના

પોતાના શરીરનો બચાવ થવા માટે હવે કૃપા કરી આપ મારી દવા લેવાની શરૂઆત કરો."

આ સાંભળી મહારાજશ્રી હસ્યા અને બોલ્યા કે "હવે જ્યારે આમ સર્વનો આટલો બધો આગ્રહ છે કે મારી દવા ખાવીજ તો તમારા સર્વના આગ્રહને લીધે હું હમણાંથીજ દવા ખાવાની શરૂઆત કરૂં છું." એમ કહી તેમણે પોતાના ઉસીકા નીચે મૂકેલી બધી દવાઓ તેમજ વૈદ્યરાજવાળી ગોળીઓ બધું એકઠું કરી મુઠી ભરી મોઢામાં મૂકી ખાઇ ગયા. જૂદી જૂદી જાતની બધી દવા ભેળસેળ કરવાથી તેમજ એટલી બધી દવા એક સામટી ખાધેલી જોઇ વૈદ્યરાજ અત્યન્ત ગભરાઇ ગયા અને "શીવ શીવ" એમ ઉચ્ચાર કરી "મોટો અપરાધ થયો" એમ કહી પોતાના મોઢામાં તમાચો માર્યો અને ભોંય પર પડીને વિલાપ કરવા લાગ્યા. તથા કહેવા લાગ્યા કે "હવે હમારૂં નસીબ પુટી ગયું એમજ સમજો. મહારાજશ્રીને માટે હવે કંઇ પણ આશા રાખવી એ વ્યર્થ છે" વૈદ્યરાજનું વર્તન જોઇ આખું ભકતમંડળ ગભરાઈ ગયું અને બધા વિલાપ કરવા લાગ્યા. આ સાંભળી સ્વામીજી ઉભા થઇ ગયા અને કહેવા લાગ્યા કેઃ—"આ બધો વિલાપ શા માટે કરો છો. મારૂં શરીર તદ્દન સારૂં છે અને તેની કોઇ પણ પ્રકારની અસર મારા પર થવાની નથી. તેમજ મારી ઇચ્છા વિરૂદ્ધ મારી પાસે કોઇ પણ પ્રકારનો રોગ આવી શકે એમ નથી

મને જન્મ કે મરણુ છેજ નહિ, તેમજ હું શરીર પણુ નથી. હું કોણુ છું તે તમે લોકો હજુ જાણુતા નથી ?" આમ બોલી તેઓ આમતેમ ફરવા લાગ્યા અને તેમનું શરીર પહેલાં કરતાં અત્યન્ત વધારે તંદુરસ્ત તથા તેજસ્વી દેખાવા લાગ્યું. એકાએક આવો અણુધાર્યો ફેરફાર જોઇ આખુંયે મંડળ આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયું" મહાત્મા-શ્રીની લીલા અગાધ છે, તે હમો કદાપિ જાણી શકીએ એમ નથી, અમે તો અમારા પામર શરીર પ્રમાણેજ એમનું શરીર છે એમ માનીને દવા અ.પી તે અમારી કેટલી બધી મૂર્ખતા છે ? અમે અમારી નજરો નજર હજારો રોગીઓને માત્ર એમના ચરણુના સ્પર્શથી રોગમુક્ત થયેલા જોયા છે છતાં મહારાજશ્રીને દવા આપીને અમે અમારી મૂર્ખતા અને પામરતાનું પ્રદર્શન કર્યું હોય એમ લાગે છે. આવા સમર્થ જ્ઞાની મહાત્માનો અમોને સંગ કરવાનો લાભ મળે છે એજ હમારૂં પરમભાગ્ય છે એમ અમે સમજી શકીએ છીએ." આમ કહેતું કહેતું સર્વ ભકતમંડળ વીખેરાયું.

પ્રકરણ ૨૬ મું

સિદ્ધ થયેલું સ્વપ્ન.

કુરન્દકૉપ કરીને એક અત્યન્ત સુંદર ન્હાનકડું ગામ છે. તે ગામની અંદર બસાપ્પા કરીને એક ગૃહસ્થ રહેતા હતા. તેમનાં પત્નીનું નામ દાનવ્વા હતું. દાનવ્વા જ્યારે પ્રથમવાર ગર્ભવતાં થયાં ત્યારે નવ માસ પુરા થયા છતાં કંઇપણ સંતાનની પ્રસુતી ન થતાં ગર્ભ પાછો અંદરજ સમાઈ ગયો. વળી દાનવ્વા બીજીવાર ગર્ભવંતાં થયાં ત્યારે પણ એજ પ્રમાણે બન્યું. તેઓ જ્યારે ત્રીજીવાર ગર્ભવંતાં થયાં ત્યારે તેમને ત્યાં અચાનક એક બાઇ આવી ચઢયાં. વાતચીત કરતાં આ આવેલાં બાઈને દાનવ્વાની સ્થિતિ સંબંધે ખબર પડી. ત્યારે તે બાઈએ દાનવ્વાને કહ્યું કે “વારંવાર તમારે આવું બને છે માટે તે સંબંધમાં કંઇક અપૂર્વ કારણ હોવું જોઇએ. માટે હવે તમે કોઇપણ પ્રકારનો વિલંબ કર્યા વગર તમારા પતિ સાથે હુબલી શહેર પાસે શ્રી સિધ્ધાશ્રમ આશ્રમમાં જાવ. ત્યાં આગળ શ્રી સિધ્ધારૂઢ સ્વામી રહે છે. તેઓ ભકતોનાં દુઃખ દૂર કરવાને હંમેશાં

તે... રહે છે અને પ્રાણી માત્ર તરફ સરખો પ્રેમ રાખી સર્વને સુખી કરે છે. તમે તમારી સર્વ હકીકત વિગતવાર સ્વામીજીને કહો અને પુત્રરૂપી સંતતી થાય એવો આર્શિવાદ માગો. સ્વામીજી ઘણાજ દયાળુ છે અને મહા સમર્થ છે. તેમની શકિતનું વર્ણન કોઇથી થઈ શકે એમ નથી. તમે શ્રદ્ધાપૂર્વક ભકિત કરી મહારાજને શરણે જાવ એટલે મહારાજ તમારાં સર્વ દુઃખો દૂર કરશે." આ વાત સાંભળી દાનવ્વાએ તે બાઇને પૂછયું કે "અમારી પાસે સ્વામીજી શું લેશે તે મને કહો. અમારી સ્થિતિ સારી હોવાથી સ્વામીજી જે જે માગશે તે આપવાને અમો તૈયાર છીએ."

તે બાઇએ દાનવ્વાને કહ્યું કે મહારાજશ્રી દ્રવ્ય આદિ કંઈજ માગતા નથી, પરંતુ જે કોઇ શુધ્ધ અંતઃકરણથી મહારાજને શરણે જાય છે તે લોકોની જે ઇચ્છા હોય તે મહારાજ પૂર્ણ કરે છે ગરીબ કે શ્રીમંતનો જરીક પણ ભેદભાવ રાખ્યા વગર તેઓશ્રી સર્વનાં દુઃખ નિવારણ કરે છે. સર્વને સમાન દૃષ્ટિ રાખી સર્વને એક સરખા ગણે છે. "આ સાંભળી દાનવ્વાને ઘણોજ આનંદ થયો, અને તેમણે બાઇને કહ્યું કે આ દુઃખમાંથી અમારો ઉધ્ધાર કરવાજ પરમેશ્વરે તમને અમારી પાસે મોકલ્યાં હોય એમ લાગે છે."

ત્યાર પછી દાનવ્વાએ પોતાના પતિને બોલાવી આ હકીકતથી વાકેફ કર્યા અને બંને પતિપત્નિ પૂજાસામગ્રીનો થાળ તૈયાર કરી શહેર તરફ જવાને તેજ દિવસે નીકળ્યાં.

તેઓ સાંજે આશ્રમમાં આવી પહોંચ્યાં. આ વખતે મહા-રાજશ્રીને અત્યન્ત તેજસ્વી મૂર્તિ મધ્ય ભાગે બીરાજમાન હતી અને બંને બાજુએ ભકતમંડળ આરતી ઉતારતું હતું. આ દેખાવ જોઈ બંનેને બહુજ આનંદ થયો. અને પ્રેમથી સાષ્ટાંગ નમસ્કાર કરી, કપુર લગાડી, લાવેલી ચીજો સ્વામીજી આગળ અર્પણ કરી આરતી કરવાને તૈયાર થઈ ઉભાં.

આરતી પૂર્ણ થતાં દરેક જણ પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક સ્વામીજીને પ્રણામ કરી આશિર્વાદ લઇ એક પછી એક પોતાને ઘેર જવા લાગ્યા. બસાપ્પા પણ એજ રીતે નમસ્કાર કરવા સ્વામીજી પાસે ગયો; એટલે સ્વામીજીએ પૂછ્યું “ આપ શી ઇચ્છાથી અહીં આગળ આવ્યા છો ? ” બસા-પ્પાએ બધી બનેલી હકીકત સ્વામીજીને કહી અને કહ્યું કે “ આ ગર્ભ ત્રીજી વખતનો રહ્યો છે તો હવે પહેલાં જેવું ન થાય અને અમોને પુત્ર લાભ થાય એવી ઇચ્છાથી અમે આપણે શરણે આવ્યા છીએ, તેથી આપ પ્રભુએ અમારા ઉપર દયા કરવી જોઈએ. ”

સ્વામીજી થોડી વાર વિચાર કરી બોલ્યા કે “ બસાપ્પા ! તું બહુજ પુણ્યવાન છે. કારણ કે તારી પત્નીના પેટે હવે જે પુત્રનો જન્મ થનાર છે તેણે ગયાજ જન્મમાં પુષ્કળ તપ કરેલું છે માટે આ વખતે એ હવે સંસારની ઉપાધીમાં પડનાર નથી અને જન્મ થતાંજ તે સાધુસંતના સમાગમમાં જશે અને પછી તે કદી તમારી પાસે પાછો

આવનાર નથી." આ સાંભળી બન્નેને અત્યંત આનંદ થયો. સ્વામીજીએ બંન્નેને આશ્રમના મઠની અંદર પાસે બેસાડી ભોજન કરાવ્યું અને ત્યાર બાદ તેમને ગામ રવાના કર્યાં. થોડાક દિવસો વહી ગયા પછી રાત્રે દાનબ્વા સુઈ ગયાં હતાં તે વખતે તેમને એક સ્વપ્ન આવ્યું કે, પોતે પથારીમાં સુતેલાં છે અને પોતાને પ્રસવ વેદના થાય છે. પોતે તરતજ શ્રીસ્વામીજીનું નામ સ્મરણ કરી તેમને યાદ કરે છે એટલે તુરતજ ત્યાં આગળ શ્રીસ્વામીજી પોતે પ્રગટ થાય છે, અને દાનબ્વા તરફ કૃપા દ્રષ્ટિથી જૂવે છે કે તરતજ એક અતિ સુંદર બાળકનો જન્મ થાય છે. સ્વામીજી તે બાળકને ઉંચકી લે છે અને દાનબ્વાને સંબોધીને કહે છે કે "આ તું જે જુવે છે તેને સ્વપ્ન માનતી નહિ. આ ત્હારા સુંદર બાળકને હું લઈ જાઉં છું. આ બાળક એક તપસ્વી પુરૂષ થનાર છે એટલા માટે એનું પાળણ પોષણ અને લાલન પાલન સાધુ સંતોમાંજ થવું જોઇએ. અને એવા યોગ્ય સ્થળે મૂકવા માટેજ હું એને મારી સાથે લઇ જાઉં છું, તું મનમાં જરીકે ખેદ કરીશ નહિ, અને આખો વખત શ્રી સ્વામીજીનું નામ સ્મરણ કરજે એટલે એક વર્ષમાં હું તને બીજું બાળક આપીશ." આવો આશિર્વાદ આપી સ્વામીજી ત્યાંથી અદૃષ્ય થયા. દાનબ્વા જાગૃત અવસ્થામાં આવ્યાં અને જુવે છે તો પોતાને પ્રસવ થયાની સર્વ નિશાની ત્યાં હતી. તેથી તેમણે ઘરનાં બધાં માણસને જાગૃત કરી બોલાવીને બધી હકીકત તેમને કહી

સંભળાવી. લોકો એ વાત સાંભળી ઘણુંજ આશ્ચર્ય પામ્યાં અને બાળકની શોધ કરવા લાગ્યા. પરંતુ કંઈ પત્તો ખાધો નહિ. આ બધી ગડબડ સાંભળી બસાપ્પા પણ ત્યાં આવી પહોંચ્યો અને બાળક કયાં ગયું તેનો પત્તો લાગતો નથી એ સાંભળી નવાઈ પામ્યો. તેમણે બધાએ ફરીથી તપાસ કરવા માંડી તે વખતે દાનવ્વાએ કહ્યું કે–"સ્વામીજી બાળકને આવીને લઈ ગયા એ મેં પોતે સ્વપ્નમાં જોયું છે." આ વાત સાંભળી બસાપ્પાએ છોકરાને માટે ચીંતા કરવી છોડી દીધી. અને થોડોક વખત જતાં દાનવ્વાની ચીંતા પણ દૂર થઈ.

થોડાક દિવસો પસાર થયા પછી આ બન્ને દંપતી શ્રી સિદ્ધાશ્રમમાં સ્વામીજીના દર્શન માટે આવ્યાં અને બનેલી સર્વ ઘટના સ્વામીજીને પહેલેથી છેવટ સુધી સવિસ્તર કહી સંભળાવી. આ સાંભળી સ્વામીજીએ તેમને કહ્યું કે "તમારી કુખે જે પુરૂષે જન્મ લીધો છે તે મહાન તપસ્વી છે માટે યોગ્ય એવી પવિત્ર સ્થળે મેં તેને રવાના કર્યો છે. તમોને બીજો એક પુત્ર થશે અને તે તમારી સાથે રહેશે."

બસાપ્પા અને દાનવ્વા એવો આશિર્વાદ લઇને સ્વામીજીને પ્રણામ કરી પોતાને ગામ પાછા ફર્યા. વર્ષ પુરૂં થતાંજ સ્વામીજીએ તેમને આપેલો આશિર્વાદ ફળ્યો અને તેમને એક સારા સદ્‌ગુણી પુત્રની પ્રાપ્તી થઇ.

પ્રકરણ ૨૭ મું.

શરણાર્પાનું શરણ.

એક દિવસે બહારથી એક બાળક બેસુમાર રડતો રડતો સ્વામીજી પાસે આવી તેમને પગે વળગી પડયો અને કેમે કરીને ત્યાંથી ખસેજ નહિ તેમ રડતો પણ બંધ રહે નહિ. ત્યારે સ્વામીજીએ એને ઉંચકી લઈને પોતાની પાસે બેસાડયો અને તેને આશ્વાસન આપતાં આપતાં પૂછયું કે "તું કોનો પુત્ર છે? શા માટે રડે છે? અને કયાંથી આવ્યો છે તે બધું તું મને કોઇ પણ જાતના ડર વગર કહે.

તે ગભરાયલો અને રડતો બાળક મહારાજશ્રીના આવાં કૃપામય અને દયાળુ વચનો સાંભળી શાંત પડયો અને રડતો બંધ રહ્યો. તે બાળકે પોતાની હકીકત જણાવતાં કહ્યું કે "બાપુ! આ જગતમાં મારૂં કોઈ નથી. મા–બાપ, બ્હેન –ભાઈ એ લોકોની વ્યવહારની ગડમથલ મ્હને ગમતી નથી મને તો ભગવાન શંકરનું પૂજન તેની સેવા અને તેનું

ધ્યાન ઘણું પ્રિય છે, અને એટલા માટે એ સર્વ લોકોએ મ્હને ઘરમાંથી કાઢી મૂકયો છે. આપ શ્રીસ્વામીજી શીવ સ્વરૂપ છો એવી ત્હમારી કીર્તિ મેં સાંભળી છે મ્હેં સાંભળી છે એટલા માટે તમારૂં શરણુ શોધતો હું તમારા ચરણમાં આવી પડયો છું. મને પાછા ઘેર જવાનું ગમતું નથી શરણાંગતનું આપજ શરણુ છો, શરણાંગતનું આપજ રક્ષણ કરો છો માટે કાં તો મને તારો કે મારી નાંખો પરંતુ અહીંથી પાછા જવાનું કહી મારો ત્યાગ કરતા નહિ, કારણકે મારી બધી આશા ત્હમારામાંજ છે. આવાં દયા ઉત્પન્ન કરે એવાં તે બાળકનાં વચનો સાંભળી સ્વામીજીનું કુમળું હૃદય દ્રવી ઉઠયું અને તેમણે તે બાળકને કહ્યું કે " આજથી તું અહીંયાંજ રહેજે, ત્હારૂં નામ મેં આજથી શરણુ રાખ્યું છે " આવી રીતે તેજ વખતથી તે બાળક સ્વામીજી પાસે મઠમાં રહેવા લાગ્યો. બીજા દિવસથી તે ગામમાં ભિક્ષા લેવા જવા લાગ્યો. ગામમાંથી જે કંઇ ભિક્ષા તરીકે તેને મળે તે બધું તે સ્વામીજીની આગળ લાવી મૂકતો અને તેમાંથી જે કંઈ ખાવા સારૂ સ્વામીજી તેને આપતા તેટલુંજ ખાઈ તે આનંદથી ત્યાં રહેતો હતો. કેટલાક વખત સુધી આમને આમ ચાલ્યા કર્યું ત્યાર બાદ તેની પરિક્ષા કરવા સારૂ એક દિવસ સ્વામીજીએ એને કંઈપણ ખાવાને માટે આપ્યું નહિ. તો પણ શરણે તો મુખમાંથી એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યો નહિ અને શ્રી સ્વામીજીનું નામ સ્મરણ કરતો શાંતિથી

સ્વસ્થ બેસી રહ્યો. બીજે દિવસે પોતાના નીયમ પ્રમાણે તે ગામમાં ભિક્ષા લેવાને ગયો. તે દિવસે ગામમાંથી તેને દરરોજના નિયમ કરતાં વધારે ભિક્ષા મળી. તો પણ તેમાંથી કીચીંત માત્ર લીધા વગર તે સર્વ લાવીને તે તો તે સ્વામીજી આગળ મૂકી. આ વખતે તેને એક દિવસનો ઉપવાસ થયેલો હોવાથી કકડીને ભૂખ લાગી હતી, પરંતુ સ્વામીજીને બતાવી તેમની આજ્ઞા વગર ખાવું એ એને મનથી વિષ સમાન હતું તેથી પેલો એ ભિક્ષામાંથી એક કણીકો પણ આઘોપાછો કરેલો નહિ. છતાં તેની પરિક્ષા કરવા માટે જેવી તેણે સ્વામીજી આગળ ભિક્ષા રજુ કરી તેવુંજ તેમણે કહ્યું કે તને કાલે કંઈ ખાવાનું મળ્યું નથી અને અપવાસ પડેલો છે માટે આ ભિક્ષામાંથી તેં રસ્તાની અંદર જરૂર કંઇ ખાધેલું હોવું જોઈએ, એમાં મને જરી કે શંકા લાગતી નથી. સ્વામીજીનું આવું ભાષણ સાંભળી શરણ કંઈ પણ બોલ્યા વગર અદબથી સ્વામીજીને નમસ્કાર કરી મઠમાંની બીજી સેવા કરવા માટે ત્યાંથી ચાલી ગયો. એનો ચહેરો હમેશાં આનંદી અને પ્રફુલ્લ રહેતો હતો તેમજ હમેશાં તેના મુખમાંથી સિદ્ધારૂઢનું નામ સ્મરણ સંભળાતું. વળી તે દરેકની સાથે પ્રેમથીજ વર્તન કરતો હતો અને કોઈને કદી કડવું વેણ કહેતો નહિ. તેનું આ બધું વર્તન ધ્યાનમાં લઇને શ્રી સ્વામીજીએ તેને પાછો બોલાવ્યો અને કહ્યું કે “જો ! આ

સામે જે વૃક્ષ દેખાય છે તેની ઉપર તુ ચઢીજા અને પાકાં થયેલાં ફળો તોડી તોડીને ભોંય ઉપર નાંખજે એટલે અમે નીચે વીણી લઈશું. શ્રી સ્વામીજીની આજ્ઞા થતાંજ તે ઝટ કરી વૃક્ષ ઉપર ચઢવા લાગ્યો, પરંતુ બે દીવસ સુધી કંઇ ખાવાનું મળેલું ન હોવાથી તેના શરીરમાં જરીકે તાકાત બાકી રહી હતી નહી. તેથી તેના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. આમ છતાં પણ તેણે વૃક્ષ પર ચઢવાનું ચાલુજ રાખ્યું અને પોતાના મનને કહ્યું કે "આ શરીર તો શ્રી સ્વામીજીનું છે. આ દેહ જાય કે રહે અને મને જરીક પણ પરવા નથી. કારણ કે દેહનો રક્ષણ કરનાર સ્વામીજી સમર્થ છે, માટે હે મન ! તું સ્વામીજીનું નામ સ્મરણ કરી તેમનુંજ રટણ કર્યા કર." આમ બોલતો બોલતો તે છેક વૃક્ષની ટોંચ ઉપર ચઢી ગયો અને પાકાં પાકાં ફળો તોડીને ભોંય પર નાંખવા લાગ્યો, પરંતું એટલામાંજ તેણે જે ડાળી પર પોતાના પગ મુકયા હતા તે ભાંગી ગઇ અને હાથ પગ ધ્રૂજવાથી તેણે જે ડાળી પકડી હતી તે હાથમાંથી વછુટી ગઈ. આથી વૃક્ષની છેક ઉપલી ટોંચ પરથી તે નીચે પછડાયો અને પડતાં પડતાં તેણે "હે સીધ્ધારૂઢ" કરીને બુમ મારી. પડતાંની સાથેજ તે તરત મુર્છીત થઈ ગયો. આ બનાવથી આશ્રમનાં બધાં માણસો ત્યાં દોડી આવ્યાં. સ્વામીજી પણ દુર ઉભા રહીને આ બધો બનાવ જોતા હતા તેઓ આગળ આવ્યા

અને બધાંને કહ્યું કે " ત્હમે કોઈ જરા પણ ગભરાશો નહિ, એના સંબંધમાં તમો લોકો જરાક પણ ધાસ્તી રાખતા નહિ, ત્હમે બધા અહીંથી વીખરાઇ જાવ. એની સારવાર કરવાને હું એકલો બસ છુ. " આ સાંભળી બધાંને આશ્ચર્ય લાગ્યું તો પણ સ્વામીજીનો હુકમ માની બધાં ને ત્યાંથી વીખરાઈ જવું પડયું. એ બધા લોકો ચાલી ગયા છે અને હવે એકાન્ત છે એવું જોઇ સ્વામીજી શરણુ પાસે બેઠા અને એની છાતી પર હાથ મુકી બોલ્યા કે હે મ્હારા વ્હાલા બાળક! હવે તું ઉઠ. સ્વામીજીનું આવું બોલવું થતાંજ શરણુ આસ્તે આસ્તે ભાનમાં આવી ગયો અને આંખ ઉઘાડતાંજ તેણે સ્વામીજીને પોતાની પાસે બેઠેલા જોયા. એટલે સ્વામીજીએ પૂછયું કે "તને કયો અનુભવ થયો ? તે મ્હને કહે". આથી શરણુ બોલ્યો કે "એ અનુભવમાં હું કોણ છું એનીજ મ્હને હજુ ખબર પડતી નથી" સ્વામીજીએ જવાબ આપ્યો કે "તું બધું ન જાણયા વગર એકલોજ બાકી છે, તે સત્ય અને તું છે, અને એનેજ સ્વરૂપ જ્ઞાન કહેવાય છે. જો હવે થી આ મુર્છનાની હમેશાં યાદ રાખજે અને એ હુંજ છું એમ માની એનુંજ હમેશાં ધ્યાન કરજે" આટલું બોલી સ્વામીજીએ પોતાનો અમૃત તુલ્ય હાથ એના મસ્તક પર મુકયો કે તરતજ એની આંખો ફરીથી બંધ થઇ ગઈ અને એને આત્મજયોતિનું દર્શન થવા લાગ્યું. તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

તે જ્યોતિનો પ્રકાશ એક હજાર સૂર્યનારાયણ સમાન હતો. ન વર્ણવી શકાય એવો તેજ પૂન્જ્ય હતો. અને એ મહાન જ્યોતિમાં પોતાનું રૂપ પણ એક રસ થયેલું છે એવું થોડા વખત સુધી એણે જોયું. ત્યાર પછીથી શરણ પાછો દેહભાન પર આવવા લાગ્યો અને જોવા લાગ્યો તો આખું જગત એને જ્યોતિ મય દેખાવા લાગ્યું. અને દરેકે દરેક વસ્તુમાં આપણે અને શ્રી સ્વામીજી સિવાય બીજું કશું વિભક્ત રૂપ નથીજ, સમસ્ત જગતમાં એજ ભરેલો છે, એવું જોતાં જોતાં એની આંખો ભરાઈ ગઇ, અને હવે તો હું એકલોજ રહયો છું એમ જોયું. જેને સ્વરૂપ જ્ઞાન કહે છે એનો પ્રત્યક્ષ દાખલો કૃપાળુ સ્વામીજીએ શરણને કરાવ્યો. તે વખતના શરણના આનંદનું વર્ણન કરી શકાય એમ નથી.

શરણ સ્વામીજી પ્રત્યે બોલ્યો કે “ આ દુનિઆમાં આના શીવાય આનાથી અધીક બીજો આનંદ હશેજ નહિ, એની મ્હને ખાત્રી લાગે છે. ” સ્વામીજી બોલ્યા કે “ હું શું કહું છું તે બરોબર યાદ રાખજે. આ સ્વરૂપ રાત અને દિવસ યાદ રાખજે, અને વિષયનો દ્રઢ નિશ્ચયપૂર્વક ત્યાગ કરજે. આપણે જ્ઞાની બન્યા એવું જરીક પણ અભિમાન મનમાં લાવશે તો બધું ફોકટ જશે એટલુંજ નહિ પરંતુ સ્વરૂપ જ્ઞાન પણ ભૂલાઇ જશે. આંખથી જે કંઈ વિષય જોવામાં આવે તેને સોહમ્ ભાવનાથી નીરવિષય કરજે. કારણ કે

આત્મા તો અંદર તેમજ બહાર સર્વ સ્થળે અને સર્વમાં અવશિષ્ટ છે. અંદરના વિષયો તો બહુજ કઠણ છે અને તેનો ત્યાગ કરવા શું ઉપાયો યોજવા જોઇએ તે હું તને કહું છું.

મનની અંદર જે વિચારો આવે તેના પર સોહમ્ ભાવનાથી શ્રી સ્વામીજીનું ધ્યાન ધરવું. એટલે બધા વિચારો શ્રી સ્વામીજી રૂપ દેખાશે. અને વળી અંદર તેમજ બહાર પણ એજ દેખાશે. આથી તે નીર વિકલ્પ સ્વરૂપ થશે અને બહારથી પણ તે તેવુંજ બનશે.

આવા પ્રકારનો અમૂલ્ય બોધ સ્વસ્થ ચીત્તથી શરણે સાંભળી લીધો અને ત્રણવાર નમન કરી મહારાજનો ઉપકાર માન્યો. પડી જવાથી શરણના શરીરને સખ્ત ઈજા થઈ હતી. તેના પર મહારાજશ્રીનો હાથ ફૂરવાથી સારૂં થઇ ગયું. પછીથી મહારાજશ્રી શરણને પોતાની સાથે મઠમાં લઈ જઈ સ્નાન કરાવી ભોજન કરાવ્યું.

આ બનાવ બન્યાને થોડાક દિવસો પસાર થયા બાદ એક ગૃહસ્થ મહારાજશ્રીને પગે લાગવાને માટે આશ્રમમાં આવ્યો. મહારાજશ્રીએ તેને પૂછ્યું કે " આપ શું કામે પધાર્યા છો ? " તે ગૃહસ્થે કહ્યું કે " હું વિજાપુરનો રહીશ છું અને આપના દર્શનાર્થે આવેલો છું. વિજાપુરમાં હું શડમુખ સ્વામી પાસે રહું છું, અને આ ત્હમારા શરણને ઓળખું છું. આ શરણ વિજાપુરમાં પહેલાં શડમુખ સ્વામી પાસે

બાળપણથી તે બાર વર્ષ સુધી હતો. અને પછીથી તે આપની પાસે આવીને રહ્યો છે. એની વાત એવી છે કે બાર વર્ષ પહેલાં એક દિવસે શડમુખ સ્વામી પથારીમાં સૂતેલા હતા, ત્યારે ત્હેમણે સ્વપ્નમાં તમને જોયા અને ત્હમે શડમુખ સ્વામીને કહ્યું કે " કાલે સવારે તમોને એક બાળક મળશે એનું પાલન પોષણ કરવાની વ્યવસ્થા તમો જરૂર કરશો. આટલું બોલી તમો અદ્રશ્ય થયા અને શડમુખ સ્વામી સ્વપ્નમાંથી જાગૃત થયા. તે વખતે રાત્રે શડમુખ સ્વામીએ બહાર આવીને જોયું તો એકાએક વીજળી જેવો તેજસ્વી પ્રકાશ થયો અને જેટલી ઝડપથી ચમકારો થયો હતો તેટલીજ ઝડપથી પાછો અંધકાર છવાઇ ગયો. શડમુખ સ્વામી આ ચમત્કાર જોઇને પાછા સૂઈ ગયા.

સ્હવારનો પહોરમાં ઉઠીને જ્યારે શ્રી શડમુખ સ્વામી બગીચામાં ફરવાને માટે ગયા ત્યારે તેમણે એક ફૂલના ઝાડ નીચે તરતનું જન્મેલું, સફેદ વસ્ત્રમાં લપેટેલું, અને અત્યન્ત આનંદમા છે એવું એક બાળક જોયું. તેને જોઇને શ્રી શડમુખ સ્વામીજીને આનંદ થયો અને ઉંચકીને તેને મઠમાં લઇ આવ્યા. બાળકને જોઇને બધાંને આશ્ચર્ય થયું. આ વખતે હું મઠમાંજ રહેતો હતો, તેમજ મ્હારૂં મકાન મઠની પાસેજ આવેલું હોવાથી શડમુખ સ્વામીએ તે બાળકની મ્હને સુપરત કરી અને કહ્યું કે ત્હારે પોતાના બાળકની પઠે આનું

જતન કરજે અને તું દરરોજ પૂરણની કથા શ્રવણ કરવા આવે છે ત્યારે આ બાળકને પણ જરૂર સાથે લેતો આવજે. મ્હેં શઠમુખ સ્વામીના વચનને માથે ચઢાવ્યું અને આવી રીતે બાર વર્ષ સુધી આ બાળકને સત્સંગનો મહાન લાભ થયો છે, અને એ મ્હારો પોતાનોજ દીકરો છે. એમ હું એને માનું છું. એક દિવસે સવારે અમારો ત્યાગ કરીને એ કયાંક ચાલ્યો ગયો. અમોએ તપાસ કરી તો અમોને માલુમ પડયું કે એ આપશ્રીની પાસે આવ્યો છે, તેથી અમોને અત્યન્ત સંતોષ થયો. હવે હું આપશ્રીની પાસેથી એને લઈ જવાને માટે આવ્યો છું તો તમે કૃપા કરીને મ્હને એ પાછો આપો. આ વાત સાંભળી સ્વામીજીએ શરણને પૂછ્યું કે "તું જવાને ખુશી છે?" શરણે કહયું કે "મહારાજ! લોક વ્યવહારમાં રહેવું મ્હને ગમતું નથી અને મ્હારે મનથી તો એ મ્હને એક મહાન સંકટ જેવું લાગે છે. ત્હમારી પાસે રહી મ્હને પ્રાણ છોડવા ગમે પણ ત્હમને છોડવા ગમતું નથી." તે વાત સાંભળી મહારાજશ્રીએ તે ગૃહસ્થને કહયું કે "જૂઓ! શરણનો દ્રઢ નિશ્ચય!" તે સાંભળી એ ગૃહસ્થ બોલ્યો કે "શરણ! ત્હને ધન્ય છે." અને સ્વામીજીને કહ્યું કે "ત્હમારા ચરણ પાસેજ શરણને રહેવા દો. એને દુઃખી કરી ઘેર લઈ જવાનો મારો આગ્રહ નથી." આટલું બોલી શરણને લીધા સિવાય તે ગૃહસ્થ

પોતાને ઘેર જવાને તૈયાર થયો, ત્યારે અત્યન્ત દીન ભાવથી શરણુ તેને પગે લાગ્યો અને ક્ષમા માગી. ત્યારે તે ગૃહસ્થે શરણુને પીતા તરીકે આશિર્વાદ આપ્યા અને પોતાને ઘેર ગયો.

આગલા પ્રકરણુમાં આપણે દાનવ્વાની વાત વાંચી ગયા છીએ. તે પ્રકરણુમાં સ્વપ્નમાં આવીને દાનવ્વા પાસેથી સ્વામીજી જે બાળકને સત્સંગનો લાભ આપવાને લઈ ગયા હતા તેજ બાળક આ શરણુ. તે બાળકને શડમુખ સ્વામી પાસે મૂકવામાં આવેલું અને તેને બાર વર્ષ પૂરાં થતાંજ તે સીદ્ધારૂઢ સ્વામીના આશીર્વાદથી પ્રગટ થયેલ હોવાથી તેમના ચરણુ પાસે આવ્યો. હાલમાં એ બાળક પૂર્ણુ વૈરાગ્ય દશામાં છે અને બ્રહ્મજ્ઞાની પણુ છે. પોતાનો બધોય સમય ગુરૂભકિતમાં ગાળે છે અને હાલમાં શરણાપ્પાના નામથી મઠની અંદર પોતે ઓળખાય છે.

પ્રકરણ ૨૮ મું.

પ્રથમ ભક્તા.

એક દિવસે એક ભકતે સ્વામી મહારાજને પ્રશ્ન કર્યો કે "હે મહારાજ! ત્હમારો કૃપાળુ હુસ્ત જેના મસ્તકે મૂકાય છે ત્હેના બધાય દોષો નિવારણ થઈ ત્હેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને મન શાંત તથા સુપ્રસન્ન થઈ સમાધાન પ્રાપ્ત થાય છે એમ બધા લોકો કહે છે. છતાં મ્હને હજુ એવો લાભ અનુભવવાનું ભાગ્ય કેમ પ્રાપ્ત થયું નથી?" સ્વામીજી બોલ્યા કે "જે માણસ ગુરૂને પોતાની સમાનજ એક સામાન્ય માનવી સમજે છે તે માણસને એવો લાભ કદી પ્રાપ્ત થતો નથી, પરંતુ એ લાભ લેવાને શુદ્ધ અંતઃકરણ તથા દૃઢતા પૂર્વકની ભક્તિ જોઇએ છે. એ ભકિત કેવી રીતે કરવી અને એ લાભ કેવી રીતે મેળવવો તે હું તને કહું છું તે તું સાંભળઃ—

પ્રેમથી સ્વામીજીને નમન કરવાથી ભકિત દ્રઢ થાય છે તેથી દેવ અને ભકતમાં ભેદ રહેતો નથી. તેનેજ અધ્યમ

કહેવાય છે. આપણા પોતાના શરીરને સુખ પ્રાપ્ત થવા સારૂ જેવી રીતે યોજના કરીએ છીએ તેવીજ રીતે શ્રી સ્વામીજી તરફ ભાવના થાય તેને શુધ્ધભાવ કહેવાય છે. અને આવી રીતે શુદ્ધભાવ થયાથી દેહાભિમાનનો નાશ થાય છે અને ત્યાર પછી જ્યારે શ્રી સ્વામીજી કૃપા કરી પોતાનો વરદહસ્ત ભકતના શીર પર મુકે છે કે તરતજ તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને બ્રહ્મ પોતે એકજ રૂપે છીએ એમ તેને લાગે છે, અને ગુરૂ શિષ્યમાં પણ ભેદભાવનો નાશ થઈ પોતે એકજ રૂપ છીએ એમ લાગે છે. તેને સર્વ જગત બ્રહ્મ રૂપજ દેખાય છે.

આ સાંભળી કોઇ એક ભકતે બીજા અનુભવી ભકતને પ્રશ્ન કર્યો કે "આવા પ્રકારની સેવા કયા ભકતે કરી હશે અને ગુરૂ કૃપાને શી રીતે પ્રાપ્ત થયો હશે તે કૃપા કરી ને અમોને સંભળાવો." આ પ્રશ્ન સાંભળી તે ભકતે કહ્યું કે "તમારો પ્રશ્ન બહુજ મઝાનો છે અને તેવીજ હકીકત હું તમોને કહું છું તે તમો ધ્યાનપૂર્વક સાંભળો.

જે વખતે શ્રી સિધ્ધારૂઢ સ્વામી હુબળી શહેરમાં આવ્યા તે વખતે મનુષ્યોનો સહેવાસ તેમને જરીકે ગમતો નહિ. તેઓશ્રી માણસોને જોઇને નાશી જતા અથવા તો મૌનવૃત ધારણ કરતા હતા. આ વાત સાંભળી હીરામઠનો ગુરૂપાદઈઆ નામનો માણસ તેમનાં દર્શનાર્થે આવ્યો અને

તે વખતની સ્વામીજીની લીલા જોઇ આશ્ચર્ય પામ્યો. આ વાત એવી છે કે તે વખતે મહારાજશ્રી હાથમાં મોટા મોટા પત્થરો લઈ વૃક્ષ પર બેસીને ગોવાળીઆના બાળકો સાથે રમત રમતા હતા. આ રમતમાં એમણે સ્હેજ લીલાથી એક બાળકને પત્થરો માર્યો અને તે તેના માથામાં વાગવાથી તે ભોંય પર પડી ગયો અને ખૂબ રડવા લાગ્યો. આ જોઇ બીજા બધા બાળકો ગભરાઈ ગયા અને દુ:ખી થઇ રૂદન કરવા લાગ્યા. એટલામાં "શીવાય નમઃ" કહી સ્વામીજીએ બીજો પત્થરો ઝાડ પર બેઠાં બેઠાં તેજ બાળકને માર્યો. એ પત્થરો વાગતાંજ તે બાળક એકદમ બેઠું થઇ ગયું અને પ્રથમ જેવું થઈ હસવા કુદવા લાગ્યું. આ દૃશ્ય જોઇને ગુરૂપાદઈઆ ઘણુંજ આશ્ચર્ય પામ્યો અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે લોકો તો આ માણસને ગાંડો કહે છે પરંતુ મને તો આ સાક્ષાત ભગવાન શંકરજ લાગે છે, અને લોકોનો ઉદ્ધાર કરવા સારૂજ અત્રે પ્રગટ થયા હોય એમ લાગે છે. અને જો એમની સેવા કરી હોય તો આ સંસારનાં દુ:ખોમાંથી તરી જઇ મુકિત મળશે એમાં જરીકે સંદેહ નથી એ જેને કૃપા દૃષ્ટિ જોશે એનાં સર્વ દુ:ખો નાશ પામશે. એ પૂર્ણ બ્રહ્મજ્ઞાની છે, અને એને દેહનું પણ ભાન નથી. એમને અન્ન આપથી એમની સેવા થશે એ વાત સાવ સાચી છે પરંતુ એમને મારો પરિચય નથી અને જો હું અત્યારે એમની

પાસે જઇશ તો એઓશ્રી નાશી જશે. આવો મનમાં વિચાર આવવાથી તે થોડીક વાર તો ઉભો રહ્યો. એટલામાં જે છોકરાને પત્થરો વાગ્યો હતો તેજ બાળકને તેણે પોતાની તરફ આવતો જોયો એટલે તેણે તે બાળકને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે " તને પહેલો પત્થરો વાગ્યો ત્યારે તો તું ભોંય પર પડીને રડવા લાગ્યો અને જયારે ત્હને બીજો પત્થરો માર્યો ત્યારે તું એકદમ ઉભો થઇ હસવા કુદવા લાગ્યો તે તને એટલી વારમાં સારૂં કેવી રીતે થઈ ગયું તે તું મ્હને કહે." આ સાંભળી તે છોકરાએ કહ્યું કે આ માણસ ગાંડો છે ખરો પરંતુ એનો મહિમા અજબ છે. એનાથી બીજાનું દુઃખ જોવાતું નથી તેથી જો કોઇ માણસને એ દુઃખ જૂવે છે તો ઝટ કરીને તેનું દુઃખ એ દૂર કરે છે. પહેલો પત્થરો વાગવાથી દુઃખ થયું હતું પરંતુ બીજો પત્થરો વાગવાથી મારૂં તે દુઃખ જતું રહ્યું અને તેને બદલે મ્હને ઘણોજ આનંદ થવા લાગ્યો. આવા પ્રકારના ખેલ તે હમારી સાથે ઘણી વાર કરે છે, પરંતુ એ સાથી હમારી સાથે ખેલ કરે છે તે કોઈ જાણતું નથી. ગુરૂપાદઈઆ આ સાંભળી આનંદ પામ્યો અને તેણે બાળકોને પૂછ્યું કે " એ શું ખાય છે ? " ત્યારે બાળકોએ કહ્યું કે " અમો કોઇ કોઈ વખતે એને બકરીઓનું દૂધ પીવડાવીએ છીએ, કોઈ કોઈ વખતે અમારા ભાથામાંથી ખાવાને માટે અમારી

સાથેજ બેસી જાય છે. અને જો વળી કંઇ ન હોય તો આ નદીમાંની નરમ માટી ખાઇ તે ઉપર પાણી પીને જે પોતાનો નિર્વાહ કરે છે." આ સાંભળી ગુરૂપાદઈઆને ઘણુંજ દુઃખ લાગી આવ્યું અને આને ખાવાને માટે કંઇ અન્ન તો લાવીજ આપવું એવો વિચાર કરીને જે વૃક્ષની ઉપર શ્રી સિધ્ધારૂઢ સ્વામી બેઠા હુતા તે વૃક્ષની નીચે તે ગયો. ત્હેને જોઈને સ્વામીજી વૃક્ષ પરથી નીચે આવ્યા એટલે ગુરૂપાદઇઆ ત્હેમણે પગે લાગ્યો સ્વામીજીએ ગુરૂપાદઇઆને જોરથી લાત મારી તેની સામે આંખો કાઢી ઉભા રહ્યા. ત્યારે ગુરૂપાદઈઆ હાથ જોડી બોલ્યો કે "હે મહારાજ આપ મ્હારે ઘેર ચાલો અને અત્યારે જેવી રીતે મ્હને પવિત્ર કર્યો તેવીજ રીતે બીજા બધાંને પણ પવિત્ર કરી લ્યો. આ સાંભળી સ્વામીજી બોલ્યા કે "આ ભકત બહુજ ગંભીર લાગે છે" એમ કહી મનમાં હસ્યા અને કહ્યું કે "હું ત્હારે ઘેર આવનાર નથી, તું જે કંઈ મ્હને આપવા માંગે છે તે ઝટ અહીંઆંજ લઇ આવ" આ સાંભળી ગુરૂપાદઈઆ તરતજ પોતાને ઘેર ગયો અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો "આજે તો મ્હને બહુજ મોટો લાભ થયો છે, અને જન્મનું સાર્થક કરે એમ એક સાધુનું દર્શન થયું છે. માટે એમના માટે ભાત-રોટલી કે જે કંઇ ઘરમાં ખાવાનું હોય તે આપ.

પોતાના ધણીની આ વાત સાંભળી તે સ્ત્રી મનમાં ઘણીજ દુઃખી થઈ સંકોચ પામી, કારણ કે પોતાની સ્થીતિ ઘણીજ ગરીબ હતી. પોતાનો એક દીકરો ગામમાંથી ભિક્ષા માંગી જે કંઈ લાવતો હતો તેના પરજ આ ત્રણે જીવોનો નિર્વાહ થતો હતો આથી ખાવાનું આપી દેવું એ ત્હેને ઘણુંજ વસમું લાગ્યું. ગુરૂપાદઇઆનું ચિત્ત આ વખતે પૂર્ણ ભક્તિભાવથી મહારાજ તરફ લાગેલું હોવાથી આવી બાબતનો કશોએ વિચાર તેના મનમાં ઉદ્દભવ્યો નહિ. ઘરમાં જે કંઇ ખાવાનું હતું તે તેની સ્ત્રીએ બાંધી આપ્યું કે તરતજ તે તો ખાવાનું લઇને સ્વામીજીની આગળ હાજર થયો. સ્વામીજીએ તે ખાવાનું લઇને પોતાને માટે ઘણુંજ થોડું રાખી બીજો બધો ભાગ બાળકોને વ્હેંચી આપ્યો અને કહ્યું કે "જો જરાક વધારે હોત તો બધાંને આપવું ઠીક પડતે" આ સાંભળી ગુરૂપાદઇઆ બોલ્યો "જરાક થોભો હું હમણાંજ વધારે લઈ આવું છું. આમ કહી ઘર તરફ તે દોડતો ગયો અને પોતાને ખાવાને માટે જે ભાગ ઘરમાં રાખી મૂકયો હતો તે લાવીને મહારાજને અર્પણ કરી પોતે ભૂખે રહયો. અને પોતાને સ્વામીજી માટે ઉપવાસ કરવો પડયો એ મહા પૂણ્યનું કામ માની આનંદ પામવા લાગ્યો. મહારાજે તો ફરીથી લાવેલું અન્ન પણ પણ બાળકોને વ્હેંચી આપ્યું. અને રોટલીનો એક ટુકડો તોડી અર્ધો પોતે ખાધો

અને અર્ધો ગુરૂપાદઈઆને આપ્યો. તે તેણે ભક્તિ ભાવથી હાથ જોડીને લીધો અને મહાપ્રસાદ સમજીને ખાધો. પરંતુ આશ્ચર્ય એ થયું કે આટલા ન્હાના ટુકડાથી તેનું પેટ ભરાઈ ગયું, અને ઓડકાર આવી મન અત્યન્ત પ્રસન્ન થયું. આવો અનુભવ થયાથી ગુરૂપાદઇઆની ભકિત દૃઢ થઈ અને દેવ તેમજ ભક્ત એકજ છે એમ માની સ્વામીજીને નમસ્કાર કરી પોતાને ઘેર જવાને નીકળ્યો. રસ્તામાં ગુરૂપાદઇઆને ત્હેનીજ જ્ઞાતિનો એક માણુસ મળ્યો ત્હેણે ગુરૂપાદઇઆને કહ્યું કે પેલા સાધુડાના હાથનો રોટલીનો ટુકડો હમણાં ખાધો તેં મ્હેં નજરો નજર જોયું છું માટે આ વાતની જ્ઞાતિને જાણ કરી હું હમણાં ને હમણાં ત્હને ન્યાત બહાર મૂકાવું છું. એટલુંજ નહિ પરંતુ જે કોઇ તને પોતાને ઘેર બોલાવીને જમાડશે તેની સાથે પણ ન્યાતનો વ્યાવહાર બંધ કરવામાં આવશે. તે માણસે ગામમાં જઈ પોતાના બોલ પ્રમાણે ગુરૂપાદઈઆને ન્યાત બહાર મૂકાવ્યો, અને કહેવા લાગ્યો કે “ અત્યારે તું હઠ છોડી દે અને પેલા સાધુડાની સોબત નહિ કરૂં એવી કબુલાત આપ તો તને પ્રાયશ્ચિત કરાવી ને ન્યાતમાં લઇએ ” આ સાંભળી ગુરૂપાદઇઆએ જવાબ આપ્યો કે “ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી પોતે પૂર્ણ ઇશ્વર સ્વરૂપ છે એ વાતનો મને જરીકે સંદેહ નથી અને એનો મને અનુભવ થયો છે માટે એમનો ત્યાગ કરવો મ્હને જરીકે પસંદ નથી

એટલે જો તમારો એવોજ દુરાગ્રહ હોયતો લ્યો હું એકલોજ. ઘર અને મઠ છોડી છોકરાં તથા મારી સ્ત્રી જ્ઞાતિને સોંપી ચાલ્યો જાઉં છું. "

આ સાંભળી જ્ઞાતિના આગેવાનોએ કહ્યું કે " આવી રીતે તું જ્ઞાતિથી ભ્રષ્ટ થઈને આપણા લીંગાયતના કર્તવ્ય કર્મને કેમ ભૂલે છે ? " ગુરૂપાદઇઆએ તે લોકોને આ વાતનો કશો જવાબજ આપ્યો નહિ ત્યારે તેની સ્ત્રીએ ત્હેને આગ્રહ પૂર્વક કહ્યું કે " ત્હમે સિદ્ધારૂઢને છોડી દો. " છોકરાએ પણ ઘણાજ ગુસ્સાથી કહ્યું કે " એ સાધુડાની સંગતથી શું વળનાર છે ? ઘર છોડીને બુઢ્ઢાપણુમાં નીકળવાનો વિચાર થયો છે એટલે ત્હમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ હોય એમજ મ્હને લાગે છે. ત્હમે છાનામાના ઘરમાંજ બેસી રહો. " પોતાની સ્ત્રી તેમજ છોકરાંના આવા કડવાં વેણ પણ ગુરૂપાદઇઆએ શાંતિથી સાંભળી લીધાં અને એક ઝોળી બગલમાં મારી ઘર તજી તે બહાર નીકળ્યો, અને ગામમાં જઈને ભિક્ષા માંગી. એ ભિક્ષામાં જે કંઈ તેને મળ્યું તે સર્વ લઇ તે મહારાજની પાસે ગયો, અને મહારાજ આગળ મૂક્યું. તેમાંથી મહારાજે જે કંઇ ખાવાનું ત્હેને આપ્યું તે મહા પ્રસાદ સમજી સંતોષથી ત્હેણે ખાઇ લીધું. આવી રીતે મહારાજ પાસે રહીને તે પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

ગુરૂપાદઈઆની આવી દૃઢ ભક્તિ જોઇ બીજા ભક્તો

પણ સ્વામીજી પાસે આવવા લાગ્યા, અને મહારાજ પોતે ખરા સ્વામીજી છે એમ કહેવા લાગ્યા. એટલુંજ નહિ પરંતુ કેટલાક તો કોઈ કોઇ વાર મહારાજની પોતાને ઘેર પધરામણી કરાવીને તેમને ભિક્ષા આપવા લાગ્યા. વળી કેટલાક ભકતો તો પુરાણ કહેવડાવવા પણ તેમને પોતાને ઘેર લઇ જવા લાગ્યા. મહારાજશ્રીના મુખથી પુરાણ સાંભળી ભકતોને અદ્દભુત આનંદ થતો અને કેટલાક પૂણ્યશાળી આત્માને તો થોડીક મહેનતે સસ્વરૂપનું જ્ઞાન થવા લાગ્યું.


આથી મહુરાજશ્રીની કીર્તિ વધવા લાગી અને ઘણા ભકતો તેમની પાસે તેમનાં દર્શન અર્થે આવવા લાગ્યા. એક દિવસે ગુરૂપાદઇઆએ એકત્ર થયેલા મડળને કહ્યું કે "કાતિક પૂનમને દિવસે મોટા ઠાઠથી આપણે ગુરૂપૂજા કરીએ. ગુરૂપાદઇઆનો આ વિચાર સમસ્ત ભકતમંડળને પસંદ પડયો. તે સર્વેએ એકત્ર થઇને ગુરૂની પૂજા કરવા સારૂ એક મોટો મંડપ ઉભો કર્યો અને તે મંડપના મધ્ય ભાગમાં ગુરૂ મહારાજ સારૂં એક સુંદર સિંહાસન પણ તૈયાર કર્યું.

કાર્તિક પુનમને દિવસે ભકતોએ અત્યન્ત આગ્રહથી ગુરૂ મહારાજને સારો પોશાક તથા અલંકારો પહેરાવી સિંહાસન પર બેસાડયા. આ વખતની શોભાનું વર્ણન તો કંઇ અલૌકીકજ હતું. મહારાજશ્રીને પુષ્પનો મુગટ પહેરાવેલો હતો. ગળામાં રત્નજડીત તેમજ ફૂલના હાર પહેરાવ્યા હતા.

અને ખભા પર સુવર્ણમય ખેસ ઓઢાડવામાં આવ્યો હતો. આથી મહારાજના મૂળ તેજસ્વી અંગમાં ઓર શોભા દીપી ઉઠતી હતી. તેમના હૃદયમાં અપાર દયા ભરેલી હતી અને મુખ પર અજબ શાંતિ હતી. ગુરૂ મહારાજના દર્શન થતાં જ દુષ્ટ માણસના હૃદયમાંથી પણ દુષ્ટ વિચારોનો નાશ થતો હતો. અને તેમની હાંસી કરવાના ઇરાદાથી ત્યાં આવેલા કેટલાક દુષ્ટ લોકો પણ મહારાજશ્રીના ભકત બનીને પાછા જતા હતા. અમોને તો સાચા ભગવાનનાંજ દર્શન થયાં છે એમ દરેક ભકત જણાવતા હતા. આવી રીતે ગુરૂપાદઇઆને હસ્તેજ મહારાજશ્રીનો પ્રથમ ઉત્સવ થયો અને તેમની કીર્તિ હુબળી તેમજ આસપાસના પ્રદેશમાં દિવસે દિવસે ફેલાવા લાગી. ગુરૂમહારાજનું નામ સાંભળી આજુ બાજૂના બીજા ભકતો પણ મહારાશ્રીની પાસે હુબળીમાં આવવા લાગ્યા. ત્યાં આવતા દરેક ભકતો ને રહેવા સારૂ હુબળીમાં એક મઠ બાંધવામાં આવ્યો. આ વખતે ગુરૂપાદઇઆના ન્યાતના ઘણાએ લીંગાયતો જેમણે ગુરૂપાદઇઆને ન્યાત બ્હાર મૂકયો હતો તે લોકો મહારાજશ્રીના શિષ્ય થઈ ચુકયા હતા. તેમણે ગુરૂપાદઈઆને વગર વિલંબે પાછો ન્યાતમાં લઈ લીધો.

ગુરૂપાદઈઆની દૃઢ ભકિતની આપણે જેટલી પ્રસંશા કરીએ તેટલી થોડી છે, કારણકે એણે ગુરૂની સેવામાં જે

કષ્ટો ભોગવ્યાં છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી. પરંતુ તેણે એ સર્વ કષ્ટ સહીને પણ ગુરૂમહારાજની ભકિતમાં અચળ શ્રધ્ધા અને વિશ્વાસ રાખ્યાં અને આખર સુધી ભકિત કર્યા કરી. મહારાજશ્રીના અવતારને જાણનાર પ્રથમ ભકત એજ હતો અને હુબળી વાસીઓનેજ નહિ પરંતુ ત્યાં આવનાર બીજા સર્વ ભકતોને જે અપૂર્વ લાભ આજે મળી રહ્યો છે તે ગુરૂપાદઈઆનીજ ભકિત અને તપનું ફળ છે.



પ્રકરણ ૨૯ મું

તારકમાં ચંદ્ર

જે પ્રમાણે તારકગણુમાં ચંદ્રમાં શોભાયમાન દેખાય છે તે પ્રમાણે સ્વામીજી ! સંતોમાં આપ દેખાવો છો.

ઘણા વર્ષો પ્હેલાં જયારે હુબળીમાં સ્વામીજી પ્રગટ થયા તે વખતે કર્ણાટક દેશમાં કીંતુર નામનુ ગામ રાજધાનીનું શહેર હતું. એ શહેરની અંદર એક મહાત્મા રહેતા હતા. એ મહાત્મા વેદાન્તમાં પારંગત હતા, એટલુંજ નહિ પરંતુ શાસ્ત્રપુરાણુ અને ચારે વેદ તેઓશ્રીને મોઢે હતા. તે મહાત્માશ્રી પાસે મડીવળાપ્પા કરીને એક બ્રહ્મચારી વેદના અધ્યયન માટે આવ્યો. મડીવળાપ્પાની બુદ્ધિ ઘણીજ તેજસ્વી હતી અને સ્મરણુ શકિત તીવ્ર હોવાથી ત્હેણે ગુરૂ પાસેથી વેદ વેદાંગનું જ્ઞાન બહુજ શીઘ્ર પ્રાપ્ત કર્યું.

એક દિવસે ગુરૂમહારાજને કંઇ કામ આવી પડવાથી તેઓશ્રી ગામમાં ગયા અને મડીવળાપ્પા મઠમાં એકલા બેસીને વેદવેદાંગનુ અધ્યન કરતા હતા. એ એકાન્ત સમયે

તે ગામના રાજાની બે ઉમ્મર લાયક થયેલી સુંદર કન્યાઓ આવી ચઢી. મૂળમાં રાજકન્યા, તેમાં યૌવનને વશ થયેલી હોવાથી તેમનું મન ચંચળ થઇ ઉઠયું હતું. આવું એકાંત સ્થળ અને મડીવળાપ્પા સમાન બુદ્ધિના તેમજ બ્રહ્મચર્યના તેજથી દીપતા યુવાનને જોઇ તેમનું મન કાબુમાં રહ્યું નહિ. મડીવળાપ્પાને તેના અધ્યનમાંથી ચલીત કરી, બ્રહ્મચર્યમાંથી ભંગ કરવાને માટે તે બે રાજકન્યાઓએ ઘણા ઘણા પ્રકારની ચેષ્ટા અને હાવ ભાવ કર્યા. પરંતુ જેનું મન વૈરાગ્યમાં પૂર્ણ સ્થિત થયું છે એવા તે બ્રહ્મચારી મડીવળાપ્પાનું મન આ રાજકન્યાઓ ચલાયમાન કરી શકી નહિ. કામદેવને જેણે વશ કર્યો છે એવા એ બ્રહ્મચારીએ તે રાજકન્યાઓ સામી દૃષ્ટિ પણ માંડી નહિ. આ જોઇ પોતાના ઉદ્દેશમાં નિષ્ફળ ગયેલી આ બે રાજકન્યાઓ ઝાંખી પડીને પાછી ફરી પોતાના રાજમહેલ તરફ ચાલી નીકળી.

આ રાજકન્યાઓના ગયા પછી મડીવળાપ્પાને ઘણો-જ ગુસ્સો આવ્યો અને ત્હેણે મનમાં વિચાર કર્યો કે આ તરૂણ રાજકન્યાઓ વારંવાર અહી આવી મ્હને નકામો ત્રાસ આપ્યા કરે છે અને તેનું પરિણામ કદાચ સારૂં આવશે નહિ માટે સારો રસ્તો તો એજ છે કે મ્હારે આ ગામ છોડીને ચાલ્યા જવું જોઇએ અને હું આ ગામમાં પાછો ફરૂં ત્યાર પહેલાં આ ગામનો નાશ પણ થવો જોઇએ. આટલું બોલી તેમણે પોતાનાં પહેરેલાં કપડાં ફાડી નાંખ્યાં અને

દીગમ્બર બની મઠનો ત્યાગ કરીને ઉત્તર હિન્દુસ્તાન તરફ તેમણે પ્રયાણ કર્યું. એમના મુખમંડળ પર વિદ્યાની જ્યોતિ ઝળકતી હતી છતાં તેમને આવી દીગમ્બર દશામાં જોઈને લોકો આશ્ચર્ય પામતા હતા. આ પ્રમાણે પ્રવાસ કરતાં કરતાં તેઓશ્રી કાશીક્ષેત્રમાં આવી લાગ્યા. અહીં તેમણે કાશીના પડીતો સાથે વેદશાસ્ત્ર સંબંધે વાદવિવાદ કરીને જીત્યા અને પોતે ઘણું માન તેમજ કીર્તિ સંપાદન કરી. ત્યાર પછી તેઓશ્રી વિશ્વનાથના દેવાલયમાં જઈ ભગવાન શંકરના દર્શન કર્યાં, અને ત્યાર બાદ પોતે થોડો વખત સ્વસ્થ બેઠા. આ વખતે પોતે મનમાં બોલવા લાગ્યા :—

"હું તદ્દન વીરક્ત દશામાં હતો અને બંધાંનો ત્યાગ કરીને આ સ્થાનમાં આવી પહોંચ્યો છું. પરંતુ અહીં આવી-ને હું કેવો મહા મૂર્ખ બન્યો અને મ્હારે હાથે કેવી ગંભીર ભૂલ થઇ છે? મ્હેં મૂર્ખપણાથી કાશીના બધા પંડિતો જોડે વાદવિવાદ કર્યો અને તેમનાં માનની હાની કરી પોતાને માટે માન અને કીર્તિ સંપાદન કર્યાં આથી તે બીચારા પંડિતોનાં મોઢાં ઉતરી ગયાં અને તેઓ બહુ દુઃખી થયા છે. મ્હેં ઈન્દ્રીયોને વશ કરી છે પરન્તુ મ્હને અભિમાન રૂપી વિષયે લૂંટી લીધો છે આવા વિદ્યાના મિથ્યા અભિમાનથી મ્હને કેટલું બધું નુકશાન થયું છે તે જૂવો? પંડિતો જોડે વાદવિવાદ કરવાથી મ્હને બ્રહ્મરાક્ષસ થવું પડશે અને મ્હારો

સર્વ વૈરાગ્ય ફોગટ જશે. બીજાઓને દુઃખ આપવાથી મ્હારા પરમાર્થનો પૂર્ણ નાશ થયો છે. માનની ખાતર આ મ્હારો જન્મ ફોગટ ગયો છે. આજથી આ સંસ્કૃત બોલીનો હું તદ્દન ત્યાગ કરૂં છું આટલું બોલી શરીર પર જે કંઈ રહ્યું તે સર્વ ત્યાંને ત્યાંજ ગરીબોને વ્હેંચી દીધું અને ત્યાંથી હીમાલય પર્વતમાં જઈ એકાન્ત સ્થાનમાં જપ કરવાને બેઠા આમ કેટલોક વખત તપશ્ચર્યા કર્યા પછી તેમના મનને શાંતિ મળી અને આત્મજ્ઞાન દ્રઢ થઈ જીવનમુકત સ્થિતિને પામ્યા. આ સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી તેઓશ્રી કીન્તુર ગામ તરફ પાછા ફર્યાં. ત્યાં આવીને જુવે છે તો આખાએ કીન્તુર ગામનો નાશ થયો હતો અને પરચક્ર શરૂ થઈ ચૂકયું હતું રાજા અને રાજગૃહની સ્રીઓને બંદીવાન કરીને લઈ જવામાં આવી હતી. આ હકીકતથી મડીવળાપ્પાને ભારે દુઃખ થયું પરંતુ જે સ્થળે મહાત્માઓનો છળ થાય છે તે સ્થળનો હંમેશાં વિનાશજ થાય છે. આથી તેઓશ્રી એ સ્થળનો ત્યાગ કરીને ગરગ નામના ગામમાં જઈને વસ્યા. તેમનું જ્ઞાન અને તપ જોઇને ઘણા ભકતો તેમનાં દર્શન માટે ત્યાં આવવા લાગ્યા. અને ત્યાંજ નદીને કાંઠે મઠ બાંધીને મડી-વળાપ્પા ભકિતમાં પોતાનો સઘળો સમય પસાર કરવા લાગ્યા. પૂર્ણ વિરક્ત દશાને પામેલા કેટલાક ભકતો પણ તેમની સેવા કરવાને માટે તેમની સાથેજ મઠમાં રહેવા લાગ્યા.

કેટલાક કાળ પછી મડીવાળ સ્વામીને અંધત્વ દશા પ્રાપ્ત થઇ. આ વખતે શ્રી સિધ્ધારૂઢ સ્વામી હુબળીમાં પોતાના ભકતો સાથે રહેતા હતા તેમને કાને મડીવાળ સ્વામીની કીર્તિ આવવાથી પોતાના થોડાક શિષ્યોને લઈને શ્રી સિદ્ધારૂઢ સ્વામી મડીવાળ સ્વામીના દર્શન માટે ગરગ ગામમાં આવી પહોંચ્યા.

ધારા પ્રમાણે દર્શન કર્યા પછી મડીવાળ સ્વામીએ પૂછ્યું કે "આપ બધા કયાંથી પધાર્યા છો?" ત્યારે ભકતોએ કહ્યું "અમે બધા હુબળી શહેરથી આપના દર્શન માટે આવ્યા છીએ.

મડીવાળ સ્વામીએ કહ્યું "ત્હમારા શહેરમાં કોઈ એક ઉત્તમ શીવયોગી છે એવું મ્હેં સાંભળ્યું છે." ત્યારે શીષ્યોએ કહ્યું કે ત્હેમને સાથે લઇનેજ હમે આપના દર્શન માટે આવ્યા છીએ." આ સાંભળી મડીવાળ સ્વામી બોલ્યા કે "હે સાધુ! આપનું નામ કહો!"

શ્રી સિધ્ધારૂઢ સ્વામી બોલ્યા "મ્હને આરૂઢ કહે છે."

ત્યારે મડીવાળ સ્વામી બોલ્યા કે "આપ મેઘમાંથી અવતર્યા છો? માતાના ગર્ભમાંથી જન્મ લીધો ત્યારે માતાએ પાડેલું નામ ત્હમે મ્હને કહો."

સિદ્ધારૂઢ સ્વામીએ કહ્યું–"સાચું માનશો તો હું

બ્રહ્મમાંથીજ આવ્યો છું, અને માતાના પેટનો જન્મ તેમજ માયાની જંજાળ સર્વ ખોટું અને મિથ્યા છે."

આ સાંભળી મડીવાળ સ્વામીએ સિધ્ધારૂઢ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને તેમના આખા શરીર ઉપર પોતાનો હાથ ફેરવ્યો. હાથ ફેરવવાથી એમને શ્રી સિધ્ધારૂઢ સ્વામીનો દેહ ઘણોજ કૃષ લાગ્યો અને તેથી જાણ્યું કે એમણે દેહદંડ કર્યો છે, અને તેથીજ મનની શાંતિ પ્રાપ્ત થઇ હશે. એ વગર આવું જ્ઞાન પ્રાપ્ત થાય નહિ. ફરીથી સ્વામીજીએ સિધ્ધારૂઢ સ્વામીને પૂછ્યું કે આપે ભ્રમણમાં કોઈ એકાદ ગ્રામ એવું જોયું છે કે જેમાં વાંદરાં શીવાય કાંઈજ હોય નહિ."

શ્રી સિદ્ધારૂઢ સ્વામી વિચાર કરી મનમાં બોલ્યા કે દેહ એક ગામજ છે અને ચંચળ મનોવૃત્તિ એ માંકડાંજ છે એમાં જરીકે સંદેહ નથી અને આ માંકડાંજ આ બાધા ખેલકુદ કરે છે." પછીથી શ્રી સિધ્ધારૂઢ સ્વામીએ જવાબ આપ્યા કે "હા! મારા જોવામાં એક એવું ગામ આવ્યું છે કે જેમાં બધાં કૂતરાંજ પૂરે છે."

મડીવાળ સ્વામીએ પૂછ્યું કે "આટલાં બધાં કૂતરાંને ખાવાને માટે અન્ન કોણ આપતું હશે?"

સિદ્ધારૂઢ સ્વામીએ જવાબ આપ્યો કે "આજુબાજુના ગામના લોકો આપે છે. ત્હેમનાં ગામમાં ઢોર ઢાંખર મરી

જાય છે તેને લાવીને આ ગામમાં ફેંકી દે છે. તે મરી ગયેલાં ઢોર ખાઇને આ કૂતરાં જીવે છે."

હવે આ વાત ધ્યાનથી સમજવી જોઇએ. કૂતરાં એટલે આપણી પોતાની મનોવૃત્તિઓ. આજુબાજુના ગામ વાળા એટલે પંચમહાભૂતો આ પંચ ભૂતો વિષય રૂપી મરેલાં જાનવરો લાવી આપણી મનોવૃત્તિ પર નાંખે છે અને એને આધારેજ આપણી મનોવૃત્તિઓ પોષાય છે. સિદ્ધારૂઢ સ્વામીનું આવા પ્રકારનું ઉત્તમ અને જ્ઞાનપૂર્ણ ભાષણ સાંભળી સ્વામીજીના અંતઃકરણની મડીવાળને પરીક્ષા થઈ તો પણ પાછો પ્રશ્ન કર્યો કેઃ—

"મ્હેં એવું રસોડું જોયું કે જેમાં ત્રણ નદીઓ વહે છે અને તે નદીમાંજ જળ લઇને તે વડે રસોઈ તૈયાર કરવામાં આવે છે. અને આ રસોડામાથી બ્હાર નીકળવાને માટે જે રસ્તા આવેલા છે તે ત્રણ કોસ દુર આવેલા છે આ વાત તું સમજતો હોય તો ઝટ કરીને મને સમજાવ.

સિદ્ધારૂઢે કહ્યું—" આ શરીર ઘર મ્હેં જોયું છે. ત્રીકુટ એજ રસોડા તરીકે માનો, અને ત્યાં આગળ ત્રણ નાડીઓ મળી છે તે ત્રણ નદીઓ. ત્યાં આગળ સમાધી એજ ઉત્તમ ભોજન છે એમ માનવું. અને ત્યાંથી જાગૃત દશામાં આવવાને માટે ત્રણ માત્રાઓની જરૂર પડે છે, અને તેથી તેનેજ ત્રણ કોસ કહે છે.

આવા પ્રકારનું સ્પષ્ટીકરણ સાંભળીને મડીવાળ સ્વામીને ઘણોજ આનંદ થયો અને હુબળીના ભકતો તરફ વળીને કહ્યું કે—" આવા ના સત્સંગનો તમને લાભ થયો છે એથી ત્હમે ભાગ્યશાળી છો. ત્હમને ખાસ ઈશ્વરનોજ લાભ થયો છે અને ત્હમે આનુંજ ભજન પૂજન હમેશાં કરતા રહેજો. "

પછી સિદ્ધારૂઢજીને કહ્યું કે " ધ્યાન દઇને સાંભળ, મોઢું, હાથ અને લીંગ એ ત્રણે પર સારો કબજો રાખજે, અને બીજું આ હુબળીના લોકો ત્હને બહુ ઉંચો લઇ જશે અને પછી નીચો પાડશે માટે તું સાવધ રહેજે.

સિધ્ધારૂઢે કહ્યું—ત્હમારી કૃપાથી વિષય સુખનો સંપૂર્ણ ત્યાગ મ્હેં કરેલો છે અને એનો ભય રાખવાનું મ્હને કશુંએ કારણ નથી.

મડીવાળ સ્વામીએ કહ્યું—ત્હને વસ્ત્ર, પૈસા, વગેરે જે કંઈ આપે તે લઇ બીજા કોઇને ન આપતાં મ્હારા સારૂ અહીં મોકલજે.

સિધ્ધારૂઢે કહ્યું:—" આપ વિરકત છો એ વાત મ્હારી ધ્યાન બહાર નથી. સાચું કહો. આપ દ્રવ્ય લેતા હો તો તે ત્હમો મ્હનેજ આપો. હું લઇ એના પર વ્યાપાર કરીશ અને એના પર સારો નફો પ્રાપ્ત કરીને પછી તે બધું એકત્ર કરી ત્હમારા ચરણ આગળ લાવી અર્પણ કરીશ.

આવો જ્ઞાનનો ભરેલો જવાબ સાંભળીને મડીવાળ સ્વામીએ ઉભા થઇ આનંદથી સિધ્ધારૂઢજીને આલીંગન આપ્યું. અને કહ્યું કે "આજે તો મ્હારો ભાઈજ મ્હને મળ્યો છે."

વસ્ત્ર અને દ્રવ્ય એ બ્રહ્મ અનુભવ સમજવો અને તે અધીકારી વગર બીજાને આપવો નહિ પણ ગુરૂચરણમાં જતન કરીને રાખવો એવા પ્રકારનો ઉપદેશ મડીવાળ સ્વામીએ સિદ્ધારૂઢ સ્વામીને કર્યો, અને તે ઉપર સિદ્ધારૂઢે કહ્યું કે ત્હમારોજ અનુભવ તમો મ્હને આપો. હું ત્હેને લઈ મનન કરી વધારીશ અને પાછો ત્હમનેજ અર્પણ કરીશ, આવો અર્થ ઉપરના સંભાષણનો થાય છે.

આવા પ્રકારનો વાદવિવાદ ચાલતો હતો એવામાં બહારથી રોવા કૂટવાનો અવાજ કાને સંભળાયો એટલે મડીવાળ સ્વામીએ એક જણને કહ્યું "બહાર જઈ તપાસ કરો કે શું ગડબડ છે ?"

તપાસ કરી આવી તે માણસે કહ્યું કે એક માણસ સર્પના ડંસવાથી મૃત્યુ પામ્યો છે તેથી ત્હેનાં સ્ત્રી બાળકો શોક કરી વિલાપ કરે છે.

આ સાંભળી માડીવાળ સ્વામીએ પોતાના શિષ્યને કહ્યું કે આ સિદ્ધાનું પાદોદક લઇને પેલા મૃત માણસના આખા શરીર ઉપર ચોપડો અને થોડુંક એના મ્હોંમાં મૂકો અને પછી ત્હમે બધા એકત્ર મળીને

ભજન કરો એટલે એ ઉઠીને ઉભો થશે. પછીથી ભકતજનોએ સારૂં આસન માંડીને તેના પર શ્રી સિદ્ધારૂઢજીને બેસાડયા અને પ્રેમપૂર્વક પૂજા કરી એમના પગ ધોઈ તીર્થોદક લીધું અને પેલા મરી ગયેલા માણુસના મુખમાં થોડુંક રેડીને બીજું તેના આખા શરીર પર ચોપડયું પછી પેલા મૃત શરીરને એક સફેદ વસ્ત્રમાં ઢાંકીને બધાંની વચ્ચે મૂકી ભજનની શરૂઆત કરી આ પ્રમાણે એકાદ કલાક ભજન ચાલ્યા પછી તે શબ હાલવા લાગ્યું અને થોડાક વખતમાં તો સચેતન થઇ તે માણુસ ઉઠીને બેઠો થયો. આ ચમત્કાર જોઈ બધાંને ભારે આનંદ થયો અને તે સાજા થયેલા માણુસની સ્ત્રીએ બન્ને મહાત્માઓને પગે પડી તેમના પગ પોતાના આંસુથી ધોયા, અને કહ્યુંઃ આપ બંને સાક્ષાત શીવ અને વિષ્ણુ છો. ત્હમારી સ્તુતિ કરતાં મ્હારો કદી પાર આવે એમ નથી. આજે મ્હારા મૃત થયેલા પતિને જીવન આપી ત્હમે મને ઉગારી છે." પછી તે સજીવન થયેલો માણુસ પણ બન્ને મહાત્મા ઓને પગે પડીને કહેવા લાગ્યો કેઃ—

"આ શરીર, મન અને મ્હારૂં સર્વ દ્રવ્ય હું આજથીજ તમારા ચરણમાં અર્પણ કરૂં છું." આ સાંભળી મડીવાળ સ્વામીએ કહ્યું કે ત્હારૂં ધન હું ત્હને પાછું આપું છું તે તું લઇજા, પરંતુ ત્હારૂં જે મન છે ત્હેને

તું આત્મ વિચાર કરવામાં જોડ અને એવી રીતેજ જે હમોને જોઈએ છે તે તું આપ. હવે શરીરને પણ બે ભાગમાં વ્હેંચી નાંખજે. એક ભાગ સ્ત્રી, પુત્રનું પેટ ભરવાને માટે કામ કરવાને સારૂં કામે લગાડજે, અને બીજો ભાગ સંત સાધુ મહાત્માઓની નિષ્કામ સેવા કરવાને સારૂ ઉપયોગમાં લે જે.

ત્યાર પછી ઘણાજ આનંદથી ભક્ત મંડળે બંને મહાત્માઓની આરતી ઉતારી અને તેમના નામનો જયઘોષ કર્યો.

સિદ્ધારૂઢ સ્વામી ઘણો લાંબો સમય ત્યાંજ રોકાયા. આ સમય દરમ્યાન તેઓશ્રી મડીવાળ સ્વામીને તેમજ ભકત મંડળને વશીષ્ટ પુરાણ સંભળાવતા હતા.

પુરાણની કથા ત્યાં થતી હોવાથી ઘણા લોકો ત્યાં સાંભળવા આવતા હતા, એટલુંજ નહિ પરંતુ મોટા મોટા પંડિતો પણ દૂર ગામથી પુરાણ સાંભળવાને આવતા હતા. અને સિદ્ધારૂઢ સ્વામીનો અમૃતતુલ્ય વેદાંતનો બોધ સાંભળી બહુ ખુશી થતા હતા. જે પ્રમાણે ગંગા જમના નદીના મળવાથી તે સંગમ થયો અને અતિ પવિત્ર મનાયો તેજ પ્રમાણે આ બે મહાત્માઓના એકત્ર મળવાથી આ સ્થળ પણ મહા પુણ્ય સંગમ થઈ તીર્થક્ષેત્ર રૂપે બની રહયો હતો. મડીવાળ સ્વામીજી સિધ્ધારૂઢ સ્વામીને મુખેથી વિવેચન

સાંભળી ઘણોજ આનંદ પામતા અને ધીમે ધીમે ડોકું ધૂણાવતા હતા.

એક દિવસે સિદ્ધારૂઢ સ્વામી જીવન મુકિત વિષેનું પ્રથકરણ કરી અર્થ સમજાવતા હતા એટલામાં મુડીવાળ સ્વામી મોટેથી બોલ્યા કે "જરા થોભો" અને કહેવા લાગ્યા કે ઉત્તમ પકવાન પાત્રમાં હોય ત્યારે અથવા તો પેટમાં ગયા પછી એની મધુરતાની તૂલના થવાની નથી પરંતુ એ જ્યારે જીભ ઉપર હોય છે. ત્યારેજ થાય છે. તેજ પ્રમાણે આ શીવજીવ ઐકયના આનંદનું છે. અજ્ઞાન અવસ્થામાં તો એનો કશો સંબંધજ નથી અને વિદેહ કૈવલ્ય સ્થીતિ પ્રાપ્ત થયા પછી પણ એ આનંદ રહેતો નથી, પરંતુ માણસ જ્યારે જીવનમુકત સ્થીતિમાં એટલે ઉપર બતાવેલી બંને સ્થીતિની મધ્યમાં હોય છે ત્યારેજ એ આનદ ભોગવવાનું મળે છે, અને તેથી કરીનેજ જે સાચા ભકતો છે તે ભગવાન પાસે મોક્ષની યાચના કરતા નથી પરંતુ હમેશાં ત્હમારી ભકતી દૃઢ થાવ એવી માંગણી કરે છે. એ યાચના કરવાનું કારણ એટલુંજ કે જેથી કરીને તેમને એ આનંદ ભોગવવાનું હમેશાં બની શકે." આવી રીતે આવા ગહન અને ગુહ્ય વિષયને તદ્દન સરળ ભાષામાં મુડીવાળ સ્વામીએ સમજાવ્યો તેથી બધા ભકતો ઘણાજ ખુશી થયા અને ભકતમંડળે બંને મહાત્માઓના નામનો જયઘોષ કર્યો.

થોડા સમય પછી જ્યારે સિદ્ધારૂઢ સ્વામીજી પાછા હુબળી જવાને તૈયાર થયા ત્યારે મડીવાળ સ્વામીજીએ કહ્યું કે "હવે તું હુબળીમાંજ રહેજે. અને દેશાટન કરવાનું બંધ કરજે. ત્હમારી કીર્તિ ત્યાંજ વધશે." આમ કહી તેઓશ્રી ત્હેમને ભેટી પડયા. આ વખતે બંનેની આંખમાંથી પ્રેમાશ્રુ વહેતાં હતાં. મડીવાળ સ્વામીને જોતાં તો એક પુત્ર શોક કરતાં પણ વધારે આંસુ વહેવા લાગ્યાં. જો કે બંને મહાત્માઓને પૂર્ણ વૈરાગ્યદશા પ્રાપ્ત થઇ હતી.

મડીવાળ સ્વામીએ કહ્યુંઃ—"આપ મ્હને ભૂલશો નહિ."

સિધ્ધારૂઢ સ્વામીએ કહ્યુંઃ—"આપનું વચન મ્હારે કબુલ છે."

મડીવાળ સ્વામીએ સિદ્ધારૂઢ સ્વામીના મસ્તકે હાથ મૂકયો અને આશીર્વાદ આપ્યો કે "ત્હારૂં જ્ઞાન અખંડ રહેશે."

સિદ્ધારૂઢ સ્વામી મડીવાળ સ્વામીને પગે લાગ્યા. આ બંને મહાત્માઓનો પ્રેમ જોઇને બધા ભકતમંડળને પણ લાગી આવ્યું.

મડીવાળ સ્વામી પોતાના શિષ્યમંડળને લઈ સિદ્ધારૂઢ સ્વામીને વિદાય કરવા ગામની બ્હાર આવ્યા. ઘણેજ દૂર સુધી ગયા પછી સિધ્ધારૂઢ સ્વામીએ કહ્યું કે "હવે આપ પાછા પધારો" એમ કહી તેઓ પગે લાગ્યા.

શિષ્યમંડળીએ મડીવાળ સ્વામીનો હાથ ઝાલીને તેમને મઠમાં પાછા લાવ્યા અને આસન ઉપર બેસાડયા ત્યારે સિદ્ધારૂઢના ગુણનું વર્ણન કરી તેઓ બહુજ શોક કરવા લાગ્યા. આ વખતે ભગવાન રામચંદ્રના વનવાસ જવાથી જે દશા દશરથ રાજાની થઇ હતી તેવીજ દશા મડીવાળ સ્વામીની થઇ. કારણકે ત્યાર બાદ થોડાજ દિવસોમાં તેઓશ્રીએ દેહ મૂકી અને કૈવલ્ય સ્થીતિને પામ્યા.

મડીવાળ સ્વામીના શિષ્યોએ ગરગ ગામમાં એમનું સમાધી મંદીર બંધાવ્યું છે એ મંદિર જોવા લાયક છે. સંત મહાત્માઓનાં ચરિત્ર વાંચવાથી મન શુદ્ધ થાય છે એટલુંજ નહિ પરંતુ તેનું સેવન કરનાર પરમ જ્ઞાનનો પણ અધીકારી બને છે.



પ્રકરણ ૩૦ મું.

ભૂતનો ભાંગેલો ભય.

હે સિધ્ધારૂઢ સ્વામી ત્હમારી સત્તા બધા જીવો ઉપર પ્રવર્તે છે. ત્હમારૂં સગુણરૂપ જોઈ આ સંસારમાં રહેલી મમતાનો નાશ થાય છે. અને જ્યાં સુધી ત્હમારા સ્વરૂપનું દર્શન થયું નથી ત્યાં સુધીજ આ સંસાર કઠણ અને ભયંકર લાગે છે. પરન્તુ જો આપનું દર્શન એક જ વાર થયું હોય તો તેનો સંસારનો સર્વ ભય નાશ પામે છે અને ત્હેનાં દુઃખો ભસ્મ થઈ જાય છે.

જે કોઇએ અમૃતનો સ્વાદ ચાખ્યો છે તે કદાપી ભડકી માંગશે નહિ. તેજ પ્રમાણે જે કોઈ ત્હમારે શરણે આવી ત્હમારી પાદ સેવાનો લાભ ઉઠાવે છે અને ત્હેનો આનંદ રસ લૂંટે છે તે કદાપી સંસારી સુખોની ઈચ્છા કરશે નહિ. પ્રથમથીજ સંસાર એ દુસ્તર અને દુઃખમય છે અને જ્ઞાનની પ્રાપ્તિ થયા વગર તેમાંથી કદાપી મૂક્તિ મળનાર નથી એ સર્વ માનવી પ્રથમથીજ જાણે છે, અને વેદ શાસ્ત્ર પુરાણો પણ એ વાત પોકારી પોકારીને કહે છે.

જ્ઞાની માણુસ સંસારમાં હોય છે ખરો, પરંતુ તે સંસારને બીજી દૃષ્ટિથી જૂવે છે. સંસારમાં રહેવા છતાં તે સંસારથી અલીપ્ત રહે છે, જે પ્રમાણે સરોવરમાં કમળ રહે તે પ્રમાણે તેને સંસારનો સ્પર્શ થતો નથી. એકાદ નાટકના તખ્તા ઉપર કામ કરનાર નટની પેઠે તે સંસારના કામ કરે છે. જ્ઞાની માણુસને સંસારમાં રાગદ્વેષ રહેતો નથી. તે આખા વિશ્વને એક નાટકના ખેલ સમાન ગણે છે અને અમુક કે તમુક કામ હુંજ કરૂં છું એવી ભાવના ત્હને રહેતી નથી. એટલુંજ નહિ પરંતુ મોહનો પણ એ ત્યાગ કરે છે કારણુ કે એ પોતે સમજે છે કે દુઃખ માત્રનું મૂળ મોહમાં સમાયેલું છે. અને એ મૂળનેજ ઉખેડી નાંખવાંથી પછી સંસારમાં આપો આપ સુખ લાગે છે, સર્વ વસ્તુ અને સર્વ સ્થળ તેને પૂર્ણ આનંદમય અને સુખપ્રદ દેખાય છે. હવે આવા ભયંકર મોહની જાળમાંથી છુટવાને આત્મજ્ઞાનની જરૂર છે અને એ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ખાસ ગુરૂ કરવાની આવશ્યકતા છે કારણુ કહેવત છે કે "ગુરૂ વીણુ જ્ઞાન નહિ."

મન–બુધ્ધિ–અને દેહથી શ્રી સ્વામીજીને શરણે જવું પડે છે અને એવી રીતે જે ભકતો શ્રી સ્વામીજીને શરણે જાય છે ત્હેનેજ શ્રી સ્વામીજી આત્મજ્ઞાનનું ભાન કરાવે છે.

જે પ્રમાણે ચાતક પંખીઓને તૃપ્ત કરવા સારૂ મેઘરાજા વરસે છે તેજ પ્રમાણે હુબળી શહેરમાં શ્રી સિધ્ધારૂઢ

સ્વામીજી પોતાના ભકતો માટે જ્ઞાનનો વરસાદ વરસાવી રહ્યા છે. જે કોઇ આ જ્ઞાન વર્ષાનો લાભ લે છે તેને ચાતક પંખી પ્રમાણે શાંતિ મળે છે અને જ્ઞાન લાભ થઈ પરમ સુખને પામે છે.

કોકણ પ્રાંતમાં એક બ્રાહ્મણ રહેતો હતો. ત્હેની સ્ત્રીને કોઇ પીશાચનો ઉપદ્રવ લાગુ પડયો છે એમ લાગવાથી તે બ્રાહ્મણે પોતાની સ્ત્રીને આરામ થાય એવા ઉદ્દેશથી અનેક મંત્ર તંત્રના ઉપચારો કર્યા, અનેક ભૂવા જતીને તેડાવી દોરા ધાગા કર્યા પરંતુ કશોયે ફેર પડયો નહિ આથી ઘણોજ કંટાળીને તે બ્રાહ્મણ પોતાની સ્ત્રીને સાથે લઇને વાડી ગામમાં આવેલા શ્રી નરસોબાના (દેવ) ધામમાં લઈ ગયા, અને ત્યાં શ્રી નરસોબાની સારી પેઠે સેવા કર્યા પછી માનતા માનીકે "જો મ્હારી સ્ત્રીને સારૂં થઇ જશે તો ત્હમારા ચરણોમાં સો રૂપીઆ અર્પણ કરીશ. આ માનતા લીધાને કેટલાક દિવસો પસાર થયા પછી એક રાત્રે તે સ્ત્રીને સ્વપ્ન આવ્યું અને તે સ્વપ્નમાં શ્રી નરસોબા આવીને તે સ્ત્રીને કહેવા લાગ્યા કે "હું તો દેહ ધારણ કરી શરીર રૂપે હુબળી શહેરમાં રહું છું અને લોકો મ્હને શ્રી સિધ્ધારૂઢ તરીકે ઓળખે છે. માટે તમો અહીં આગળ રહી મ્હારી જે રીતે સેવા કરો છો તેજ પ્રમાણે હુબળી જઈ મ્હારૂં બીજું રૂપ કે જે શ્રી સિધ્ધારૂઢ છે ત્હેમની સેવા કરશો તો હું પૂર્ણ

સંતોષ માનીશ અને તારી ઉપર કૃપા કરીશ." સ્વપ્ન પુરૂં થતાંજ તે સ્ત્રી જાગૃત થઇ ગઇ અને પોતાનાં ધણીને બધી હકીકતથી વાકેફ કર્યો. આથી આ બંને જણાએ હુબળી જવાનો નિશ્ચય કર્યો અને એ દંપતિ નરસોબાને નમસ્કાર કરી હુબળી જવાને નીકળ્યાં. હુબળી શહેરમાં જઇ તેઓ શ્રી સિધ્ધાશ્રમમાં ગયાં અને મહારાજ પાસે જઇ તે લોકોએ તેમને ભક્તિ ભાવથી પ્રણામ કર્યા. અને વાડીમાં બનેલી હકીકતથી ત્હેમણે સ્વામીજીને મહીતગાર કર્યા અને કહ્યું કે "આપની કૃપાથી આ મ્હારી સ્ત્રીને આરામ થવા સારૂ શ્રી નરસોબાએ અમોને આપના તરફ મોકલ્યા છે, તો અમારા ઉપર દયા કરશો." આ સાંભળી સ્વામીજીએ કહ્યું કે "ત્હમે અહીઆંજ રહી હમેશાં ભજન કરતા રહો એટલે ત્હમારી પીડા દૂર થશે અને તમોને આરામ થઇ શાંતિ વળશે. ગુરૂના કહેવા પ્રમાણે બંને જણાએ ભજન કરવા માડયું અને તેથી તેમને ઘણો આનંદ મળવા લાગ્યો. આથી તેઓ મઠની અંદરની બીજી પણ સેવા કરવા લાગ્યાં અને તેથી વળી તેમને વધારે ફાયદો થવા લાગ્યો.

આ પવિત્ર સ્થળમાં રહેવાથી તેમજ મહાત્માની સેવા કરવાથી તેમના બધા રોગો નાશી ગયા તેમજ પુરાણ વગેરેની કથામૃતનું પાન કરવાથી ત્હેમના ચીત્તની શુધ્ધિ થઇ અને દેહબુદ્ધિનો નાશ થઇ ગયો. આવી રીતે તે સ્ત્રીને

પિશાચનો થતો ઉપદ્રવ મટી ગયો અને એ દંપતીને આનંદ થયો. પછીથી બંને જણાએ સ્વામીજીને પગે લાગીને કહ્યું કે "આરામ તો થયો છે. પરંતુ આપશ્રીને છોડીને જવું બીલકુલ સારૂં લાગતું નથી." આ સાંભળી સ્વામીજીએ કહ્યું કે "ત્હમે હવે ત્હમારે ગામ જાવ અને શ્રી સ્વામીજીને પ્રેમપૂર્વક યાદ કરી આનંદથી રહેજો."

આવી રીતનો આશિર્વાદ લઈ તે બન્ને દંપતિ પોતાને ગામ ગયાં. ઘેર આવ્યા પછી ત્હેમને વિચાર થયો કે "સો રૂપિઆની ભેટ તો શ્રી નરસોબાને આપવાની કહેલી પરંતુ આરામ તો શ્રી સિદ્ધારૂઢ સ્વામીની કૃપાથી થયો છે માટે આ ભેટ કોને આપવી.

જે દિવસે આ વિચાર તે સ્ત્રી પુરૂષને આવ્યો તેજ દિવસની રાત્રે તેની સ્ત્રીને શ્રી નરસોબાએ સ્વપ્નમાં આવીને કહ્યું કે "સિદ્ધારૂઢ સ્વામી પોતે મહાત્મા છે અને સો રૂપિઆની ભેટ ત્હેમનેજ આપશો." આટલું કહીને શ્રી નરસોબા અદૃશ્ય થઈ ગયા.

આ સ્વપ્નની હકીકત પોતાના ધણીને કહી પછી તેઓ હુબળી જઇ, બનેલી બીના મહારાજને કહી સો રૂપીઆની ભેટ અર્પણ કરી.

આ બન્ને જણાએ અખંડ ભજન શરૂ રાખવાથી ગુરૂ ભકિત દૃઢ થઇ, અને તેમની શ્રધ્ધા ઇચ્છીત હતી તો

પણ ગુરૂના સહવાસથી બન્ને જણાંની નીષ્કામ ભકિત થઈ, અને ગુરૂકૃપા મેળવી.

હુબળી શહેરમાં નીરૂદપ્પા કરીને એક ભકત રહેતો હતો. તે પોતાના પેટના નિર્વાહ અર્થે કશો પણ ઉદ્યોગ કરતો નહિ અને પોતાના ભાઈની પાસે રહીને પોતાનું પેટ ભરતો હતો. પરંતુ આખો દિવસ સ્વામી પાસે રહીને ભકતી કરી પોતાનો સમય પસાર કરતો હતો. આથી ઘરનાં બીજાં માણસો ત્હેને ઠપકો આપવા લાગ્યાં તેમજ ત્હેને વારંવાર પજવવા લાગ્યાં. કેટલાક દિવસ પર્યન્ત આ પ્રમાણે ચાલ્યા કર્યું પછી કેટલાક દિવસો બાદ સ્વામીજીએ એને કહ્યું કે "ધંધો છોડીને આખો દિવસ ત્હમારે અહીંઆ ગાળવો નહિ" ગુરૂજીની આવી આજ્ઞા માનીને પેટ જેટલો ધંધો કરવાની ત્હેણે શરૂઆત કરી અને ઘરમાં પોતાના ભાઇને જણાવ્યું કે "દરરોજ એક વખત સિદ્ધારૂઢ સ્વામી માટે નૈવેદ લઇ જઈશ." આ સાંભળીને ત્હેના ભાઈ બહુજ ખીજવાઇ ગયો અને ગુસ્સો લાવીને કહ્યું કે "ત્હમારે તો આખુ ઘર ફનાફાતીઆ કરવાની વૃત્તિ દેખાય છે" પરન્તુ નીરૂદપ્પાની ભકતી અચળ હતી એથી પોતાના મનમાં વિચાર કરી એ બોલ્યો "કંઇ હરકત નહિ, જો ત્હમે મ્હને નૈવેદ માટે જુદું આપશો નહિ તો હું મ્હારા પોતાના ખાવામાંથી અર્ધું સ્વામીજીને માટે લઈ જઇશ."

બીજે દિવસે પોતાના જમવામાંથી પોતાના જમતાં પહેલાંજ અર્ધું ખાવાનું જૂદું કાઢી મૂકી સંતાડી દીધું. અને બીજું અર્ધું રહેલું ઝટપટ જમી લઇ તે સંતાડી મૂકેલું ભોજન લઈ સિદ્ધારૂઢ આશ્રમમાં ગયો અને પ્રેમભાવથી મહારાજને નમસ્કાર કરી તે ભોજન તેમને કરાવ્યું. આ પ્રમાણે તે દરરોજ કરતો અને મહારાજને જમતા જોઇને ત્હેને અત્યન્ત આનંદ થતો. આવા પ્રકારનો તેનો દૃઢ પ્રેમ અને ભકતી જોઇને બધા લોકો આશ્ચર્ય પામતા. આવું કેટલાક દિવસ ચાલ્યા પછી એક દિવસે નીરૂદપ્પાના ભાઈની સાથે સ્વામીજીની મુલાકાત થઇ. સ્વામીજીએ નીરૂદપ્પાના ભાઇને પૂછ્યું કે "દરરોજ મઠમાં નૈવેદ શા માટે મોકલાવે છે?" ઘરની અંદર દેવસ્થાનમાં દેવ છે તેમની આગળ નૈવેદ કેમ મૂકતો નથી? ભાઇએ કહ્યું કે "હું તો આમાનું કશું પણ જાણુતો નથી, અને મ્હેં એક પણ દિવસે મઠમાં નૈવેદ મોકલાવ્યું નથી" સ્વામીજીએ કહ્યું કે "ત્હારો ભાઇ તો દરરોજ નિયમીતપણે મઠમાં નૈવેદ લાવે છે" આ વાત સાંભળી લઈ નીરૂદપ્પાનો ભાઈ પોતાને ઘેર ગયો અને ત્હેને બોલાવીને કહ્યું કે "કાલથી મઠમાં નૈવેદ લઇ જતો નહિ અને જો લઇ જાય તો ત્હને ત્હારા ગુરૂનાજ સમ છે." ભોળા બીચારા નીરૂદપ્પાને આનો અર્થ કયાંથી સમજી શકાય? તે ઝટ બોલ્યો કે "હું કંઈ નૈવેદ જૂદું લઇ જતો નથી. પણ મ્હારા પોતાનામાંથી અર્ધું ખાવાનું સ્વામીજીને

આપું છું." ત્યારે ભાઈએ કહ્યું કે "તો તો ત્હુને ઘણુંજ ખાવાનું જોઈતું હશે.

આ સાંભળી નીરૂદપ્પાને ઘણુંજ લાગી આવ્યું અને ચીન્તા ઉત્પન્ન થઇ. બીજે દિવસે જમવાનો વખત થયો અને નીરૂદપ્પાને પણ જમવા માટે થાળ પીરસવામાં આવ્યો. આ વખતે ત્હેનો ભાઇ આવીને જૂવે છે તો નીરૂદપ્પા જમતોજ નથી. પોતાના ભાઈને આવેલો જોઇને નીરૂદપ્પાએ કહ્યું "ત્હમે મ્હને મઠમાં થાળ લઈ જવાને માટે સોગન આપ્યા છે તો હું અહીં આગળજ સ્વામીજીને નૈવેદ્ય અર્પણ કરીશ." આટલું કહી જમવાનો થાળ હાથમાં લઇને ઘરને એક ખૂણે એકાન્તમાં એક ઓરડી આવી હતી ત્હેની અંદર ગયો અને ત્હેના દરવાજા બંધ કર્યા. ત્યાર પછી ત્હેણે ગુરૂ ચીન્તવન કરવા માંડયું અને કહેવા લાગ્યો કે "હે ગુરૂભાઈ ત્હમારા સિવાય મ્હારૂં બીજું કોઈ નથી. હું ત્હમારે માટે દરરોજ ભોજન લાવતો હતો પરંતુ મ્હને મ્હારા ભાઇએ આપનાં સોગન દીધાથી હું મઠમાં આવી શકું એમ નથી માટે આ આવી પડેલી અડચણને ધ્યાનમાં લઇ ત્હમે અહીં આગળ આવીને આ ભોજનનો સ્વીકાર કરી લ્યો. જો ત્હમે નહિ આવો તો હું પણ અન્નનો દાણો મૂખમાં મૂકનાર નથી. માટે કૃપા કરીને ત્હમે સત્વર પધારો નહિ તો હું મ્હારો જાન આપને અર્પણ કરીશ." આમ કહી તેણે સ્વામીજીના આવવા માટે કેટલોક વખત રાહ જોઈ પરંતુ સ્વામીજી તો

પધાર્યા નહિ. આથી આખરે નિરાશ થઇને ઓરડીમાં એક પાટડી હતી અને ત્હેના પર એક દોરડું હતું. તે દોરડું તેણે પાટડી સાથે બાંધીને ફાંસો ખાવાની તૈયારી કરી. નીરૂદપ્પા તે પાટડી પર ચઢી ગયો અને પોતાના ગળામાં દોરડાનો ફાંસો નાંખી કૂદી પડવાની તૈયારી કરી દૃઢ નિશ્ચય-પૂર્વક બોલ્યો કે "આજે ત્હને કોઇએ નૈવેદ ધર્યું નથી, અને તું અપવાસી છે તો હુવે જરીક પણ વિલંબ કર્યા વગર અહીં આગળ મ્હારી પાસે આવી ત્હારો ભાગ જમી જા, અને જો તું નહિ આવશે તો મ્હારા પ્રાણ આપીને પણ હું ત્હારા તરફ આવીશ." આટલું કહી ગળામાં ફાંસા સમેત ત્હેણે પાટડી પરથી કૂદકો માર્યો. પરન્તુ એજ ક્ષણે ત્યાં શ્રી **સ્વામીજી** પ્રગટ થયા અને ત્હેને અદ્ધર પોતાના બાહુમાં ઝીલી લીધો અને ત્હેના ગળામાંથી ફાંસો કાઢી નાંખ્યો.

નીરૂદપ્પાએ સ્વામીજીને કહ્યું કે ત્હમે મ્હારી પ્રાર્થના સાંભળી અહીં આગળ પધાર્યા તેથી મ્હારા પર આપનું હેત છે એ બાબતની મ્હને ખાત્રી થઇ છે હવે આપ સત્વર આ ભોજન કરી લો, આમ કહીને તે મહારાજને ભોજન કરાવા લાગ્યો. આ વખતે નીરૂદપ્પાને થતા આનંદનું વર્ણન કરી શકાય એમ નથી.

પોતે અર્ધું ભોજન કરી લીધા પછી સ્વામીજીએ નીરૂદપ્પાને જમાડયો અને બહાર આવી પોતે અદૃશ્ય થયા.

આ હકીકત તે વખતે કોનાએ જાણવામાં આવી નહિ અને નીરૂદપ્પા દરરોજ સ્વામીજીને આ પ્રમાણે એકાન્તમાં જમાડવા લાગ્યો. આમ ઘણા દિવસો સુધી ચાલ્યા કર્યું. પરન્તુ દરરોજ નીરૂદપ્પાને એકાન્તમાં ભોજન રાખી મૂકતો જોઇને ત્હેના ભાઈના મનમાં સંશય પેદા થયો, આથી કોઇને કંઈ પણ જણાવ્યા વગર તે એકાન્ત ઓરડીમાં પ્રથમથી સંતાઇ રહ્યો અને બધી ઘટના જોવા લાગ્યો. આ વાતની નીરૂદપ્પાને કંઇજ ખબર હતી નહિ તેથી એને તો પોતાના દરરોજના નિયમ પ્રમાણે ભોજન લાવી સ્વામીજીની પ્રાર્થના કરવા લાગ્યો. પ્રાર્થના પૂરી થતાંજ સ્વામીજી ત્યાં પ્રગટ થયા અને પોતે ભિક્ષા કરવા લાગ્યા. આ જોઈ નીરૂદપ્પાનો ભાઇ ઘણુંજ આશ્ચર્ય પામ્યો અને મનમા પશ્ચાતાપ કરવા લાગ્યો. ત્હેણે આગળ આવી સ્વામીજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને કહ્યું કે "શીવ! શીવ! ત્હમારી અગાધ શક્તિ અને સામર્થ્યનું મ્હારા જેવા મૂર્ખ અને અલ્પમતીને ભાન કયાંથી હોય? નીરૂદપ્પાની ભકતીને ખરેખર ધન્યવાદ છે. અને એના જેવા ભકત અમારા કુળમાં પાકવાથી અમારા કુળનો ઉધ્ધાર છે. એને ત્હમારા પર અત્યન્ત શ્રધ્ધા છે તો કૃપા કરી આપ ત્હમારી પોતાની સાથે એને મઠમાં લઈ જાવ અને ત્હમારા બંનેને માટે ભિક્ષા લઇને હવેથી હું જાતેજ મઠમાં આવીશ. તેમજ પેટને માટે તું કંઇ ધંધો કર એવું હવેથી હું કદાપી નીરૂદપ્પાને કહીશ

નહિ. આપના અહીં પધારવાથી મ્હારો ઉધ્ધાર થયો છે એમજ હું તો માનું છું.

આ સાંભળી નીરૂદપ્પાના ભાઈને સ્વામીજીએ કહ્યું કે "મ્હારા વગર તારા ભાઈને ગમતું નથી તેથી આજથીજ હું એને મારી સાથે મઠમાં લઈ જાઉં છું." આ વાર્તા સાંભળીને અને પોતે હવેથી સર્વ જંજાળમાંથી મૂક્ત થયો છે તેમજ સતત રીતે સ્વામીજીની સેવા કરવાનો લાભ પોતાને મળ્યો છે એ જાણી નીરૂદપ્પાને ઘણોજ આનંદ થયો અને તેની આંખમાંથી હર્ષના આંસુ પડવા લાગ્યાં. અને તેની છાતીએ ડુમો ભરાઇ આવ્યો. ત્યાર પછી તેણે કેટલોક કાળ મઠમાં રહીને સ્વામીજીની સેવા કરી પોતાના દેહનું સાર્થક કર્યું. એક દિવસે એણે સ્વામીજીને કહ્યું કે "હવે મ્હારૂં મૃત્યુ નજદીક આવ્યું છે તો કૃપા કરી આપ મ્હને આજ્ઞા કરો કે જેથી આપની મૂર્તિ અંતરમાં ધારણ કરી હું કૈલાસ પદને પામું." આમ કહી ત્હેણે પોતાનો દેહ છોડી દીધો.

આ રીતે એણે સિદ્ધારૂઢ સ્વામીની અચળ શ્રધ્ધાથી ભકતી કરીને પોતાના જન્મનું સાર્થક કર્યું એટલુંજ નહિ પણ પોતાના કુળનો પણ ઉદ્ધાર કર્યો.

પ્રકરણ ૩૧ મું.

ભોળો ભક્ત.

હે, સિધ્ધારૂઢ સ્વામી ત્હારા ચરણમાં નમન કરતાં જ લાખો ઉપાધીઓનો નાશ થાય છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશને પણ ઉપાધી છે. પણ તું તો ઉપાધી વગરનો છે જે ભક્ત શ્રદ્ધાથી અને ભાવથી ત્હારૂં શરણ લે છે ત્હેને બ્રહ્મજ્ઞાન થાય છે અને બીજી સર્વ ઉપાધીમાંથી મુકત થઈ તે પરમપદને પામે છે. તમારી કૃપાદૃષ્ટિ થતાં જ ત્હેના અહંપણાનો નાશ થાય છે અને સત્ય શું છે તે ત્હેને સમજાય છે. એટલુંજ નહિ પરંતુ એ માણસ પછીથી સદેહે રહેવા છતાં વિદેહી સમાન છે કારણ કે પ્રથમ જે એને મ્હારા ત્હારાનો ભેદભાવ હતો તેનો નાશ થઇને તે હવે બધામાં ત્હારાજ રૂપનું દર્શન કરે છે. એને સત્ય જ્ઞાનનું ભાન થાય છે. પ્રથમ જેને એ સુખ માનતો હતો તે હવે એને દુઃખરૂપ ભાસે છે અને તેના પર એની પ્રીતિ રહેતી નથી. આવી રીતે જે દુઃખરૂપ તે સર્વ વૃત્તિઓનો નાશ થઈને તે ભકતને ખાસ જે સર્વ શ્રેષ્ટ છે તેટલુંજ રહે છે, અને આવા ભક્તને શ્રી સ્વામીજી એકજ ક્ષણમાં માયા

બજારના મારમાંથી બચાવી ઉદ્ધાર કરે છે.

એક દિવસે શ્રી સિધ્ધારૂઢ સ્વામી પોતાના આશ્રમમાં બીરાજમાન હતા તે વખતે કોઈ એક ભકત સ્વામીજી પાસે આવ્યો અને ત્હેમને પગે પડી બીજા ભકતોની સાથે જઈને બેઠો. આ આવનાર મઇસુરનો રહેવાસી હતો. શ્રી સ્વામીજી તેમના તરફ જોઇને બોલ્યા કે ' આ ભકત અત્યંત ભોળો લાગે છે માટે આજથી હું એનું નામ **ભોળો ભક્ત** પાડું છું.'

ભકતે કહ્યું– મહારાજ ! હું બહુજ ગરીબ સ્થીતિમાં છું અને તમે ઘણાજ કૃપાળુ છો એવી તમારી કીર્તિ સાંભળીને હું આપને શરણે આવ્યો છું, તો આપ દયા લાવીને મારો સ્વીકાર કરો.

સ્વામીજી— ઠીક છે, તું દરરોજ પુરાણ સાંભળવા આવજે અને જો તું આ સેવા કરશે તો તારૂં કલ્યાણ થશે.

ત્યાર બાદ આ ભોળો ભકત ગામમાં ગયો અને એક કોટડી ભાડે રાખી દરરોજ પુરાણ સાંભળવા આશ્રમમાં આવવા લાગ્યો, પરંતુ પુરાણ સાંભળતી વખતે તે દરરોજ ઝોકાં ખાતો હતો. કારણ કે તેની પાસે થોડાક પૈસા હતા તે રખેને ચોર લોકો ચોરી જશે અને તો પછી પોતાનું ગુજરાન શી રીતે થશે એવા ભયથી તે રાત્રે ઉજાગરા કરતો હતો, અને પુરાણ સાંભળવાને બેસતો હોવા છતાં તેનું ધ્યાન ઘરમાં રાખેલા પૈસા તરફ રહેતું હતું.

એની ભકતીના માર્ગમાં ધન આડું આવી વીઘ્ન કરે છે એ વાત મહારાજના ધ્યાનમાં આવી ચૂકી હતી. થોડોક કાળ વ્યતીત થયા પછી ત્હેને ઉંઘ આવી ગઈ, આજ વખતે કેટલાક ચોર લોકો ત્હેનું ઘર ફાડીને અંદર દાખલ થયા અને જેટલું દ્રવ્ય હતું તે સઘળું દ્રવ્ય તેમજ બીજી દરેક ચીજ વસ્ત્રો વગેરે લઇ લીધું એટલુંજ નહિ પરંતુ તે ભોળા ભક્તને નગ્ન કરી તેના મૂખની અંદર ડુચો મારીને એક થાંભલા સાથે બાંધી તેના અંગ પરનાં વસ્ત્રો પણ તે ચોર લોકો ઉતારી ગયા.

ચોર લોકોના ચાલી ગયા પછી કેટલાક આડોશી પાડોશી લોકો એકઠા થઈ ગયા અને ભોળા ભકતને આવી દયાજનક સ્થિતીમાં જોઈને ત્હેમને દયા આવી. આ એકત્ર થયેલા લોકોએ દોરડું કાપીને ભોળા ભકતને બંધનમાંથી મૂકત કર્યો. જેવો તે મૂકત થયો કે તરતજ દોડતો દોડતો તે આશ્રમમાં સ્વામીજી પાસે આવ્યો. આ વખતે સ્વામીજી મહારાજ બોલ્યા કે “ આગળ પર કલ્યાણ થાય એટલા માટેજ ભગવાન દરેકને દુઃખ આપે છે. આ દુનિઆના ધન કરતાં દરેકને ભકતી રૂપી ધન વધારે પ્રીય હોવું જોઇએ અને તે પ્રીય હોય છે છતાં પણ શડ્રીપુ ત્હેને હંમેશાં લુંટે છે. છતાંએ લોકો એને માટે વિલાપ કે શોક કરતા નથી તો ત્હારૂં લુંટાયેલું ધન તો ક્ષણીક હતું, ત્હેના ચાલ્યા

જવાથી તું શા માટે વિલાપ અને શોક કરે છે ? વળી હવે તો ત્હારી પાસેજ રહે અને ચોર લોકો લુંટી શકે નહિ એવું તેમજ ત્હારા લુંટાયેલા દુન્યાના ધન કરતાં ઘણુંજ ઉત્તમ એવું ભકતી રૂપી ધન પ્રાપ્ત થનાર છે. માટે વ્યર્થ શોક કર નહિ." આટલું કહી પોતાના અંગ ઉપરનું વસ્ત્ર લઇ ત્હેને પ્હેરવાને માટે આપ્યું.

ભોળા ભકતે કહ્યું:–"હવે મ્હારૂં શું થશે માટે આજથી હું તો ત્હમારા ચરણ પાસેજ મઠમાં રહીશ અને ગામમાં ભીક્ષા માંગી પેટ ભરી આખોયે સમય ત્હમારા ધ્યાનમાંજ વ્યતીત કરીશ.

આ સાંભળી મહારાજ ભોળા ભકતને ભેટી પડયા અને બોલ્યા "આજે જે ત્હારૂં "**ભોળો**" નામ છે તે બરો-બર શોભે છે. તું સુખથી મઠમાં રહેજે."

આ રીતે ભોળાનું ધન ચોરાઇ જવાથી ત્હેને સુખથી નીંદ આવવા લાગી. આ નીંદ આવવાથી પુરાણુની કથા સાંભળતી વખતે ત્હેને આવતાં ઝોકાં બંધ થયાં અને તે ધ્યાનપૂર્વક કથા સાંભળવા લાગ્યો. આ કથા સાંભળવાથી અને ત્હેના પ્રભાવથી ભોળાની ગુરૂભકતી દૃઢ બની અને ત્હેને વૈરાગ્ય પ્રાપ્ત થયો.

થોડા દિવસો પછી શીવરાત્રીનો ઉત્સવ નજદીક આ-વવા લાગ્યો અને આજ સમયે મહારાજશ્રીને ઠંડીનો તાવ

લાગુ પડયો તેથી સર્વ ભકતોના મનમાં ભારે ચીન્તા ઉત્પન્ન થઇ કે દૂર દૂરથી માણુસો દર્શન માટે આવશે અને તે લોકોને નિરાશ થઇને પાછા જવું પડશે.

શ્રી સ્વામીજીએ પણુ પોતાના ભકતોની ચીન્તા ધ્યાનમાં લઈને જે મુખ્ય મુખ્ય ભકતો હતા તેમને બોલાવીને પૂછ્યું કે "આ મારો તાવ તમારામાંથી કોઈ લેવાને તૈયાર છે?" પરંતુ તે દરેક ભકતોએ પોતપોતાની અડચણો બતાવી તે તાવ લેવાની ના પાડી. હવે સંન્યાસીઓ બાકી રહ્યા હતા. તેથી તેમને બોલાવીને પૂછ્યું ત્યારે તે લોકોએ પણ ના પાડી. હવે ફકત ભોળો ભકતજ બાકી રહ્યો હતો. તેથી તેને બોલાવીને સ્વામીજીએ પૂછ્યું કે "તું મારો તાવ લઈશ."

ભોળો ભકત:—"જો એમ બને તો તો આપનો મારા પર ઘણોજ ઉપકાર થાય. તમારો તાવ મને જરૂર આપો. એ તાવ લેવાથી જો મારૂં મૃત્યુ થશે તોયે તમારૂં નામ જપતો જપતો મરીશ. હજુ સુધી મારા હાથથી જેવી જોઇએ એવી તમારી સેવા થઈ શકી નથી અને તેથી મારા મનને શાન્તી મળતી નથી. તેથી આટલી તમારી સેવા મને જરૂર કરવા દો. એમ કરતાં જો મરણુ થશે તો પણુ તે તમારા ચરણુ નજદીક થવાથી મારૂં કલ્યાણુ થશે એની મને ખાત્રી છે."

ભોળાની આ વાત સાંભળી મહારાજ શ્રી પૂર્ણ સંતોષ પામ્યા અને તેના હાથને પોતાનો હાથ લગાડી કહ્યું "લે ! આ મ્હારો તાવ તું લે." બોલતાની સાથેજ મહારાજશ્રીનો તાવ ઉતરી ગયો અને ભોળાને સખ્ત તાવ ચઢયો. આ રીતે મહારાજશ્રીનો તાવ ઉતરી ગયો અને તેથી દૂર દેશથી આવેલા ભકતોને મહારાજશ્રીના દર્શન માટે નિરાશ થઈ પાછા જવું નહિ પડે એ જાણી ભકત મંડળને ઘણોજ આનંદ થયો અને શીવરાત્રીના ઉત્સવની ધમધોકાર તૈયારી થવા માંડી. આ બાજુ ભોળા ભકતની શ્રદ્ધા અને નિષ્ઠા જોઇ મહારાજશ્રીને પણ તેની વારંવાર યાદ આવતી હતી અને તેની પાસે આવી "તું ગભરાતો નહિ." એવાં પ્રેમથી પરીપૂર્ણ વચનો વડે તેને ઘડીએ ઘડીએ શાંતી આપતા હતા. આમ કરતા શીવરાત્રી આવી અને ઉત્સવનું કામ સમાપ્ત થયા પછી મહારાજશ્રી ભોળા પાસે આવી કહેવા લાગ્યા કે "મને મારો તાવ પાછો આપ."

ભોળાએ કહ્યું–"જો આપને તાવ આવશે તો બીજા ભકતોને ઘણું દુ:ખ થશે માટે હવે તો ભલે એ તાવ મારીજ પાસે રહે."

મહારાજે કહ્યું–"તું આમ તાવથી પડયો રહે અને પીડા પામે એ દુ:ખ મારાથી જોવાતું નથી."

ભોળાએ કહ્યું–" તમો તંદુરસ્ત અને આનંદમાં છો એ જોઇને મને આ તાવનું કશુંજ લાગતું નથી ઉલટો એથી તો મને હર્ષ થાય છે. માટે આ તાવ હવે તો હું કોઇનેય આપવા માંગતો નથી."

ભોળા ભકતની વાત સાંભળીને બીજા ભકતોને ઘણુંજ આશ્ચર્ય થયું. સ્વામીજી પણ અત્યન્ત હર્ષ પામ્યા અને પોતાનો કૃપાળુ હુસ્ત ભોળાના મસ્તકે મૂકીને તેના તાવને દૂર કર્યો. ભોળો ઉઠીને તરતજ બેઠો થઇ રડીને કહેવા લાગ્યો કે " મારો તાવ આપે શું કરવાને દૂર કર્યો. હવે જો પાછો એ તાવ આપને આવશે તો એ દુઃખ મારાથી સહન થશે નહિ અને હું મારો જીવ કાઢી નાંખીશ."

મહારાજે કહ્યું કે–તું રડતો નહિ એ તાવની મુદત પૂર્ણ થઇ ગઇ છે એટલે હવે મને તાવ આવનાર નથી; માટે તું સ્વસ્થ થઇ આનંદથી રહેજે.

થોડાક દિવસો વ્યતીત થયા પછી એક રાત્રિના સમયે ઘણી રાત વીતી ગયા પછી મહારાજશ્રીએ ભોળા ભકતને બોલાવી કહ્યું કે "હું અત્યારે બ્હાર જવાનો છું. તું મારી સાથે ચાલ" ભોળા ભકતે તરતજ હા કહી અને મહારાજશ્રીની સાથેજ પાછળ પાછળ ચાલવા માંડયું. રાત્રિ તદ્દન શ્યામ અને અંધકારમય હોવાથી તે સ્વામીજી પરજ ધ્યાન દઇ બરાબર

ત્હેમની પૂંઠે પૂઠે ચાલતો હતો. એમ ચાલતાં ચાલતાં સ્વામીજી રસ્તામાં આવતા એક કૂવાની અંદર એકાએક પડી ગયા. ભોળાએ જોયું કે તરતજ દોડીને પોતે પણ કૂવામાં પડયો. આ રીતે કૂવામાં પડવાથી ત્હેને ઘણી સખ્ત ઇજા થઇ પરન્તુ ભકતીભાવથી તેણે શ્રી સ્વામીજીના નામનું સ્મરણ કર્યા કર્યું. આ પ્રમાણે તે નામસ્મરણ કરતો હતો તેવામાં તેની નજર સામે કંઇક વીજળીના પ્રકાશ જેવું તેને દેખાયું. એ પ્રકાશ સામે ધારીને જોતાં જોતાં એણે ઘણો આનંદ અનુભવવા માંડયો. એટલામાં એ વીજળીના પ્રકાશની અંદર તેણે શ્રી સ્વામીજીને જોયા કે ઝટ ઉઠીને દોડી તે તેમના ચરણમાં પડયો એટલે એ પ્રકાશની અંદર શ્રી સ્વામીજી અને પોતે એકરૂપ થાય છે એવું તેને ભાન થયું અને તેથી ભોળાને અતિશય આનંદ થવા લાગ્યો અને ગુરૂ શિષ્યના ભેદનું ભાન પણ ત્હેને રહ્યું નહિ.

પાંચ કલાક સુધી ભોળો ભકત પોતે આ રીતે શ્રી ગુરૂના રૂપમાં તલ્લીન થઇને રહ્યો. પછીથી કુવામાંજ પોતાનાથી શ્રી સ્વામીજી જૂદા થઇને ઉભા છે એમ એને ભાન થયું, ત્યાર બાદ શ્રી સ્વામીજી અને એ પ્રકાશ ધીમે ધીમે દેખાતો બંધ થયો. છતાંયે ભોળો તો એ પ્રકાશના આનંદમાંજ મગ્ન હતો. આવી રીતે એ અવર્ણનીય આનં-દમાં ચાર કલાક સુધી મગ્ન રહ્યા પછી ભોળાને પોતાના

દેહની શુદ્ધી આવી અને કુવામાં પડવાથી પોતાના અંગને ભારે કળતર થતું હોય એમ લાગ્યું. આ વખતે કુવાની બહારથી કોઇનો અવાજ આવતો હોય એવું એને સંભળાયું આથી તે વધારે ધ્યાન દઇને સાંભળવા લાગ્યો. આ પ્રમાણે ધ્યાન દઈને સાંભળવાથી તેણે એ સ્વર મહારાજશ્રીનો પોતાનો છે એમ ઓળખ્યો. એ સ્વર ઓળખવાથી તેને પાછો પેલા ભોગવેલા આનંદનું સ્મરણ થયું અને એ સ્મરણથી એ શરીરને થતું દુઃખ ભુલી ગયો. મહારાજશ્રીએ બૂમ પાડીને કહ્યું:—

"મારા વ્હાલા ભોળા ભક્ત તું કયાં છે? મને કેમ દેખાતો નથી?"

ભોળા ભકતે કહ્યું:—હે પ્રભુ! હું આ કુવામાં છું."

આ સાંભળી સ્વામીજીએ પોતાનો હાથ કુવામાં ભોળા ભક્તને આપ્યો. ભોળા ભકતે પોતાના બન્ને હાથ વડે સ્વામીજીના હાથને ઝાલી મજબુત રીતે વળગી પડયો. એટલે સ્વામીજીએ તેને ઉપર ખેંચી લીધો અને ભેટી પડયા આથી એના શરીરને થતું બધું દુઃખ નાશ પામ્યું અને એને આરામ થઇ એ પ્રથમની પેઠેજ તન્દુરસ્ત બની ગયો.

આ રીતે મહારાજશ્રીની એના પર પૂર્ણ કૃપા થઇ અને એને સમાધી સુખનો સ્વાદ ચખાડી મહાલાભ કરી

બ્રહ્મજ્ઞાની બનાવ્યો. આ બધો લાભ ભોળા ભકતને મહારાજશ્રીની શુદ્ધ નિષ્ઠાથી સેવા અને ભકતી કરવાથી મળ્યો અને એ લાભ મેળવવામાં તેને અપૂર્વ બુદ્ધિ કે વેદશાસ્ત્રના જ્ઞાનની કશી પણ જરૂર પડી નહિ.

આ ભોળો ભક્ત મહારાજશ્રીને ઘણોજ પ્રિય હતો.

પરશુરામ પંત નામનો એક ગૃહસ્થ હુબળી શહેરમાં રહેતો હતો. એક દિવસે તે સિદ્ધાશ્રમમાં આવ્યો અને શ્રી સિદ્ધારૂઢ સ્વામી આગળ હાથ જોડીને કહેવા લાગ્યો કે "હે મહારાજ ! આ સંસારથી હું બહુજ કંટાળી ગયો છું. હું ગરીબ પાપી માણસ છું અને આ આખા વિશ્વમાં મને શાંતી આપનાર આપના વગર બીજું કોઇ નથી. મને શાંતી આપવાને એક આપજ સમર્થ છો. આપ ગરીબના બેલી છો. મેં આપની કીર્તિ બહુ જણના મુખેથી સાંભળી છે. આથી હું આપને શરણે આવ્યો છું, માટે આપ મારૂં રક્ષણ કરીને ઉદ્ધાર કરો" આટલું બોલી તે મહારાજશ્રીને પગે પડયો, અને કહ્યું કે આ શરીરમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી હું કદાપી આપશ્રીના ચરણનો ત્યાગ કરનાર નથી.

આવાં અતિશય કરૂણ શબ્દો સાંભળી મહારાજશ્રી બોલ્યા કે "હે ભકતરાય ! આવો, બેસો." આમ કહી તેને બેસાડીને તેના કાનમાં તારક મંત્રનો ઉપદેશ કર્યો,

અને વળી કહ્યું "તું ભગવત ભકત સંસારી છે છતાં પણ આજથી તું સંસારમાંથી મુકત થયો છું અને તને આજથી કોઇપણ જાતનું દુઃખ પડવાનું નથી. હવેથી ગામેગામ ફરીને અમારા ચરીત્રનો પ્રચાર કરી ભકતોનો ઉદ્ધાર કરવાનું કામ હું તને સોંપુ છું." આટલું કહી મહારાજશ્રીએ પોતાનો વરદહસ્ત પરશુરામપંતના મસ્તક પર મુકયો એટલે તેજ ક્ષણે તેમના મુખ ઉપર બ્રહ્મતેજ સર્વગુણ સંપન્નતા જણાવા લાગી.

પરશુરામપંતે મહારાજશ્રીને પગે લાગીને કહ્યું કે "આપજ આખા જગતના માતાપીતા રૂપ છો અને આજે આપશ્રીએ મ્હારા પર જે કૃપા કરી છે અને જે સેવાનો અધીકાર મને સોંપ્યો છે તેથી હું આપનો ઋણી થયો છું. છતાં હું આપની પાસે બીજી ભીક્ષાની પણ યાચના કરૂં છું અને તે યાચના એ છે કે આપ મને શ્રી સિદ્ધારૂઢ વિજય નામનો ગ્રંથ પ્રગટ કરવાની આજ્ઞા આપો અને એ કાર્યમાં શારદા પ્રસન્ન થાય અને વિજય મળે એવો આશિર્વાદ આપો. રંકને રાજા બનાવાને અને આંધળા પાસેથી પણ આવું કાર્ય કરાવાને આપશ્રી સમર્થ છો અને અધીકારી છો તો મને એવો આશિર્વાદ આપો કે જેથી એ કાર્ય મારે હાથે સફળતા પૂર્વક પાર પડે.

આ વાત સાંભળી મહારાજશ્રી ઘણુજ પ્રસન્ન થયા અને આજ્ઞા આપી. પરશુરામ પંતે એકજ માસમાં ગ્રંથ તૈયાર કરી મહારાજશ્રીની પાસે ગ્રંથ લાવીને વાંચી સંભળાવ્યો. આ ગ્રંથ મહારાજશ્રીને ઘણોજ પસંદ પડયો. પછીથી પરશુરામપંત ગોવા વગેરે પ્રાંતમાં ફરીને પોતાના ગ્રથની કથા સંભળાવા લાગ્યો. આનું શુદ્ધ આચરણ અને નિઃસ્વાર્થ સેવા જોઇ બધાનું મન પ્રસન્ન થયું અને તે બધાને પ્રીય થઇ પડયો અને લોકો તો ગુરૂભાવથી એનું પૂજન કરવા લાગ્યા.

એક વખત શ્રી સ્વામીજીના નામથી રેંણુ ગામમાં સપ્તાહ વાંચવાનું કામ શરૂ કર્યું હતું. આ ગામમાં ઉપન્યાંસ કરવા સારૂ શ્રી સ્વામીજીની આજ્ઞાથી પરશુરામ પંતને જવાનું થયું હતું. આ વખતે બીજા ભકતો આગળ નીકળી ગયા હતા પરંતુ કંઇ કારણવશાત પરશુરામ પંત તેમની સ્ત્રી જાનકીબાઇ અને મંગેશ નામનો એક ભકત એટલાં પાછળ રહી ગયાં હતાં. એ ત્રણે જણાં સ્વામીજીની આજ્ઞા લઇને સ્ટેશન ઉપર આવ્યાં આ લોકો સ્ટેશન ઉપર આવ્યાં ત્યારે ત્યાં અત્યન્ત ભીડ હતી અને તેથી કરીને સ્ટેશન પર સ્ટેશન માસ્તરે ટીકીટો આપવાનું બંધ કર્યું હતું.

રેંણુ ગામ જવાને સારૂ મલ્લાપુર સ્ટેશને ઉતરી જવુ પડે છે. આ મલ્લાપુર સ્ટેશને જવા માટે ટીકીટો

આપવાનું બંધ થયું છે એ હકીકત સાંભળીને પંતને બહુ જ ફીકર લાગી. કારણ કે જો આજની ગાડીમાં મલ્લાપુર જઇ શકાય તોજ કાલે ઉત્સવ વખતે તે બધાં વખતસર રોંણુ પહોંચી શકે. હવે આવી અડચણુ આવી પડવાથી તેનો શું ઇલાજ કરવો એ વાતની તેમને કશીજ સુઝ પડતી હતી નહિ.

આ થી પરશુરામ પંત બોલી ઉઠયો કે " હે સ્વામીજી! આપના શરણુ શિવાય બીજો કોઇ ઉપાય મને જણુાતો નથી. ધર્મના કામમાં આ એક વિઘ્ન મારી સામે ઉભું થયું છે અને તમારૂં કામ પાર પાડવાને તમોજ સમર્થ છો, માટે તમે હમારી લાજ રાખશો "

આટલું બોલતાંજ એક માણુસ કોણુ જાણે કયાંકથી પંતની પાસે આવ્યો અને તેમને પુછયું કે " કેમ ઉભા રહ્યા છો ? તમારે કયાં જવું છે ? "

આ સાંભળી પંતે કહ્યું કે " અમો ત્રણે જણુાંને મલ્લાપુર સ્ટેશને થઇ રોંણુ ગામે જવું છે, અને અમોને બહુજ જરૂરનું કામ છે પણ સ્ટેશન માસ્તરે તે ગામની ટીકીટો આપવાની બંધ કરી છે, તેથી ટીકીટો મળતી નથી માટે શું કરવું તેના વિચારમાં અમે ઉભા રહ્યા છીએ. "

આ સાંભળી પેલા માણસે કહ્યું કે " બહુજ સારી વાત છે, મારી પાસે આ ત્રણ ટીકીટો મલ્લાપુરનીજ છે માટે એ ત્રણે ટીકીટો તમે લઇ લ્યો અને તમારૂં કામ ચાલતું કરો.

આ ત્રણ ટીકીટો તમે લ્યો, અને તમો સર્વે જાઓ, અમારે ત્યાં આવવું નથી, આમ બોલી પંતના હાથ ઉપર ટીકીટો મુકી, આપનાર માણસ અદૃશ્ય થઇ ગયો. બાપડાએ પૈસા પણ લીધા નહિં.

પરશુરામ પતે મનમાં વિચાર્યું કે હું સંકટમાં છું તેથી સ્વામીજી પોતે આવી મને આ ટીકીટો આપી ગયા છે એમાં શંકા નથી; પછીથી ત્રણે જણાં ગાડીમાં બેસી મલ્લાપુર સ્ટેશને ઉતર્યા.

સ્ટેશનથી રોંણુગામ બહુ દૂર આવેલું છે, અને આ વખતે રાત પડી જવાથી તથા વરસાદ પડવાથી જઇ શકાય તેમ હતું નહિં.

કયાં ઉતારો કરવો એ વિચારમાં પરશુરામ પંત પડયા હતા એટલામાં એક માણસે આવી પંતને પુછયું " આપ કયાં જવા માગો છો ? " પંતે કહ્યું અમો રોંણુગામ તરફ જવાના છીએ, પણ આજની રાત અહિંઆં કંઇ ઉતારાની સગવડ થાય તો વિસામો લઇ સવારે રોંણુ જઇશું.

આ સાંભળી પેલો માણુસ ચાલ્યો ગયો અને જરાક વારમાં એક બત્તી લઇ પાછો આવ્યો અને ત્રણે જણુને નજીકના એક જણુના ઘરના ઓટલા ઉપર સારી જગ્યા દેખાડીને કહ્યું, શેતરંજી અહિઆં પાથરી તમો સર્વે સુઇ જાઓ. તેણે પોતાનું નામ સિદ્ધપ્પા જણાવવાથી જાનકીબાઈ બોલી ઉઠયાં, " આ તો આપણા સ્વામીજી પોતે છે અને સંકટમાં મદદ કરવા આવ્યા છે. " આટલું બોલતામાં સિદ્ધપ્પા ઘરમાં જઇ ઝટ બહાર આવી પંતના અગાડી દૂધનો ભરેલો લોટો સાકર કેળાં વિગેરે લાવી મૂકયાં, ત્યારે પંતે પૂછ્યું " ભાઇ તમો હુબળીના રહીશ છો કે ? " ત્યારે તેણે ના પાડી અને કહ્યું મ્હારા ગામનું નામ તમો સમજી શકશો નાહ, હવે રાતનો વખત શાંન્તિથી અહીઆં ગાળો અને સહવાર થયા પછી રેણુ તરફ જવા નીકળશો. આટલું કહી બહાર અંધારામાં એ ચાલી ગયો તે પાછો આવ્યોજ નહિ.

આ જોઇ ત્રણે જણુાને આશ્ચર્ય લાગ્યું તેથી મંગેશે ઘરની અંદર જઈ તપાસ કરી, ત્યારે ઘરના માણુસો બહાર આવી, અને બનેલી હકીકત સાંભળી કહ્યું કે " એવો માણુસ અમારે ત્યાં કોઇ પણ નથી, તમો સર્વ શા માટે અહીંઆ ઉતર્યાં છો એ પણ અમે જાણતા નથી.

તમો કહો છો એટલે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીના શીષ્યોને મદદ કરવા અમો ઘણુાજ ખુશી છીએ અને તમો

સંકોચ વિના અહિંઆ રહો, ત્યારે પંતે કહ્યું "તમે અમોને ઓળખ્યા વગર અને કંઇ પણ બીના જાણ્યા વગર આ દૂધ વિગેરે ફળાહારની સાહીત્ય ઘરમાંથી અમારા માટે કેમ મોકલાવી ? ત્યારે ઘરના માણુસોએ કહ્યું "આ ચીજો અમે મોકલાવીજ નથી પરંતુ આ તમારી વાત સાંભળી અમોને એમજ લાગે છે કે તમારા સ્વામીજી આ બધી ચીજો પોતાની માયાથી તમારા આગળ લાવી પોતેજ મુકી ગયા હશે.

તમારા આવવાથી અમારૂં ઘર પાવન થયું છે એમ અમો માનીએ છીએ.

તમો જ્યારે પાછા ફરો ત્યારે અમોને તમારા સ્વામીજી પાસે લઇ જઇ અમારી મુલાકાત કરાવશો ? અમો તમારી સાથે જરૂર આવીશું.

બીજે દીવસે રેંણુ ગામ જવા સારૂ ઘરના માણુ-સોએ બધી ગોઠવણુ કરી આપી અને ત્રણે જણાને બરાબર વખતસર રેંણુ ગામે પહોંચાડયાં અને ઉત્સવનું કાર્ય સારી રીતે પાર પડયું.

પાછા વળતી વખતે તે ઘરના માણુસોને સાથે લઇ હુબળી આવ્યાં અને મહારાજને પગે લાગી બનેલી હકીકતથી વાકેફ કર્યા.

આ હકીકત સાંભળી સ્વામીજી હસ્યા અને બોલ્યા

"જે માણસ મારા ઉપરજ આધાર રાખે છે, તેનું બધું કાર્ય સ્વામીજીજ પાર ઉતારે છે, અને આવી રીતે ભક્તને મદદ ન કરે તો પછી તેની સંભાળ કોણ લે ?

આ વાત સાંભળી દરેકને આનંદ થયો અને સ્વામીજીના નામનો જયઘોષ કર્યો. આ વાતનો સાર નીચે મુજબ છે:—

"પરશુરામ પંત એ વિવેક, એમની પત્ની જાનકી બાઇ એ શાન્તી, અને મંગેશ વૈરાગ્ય સમજવો.

રેણુ ગામ સંસાર સમજવો તથા ત્યાંના માણસો એ વિષય વૃત્તિ જાણવી, તેને બોધ કરવા આ ત્રણે જણાં ઉત્સવ રૂપી નીકળેલાં, ત્યારે સ્વામીજી નિષ્કામ રૂપે ટીકીટો આપી ગયા અને પછી મનોરૂપી ગાડીમાં ચાલી ગયાં.

મહ્લાપુર ઉતર્યા બાદ રાત્રી જે પડી હતી તેજ અજ્ઞાન અને અનાત્મકાર એજ વરસાદ સમજવો.

આ બન્ને જીવોને બોધ કરવા જતાં, રસ્તામાં પ્રતિબંધક થઇ પડયા, તે વખતે સ્વામીજીએ ત્યાગ રૂપી બત્તી લાવી, દ્વિતીય રૂપે ઓટલા ઉપર ત્રણે જણાંને બેસાડયાં, અને આનંદ રૂપ ફળાહાર આપી ત્યાં વિશ્રાંતિ કરાવી અને પછી જીવને બોધ કરાવવા આગળ મોકલાવ્યા.

આવી રીતે સ્વામીજીનો મહીમા અગાધ છે અને જો મનપૂર્વક સાંભળે અને મનન કરે તો સ્વામીજીની મૂર્તિ હૃદયમાં જરૂર દેખાશે અને ચિત્ત બ્રહ્માકાર થશે.

પ્રકરણ ૩૨ મું.

ગોવિન્દાનંદ કોણ ?

હરદ્વાર ક્ષેત્રમાં એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો, તે દરરોજ તુલસીદાસનું રામાયણ વાંચતો અને એનો કૃષ્ણ નામનો છોકરો બહુજ ધ્યાનથી સાંભળતો.

આ પુરાણમાં દરરોજ ઘણાં સંતોની વાતો નીકળતી અને તે સાંભળી કૃષ્ણનું મન આનંદથી એકાગ્ર થતું. આમ ચાલતાં એક દીવસે કબીરદાસની કથા સાંભળી તેની આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં, અને બોલી ઉઠયો " આપણે પણ એવીજ રીતે આ દુનીઆમાં રહેવું જોઇએ."

કબીરદાસ સંતના વાલી હતા, અને તેથી કૃષ્ણે પણ તેજ રસ્તો ગ્રહણ કર્યો.

દરરોજ ગંગા તીરે બેસનાર સાધુઓ જોડે એ બેસવા લાગ્યો અને આખો વખત તેમની સેવામાં ગાળવા લાગ્યો. નિશાળે જવાનું એણે છોડી દીધું જાણી એનાં માબાપને ચિંતા ઉત્પન્ન થઈ.

એ દશ વર્ષનો થયો ત્યારે માબાપે એને ઘણો સમજાવ્યો એને કહ્યું "આ રસ્તો તું છોડી દે અને તારૂં ધ્યાન વિદ્યાભ્યાસમાં લગાડ."

તો પણ કૃષ્ણના મન ઉપર કંઇપણ રીતની અસર થઇ નહી.

એ હરરોજ સાધુમાંજ વખત ગાળવા લાગ્યો અને જો કોઇ સાધુ મળે તો પોતાને ઘેર લાવી જમાડતો. કેટલાક દીવસો પસાર થયા બાદ એક દીવસે તેના પિતાજીએ કહ્યું આ તારી વર્તણુક સારી નથી તું સાધુડાઓને ઘેર લાવતો નહિ. તારાથી અમોને બહુજ ત્રાસ પડે છે, અને હવે પછી જો કોઇને તું ઘેર તેડી લાવીશ તો એને અમો કશું આપ્યા વગર પાછો કાઢી મુકીશું, એ ધ્યાનમાં રાખજે.

પિતાજીની આ વાત સાંભળી એને બહુંજ ચિન્તા ઉત્પન્ન થઇ, અને બાપડાની નિદ્રા પણ ઉડી ગઇ.

કેટલાક દીવસો પછી કૃષ્ણ એક વખતે ગંગા કીનારે ફરતો હતો, ત્યારે એક સાધુ બહુજ અશક્ત થઇ ભોંય ઉપર પડેલો તેના જોવામાં આવ્યો.

કૃષ્ણે એની તપાસ કરી, ત્યારે તેના જાણવામાં આવ્યું કે ઘણાં દીવસોથી તેને અન્ન મળ્યું નથી અને હાલમાં ફક્ત દૂધનોજ આહાર લે છે.

કૃષ્ણે ભોજન આપવાનું કહ્યું કે "દૂધ વગર હું કોઇ પણ ચીજ લેતો નથી.

આ વાત સાંભળી કૃષ્ણને ચિન્તા થઇ કારણ કે એના ઘરમાં દૂધ તો હતુજ નહિ, આખરે વિચાર કરી, પાછો પોતાને ઘેર જઇ લાગ જોઇ પિતાજીના ગજવામાંથી પૈસા પૂછયા વગર કાઢી લઇ, બજારમાં જઇ દૂધ વેચાતુ લઈ સાધુ આગળ આપતો હતો એટલામાં તેના પિતાજી આવી પહોંચ્યા અને પૂછયું કે "આ લોટામાં તું શું આપે છે? કૃષ્ણે બીચારે ખરેખરૂં કહી દીધું, તમારા જાણ્યા વિના મેં ગજવામાંથી પૈસા ચોરી દૂધ લાવી આ મરવા પડેલા અપવાસી સાધુને પીવડાવું છું. આ સાંભળતાંજ તેના પીતાજીને બહુ ગુસ્સો આવ્યો અને તેને લાકડીથી માર મારી ઘેર લઇ જઇ એક થાંભલા જોડે બાંધી દીધો.

કૃષ્ણને માર પડયો તેનું કશું લાગ્યું નહિ પરન્તુ એને સાધુનીજ ચિન્તા લાગી રહી હતી. આ બાંધેલી જગ્યાએજ એ મનમાં કહેવા લાગ્યો કે "હે રામ, પેલા બીચારા સાધુને હવે પછી કોણ દુધ આપશે? દુધ વગર તો એ જીવવાનો નથી, હે પ્રભુ! મ્હને જો તું અહિંઆંથી છોડી મુકશે તો હું પાછો જઇ મારૂં શરીર વેચી નાખી દુધ લાવી સાધુને પીવરાવીશ. આટલું બોલી રડવા લાગ્યો.

આટલામાં તો પેલો સાધુ કૃષ્ણ પાસે ઉભો થઇ, એને હીંમત આપી પ્યારથી લાડ કરવા લાગ્યો અને વળી **દોરડાનાં બંધનો એની મેળેજ છુટી ગયાં.**

સાધુએ કહ્યું કે "આ વખતે તું મારી જરાએ કાળજી કરતો નહિ, હું તારી પાસે હંમેશનો છું અને યોગ્ય વખત આવતાંજ તને છોડાવી લઇશ.

કૃષ્ણે કહ્યું, "મહારાજ મને હુમેશાં તમારી સાથે જ રાખો, તમારી સેવાજ મને બહુ ગમે છે.

આટલું કહેતાં કૃષ્ણનો કંઠ ભરાઇ આવ્યો અને તેની આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં, પછીથી તે બોલ્યો, "હવે મને અહીંઆં છોડીને તમો જશો તો મારો જીવ નીકળી પડશે, તેથી હું મને તમારી પાસે રાખવાની વિનંતી કરૂં છું.

આ સાંભળી સાધુએ અભય આપી કહ્યું "મારા માટે તું જરાએ ચિન્તા રાખતો નહિ, હું કોણ છું તે આ મારા રૂપમાં જોઇ લે. આમ બોલી તે સાધુ અદૃશ્ય થયા અને ઝટ વિજળી જેવો પ્રકાશ થઇ શ્રી રામનું રૂપ પ્રગટ થયું, તે કૃષ્ણે જોયું, તે એવું હતું કે ઘનશ્યામ રૂપ માથા ઉપર મુગટ તથા કાને કુંડળ, ગળામાં વિજયન્તી માળા, આંખો સતેજ અને મુખ ઉપર સૂર્ય જેવું તેજ હતું. આ સુંદર મુર્તિ જોઇ કૃષ્ણ દેહભાન ભુલી બ્રહ્માનંદમાં એકાગ્ર થયો,



દોરડાના બંધનો એની મેળેજ છુટી ગયાં.

શ્રી રામજીએ મધુર સ્વરે કૃષ્ણુને કહ્યું હે બાળ ક્રીષ્ણુ, તારા ઘણા જન્મોનાં પૂન્યો એકઠાં થએલાં છે અને તેનીજ શક્તિથી તું આજે મારા રૂપને જોઇ શકું છું. માટે તું બરાબર રીતે મારૂં સ્વરૂપ ઓળખી લઇ તારા હૃદયમાં ઉતારજે.

તારો સાધુ ઉપર કેવી જાતનો પ્રેમ છે, એ જોવા સારૂ હું સાધુ વેશમાં આવ્યો હતો. હવે તને સાધુ સ્થીતી સિવાય બીજું કશું ગમતું નથી અને ગમવાનું પણ નથી. એ મેં જાણ્યું છે, એવી સ્થીતી તને થોડા વખતમાં પ્રાપ્ત થનાર છે માટે તું અત્યારે સાધુ સેવા કરવામાંજ વખત ગાળજે, અને મારા નામનું હંમેશાં રટણ કરજે, એટલે હું સદાનો તારી પાસેજ છું. આવી રીતનો આશિર્વાદ આપી રામરૂપ અદૃશ્ય થયું. આટલામાંજ એના પિતાજી આવી પહોંચ્યા, અને કૃષ્ણુને પ્રેમથી આલીંગન કરી કહ્યું, "તારા મોઢા ઉપર અત્યંત તેજ આજે હું જોઉં છું."

આજથી તું ગમે તેવી રીતે વર્તજે, હું કોઇ દીવસ તારા ઉપર ગુસ્સો કરીશ નહિ, માત્ર તું ઘર છોડીને કંઈ જતો નહિ.

પિતાજીના આવા બોલ સાંભળીને કૃષ્ણુને આનંદ થયો, અને રામ નામથી નાચવા કુદવા લાગ્યો.

આ દીવસથી એનો ચહેરો ખુલતોજ દેખાવા લાગ્યો, ત્યાર પછી કૃષ્ણ સાધુઓને ઘેર લાવી પુજા કરી ભોજન આપી વિદાય કરતો.

કૃષ્ણ જ્યારે સોળ વર્ષનો થયો, ત્યારે તેના પીતાજીએ એનું લગ્ન જોર જુલમથી કર્યું. આ લગ્ન થયા બાદ તે ઘરમાં એકજ વર્ષ રહ્યો, પછીથી એક સાધુ કૃષ્ણને મળ્યો, કે જેણે કૃષ્ણને વૈરાગ્ય બોધ ઉત્પન્ન કર્યો. કૃષ્ણને આ બોધ યોગ્ય લાગવાથી તેણે ગ્રહણ કર્યો. એક દિવસે રાત્રે પોતાના માતપિતા સ્ત્રી વીગેરે કોઇને કહ્યા વગર સાધુ જોડે ચાલી નીકળ્યો.

આ બન્ને જણાં ચાલતાં ચાલતાં ઘણા ક્ષેત્રો તથા અરણ્યોમાંથી પ્રસાર થઈ કાશી ક્ષેત્રમાં આવી પહોંચ્યાં.

અહિઆં એક સંન્યાસીની સેવામાં રહ્યા, ત્યારે તે સંન્યાસીએ કૃષ્ણને પૂછ્યું કે “ તારાં માબાપ વગેરે સગાં વ્હાલાં કોઇ છે કે નહિ ? ત્યારે કૃષ્ણે કહ્યું “ મારૂં કોઈ નથી. ત્યાર પછી કૃષ્ણને સન્યાસ દીક્ષા આપી અને તે દિવસથી તેનું નામ ગોવિન્દાનંદ રાખવામાં આવ્યું.

થોડા દીવસો પસાર થયા બાદ ગુરૂની આજ્ઞા લઇ બન્ને જણા તીર્થાટન કરવા સારૂ નીકળી પડયા. તીર્થાટન કરતાં તેઓ દ્વારકાંજી આવી પહોંચ્યા, અહિઆ તેમને શીવાનંદ સ્વામીની મુલાકાત થઈ અને તેમણે ગોવિન્દાનંદને

કહ્યું કે “ હુબળીમાં સાક્ષાત શંકરનો અવતાર રૂપે શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી હાલમાં રહે છે, અને હું તેમનો શિષ્ય છું.

શ્રાવણ માસમા ત્યાંના લોકો મોટા ભપકાથી સ્વામીજીનું પુજન તથા ઉત્સવો દર વર્ષે કરે છે અને તે ઉત્સવ માટે જોઈતી સામગ્રી એકઠી કરવા સારૂ અત્રે હું ફરૂં છું કારણ કે સ્વામીજીનો મારા ઉપર બહુજ પ્રેમ છે. સ્વામીજી મહારાજ બહુજ કૃપાળુ છે અને દરેક જીવોને સુખ આપવા હંમેશ તૈયારજ હોય છે.

ભકતોને સંકટ વખતે સ્હાય કરે છે, તેથીજ દીનદયાળ નામ તેને ઘટે છે. તું જો એક વખત એમનાં દર્શન કરીશ તો તારૂં મન શાન્ત થઇ આનંદ પામશે, વળી તારાં બધાં દુ:ખોનું નિવારણ કરવા તે સમર્થ છે.

શિવાનંદનો આવો બોધ સાંભળી ગોવિન્દાનંદને આસ્થા બેઠી, અને શ્રી સિદ્ધારૂઢ સ્વામીને હું કયારે મળીશ એવી ઈચ્છાઓ તેના મનમાં ઉત્પન્ન થઈ. આથી પોતે ઝટ દર્શન કરવાના વિચારથી ત્યાંથી ચાલી નીકળ્યા.

પોતે દ્વારકાંથી નીકળી સીધા હુબળીમાં આવી પહોંચ્યા. આ વખતે મધ્ય રાતનો સમય થયો હતો, અને મઠમાંના ભકતો સૂઇ ગયા હતા, પણ એટલામાંજ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી બહાર મઠના ઓટલા ઉપર આવ્યા, તેમને જોઇ ગોવિન્દાનંદને ઘણોજ આનંદ થયો.

ગોવિન્દાનંદે તેમની પાસે જઇ પૂછયું કે "હે સાધુ! શ્રી સિદ્ધારૂઢ સ્વામી મહારાજ હમણાં કયાં છે? તે મને કૃપા કરી જણાવો.

સ્વામીજીએ કહ્યું "તમે ભુખ્યા છો તેથી હમણાં મઠમાં ચાલો આ વાત સાંભળી ગોવિન્દાનંદને આશ્ચર્ય લાગ્યું કે મારા કહ્યા વગર, હું ભુખ્યો છું તે એમણે કેવી રીતે જાણ્યું હશે?

સ્વામીજીએ ગોવિન્દાનંદનો હાથ પકડી મઠમાં લઇ ગયા અને પોતાના શિષ્યોને જગાડી કહ્યું કે આ ત્રણ દિવસના અપવાસી છે માટે એમને ઝટ દઈને જમાડો.

આ વાત સાંભળી ગોવિન્દાનંદ બોલ્યા "હે સાધુ, શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના દર્શન કર્યા વગર હું અન્ન લેવાનો નથી માટે આ આગ્રહ રહેવા દો, ત્યારે બીજા શિષ્યોએ ગોવિન્દાનંદને કહ્યું કે આ તમારી સામે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી પોતેજ છે.

આ સાંભળતાંજ ગોવિન્દાનંદે પ્રેમપૂર્વક સ્વામીજીના પગ પકડયા અને કહ્યું હે સ્વામીજી! મારા ગરીબના માટે તમે કેટલી બધી કાળજી રાખી છે.

શીવાનંદે જે પ્રમાણે મને કહ્યું હતું તેજ પ્રમાણે હું અહિઆં જોઉં છું.

આપની આટલી બધી દયાને હું પાત્ર નથી, હું એક આપનો ચરણનો દાસ છું. આટલું બોલી ફરીથી સ્વામીજીને પગે પડયા.

સ્વામીજીના શીષ્યોએ ભોજન માટે તપાસ કર્યો પણ આ રાત્રે કોઇ પાસેથી ભોજન અથવા ફળાહારની ચીજો શીલીકમાં હતી નહિ, આથી સ્વામીજી સમજી ગયા અને બોલ્યા, " ધર્મરાજાની પર્ણકુટીમાં જ્યારે દુર્વાસા મુની ગયા હતા, તે વખતે જેમ બન્યુ હતુ તેવુંજ, આજે અહિંઆં પણ બન્યું છે. તે વખતે દ્રૈપદીએ શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન કર્યું હતું અને શ્રીકૃષ્ણજીએ મદદ કરી તેના મનોરથ પૂર્ણ કર્યા હતા, પણ હવે આ વખતે હું કોને શરણ જઇશ ?

ગોવિન્દાનદે કહ્યું કે " તમો પોતેજ ઇશ્વર સ્વરૂપ છો તો પછી મદદ માગવાની તથા શરણે જવાનું હોયજ કયાંથી ?

આ વાત સાંભળી સ્વામીજી હસ્યા અને જરાક વાર મઠની બહાર જઈ, પોતાના અંગ વસ્ત્રની ઝોળી કરી અંદર આવ્યા.

પછીથી તે ઝોળી ગોવિન્દાનંદ આગળ મુકી, છોડીને કહયું " હું આ લઈ આવ્યો છું. "

ઝોળી છોડતાંની વારજ અંદરથી અનેક પ્રકારની ફળાહારની ચીજો નીકળી.

સ્વામીજીએ કહયું કે "આ બધું કયાંથી અને કેવી રીતે આવ્યું તે કોઇ સમજી શકશે નહિ."

ગોવિન્દાનંદે આ પ્રત્યક્ષ ઇશ્વર અવતાર છે એમ માન્યું. ત્યારપછીથી પોતે ફળાહાર સ્વસ્થ મનથી કરી, રાત્રિ હોવાથી પોતે સૂઇ ગયા.

બીજે દીવસે સ્વામીજીએ ગોવિન્દાનંદને કહ્યું "તમે અહીઆંજ રહી તમારા સત્સંગનો લાભ બીજાઓને આપશો.

ગોવિન્દાનંદે કહ્યું, "મારા ઘણા જન્મોનાં પૂન્યો હતાં. તેથીજ તમારા દર્શનનો લાભ મને મળ્યો છે. આપનું ચરણ જ્યાં સુધી મારામાં જીવ છે ત્યાં સુધી હું તમોને છોડનાર નથી.

તમારી પૂન્ય કીર્તિનું વર્ણન મારાથી થાય અને મારી ભકિત દૃઢ રહે એવો આશિર્વાદ મને આપો, એટલુંજ હું તમારી પાસે માગુ છું, તે તમો આપશો, કે જેથી કરી હું દેશાટન કરી તમારી કીર્તિ વધારી શકું. પછીથી સ્વામી મહારાજે આશીર્વાદ આપી પોતાના ભકતની ઇચ્છા પૂર્ણ કરી.

બીજે દીવસથી પોતે કીર્તન કરવા સારૂ સ્વામીજી આગળ ઉભા રહ્યા અને સ્વામીજીનું આખ્યાન શરૂ કર્યું.

સ્વામીજીની પ્રેમાળ કીર્તિ ગોવિન્દાનંદના મુખથી સાંભળી શ્રોતાઓને આશ્ચર્ય લાગ્યું અને બધાની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં.

આવીજ રીતે ઘણા સંતો તથા ભકતો બહુજ દૂરથી સ્વામીજીને શોધતા હુબળી શહેરમાં આવે છે, અને એક વખત દર્શન અને આશિર્વાદનો લાભ મેળવ્યા પછી બીજા કોઇ ઠેકાણે જતા નથી.

આ ઉપરથી સ્વામીજી ઈશ્વર અવતાર છે એ સ્પષ્ટ થાય છે. કારણ કે જ્ઞાનના અધિકારી લોકો શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી પાસેજ આવે છે. જેમકેઃ-

“ દરીઆમાં નદીઓ આવી મળે છે, તેમજ સત્વરૂપ ભકતોરૂપી નદીઓ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી રૂપી સાગરમાં આવી મળે છે, અને પછી ભકત અને સ્વામીજી એકજ રૂપ બને છે.

આવા સંગમમાં સુખની કયાંથી ખોટ હોય ? અને વળી આવા દર્શનનો લાભ મેળવવાની કોને આશા થતી નહિ હોય ?

પ્રકરણ ૩૩ મું


કેરીનો ચમત્કાર-અને હનુમંતની ભક્તિ

એક વખતે કાળપ્પા બડીગેર નામના ભકતને મનમાં આવ્યું કે આપણે ઘેર સ્વામીજીને તેડી પૂજન કરી દક્ષિણા આપી ભોજન કરાવી પછી મઠમાં પહોંચાડવા.

આ વાત મનમાં આવતાંજ એ બજારમાં ગયો અને સારી પાકેલી ઉત્તમ રસવાળી કેરી ખરીદી ઘેર લાવ્યો.

પછીથી મઠમાં જઈ સ્વામીજીને આમંત્રણ આપ્યું કે આવતી કાલે ભોજન લેવા મ્હારે ત્યાં પધારશોજી તે સ્વામીજીએ કબુલ કીધું.

બીજે દીવસે મઠમાં જઇ પ્રાર્થના કરી સ્વામીજીને પોતાને ઘેર તેડી લાવ્યા. પછી ઉત્તમ આસન ઉપર બેસાડી પ્રેમથી પૂજા કરી, થાળીમાં બધી સામગ્રી પીરસી સ્વામીજી આગળ મુકી, પણ કેરી સમારવા લાગ્યો ત્યારે દરેક કેરીમાં જીવ પડેલા માલુમ પડ્યા. ત્યારે એને બહુજ ખોટું લાગ્યું અને બોલ્યો "હું હમણાજ બીજી કેરી લઇ આવું છું સ્વામી-



ભક્તોના કરૂણ શબ્દો સાંભળવા મારા કાન હંમેશના તત્પર છે.

જીએ કહ્યું—તૂં આ વખતે જરાએ ચિન્તા કરતો નહિ, લાવ, મ્હને પેલી કાપેલી કેરીઓ ફરીથી તપાસવા દે, એમ કહી બધી કેરીઓ એક પછી એક પોતાના હાથમાં લઈ, તપાસી બાજુ ઉપર મુકતા ગયા, અને કહ્યું આતો બધી સરસજ છે ખરૂં જોતાં પોતાના હસ્ત સ્પર્શથી આ કેરીઓ શુધ્ધ કરી હતી તેથી તે વગર જીવની અને બેહદ સ્વાદ વાળી બની ગઇ.

કેરીઓ ફરીથી બધાએ તપાસી તો વગર જીવની અને સારી માલમ પડી. અને ખાવામાં પણ હદ બહાર મીઠી નીકળી. આ ચમત્કાર જોઈ બધાઓને બહુજ આશ્ચર્ય લાગ્યું. સ્વામીજીએ પોતાના હસ્ત સ્પર્શથી નિર્જીવ કેરીઓને આવી રીતે સુધારી તો, એમનો આશીર્વાદ અને હસ્ત સ્પર્શ સજીવ માણસને થાય તો એ શુધ્ધ અને જ્ઞાની બને છે એમ કહેવામાં અતિશયોકિત નથી.

આ બનાવથી કાળપ્પાને ઘણોજ આનંદ થયો, અને સ્વામીજીને ભોજન આપ્યા પછી દક્ષિણા આપી મઠમાં વિદાય કર્યા.

હુબળીમાં તુકપ્પા નામનો એક ગૃહસ્થ રહે છે, એની સ્વામીજી ઉપર દૃઢ ભકિત હતી, અને સ્વામી સેવા મન પૂર્વક કરતો હતો.

એક નવરાત્રી ઉત્સવમાં એના મનમાં સ્વામીજીને પોતાને ઘેર લાવી પુજા કરવી એવો વિચાર આવ્યો, આથી તેણે બધી તૈયારી કરી, ઘરના સામે સારો શૂશોભીત મંડપ રોશની સાથે તૈયાર કર્યો આ મંડપની શોભા ઘણી જોવા લાયક હતી.

આવી રીતની પૂર્ણ તૈયારી કરી જેવો તે સ્વામીજીને તેડવા જતો હતો તેવામાં તેની સ્ત્રી સામે આવી કહેવા લાગી કે "ત્હમે તો સ્વામીજીને તેડવા જાવ છો ખરા, પરન્તુ આપણો છોકરો હનુમંત અત્યારે તાવથી પથારીમાં પડયો છે અને તેની સ્થિતિ ઘણીજ ગંભીર અને બેભાન હાલતમાં છે." આ વાત સાંભળી તુકપ્પા ઘરની અંદર ગયો અને પથારી પાસે બેસી પ્રેમથી કહ્યું, બેટા હનુમંત આજે આપણે ઘેર સ્વામીજી આવનાર છે, અને તેમની પુજા થનાર છે, તો એ વાતને કોઈ રીતે અડચણ થાય તેમ કરતો નહિ. હમેશાં મુખમાં સ્વામીજીનું નામ રટણ કરતો રહેજે, અને આવી રીતે ત્હારો પ્રાણ નીકળી પડે તો પણ વગર ગરબડે રહી સ્વામી પુજામાં અડચણ લાવતો નહિ. છોકરાએ પોતાના પિતાને "કહ્યા મુજબ ચાલીશ" —એવું સંકેતથીજ કહ્યું.

બાપના આવા શબ્દો સાંભળી માથી રહેવાયું નહિ, તેની આંખમાંથી દુઃખાશ્રુ વહેવા લાગ્યાં અને તે રડી પડી.

પોતાની સ્ત્રીની થએલી હાલત જોઇ તુકપ્પાએ કહ્યું "તું આવા ઢોંગ કરીશ તો પણ હું મ્હારો આજનો પુજાનો દીવસ ફેરવનાર નથી; જો, આ ત્હારો માંદો પડેલો છોકરો પણ રડતો નથી. માત્ર તેંજ આ સારા કામમાં, આવો આરંભ કર્યો છે. સ્વામીજીના પુજન વખતે ત્હારા જવી સ્ત્રીએ, આવી રીતનું વર્તન રાખવું શું ત્હને યોગ્ય લાગે છે ? અને વળી શું ત્હને આ બધું શિખવાડવું જોઇશે ? હમણાંજ સ્વામીજી આવશે અને તેમની સાંમે આવી રીતે વર્તશે, તો તે ત્હારા જેવી સ્ત્રીને સારૂં નહિ દેખાય. પતિના આવા શબ્દો સાંભળી તેણીએ ઝટ તેના પગે પડી કહ્યું "મ્હારા હાથથી અપરાધ થયો છે, હું હવે બીલકુલ રડવાની નથી, એ મરી જશે તો એને ગોદડીમાં ઓરાઢી મુકીશ.

સ્વામીજીની પુજા પૂર્ણ થઇ મઠમાં પાછા ફરે ત્યાં સુધી માયાને કબજે રાખવાનો નિશ્ચય મેં કર્યો છે.

આ બધી વ્યવસ્થા કરી તુકપ્પા મઠમાં ગયો અને સ્વામીજીનો વાજીંત્ર સાથે વરઘોડો કાઢી પોતાને ઘેર તેડી લાવ્યો. મંડપમાં મધ્ય ભાગે ઉત્તમ સિંહાસન કરી મુકેલું હતું, તેના ઉપર સ્વામીજીને બેસાડયા, અને કીર્તનની શરૂઆત કરી.

બીજી બાજુએ ઘરની અંદર એવી વાત બની કે હનુમંત પથારીમાં ઓઢીને પડેલો હતો, તે બહુજ ધીમેથી મનની

અંદર સ્વામીજીનું સ્મરણ કરવા લાગ્યો અને એની આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને મનમાં કહેવા લાગ્યો "હે સ્વામીજી આજે તમારૂં દર્શન મને થતું નથી, તેથી મને ઘણું દુઃખ થાય છે. આ મારા શરીરમાં બેસવા જેટલી તાકાત હવે રહી નથી અને મારો જીવ નીકળી પડશે એમ લાગે છે, હું તમોને જરા મોટેથી બોલાવીશ તો તમારી પુજામાં વિઘ્ન પડવાનો દોષ મારા ઉપર પડશે."

હે દીનદયાળ ! કૃપા કરી તુંજ મને દર્શન આપ, તહારૂં દર્શન થયે, હું સુખેથી પ્રાણ ત્યાગ કરીશ, આટલું કહી પાછો સ્વર બદલી કહેવા લાગ્યો "આ હું શું બોલું છું બહારની બાજુ મોટેથી કીર્તન ચાલે છે, અને આ મારૂં મનનું કહેલું તને કેવી રીતે સાંભળશે ? આટલી મોટી ગરબડમાં મારા શબ્દો તારે કાને શી રીતે પહોંચી શકશે ?

આ વખતે મંડપમાં સ્વામીજી આગળ કીર્તનનો બહુજ રંગ જામેલો હતો, એટલામાં સ્વામીજીએ તુકપ્પાને પોતાની પાસે બોલાવ્યો અને હસ્ત પકડી આસન ઉપરથી ઉઠ્યા અને કહ્યું ચાલ, મને હમણા ને હમણાં હનુમંત પાસે લઈ જા.

તુકપ્પાએ કહ્યું–"મહારાજ આ વખતે શું કરવા ઉઠો છો; એતો સ્વસ્થ સુતો છે. પૂજા સંપૂર્ણ થશે એટલે હું તમોને તેની પાસે લઇ જઇશ.

સ્વામીજીએ કહ્યું " નહિ ચાલે, હું એને અત્યારેજ જોવા માગુ છું. ચાલ એ કયાં છે તે બતાવ ?"

સ્વામીજીના આવા બોલ સાંભળી તુકપ્પાનો ઉપાય રહ્યો નહિ, અને ગભરાતો, ગભરાતો, સ્વામીજીને લઈ હનુમંત પાસે ગયો.

સ્વામીજી પોતાના હાથથી હનુમંત ઉપર ઓઢાડેલું વસ્ત્ર બાજૂએ કરી, જુએ છે તો એના મુખ ઉપર મૃત્યુ દશા એમની નજરે પડી; ઝટ પોતાનો કાન એના મુખ તરફ લગાડયો, ત્યારે બહુજ ધીમેથી પોતાનું નામ રટણ કરતાં સાંભળ્યો.

સ્વામીજીએ તુરતજ ૐ **શીવાય નમઃ** કહી પોતાનો હાથ એના આખા શરીર ઉપર ફેરવ્યો કે ઝટ હનુમંતના ચહેરા ઉપર તેજ પાછું દેખાવા લાગ્યું અને હાથ પગ ફેરવવા લાગ્યો.

સ્વામીજીએ એના બન્ને હાથ પકડી બેસાડયો અને પોતાની કૃપા દૃષ્ટિથી એના સામું જોયા કર્યું. આથી એના શરીરમાં હોંશીઆરી આવી.

આથી તુકપ્પા અને એની સ્ત્રી, એ બન્નેને એટલો બધો પ્રેમ આવ્યો કે ઝટ સ્વામીજીના પગ પકડી લીધા.

સ્ત્રીએ કહ્યું "હે દયાળુ સ્વામી! મારા ઉપર બહુજ કૃપા કરી છે, કારણ કે મને ઘણીજ ધાસ્તી હતી કે પુજા થતાં પહેલાં એ પ્રાણ છોડશે અને પુજામાં વિઘ્ન લાવશે."

આપેજ તે વિઘ્નને અટકાવ્યું છે, અમે તો તમારી પ્રાર્થના કરીજ નથી, તમે પોતેજ દોડીને આવ્યા અને કૃપાદૃષ્ટિથી મારા છોકરાને સાજો કર્યો છે. આ અનંત ઉપકાર અમારા ઉપર કર્યો છે.

તુકપ્પાએ કહ્યું "હે સ્વામી સદ્‌ગુરૂ! અમારા જેવા મૂઢ માણસો તમારો મહિમા જાણવા અશકય છીએ. આ મારા હનુમંતની વાત મેં તમારી આગળ જરાએ પણ કહી ન હતી, તો પણ તમે એ કેવી રીતે જાણ્યું? તે કૃપા કરી જણાવશો."

સ્વામીજી હસ્યા અને બોલ્યા, "મારા ભક્તોના કરૂણ શબ્દો સાંભળવા મારા કાન હમેશાં તત્પર છે. કીર્તન સાંભળતો હતો, અને મારૂં ધ્યાન લાગ્યું હતું છતાં, આ તારા પુત્રે કરેલી મારી પ્રાર્થનાના શબ્દો મારે કાને પડયા, અને તેથીજ હું અહીંઆ દોડી આવ્યો છું. હવે આને મૃત્યુનો ભય રહ્યો નથી, આ ઝટ સારો થઇ જશે. મારી પૂજા વખતે એનો હાથ પકડી મંડપમાં લઇ આવો, આટલું કહી સ્વામીજી પાછા મંડપમાં આવી બેઠા.

થોડાક વખતમાં કીર્તન પૂર્ણ થયું અને બધાંએ પૂજા કરવાની તૈયારી કરી, તુકપ્પા આ વખતે હનુમંતનો હાથ પકડી મંડપમાં લાવતો હતો, પણ હનુમંતને દૂરથીજ સ્વામીજીનું દર્શન થતાંજ, પિતાજીનો હાથ છોડી દઈ, દોડી જઇ સ્વામીજી આગળ આવી પોતાનું માથુ ચરણુ ઉપર મુકી બોલ્યો "હે દીનદયાળ કૃપાળુ પ્રભુ ! મારા ગરીબની અરજ સાંભળી, તમેજ દોડી આવી મને મૃત્યુના હાથમાંથી આજે છોડાવ્યો છે, માટે આ શરીર હું તમોને આજથી સોંપુ છું. તમારા સિવાય મારે બીજું કોઇપણ નથી."

સ્વામીજીએ હનુમંતને પ્રેમથી ઉચકી લીધો અને કહ્યું "બેટા મારા ઉપરનો દૃઢ પ્રેમ અને નિષ્કામ ભકિતથી હું ઘણોજ ખુશી થયો છું."

મને તારા જેવા પ્રેમાળ ભકતો ગમે છે હવે તું મારા ઉપર જેવો પ્રેમ રાખે છે, તેવોજ પ્રેમ તારા આ માબાપ ઉપર રાખજે અને આનંદમાં દિવસો પસાર કરજો.

સ્વામીજીના શબ્દો સાંભળી તુકપ્પા સ્વામીજીના પગે પડયો, આ વખતે તેની આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. હાલમાં તુકપ્પા હુબળીના ભકતોમાં એક નામાંકિત ભક્ત ગણાય છે.

"સ્વામીજી ઉપર પ્રેમ રાખવો" એમાંજ તુકપ્પા પોતાનું ભૂષણ સમજે છે.


સ્વામીજીને અંતરપટ કરી, સારાં અલંકારો પહેરાવ્યાં. પછીથી અંતરપટ દૂર કરી દરેક જણે પુજા વીગેરે કરી. આ વખતની શોભા એક કૈલાસના કરતાં પણ વધારે શુશોભીત હતી.

સ્વામીજીની આરતી ઉતારી ત્યારે તો હનુમંતના શરીરમાં એટલી બધી તાકાત આવી ગઇ કે, તે આરતીમાં નાચવા કૂદવા લાગ્યો.

આ જોઇ દરેકને અજબ લાગ્યું, આરતી પૂરી થએ, સ્વામીજીને અંદરની બાજુ લઈ જઇ ભોજન કરાવ્યું.

આ વખતે દરેક ભકતોને પ્રસાદ આપી આનંદિત કર્યા, ત્યારબાદ સ્વામીજીને વાજતે ગાજતે પાછા મઠમાં પહોંચાડયા.

" મહારાજનું બધું સુખ, ભકતોના આનંદમાંજ સમાએલું છે "



પ્રકરણ ૩૪ મું

" તાઇબાઇ દાભોળકર અને નલિનીનો બચાવ "

એક દીવસે તાઇબાઈ દાભોળકર એમના બંગલામાં મુંબાઇ રહેતાં હતાં ત્યારે એમને ત્યાં એક સાધુપુરૂષ આવ્યો, ત્યારે તાઈબાઇએ એમનો સારો આદરસત્કાર કરી, મનોભાવથી પોતાના કુટુંબના માણસોને બોલાવી, તે સાધુને પગે લગાડયાં.

તાઇબાઇની આવી રીતની ભકિત જોઇ, તે સાધુ બોલ્યો, તમારાં જેવાં શ્રીમંત લોકોનો પ્રેમ સાધુ ઉપર કવચિત જોવામાં આવે છે, પરન્તું તમારી ભકિત જોઇ મને આનંદ થાય છે.

હું આપને જે કહું છું તે ધ્યાન દઈ સાંભળો.

આ આખી પૃથ્વી ઉપર શ્રી સિદ્ધારૂઢ સ્વામી એકલાજ ઇશ્વર રૂપ છે, અને તેઓ હુબળીમાં રહે છે, એમને

જોવા સારૂ દરરોજ હજારો ભકતો આવે છે અને તે બધાનાં મનોરથ પૂર્ણ કરે છે.

એમનો સ્વભાવ ઘણોજ શાન્ત તથા પોતે આનંદી રહે છે, અને ભકતોને સુખ આપવા માટેજ અવતાર ધારણ કરેલો છે.

સ્વામીજીનું દર્શન થતાંજ દરેકના મનમાં શાન્તિ લાગે છે અને જ્ઞાન પણ મળે છે. આટલું કહી સ્વામીજીનો એક ફોટો તે સાધુએ તાઈબાઈને બતાવ્યો.

તે ફોટો જોઈ તાઇબાઈને ઘણોજ આનંદ થયો, અને કહ્યું "તમે અમારા પહેલા સ્વામીજી છો, એમ લાગે છે."

આ ફોટો જોઇ મને સાક્ષાત ભગવાન રૂપ દર્શન થયું એમજ માનુંછું, હવે આ સ્વામીજીની પાસે તમોજ કૃપા કરી અમોને લઇ જાવ.

સાધુએ કહ્યું "તમે નીકળવાની બધી તૈયારી કરો; હું તમોને ખુશીથી લઇ જઇશ.

પછીથી તાઇબાઈએ સાધુની પૂજા વિગેરેથી પરવારી બીજે દીવસે નીકળવાનો નિશ્ચય કર્યો.

તાઈબાઈને સ્વામીજીનું ધ્યાન લાગવાથી એમને એક ચમત્કાર દેખાયો; રાત્રે તાઇબાઇ સ્વામીજીનું ધ્યાન કરી સૂઈ ગયાં, તેમણે નિદ્રામાં નીચે પ્રમાણેનું સ્વપ્ન જોયું.

સ્વામીજી પોતે આવ્યા અને તાઈબાઇએ સ્વામીજીનો હાથ પકડી આસન ઉપર બેસાડયા, તેમનો મુખારવિન્દ સાધુએ વર્ણવેલું હતું તેવુંજ તેજોમય દેખાતું હતું.

આ જોઇ તાઇબાઈને આનંદ થયો અને ઝટ સ્વામીજીના પગ ઉપર મસ્તક નમાવ્યું.

સ્વામીજીની પૂજા કરવા સારૂં બધી સામગ્રી તૈયાર કરી પુજા કરી, હાથ જોડી પ્રાર્થના કરી કે હે મહારાજ ! આવીજ રીતે મને દરરોજ દર્શન આપતા રહેજો.

હું તમારી પાસે બીજું કશું માગતી નથી. સ્વામીજી સારો આશિર્વાદ આપી અદૃશ્ય થયા.

તાઇબાઇએ સવારનાં ઉઠયા પછી ઘરનાં બધાં માણસોને જોએલું સ્વપ્ન કહી સંભળાવ્યું અને બોલી ઉઠયાં કે સ્વામીજીનો કેટલો બધો મહિમા છે, અત્યારે પણ રહી રહીને એમનું દર્શન મને થાય છે.

મનમાં અતિશય પ્રેમ અને સ્વસ્થ ચિત્તથી કરેલું ધ્યાનંથીજ આ બધુ બન્યું હતું.

આ બનાવથી સ્વામીજી ઉપર આખા કુટુંબનો પ્રેમ લાગ્યો અને દરેકના મનમાં તેમને જોવાની ઇચ્છા વધારેને વધારે થવા લાગી.

તે દીવસે હુબળી જવા સારૂ બધાં નિકળ્યાં રસ્તામાં પણ સ્વામીજીનું સ્મરણ કરતાજ હતા.

બીજા દીવસે હુબળી પહોંચ્યાં, આગલા પ્રકરણમાં વર્ણવેલા તુકપ્પા ભક્તને ત્યાં શોભાયમાન મંડપમાં પૂજનનો આ દિવસ હતો,

જે વખતે તાઇબાઈ ત્યાં પહોંચ્યાં, તે વખતે સ્વામીજી મંડપમાં બીરાજેલા હતા અને તેમની સામે કીર્તન ચાલુ હતું. આ દેખાવ જોઈ તાઇબાઇને ઘણોજ આનંદ થયો અને સ્વામીજીના ચરણે પડયાં.

પ્રેમ ભાવને સીમાજ રહી ન હતી, એટલે એનાથી કંઇજ બોલી શકાયું નહિ.

આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં અને સ્વામીજીના મોંઢા તરફ એક ચિત્તે જોઇ રહી.

સ્વામીજીએ પૂછ્યું તમે આજે બધાં કયાંથી આવી પહોંચ્યાં ? તાઇબાઇએ કહ્યું, અમો મુંબાઈ શહેરમાં રહીએ છીએ અને આપે સ્વપ્નમાં આવી દર્શન આપ્યું તે વખતથી અમો બધાનું મન આપનાં દર્શન કરવાને આતુર બની રહ્યું હતું, તેથી અમો ઝટ નિકળી અહિઆં આવ્યાં છીએ, અમારૂં ભાગ્ય કે આવા વૈભવ સાથે પૂજા જોવાની તક મળી.

પછીથી તાઇબાઈ અને એમના કુટુંબના માણસોને સાથે લઈ સ્વામીજી મઠમાં આવ્યા.

થોડા દિવસ મઠમાં રહ્યા પછી, સ્વામીજીની આજ્ઞા લઇ પાછાં મુંબાઈ આવ્યાં. ત્યાર પછી દરેક વર્ષ ઉત્સવના વખતે પોતાના કુટુંબને લઈ હુબળી જવાનો રીવાજ રાખ્યો.

કેટલોક વખત પસાર થયા પછી એક વર્ષે ઉત્સવને માટે તેઓ મઠમાં રહેતાં હતાં, ત્યારે તાઇબાઇનાં બીજા દીકરા પ્રભાકરની સાત વર્ષની સુંદર બાળા નલિની એકાએક તાવથી બીમાર પડી.

તાઈબાઇએ તેને કોઇપણ જાતની દવા આપવાની સાફ ના પાડી અને ફકત સ્વામીજીનું ચરણ તીર્થ દવા તરીકે વાપરવું એમ કહ્યું.

ત્રીજે દીવસે મધ્ય રાત્રે તાવ અતિશય વધ્યો, અને નલિનીનાં માતાએ તેણીનો અંતજ થયો એમ જોયું.

આ વખતે સ્વામીજી પોતાના શયનગૃહમાં નિદ્રામાં હતા. નલિનીની મા રડી પડી અને મનમાં બોલી હે સ્વામીજી ! છોકરીનો પ્રાણ નીકળી ગયો, હવે આ વખતે હું શું કરીશ, તને જગાડું કેવી રીતે ? તું પોતે ઈશ્વર રૂપ છે અને બધી વસ્તુમાં પરિપૂર્ણ રહેલો છે.

આવુંજ જ્યારે છે, ત્યારે આ વખતે તું મારી વ્હારે ધા, અને આ મારી છોકરીનો બચાવ કર.

તાઈબાઇએ કહ્યું હે ગુરૂદેવ ! મેં તો મારા કુટુંબનાં

દરેક માણસને તમારા પગે લગાડયાં છે, હવે તારે જે કરવું હોય તે કર. આપ દીનદયાળ છો તે મિથ્યા ન થાય.

આટલું કહેતાંની વારમાંજ સ્વામીજી ઉઠયા, અને જોડા પહેરી જે જગ્યાએ મુંબાઈવાળા લોકો ઉતર્યા હતા ત્યાં આવી પહોંચ્યા.

તાઈબાઈએ સ્વામીજીને જોયા કે તરત નમસ્કાર કર્યા અને બોલ્યાં "હે દયાળુ સ્વામી મહારાજ અત્યારે તમોને કોણે જગાડયા ?"

સ્વામીજીએ કહ્યું "તમે કહેલા શબ્દો મારા કાનમાં અથડાયા એટલે હું ઝટ અહિંઆં આવ્યો છું. નલિની બાળા કયાં છે તે મને બતાવો.

તાઈબાઈ સ્વામીજીનો હાથ પકડી જ્યાં નલિનીને સુવડાવી હતી ત્યાં લઈ ગઇ.

સ્વામીજીએ પોતાની કૃપા દૃષ્ટિથી નલિનીને નિહાળી અને પછીથી બીજાઓ તરફ વળીને કહ્યું તમે સ્વસ્થ રહો, નલિનીને હમણાંજ સારૂં થશે.

તાઈબાઇએ નલિનીને ઉચકી સ્વામીજીને પગે મુકી, સ્વામીજીએ ઝટ આશિર્વાદ આપ્યો અને મઠ તરફ ચાલ્યા ગયા.

તાઈબાઇને આથી હિંમત આવી અને એટલામાંજ નલિની ઉઠી બેઠી થઇ.

આ પ્રમાણે ભકતો ઉપર સંકટ આવતાંજ સ્વામીજી પોતે દોડી આવે છે, અને ભકતોને સુખી કરવામાંજ પોતાનું સુખ છે એમ માને છે.

આ વખતે નલિનીની માતાના આનંદનો પાર રહ્યો ન હતો.

સ્વામીજી બધાંના ઉપર સરખી નજરે જુએ છે અને જુદાઈ રાખવાની એમનામાં અસર નથી.

આ બીના બન્યા પછી તાઇબાઇ સ્વામીજીની આજ્ઞા લઈ મુંબાઇ આવ્યાં, અને એજ વર્ષે કાર્તિક વદ ચતુર્થીને દીવસે પોતાના બંગલામાં હુબળીના ઘણા ભકતો એમને મળવા આવ્યા. ત્યારે બધાનો સારી રીતે સત્કાર કરી બેસાડી. બધાં પાસેથી સ્વામીજીના કુશળ સમાચાર પૂછ્યા અને અરસપરસ આનંદ પામવા લાગ્યા.

સ્વામીજીના પ્રેમપૂર્વક સમાચાર સાંભળી તાઇબાઇનું મન એટલું બધું તલ્લીન થઇ ગયું કે પોતાના દેહનું પણ ભાન ભુલી ગયાં અને સ્વામીજીની મુર્તિ એમની આંખ સામે દેખાવા લાગી, તે બોલી ઉઠી આ જુઓ, સ્વામીજીનાથ મને મળવા સારૂ અહિઆંજ આવ્યા છે અને પોતાના તરફ મને બોલાવે છે, આમ બોલી સ્વામીજીના નામનો જયઘોષ કરી તેમની આગળ જવા લાગી.

આ વખતે બાજુમાં બેઠેલાં માણસોએ જોયું તો સ્વામીજી આગળ તાઈબાઈ સાષ્ટાંગ નમસ્કાર કરતાં હતાં, એટલામાં વીજળી જેવો પ્રકાશ પડયો અને તે પ્રકાશની અંદર તાઈબાઈ દેખાયાં નહિ.

જરાક વાર રહી આ પ્રકાશ દેખાતો બંધ થયો, આ વખતે તાઈબાઈનો પ્રાણ નીકળી ગયો હતો અને ફક્ત તેનું પૂન્યશાળી શરીર રહી ગયું હતું.

ઘરના માણસોએ તેના માટે ઘણો શોક કર્યો.

" સ્વામીજીની કૃપા જેના ઉપર થાય છે તેને આવીજ રીતે દેહદુઃખ આપ્યા વિના સ્વામીજી પોતાની પાસે કાયમનું અક્ષયસ્થળ આપે છે, જેથી જન્મમરણની યાતના જીવને ફરીથી ભોગવવી પડતી નથી. "



પ્રકરણ ૩૫ મું

"શ્રી સિદ્ધારૂઢ ભૂતરૂપે પ્રકટ થઇ ચોરોને નસાડયા"

શિવરાત્રી ઉત્સવ માટે ઘણા ગામના લોકોમાં, બળદ ગાડીમાં બેસી પ્રેમભાવથી હુબળી શહેરમાં સ્વામીજીના દર્શન કરવા, હંમેશાં આવવાનો પ્રચાર છે.

એક વર્ષે ઉત્સવના વખતે એક ગામથી ચાર બળદ ગાડીઓ દરદાગીનાવાળાં બૈરી છોકરાંથી ચીકાર થઈ શ્રી સિદ્ધારૂઢ આશ્રમમાં આવવા સારૂ નીકળી પડી. દરેક ગાડી સાથે અકેક મરદ ચાલતો હતો અને ગાડીવાન ગાડી હંકારતો હતો.

બૈરાંઓ સ્વામીજીનું ગીત ગાઈ રહ્યાં હતાં અને આનંદથી રસ્તો પસાર કરતાં હતાં, એટલામાં સાંજનો વખત થયો, અને રસ્તો પણ એકાન્ત અને જંગલમાંથી પસાર થવાનો આવ્યો, કે જે વખતે બીજા કોઇ જનાર આવનાર પણ હતા નહિ.

આવી તક જોઇ પાસેની ઝાડીમાંથી ચોવીસ ચોરો ભયંકર રૂપ ધારણ કરી, હથીઆર બંધ યાત્રાળુઓ ઉપર ધૂમરાણ કરી મારો, પકડો વિગેરે બૂમો મારતા બહાર આવ્યા.

ચોર લોકોની કીકીયારી તથા તેમને જોતાંજ યાત્રાળુઓ ભયભીત બન્યા. ચોરોએ પાસે આવી ચાર પુરૂષો તથા ગાડીવાનોને પકડી જુદા જુદા ઝાડ સાથે માર મારી બાંધી દીધા, આથી બૈરાં તથા છોકરાંઓ એકલાં પડયાં અને રડવા લાગ્યાં.

સ્વામીજીનું કોઇ સ્મરણ કરવા લાગ્યા, તો કેટલાંક પોતાનાં ઘરેણાં સંતાડવાં લાગ્યાં અને માંહોમાંહે કહેવા લાગ્યાં કે હે દીનદયાળ પ્રભુ ! તારી યાત્રાને લીધેજ અમો બહાર નીકળ્યાં છીએ અને જો આ વખતે લુંટાઇશું તો, તારા નામને ડાઘ લાગશે, માટે આ વખતે અમોને મદદ કરવા તારા શિવાય બીજો કોઇ સમર્થ નથી.

ચોરોએ પુરૂષોને પહેલાં બાંધી દીધા છે, અને હવે દરેકને લૂટી જીવ લેવાની ધમકી આપે છે.

છોકરાંઓ ચોરોને જોઈ ધ્રૂજવા લાગ્યાં છે અને અમારા દરેકનો જીવ પણ જોખમમાં છે, આવી વખતે જો તું અમોને બચાવશે તો મરણ સુધી તારી ભક્તિ છોડીશું નહિ. આટલું બોલી શ્રી સિદ્ધારૂઢ સ્વામીના નામથી મોટેથી બુમો પાડી, છોકરાંઓને ગોદમાં લઈ રડવા લાગ્યાં.

એટલામાં આકાશમાં વરસાદના વાદળાં અથડાવાથી જેવો અવાજ થાય છે તે પ્રમાણે મેઘનાદ થયો, જેથી બધાં ચમકી ગયાં.

ચોર લોકો આ વખતે દરેકની ગાડીઓ ઉપર ચઢી બૈરાંઓને બહાર ખેંચી કાઢવા તૈયાર થયા હતા, તે પણ ચમકયા અને પૂર્વ દિશા તરફ જોવા લાગ્યા તો ત્યાં એક ઉગ્ર તાડ જેટલું ઉંચું ઝાડની ડાળીઓ જેટલા લાંબા વાળ, સૂર્ય જેવી પ્રકાશમાન આંખો, બહુજ મજબુત લાંબુ મોઢું ખોલી, એની અંદરથી બહુજ લાંબી લાલ રંગની બહાર લટકતી જીભવાળું સ્વરૂપ પોતાના તરફ આવે છે અને તે એક રાક્ષસ રૂપ છે, અને એક પળમાં આપણા બધાંનો સંહાર કરી નાખશે એમ ચોરોએ જાણ્યું.

ઉપર વર્ણવેલું સ્વરૂપ ગાડીમાં બેઠેલાં બૈરાં છોકરાંને સ્વામીજીની મૂર્તિ રૂપે દેખાવા લાગી. પણ ઉંચાઈમાં સહેજ વધારે જણાતી. એમનુ સ્વરૂપ જોતાંજ બૈરાંઓને હિંમત આવી અને કહેવા લાગ્યાં કે આપણું રક્ષણ કરવા સ્વામીજી આવ્યા છે. ભક્તોને છોડાવનાર, એના શિવાય કોણ સમર્થ છે ? અમારૂં રક્ષણ આજે ત્હેંજ કર્યું છે એમ બોલવાં લાગ્યાં.

ચોરોને હજુ પણ તે ઉગ્ર સ્વરૂપ દેખાતું હતું અને તેઓ એટલા બધા ગભરાઈને બ્હી ગયા કે પોતાના હથીઆરો પણ પકડવાનું ભાન ન રહેવાથી ભોંય ઉપર પડી ગયાં હતાં.

ચોરો નાસવાનો વિચાર કરતા હતા, તો પગમાં બીલકુલ તાકાત રહી ન હતી, આથી લથડીને ભોંય ઉપર પડવા લાગ્યા.

હવે તે સ્વરૂપ ચોરોના નજદીક ધીમેધીમે આવ્યું; ચોરોમાંથી જે બે જણાં હજુ પણ ગાડીઓ ઉપર ચઢેલા હતા, તે બન્નેને એકજ હાથે બેને પકડી દૂર ફેંકી દીધા, તે એક ઝાડની ડાળીમાં ભરાઈ લટકી રહ્યા.

આ બનાવ જોઈ રહેલા ચોરો ભોંય ઉપર પડયા, પકડયા, ભદ્રકાલિકા દેવીનું સ્મરણ કરતા કહેવા લાગ્યા કે "આ સંકટમાંથી જો તું અમોને બચાવીશ, તો તારો ઉપકાર અમો મરણ સુધી ભૂલીશું નહિ. તારી બાધા કરી સંતોષ કરીશું."

ચોરોની આ વાત સાંભળી ઉગ્રસ્વરૂપ નજદીક આવ્યું અને બોલ્યું "શું તમો ભદ્રકાલિકા દેવીને યાદ કરો છો? આ જુઓ! તમારી ભદ્રકાલિકા દેવી મારી પછવાડે સંતાડેલી છે" આમ કહી દેવીને આગળ લાવી બતાવ્યાં.

પછીથી દેવી બોલ્યાં "તમો શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના ભકતોને ત્રાસ આપો છો, તો મારાથી તમારૂં રક્ષણ કેવી રીતે થઇ શકે? શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી દેવના પણ દેવ છે, અને એમની શક્તિમાંજ અમારી શક્તિ સમાએલી છે; સ્વામીજીનું

અસ્તિત્વ દરેકમાં છે, એમના સિવાય મોટું કોઇ નથી, તથા તમોને છોડાવનાર એમના સિવાય કોઇ સમર્થ નથી.

હવે તમો બધા હુબળી જાઓ અને શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીને શરણુ થાઓ, તોજ આ ઉગ્રસ્વરૂપથી તમારો છૂટકારો થશે. ભદ્રકાલિકા દેવી આટલું કહ્યા પછી અદ્દશ્ય થયાં.

ઉગ્રસ્વરૂપ ચોરોની પાસે આવી, દરેકને ઉભા કરી હુબળી તરફ જવા કહ્યું.

ચોરો ઉભા થતાંજ તેમને ખાત્રી થઈ કે જ્યાં લગી આપણે હુબળી સિદ્ધાશ્રમમાં પહોંચીશું નહિ ત્યાં લગી આ ઉગ્ર મૂર્તિ આપણી પુંઠ છોડનાર નથી, આવો વિચાર કરી, પાછળ જોયા વિના આશ્રમ તરફ દોડવા લાગ્યા.

ચોરો ગભરાયલા શ્રી સિધ્ધારૂઢ આશ્રમમાં આવી પહોંચ્યા ત્યારે અહિઆં પણ જોએલા રૂપની નાની આકૃતિમાં સ્વામીજીને બેઠેલા જોઇ પાછા ઘણાજ ગભરાયા, આથી ચોરોએ મનમાં વિચાર કર્યો કે પાછા નાશી જવું વધારે સારૂં છે, આમ વિચારી પાછા નાસવા લાગ્યા તો, વળી પાછું પેલું ઉગ્ર સ્વરૂપ દેખાયું એટલે ઘણાજ ગભરાઇને બીધા, અને પછી સ્વામીજીને શરણે આવી પગે પડી કહેવા લાગ્યા કે "હે દયાળુ પ્રભુ, આ જુઓ ! તમારૂં ભૂત, અમારો ભક્ષણ કરવા પછવાડે પડયું છે, માટે અમારો બચાવ કરો, અમો તમારે શરણે, સદાને માટે રહીશું.

સ્વામીજીએ કહ્યું " હવે બ્હીશો નહિ, ત્હમારી ખરાબ બૂદ્ધિ એજ, તે રૂપમાં તમોને બ્હીવરાવતી હતી, તમો ચોરી કરવાનો ધંધો છોડી દઇ, ધર્મથી વર્તશો તો જરૂર સુખી થશો.

સ્વામીજીનું આવું કૃપાયુક્ત ભાષણ સાંભળી ચોરોના મન ઉપર સારી અસર થઈ, તેમનું મન ભકિત માર્ગ તરફ વળ્યું.

ચોરો હાથ જોડી કહેવા લાગ્યા " હે દયાળુ સ્વામીજી આ પાપ માર્ગમાંથી, તમે અમોને બચાવી અમારૂં રક્ષણ કર્યું છે, અમારો આ જન્મ નીકર ફોકટ જાત, હવે અમારા ઉપર કૃપા કરી સારો ભકિત માર્ગનો આશિર્વાદ આપો કે જેથી અમારૂં કલ્યાણ થાય.

સ્વામીજીએ પોતાનો હાથ દરેકના માથા ઉપર મુકયો કે તુરતજ ચોરોની બુદ્ધિ ફરી ગઈ, અને ધાર્મિક માર્ગ તરફ વળ્યા.

સ્વામીજીની કૃપાથી ચોરીનો ધંધો છુટયો એટલુંજ નહિ પણ જતા આવતા યાત્રાળુઓનું રક્ષણ તથા સેવા કરવા લાગ્યા.

ચોરોને હુબળી તરફ નાસી જતા જોઇ સ્ત્રીઓ તથા છોકરાંઓ ઘણા આનંદિત બન્યા અને સ્વામીજીનું નામ સ્મરણ કરી પ્રેમ ભાવથી બોલવા લાગ્યા કે હે દયાળુ

સ્વામીજી તેં તારૂં નામ રાખ્યું છે, અને અમો બધાને પાકો અનુભવ આજે બતાવ્યો છે, તારી કીર્તિ આખી દુનીઆ ઉપર ફેલાશે. આટલું બોલી જે પુરૂષોને ઝાડ સાથે બાંધ્યા હતા તેમને છોડી, પછીથી ગાડીઓ આગળ હુબળી તરફ હંકારી, અને સ્વામીજીનું ગીત ગાતાં ગાતાં આશ્રમમાં આવી પહોચ્યાં અને સ્વામીજીને પગે પડી બનેલી હકીકત કહી સંભળાવી.

સ્વામીજીએ કહ્યું જુઓ! તમારા ચોર પેલી તરફ બેઠેલા છે અને સેવા કરવામાં જોડાયલા છે, "તમારી સારી સંગતના ફળનો લાભ તેમને મળ્યો છે, ને આજથી તેઓ સાધુ બન્યા છે. આ વાત સાંભળી બધાને આશ્ચર્ય લાગ્યું અને સ્વામીજીના નામનો જય જયકાર કર્યો.

આ વાતનો સાર નીચે મુજબ છેઃ—

"જીવ, પ્રત્યગાત્માના (મહારાજ) યાત્રાને લીધે મનરૂપી ગાડીમાં બેસી જતા હતા. ચતુષ્ટય સાધન રૂપમાં ચાર પુરૂષ, સમજવા અને સ્ત્રીઓ રૂપી જીવ નીકળ્યાં, ત્યારે સ્વરૂપ રૂપી ઘરેણાં લૂટવા માટે ચોવિસ તત્વો ચોર રૂપમાં તેમને મળ્યા, તેઓએ ચતુષ્ટય સાધન રૂપી પુરૂષોને સંસાર રૂપી ઝાડ સાથે બાંધી રાખ્યા.

આ વખતે જીવોએ ભગવાનની સ્તુતી કરી એટલે ઝટ બૃહદ્રૂપ ધારણ કરી આવ્યા.

હવે પચીસમું તત્વ એજ આત્મા, અને એના પ્રકાશથી ચોવિસ તત્વોરૂપી ચોર ઝાંખા પડયા, ત્યારે તે તત્વોએ પ્રકૃતિ રૂપી ભદ્રકાલિકા દેવીનું સ્તવન કર્યું એટલે તે રૂપમાં પ્રગટ થઈ કહેવા લાગ્યાં કે " આત્માના આધારથી હું ચાલું છું " તેથી તેની વિરૂદ્ધ તમોને મદદ કેવી રીતે કરી શકું ? હું તેનો રસ્તો બતાવું છું, જુઓ !

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી સગુણ બ્રહ્મ છે માટે તમે ત્યાં જાઓ. આથી ચોવીસ તત્વો સગુણ રૂપ પાસે ગયાં, ત્યારે ત્યાં દરેક વસ્તુમાં એજ રૂપ સમાએલું છે. એવી ખાત્રી થવાથી સગુણ બ્રહ્મ સ્વરૂપને શરણ ગયા અને તદ્રૂપ થયા.

આવી રીતે તત્વોનું નિરાકરણ થવાથી જીવોને શાન્તિ થઈ, સ્વામીજી પાસે આવી પહોંચ્યા, અને અહીંઆં ચોવીસ તત્વોને સ્વામીજીની સેવા કરતા જોઇ " શિવ જીવ " ઐકતા થએલી જોઇ બધાઓને આનંદ થયો.

ૐ

પ્રકરણ ૩૬ મું

"યમદૂત જોડે હીરૂબાઈનો ઝઘડો"

આ જગતની અંદર હાલમાં સ્વામીજીના નામસ્મરણ સિવાય બીજો તરવાનો સહેલો ઉપાય એક પણ નથી. કોઈ કહેશે કે યોગ સાધન વિગેરે કરીશું તો એને પણ ગુરૂની આવશ્યકતા છે, અને જો તેના સિવાય પોતેજ પ્રયત્ન કર્યો હોય અને તેમાં જરાક ભુલ પડી હોય તો માણસ ગાંડા જેવો થઈ જાય છે.

બ્રહ્મજ્ઞાન શિખવા જઈએ તો વેદાન્ત વિચાર બહુજ ગહન છે, તેથી તેનો અર્થ પણ ગુરૂ વીના કોઈ કરી શકે તેમ નથી. ગુરૂએ શ્રમ લઈ કદાચ તમોને સમજ પાડી હોય, તો પણ એની ખાત્રી થવા સમય લાગે, કારણ કે સંસારની અંદર જોડાએલા હોવાથી એ માર્ગ પણ અશક્ય છે, માટે આ બધામાં "સ્વામીજી નામ સ્મરણ" એજ એકલોજ માર્ગ ઘણો સરળ છે એમ કબુલ કરીશું તો ચાલશે.

નામ સ્મરણ એ તારક છે, અને વિસ્મરણ એ બંધક

સમજવું. નામ સ્મરણ જેટલું સુખ બીજા કશામાં નથી, તે સિવાય આખુ જગત દુઃખમય છે.

સ્વામીજી આપણને તેથીજ "નામ સ્મરણ" કરવા ઉપદેશ આપે છે. એકવાર સ્વામીજી પાસે જઈ મંત્ર લઈ, એમનું રટણ હંમેશાં કરવું.

આવી રીતિનું રટણ કરવાથી સ્વામીજી અદૃશ્ય રૂપમાં હંમેશાં પાસે રહે છે અને પોતાના ભકતોને બ્રહ્મપદનો લાભ મેળવી આપે છે, એટલુંજ નહિ પણ ભકિતના પ્રભાવથી ભક્તો યમદૂતોની પરવા રાખતા નથી, તે નીચેની વાત ઉપરથી સ્પષ્ટ સમજાશે.

હુબળીમાં નિરૂપાક્ષપ્પા નામનો એક ભક્ત રહેતો હતો. તેની માતુશ્રી હીરૂબાઇ વૃધ્ધા અવસ્થામાં હોવા છતાં દરરોજ સ્વામીજીનું નામ સ્મરણ કરતાં હતાં, અને પુરાણ સાંભળવા નિયમસર મઠમાં જતાં હતાં. આમ ઘણા વખતથી ચાલતું હતું.

એક દીવસે તે વૃધ્ધ બાઇ પુરાણ સાંભળવા જતાં હતાં ત્યારે રસ્તામાં ઠોકર ખાઇ પડયાં, અને પડતાંની વારમાંજ શ્રી સિદ્ધારૂઢ મહારાજના નામની બૂમ પાડી, ઉઠવાના પ્રયત્નો કર્યા પણ વૃદ્ધા અવસ્થાને લીધે ઉઠી શકાયું નહિ, ત્યારે આજુ બાજુના માણસો તેને ઉચકી ઘેર લઇ ગયા.

ઘેર ગયા પછી તપાસ કરતાં માલમ પડયું કે પગનું હાડકું ભાંગી ગયું છે અને તે ઉભી રહેવા જેવી હાલતમાં હતાં નહિ. ત્યાર પછી સ્વામીજીને પોતાને ઘેર બોલાવી પુજન કરી, ડોસીએ સ્વામીજીને પૂછયું "હે દયાળુ પ્રભુ! હું પુન્ય માર્ગ પુરાણુ સાંભળવા આશ્રમમાં આવતી હતી, ત્યારે આ દુઃખ મારે કેમ વેઠવું પડયું હશે?"

સ્વામીજીએ કહ્યું "તમારૂં આયુષ્ય પુરૂં થયું હતું પણ સ્વામીજીએ તમારૂં પુરાણનું પુન્ય કર્મ જોઇ આ વખતે બચાવ્યાં છે એ ધ્યાનમાં રાખશો," આટલું કહી સ્વામીજી મઠમાં પાછા ચાલ્યા ગયા. ડોસી પથારીમાં પડી નામ સ્મરણ કરવા લાગી અને પોતાના છોકરાને દરરોજ પુરાણુ સાંભળવા મઠમાં મોકલતી હતી, અને તેના મુખથી જે કંઇ સાંભળ્યું હોય તે ધ્યાન દઇ સાંભળતી. આવી રીતે પુરાણનું વ્રત ચાલુજ રાખ્યું.

એક દીવસે છોકરાએ માર્કંડેય ઋષીએ શંકરના નામ સ્મરણ ઉપર યમદૂતને પાછા હાંકી કાઢયા હતા, એ કથા ડોસીને કહી, તે સાંભળીને તે બોલી ઉઠી "મારૂં દૈવત સિદ્ધારૂઢ સ્વામીજ છે, અને જો હું મરણ વખતે એમનું નામ સ્મરણ કરીશ તો મારૂં રક્ષણ કરનાર એ સમર્થ છે."

આ દિવસથી નામ સ્મરણ વિનાની એક ક્ષણ પણ

ડોસી જવા દેતી નહિ, આથી સ્વામીજીની મુર્તિ તેના અંતઃકરણમાં દેખાવા લાગી.

ઘણા દિવસો વહી ગયા પછી એક દીવસે હીરૂબાઇને ચકરી આવી પડયાં, અને તેની સાંમે બે પુરૂષ ઉગ્ર રૂપમાં જીભો બહાર કાઢી ઉભા છે તથા આંખો ભયંકર કરી હીરૂબાઇને પોતાની તરફ આવવા બૂમો મારતા હતા. આવું જોતાંજ હીરૂબાઇએ સ્વામીજીના નામથી બૂમો પાડી સ્તુતિ કરવા લાગ્યાં અને કહ્યું "હે દયાળુ પ્રભુ આ યમદૂતોના હાથમાંથી મારૂં રક્ષણ કરવા દોડો, મને મારા આયુષ્યને લીધે કશું લાગતું નથી પણ મારો પગ ભાંગવાથી તમારા મુખથી પુરાણ સાંભળવાનું બાકી રહ્યું છે તેનું મને દુઃખ થાય છે, માટે એ ઇચ્છા પૂર્ણ થયા વગર આયુષ્યનો અંત થશે એવી ધાસ્તિ લાગે છે. મારી ઇચ્છા પૂર્ણ થયા બાદ હું મરવાને તૈયાર છું આવી પ્રાર્થના સાંભળતાંજ સ્વામીજી ત્યાં પ્રગટ થયા, તેથી ડોસીને હીંમત આવી અને યમદૂતોને કહેવા લાગી "હું અત્યારે તમારી સાથે આવનાર નથી, તમે પાછા ચાલ્યા જાવ" હું જ્યારે મારા પગના દર્દથી સારી થઇશ, ત્યારે મઠમાં જઈ પુરાણ સાંભળી, સ્વામીજીની આજ્ઞા લઈ પછી તમારે ત્યાં આવીશ; ત્યાં સુધી યમપુરીમાં આવનાર નથી.

આવી રીતનુ ભાષણ સાંભળી યમદૂત ચીઢાયા અને પોતાના બંધ કાઢી પકડો એમ બોલી તેના ઉપર ફેંકવા

લાગ્યા, તો તે બંધ સ્વામીજીના અંગમાં લાગી તૂટી જઇ તેમના પ્રયત્નો ફોગટમાં ગયા.

આખરે સ્વામીજીએ હાથમાં દંડ લઇ યમદૂતોનાં અંગ ઉપર દોડયા, ત્યારે તેઓ નાસી યમપુરીમાં જઈ યમરાજને ફરીઆદ કરવા લાગ્યા, કે અમે અમારૂં કામ યોગ્ય રીતે કરતા હતા ત્યારે એક સાધુએ વચ્ચે આવી અમોને અટકાવી હાંકી કાઢયા છે.

યમરાજ બોલી ઉઠયા "શું તમે શ્રી સિધ્ધારૂઢ સ્વામીને હજુ પીછાનતા નથી? એ તો પ્રત્યક્ષ ભગવાન સાધુના રૂપમાં અત્યારે મૃત્યુ લોકમાં છે, અને તેનીજ સત્તાથી બધો વ્યવહાર ચાલે છે. કર્તા હર્તા તેઓ પોતેજ છે, એમના ભક્તને તમે લાવવા માગો છો તે કેમ ચાલશે? એમના ભકતો ઉપર આપણી સત્તાજ નથી.

હીરૂબાઇએ સ્વામીજીને પગે લાગી કહ્યું કે હે દયાળુ મહારાજ! આજે તમે મને યમદૂતના હાથમાંથી છોડાવી છે, હવે મારો પગ સારો થાય અને મઠમાં જવા આવવાની તાકાત આવે એવું કરી આપો.

આ સાંભળી સ્વામીજીએ કહ્યું "તને આજથી છ મહીનાનું વધારે આયુષ્ય આપુ છું તો તેટલા વખતમાં તું તારા જન્મનું સાર્થક કરી લેજે, પછીથી હું તને હંમેશાં

મારા ચરણુ પાસે રાખીશ, તું સ્વસ્થ મનથી ભજન કર આટલું કહી સ્વામીજીએ તેના પગને હાથ લગાડયો કે ઝટ એ સારી થઇ, ઉભી રહી સ્વામીજીના ચરણે નમસ્કાર કર્યા, પછી જોવા લાગી તો સ્વામીજી અદ્રશ્ય થએલા માલુમ પડયા, આ વખતે તેનો છોકરો પાસે ઉભો રહ્યો હતો પણુ આ બનેલી વાત જોઈ શકયો નહિ.

પોતાની માતાને એકાએક ઉભી થએલી જોઇ પુછયું " માજી તમારો પગ એકદમ કેમ સારો થયો અને વળી ઉભા રહેવાની તાકાત કયાંથી આવી ? "

ડોસીએ બનેલી હકીકત કહી અને કહ્યું કે " મને છ મહીનાનું આયુષ્ય પુરાણુ સાંભળવા સારૂં સ્વામીજીએ આપ્યું છે, અને ત્યાર પછી પોતાની પાસે મને રાખનાર છે.

આવી રીતિનો યમદૂત જોડે કરેલો ઝગડો તથા સ્વામીજીએ કરેલો બચાવ સાંભળી નિરૂપાક્ષપ્પાને ઘણોજ આનંદ થયો.

પછીથી પોતાની માતાને મઠમાં લઇ જઈ સ્વામીજીની ભેટ કરાવી.

સ્વામીજીને જોતાંજ ડોસીના પ્રેમની સીમા રહીજ નહિ અને બોલી ઉઠયાં " હે સિદ્ધારૂઢ સ્વામીજી મહારાજ આપ ઈશ્વર છો અને જેમ માર્કંડેય ઋષિનો બચાવ કર્યો હતો, તેવોજ આજે આપે પણુ મારો બચાવ કર્યો છે. "

સ્વામીજીએ કહ્યું " તારી શૂદ્ધ ભાવનાનું આ પરિણામ છે અને તેથી સ્વામીજી તારા ઉપર પ્રસન્ન થયા છે, માટે હવે તું નામ સ્મરણ હંમેશાં અખંડ કરજે, જે ભકતો મનપૂર્વક સ્વામીજીનું રટણ કરે છે તેઓને માટે યમલોક નથી. અખંડ નામ સ્મરણથી ભ્રમનો નાશ થાય છે, અને છેવટે સદ્‌ગુરૂ પોતાના ચરણ પાસે રાખે છે.

સ્વામીજીનો આવો બોધ સાંભળી હીરૂબાઈ ઘણીજ આનંદ પામી સમાધિસ્થ થઇ, પછી દેહભાન ઉપર આવી સ્વામીજીને પગે લાગી પોતાને ઘેર ગઈ ને આ દીવસથી અખંડ નામસ્મરણ કરવા લાગી. આવી રીતે છ મહીના બહુજ આનંદથી પસાર કર્યાં.


છ મહીના વહી ગયા પછી એક દીવસે હીરૂબાઇ નીંદ્રામાં હતી ત્યારે એને સ્વામીજીએ કહ્યું " ઝટ ઊઠ, અને મ્હારી પાસે ચાલ. " આ વખતે સ્વામીજીના મુખ ઉપર અલૌકિક તેજ હીરૂબાઇએ જોયું, એમનો ચહેરો ઘણોજ સુંદર અને આખું શરીર અલંકારોથી ભરપુર હતું તથા તેમની પાસે એક વિમાન પણ હતું, જેમાં બે પુરૂષો સ્વામીજીના ચહેરાને મળતા, એવાજ બેઠા હતા. સ્વામીજીએ પોતાના હાથથી હીરૂબાઈને વિમાનમાં બેસાડી, આ વખતે તેના મનમાં જે આનંદ થયો હશે તેનું વર્ણન કરી શકાય તેમ નથી.

નિરૂપાક્ષપ્પા આ વખતે નજીકમાં હતો, છતાં આ ચમત્કાર જોઈ શકયો નહિ, પણ પોતાની માતુશ્રીએ " સિદ્ધારૂઢ " કરીને મારેલી બુમ તથા આ વખતે પડેલો તેજોમય પ્રકાશ, એટલું પોતે જોઇ શકયો.

ત્યાર પછી પોતાનાં માતુશ્રીનું દેહ અવસાન થયું છે એમ જાણ્યું.

સ્વામીજીની કેટલી બધી સત્તા છે કે કાળ ઉપર પણ વિજય મેળવી પોતાના ભકતોને ફકત નામ સ્મરણ કરવાથી પોતાના ચરણ પાસે લઇ જાય છે.

આ ઉપરથી દરેક મનુષ્યે " નામ સ્મરણ " હંમેશાં કરવાનું શા માટે ભૂલવું જોઈએ ?



પ્રકરણ ૩૭ મું

"શંકર ભક્ત નદી પાર કે ભવપાર ?"

દક્ષિણમાં મુકતાપુર કરીને એક ગામ આવેલું છે. ત્યાં એક બ્રાહ્મણ દંપતી રહેતું હતું, તે કૃષ્ણ ભક્તિમાં મશગુલ રહેતું અને સંસારની જરાએ ચિંતા રાખતું ન હતું. એમને પાંચ પુત્ર હતા તેમાંના બીજાનું નામ શંકર હતું.

શંકરને નાની વયમાં ઇશ્વરભજનનો શોખ લાગ્યો હતો.

સંત લોકો જ્ઞાનેશ્વરી વાંચતા હતા તે આ છોકરો સાંભળી આવી એકાન્તમાં જઇ શ્રી કૃષ્ણને યાદ કરી કહેતો હતો કે "હે ભગવાન મને આવું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય એવો આશિર્વાદ આપ.

આગળ જતાં શંકરે સારી વિદ્યા પ્રાપ્ત કરી અને લક્ષ્મી તથા કીર્તિ સારી સંપાદન કરી તો પણ કૃષ્ણભજન ભૂલ્યો નહિ. પોતાનું લગ્ન થયા બાદ એક પુત્ર રત્ન પ્રાપ્ત

થયું, છ માસનો પુત્ર થયા પછી એક રાત્રે શંકર સૂતો હતો ત્યારે એણે સ્વપ્નમાં જોયું કે " એક સંન્યાસી પોતાની તરફ બહુજ ગુસ્સાથી જુએ છે, થોડા વખતમાં આ સ્વપ્ન અદૃશ્ય થયું અને શંકર જાગી ઉઠયો.

શંકર જાગ્યા પછી બહુજ રડવા લાગ્યો, ને એટલો રડયો કે પોતાનું દેહભાન પણ ભુલી ગયો, આથી ઘરના માણસોએ બાજુમાં આવેલા શ્રી કૃષ્ણજીના મંદીરમાં લઈ ગયા, ત્યાં પણ કૃષ્ણ મુર્તિને જોઈ ત્રણ કલાક સુધી રડતોજ રહ્યો.

શંકર સ્વસ્થ થયો ત્યારે એની મનોવૃત્તિ તદ્દન બદલાએલી જણાઇ, કારણકે પોતાની સ્ત્રી પુત્ર સગાવ્હાલાં સાથે મારો કશો સબંધ નથી એમ બોલવા લાગ્યો.

નાનપણમાં કોઈ વૃધ્ધ માણસે કહેલું કે ઈશ્વર અવતાર શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી હુબળીમાં છે એ વાત યાદ આવ્યાથી ત્યાં જવાને શંકર એકલોજ નીકળી પડયો. ઘરના માણસો તેને પકડી લાવ્યા, ત્યારે બોલ્યો કે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીને મેં મળવાનો નિશ્ચય કર્યો છે અને કોઇપણ રીતે ત્યાં ગયા વગર રહેનાર નથી. આવો આગ્રહ જોઈ તેના ઘરના માણસોએ તેનો એક મિત્ર સાથે આપી હુબળી મોકલ્યો. હુબળી પહોંચતાં તે આશ્રમમાં સ્વામીજીને મળવા ગયો. સ્વામીજીને

જોતાંજ પ્રેમભાવથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને પોતાની વાત કહી સંભળાવી બોલ્યો "હે દીનદયાળ દુઃખીના બેલી હુવે મારાથી આ સંસારમાં રહી પરમાર્થ સાધન થતું નથી માટે કૃપા કરી રસ્તો બતાવો?

સ્વામીજીએ કહ્યું–" તું ધ્યાનનો અધિકારી બનેલો છે અને આગળ તને જ્ઞાન પણ પ્રાપ્ત થનાર છે." આ વાત સાંભળી શંકરનું મન શંકા રહીત થઇ શાંત થયું.

સ્વામીજીનું વચન ધ્યાનમાં રાખી આજ્ઞા લઇ પાછો પોતાને ઘેર આવ્યો. પછીથી કર્મ ધર્મ વિગેરે છોડી તે એક જંગલમાં જઇને રહ્યો.

ઘરના માણુસોએ આવું આચરણ જોઇ જંગલમાં એક નાની ઝુંપડી તેને બાંધી આપી. તેમાં બેસી આખો વખત સ્વામીજી સ્મરણ કરવા લાગ્યો.

એણે પોતાના હાથથી એકલો ભાત બનાવી પાણીના ઘુંટડા સાથે સિદ્ધાર્પણ કરી ખાતો, કારણ કે રસ વિષયનો ત્યાગ કર્યો હતો.

આમ એકાંતમાં બેસીને નામ સ્મરણ કરવાથી એનું મન નિર્મળ બન્યું અને ભેદ ભાવ જતો રહ્યો.

એક વખતે એ જમતો હતો, ત્યારે એક કાળો કુતરો આવ્યો તેને જોઇ શંકર ઉઠયો અને નમસ્કાર કર્યા. કુતરાએ

જમવાના વાસણમાં મોં નાખી ખાવા લાગ્યો, શંકર પણ આ સ્વામીજી પ્રસાદ છે એમ કહી એની સાથેજ પોતે ખાવા લાગ્યો. જમી રહ્યા પછી શંકરે કુતરાને ફરીથી નમસ્કાર કર્યા. કુતરો પણ ત્યાંજ રહેવા લાગ્યો.

એક દીવસે કુતરાએ વિષ્ટા ખાધેલી શંકરે જોઇ ત્યારથી જમવા અગાઉ કુતરાનું મોં ધોઈ, એને સાથી રાખી જમવાનો ક્રમ રાખ્યો, આથી પોતાનું અભિમાન અને દેહ બુધ્ધિ નષ્ટ થઈ, ફક્ત સ્વામીજી ભાવના દરેક વસ્તુમાં જોવા લાગ્યો.

આવું વર્તન રાખનાર ભગવાનને પોતાનો કરી લે છે એ બાબત ભાગવતમાં નીચે પ્રમાણેનો શ્લોક શંકરને યાદ આવ્યો.

विसृज्य स्मयमानान् स्वान् दशं व्रीडांच दैहिकं ॥
प्रणमेत् दंडवत् भूमौ अश्व चाडांल गोखरान् ॥१॥

આનો અર્થ એવો થાય છે કે "આપણાં સગાવ્હાલાં છોકરાં બૈરી એમનાં દેખતાં પશુને નમસ્કાર કરવા એ અપવિત્ર મનને લજ્જાસ્પદ લાગે છે."

એ લજ્જા ફક્ત દેહબુદ્ધિને લીધેજ છે, તો એનો ત્યાગ કરી ઘોડાં ઢેડા ભંગી કુતરા, બીલાડાં વિગેરેને સગા-વ્હાલાં સામે નમસ્કાર કરી લજ્જાનો ત્યાગ કરવો.

શ્લોકનો એવો અર્થ લઈ શંકર ઝટ લંગોટી મારી બહાર પડી "આ જંગલ ઉપલા સાધનોને માટે યોગ્ય નથી" આમ કહી પોતે ગામમાં આવ્યો અને પોતાના બૈરીછોકરાંને સાષ્ટાંગ નમસ્કાર કરી, ગામમાં એવુંજ વર્તન કરવા લાગ્યો ત્યારે બધા લોકો "ગાંડો આવ્યો રે! ગાંડો આવ્યો" કરીને બૂમો મારવા લાગ્યા. સ્ત્રીઓ તો આની આવી વર્તણુક જોઈ ગભરાવા લાગી. કોઈ કોઈ માણસ કહેવા લાગ્યા બિચારો શું સારો માણસ હતો પણ અત્યારે આવા હાલ થઈ ગયા છે, ઈશ્વરની લીલા બહુજ ન્યારી છે. કેટલાક બીજા સાધુ સજ્જન હતા તે લોકો આની ખરી સ્થીતિ ઝટ પારખી કહેવા લાગ્યા કે "એ તો યોગસાધનનું એક અંગ અજમાવે છે એમાં કશો સંશય લાગતો નથી."

શંકર ગામની નજીક ડુંગર હતો ત્યાં રહેવા લાગ્યો, ત્યારે એની સ્ત્રી દરરોજ એને ખાવાનું આપવા જતી. આવી રીતે અખંડ એકાન્તમાં બેસી સ્વામીજીની ભક્તિ કરવાથી એક દીવસે સ્વામીજીએ હુબળી આવવાની પ્રેરણા કરી.

શંકર આજ્ઞા થતાંજ રાત્રે બાર વાગે જ્યારે ખુબ વરસાદ પડતો હતો અને ઘણોજ અંધકાર હતો, તે સમયે હુબળી જવા નીકળ્યો.

પોતાની પાસે હંમેશાં સ્વામીજી છે એવો એનો નિશ્ચય હતો. ચાલતાં ચાલતાં રસ્તામાં એક નદી આવી તેમાં બે કાંઠે

પૂર આવેલું હતું. શંકરને અંધકારમાં એ કંઇ દેખાયું નહિ. નદીના કીનારે આવતાંજ હે સ્વામીજી ! આ શરીર ત્હારૂંજ છે અને એનું રક્ષણ કરનાર તુંજ છે આટલું કહી અંતઃકરણમાં સ્વામીજીની મુર્તિ લાવી નદીમાં કૂદી પડયો, પાણીના જોસથી એ તણાવા લાગ્યો ત્યારે બોલ્યો હે સ્વામીજી નદી રૂપમાંજ તુંજ છે અને હવે મને ત્હારા પેટમાં જગ્યા આપ કારણ કે હવે હું અહીઆંજ રહેવાનો એમ લાગે છે. પ્રેમ ભાવથી આવી રીતની કરેલી સ્તુતિ સ્વામીજીએ સાંભળી ઝટ પાણીના ઉપર તરતી બેઠેલી સ્વામીજીની મુર્તિ તેજસ્વી રૂપમાં પ્રગટ થઈ, શંકરને હાથ આપી પ્રવાહમાંથી ઉંચકી બીજા કીનારે લાવી મુકયો.

શંકરે સ્વામીજીના પગ પકડી લીધા અને કહ્યું "હે સ્વામીજી હવે તમે મને છોડી જશો નહિ." ત્યારે સ્વામીજીએ કહ્યું "તુ તો ભુત માત્રને સ્વામીજી રૂપમાં ગણે છે ત્યારે હું ત્હારાથી જુદો કેવી રીતે હોઇ શકું ? હંમેશ હું ત્હારી પાસેજ છું હવે બીલકુલ ફિકર રાખતો નહિ તું હુબળી જા અને ત્યાં થોડો વખત મ્હારી પાસે રહેજે આટલું કહી સ્વામીજી અદૃશ્ય થયા.

ગુરૂજીનું નામ સ્મરણ કરી શંકરે આગળ ચાલવા માંડયુ બે દીવસ સુધી એ રસ્તો ખુટયોજ નહિ અને અન્ન કે પાણી માટે એ કોઇ પણ જગ્યાએ થોભ્યો નહિ આવી

રીતે બે દીવસનો અપવાસ તથા બહુ ચાલવાથી એના બન્ને પગે સોજો આવ્યો અને શરીરમાં અશક્તિ જણાવા લાગી, ત્યારે એ એક ધર્મશાળામાં આવીને પડયો, તો પણ સ્વામીજી નામ સ્મરણ ચાલુજ હતું.

પોતાનો ભકત સંકટમાં પડયો છે એ વાત જાણી સ્વામીજીએ બ્રાહ્મણનો વેશ લઇને ધર્મશાળામાં શંકર પાસે આવ્યા.

શંકરની સ્થિતિ જોઇ એમની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યા, પછીથી શંકરને પૂછ્યું તારૂં જયારે કોઇ પાલન પોષણ કરનાર નથી તો તારી શું ઇચ્છા છે ?

શંકરે કહ્યું "મને હુબળી જઈ સ્વામીજીના દર્શન કરી એમની સેવા કરવાની ઇચ્છા છે."

બ્રાહ્મણ રૂપી સ્વામીજીએ કહ્યું જુઓ અન્ન પાણી વગર તમારા શરીરમાં તાકાત રહી નથી અને તેથીજ તમારા બન્ને પગ સુજી ગયા છે. આવી સ્થિતિમાં તમારાથી હાલમાં હુબળી જઇ શકાય તેમ નથી થોડો વખત તમારે અહીંઆં જ રહેવું જોઇએ. પછીથી બ્રાહ્મણે તેલ લાવી શંકરના પગો માલીસ કર્યા તથા સવાર સાંજ ભોજન કરી જમાડતા.

ત્રણ દીવસ આવા ઉપાય કરવાથી શંકરના અંગમાં તાકાત આવી, ત્યારે બ્રાહ્મણે દ્રવ્ય લાવી શંકરને આપવા માંડયું પણ તે શંકરે લીધું નહિ.

શંકરે કહ્યું મને આવી આશામાં પાડતા નહિ હું હુબળી જવા માટે નીકળ્યો છું, તમોએ જે મારા ઉપર અનંત ઉપકાર કર્યો છે એનો બદલો મારાથી આપી શકાય તેમ નથી, હું તમોને મારા માબાપ તરીકે ગણુ છું આટલું જ નહિ પણ મારા સ્વામીજીજ તમો છો. આમ કહી શંકર લેસનના પગે પડયો. આ સાંભળી બ્રાહ્મણે કહ્યું "તમે મારી સાથે ચાલો" આમ કહી શંકરનો હાથ પકડી રેલ્વે સ્ટેશન ઉપર લઇ જઈ હુબળીની ટીકીટ કાઢી આપી ગાડીમાં બેસાડી બ્રાહ્મણ ચાલ્યો ગયો.

શંકર હુબળી શહેરમાં આવી મઠમાં પહોંચ્યો અને સ્વામીજીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને તે વખતે એની આંખમાંથી પ્રેમાશ્રુ વહેતાં હતાં, તે બોલ્યો "હે દયાળુ પ્રભુ, આપની કૃપાથી આપની પાસે આવી પહોંચ્યો છું હવે આ ગરીબ સેવક ઉપર દયા કરી ઉધ્ધાર થાય એવું કરો, સદ્દગુરૂ સ્વામીજીએ કહ્યું "હવે તું મઠમાં રહેજે અને હરરોજ વેદાન્તનું શ્રવણ કરજે, તું જ્ઞાનનો અધિકારી છે અને હરરોજ વેદાન્ત સાંભળી એનું મનન કરશો એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તી થશે" આમ કહી પોતાનો કૃપા હસ્ત તેના મસ્તક ઉપર મુકયો કે જેથી શંકરને બ્રહ્માનંદ થયો અને પ્રેમથી પગે લાગ્યો.

શંકર હરરોજ મઠમાં ચાલતો વેદાંત સાંભળી એકાન્તમાં

જઇ મનન કરતો હતો. આથી તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ એટલે તે આખું જગત તેના પોતાના શરીરના ભાગો તરીકે છે એવું માનવા લાગ્યો અને સંપૂર્ણ આત્મજ્ઞાની બન્યો, "પૂર્ણ આત્મજ્ઞાનની સ્થિતિએ પહોંચેલાને દેહ ભાન એ હાસ્ય છે તેમજ જુદો ભાવ એ વિનોદ, કામ ક્રોધ, ને લજ્જા, વિષયની તો એને જગ્યાજ રહેતી નથી અને જો કોઇએ ઇશ્વિર પ્રાર્થના કરી હોય, તો પોતાની કરી અગર શ્વાન આદિ પશુને માર માર્યો હોય તો એ માર પોતાને પડયો હોય એવી સ્થિતિ થાય છે."

શંકર ભક્ત આવી મુકત સ્થિતિએ પહોંચ્યા પછી દેહ ત્યાગ કરી સ્વામીજી રૂપમાં મળી ગયો.

સ્વામીજીનો મહિમા એટલો બધો અગાધ છે કે "અલ્પ ભકિતથી પણ મોક્ષ પ્રાપ્તિ મેળવી શકાય છે.



પ્રકરણ ૩૮ મું.

ગોંદવલેકર ગણુપતિબુવા યા બ્રહ્મચૈતન્ય.

હે સચ્ચિદાનંદ સિધ્ધારૂઢ મહારાજ ! આપ દરેક સાધુના રૂપમાં આ જગમાં જુદે જુદે ઠેકાણે અનેક રૂપો ધારણુ કરી કરી ભકતોનો ઉધ્ધાર કરો છો.

ગોંદવલે ગામમાં એક બ્રાહ્મણુ દંપતિ રહેતું હતું. અને તેમનો પાંડુરંગ ઉપર ઘણોજ પ્રેમ હતો. દર વર્ષે આષાઢ અને કાર્તિક માસમાં એકાદશીના ઉત્સવના માટે પંઢરપુરમાં પાંડુરંગ (વિઠોબા) નું દર્શન કરવા જતા અને ત્યાં મનપૂર્વક સેવા કરી ઘણોજ આનંદ મેળવતાં હતાં.

આવી રીતે આનંદમાં સંસાર ચક્ર ચલાવતાં હતાં ત્યારે એક દિવસે બન્નેને સ્વપ્નમાં પાંડુરંગે આવી કહ્યું “ તમારે ત્યાં રામદાસ પૂરીથી જન્મ લેનાર છે, એ મારૂતિનો અવતાર છે અને એને હાથે ઘણા જનોનો ઉદ્ધાર થનાર છે.”

આવી રીતે સ્વપ્નમાં પાંડુરંગનું કહેલું સાંભળી, "બન્નેએ નમસ્કાર કર્યો અને અમારા જન્મનું સાર્થક થયું" એમ કહ્યું પછી પાંડુરંગ અદૃશ્ય થયા.

થોડા દિવસ વીત્યા બાદ સ્ત્રી ગર્ભવંતી થઇ અને પૂર્ણ માસ થતાંજ સુંદર પુત્રનો લાભ થયો અને રિવાજ મુજબ એને ગણપતિ નામ આપ્યું. એ બાળકને નાની ઉમરમાં પાંડુરંગની ભક્તિનો શોખ લાગ્યો.

આઠ વર્ષનો થતાંજ યજ્ઞોપવીત ધારણ કરાવ્યું અને રામનામનો ઉપદેશ કર્યો, આ વખતથી તે બાળક રામનામનો અખંડ જાપ કરવા લાગ્યો. તેથી એને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પંદર વર્ષનો થતાંજ તીર્થ યાત્રા કરવા માટે નીકળી પડયો, ઘણા દેશ ફર્યા પછી એને ગુરૂસ્થાનની પ્રાપ્તિ થઈ.

વરાડ પ્રાન્તમાં "એળે" કરીને એક ગામ છે ત્યાં તુકારામ ચૈતન્ય નામનો એક સત્પુરૂષ રહેતો હતો, તેની કીર્તિ સાંભળી ગણપતિ બુવા તેની પાસે આવ્યા, અને પગે પડયા. એટલામાંજ તુકારામ ચૈતન્યે કહ્યું "આ તો લુટારો લાગે છે તેથી આજુબાજુના માણસોને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું, તો પણ ગણપતિબુવાને ખોટું ન લાગ્યું, પરંતુ આનંદ થયો.

એ હાથ જોડી ઉભો રહ્યા અને કહ્યું "હે ભગવાન! ઘણા દેશો ફરી ફરી હું તમારા જેવા નિર્મળ ગુરૂની પાસે

આવી શક્યો છું, અને તેથીજ મને ઘણો આનંદ થાય છે. તમારી સેવા કરી તમારી પાસે રહેવું એવી મારી ઇચ્છા છે. તુકારામ ચૈતન્યે કહ્યું "મારી પાસે રહેનારની સાથે હું ઘણીજ ક્રુરતાથી વર્તું છું અને તેથી મારી સેવા કરવાનું તારાથી બનશે નહિ.

એની ખાત્રી કરવા આ બધા બેઠેલા છે તેમની પાસે તપાસ કર, આમ કહી પથરો ઉચકી મારવાની શરૂઆત કરી.

ગણપતિ બુવાને પથરો લાગ્યો તો પણ દરકાર કર્યા વિના એ પથરાઓને ગુરૂપ્રસાદ સમજી પગે લાગ્યો. આ જોઇ ગુરૂજીએ એને પાસે બોલાવી ગાળ ભાંડી કહ્યું "લે આ મારા પગ મસળ."

ગણપતિ બુવા આ સાંભળી પાસે જઈ, પગ હાથમાં લેતાંજ તે ઘણા કોમળ લાગ્યા તે ઘણાજ કોમળ જોઇ આશ્ચર્ય પામ્યો ત્યારે ગુરૂજીએ એને સજ્જડ ઠોંસો મારી કહ્યું "ચાલ ઉઠ, તારા પત્થર જેવા હાથ મારાથી સહન થતા નથી." આટલું થયું તો પણ ગણપતિ બુવાને જરાએ ખોટું લાગ્યું નહિ. તે હાથ જોડીનેજ ઉભો રહ્યો, ત્યારે ગુરૂજીએ કહ્યું "ચાલ, આપણે બન્ને જંગલમાં જઈ બાળવા માટે લાકડાં લઇ આવીએ." ત્યારે ગણપતિ બુવાએ શાન્તિથી કહ્યું હે ભગવાન! આપ અહિંજ બેસો હું એકલો

જઈ લાકડાં લઈ આવું છું. આ સાંભળી ગુરૂએ કહ્યું " તું ખરાબ લાવશે માટે મારે તારી સાથે આવવું પડશે." આમ કહી બન્ને જણ જંગલમાં ગયા.

જંગલમાં જઈ ઘણાંજ લાકડાં એકઠાં કર્યાં બાદ શિષ્યના ધોતીયાથી બે જણાથી પણ ન ઉંચકી શકાય તેવડો મોટો ભારો ગુરૂએ તૈયાર કર્યો અને તે ગણપતિ બુવાના માથા ઉપર મુકી હાથમાં લાકડી લઈ એને આગળ રાખી પોતે પાછળ ચાલવા લાગ્યા.

એ વજનદાર ભારો શિર ઉપર લઈ ગણપતિ બુવા રામ નામનું સ્મરણ કરતા ચાલતા હતા, એટલામાં માથું દુઃખવા લાગવાથી જરાક થોભ્યા એટલે પાછળથી ગુરૂએ એની પીઠ ઉપર લાકડી મારવાની શરૂઆત કરી. આવી રીતે શિર ઉપર ભાર અને પીઠ ઉપર માર છતાં મુખમાં રામનામનું સ્મરણ એક સરખું ચાલતું હતું. આગળ શિષ્ય અને પાછળ દંડધારી ગુરૂજી, આમ ઘણુંજ ચાલ્યા પછી ગણપતિ બુવાનું મન ગુરૂ ભકિતમાં તલ્લીન થયું અને શરીરથી અસહ્ય દુઃખ સહન ન થવાથી એ બેભાન સ્થિતિમાં જમીન ઉપર પડયો.

શિષ્યની આવી સ્થિતિ જોઇને ગુરૂજીને દયા આવી અને પોતાનો કૃપા હસ્ત એના કપાળ ઉપર ફેરવ્યો કે તરત એ ભાનમાં આવ્યો.

ગુરૂજીએ એને હાથ આપી છાંયામાં બેસાડ્યો અને કૃપા દૃષ્ટિથી જોયો આથી કૃપા પૂર્ણ ગુરૂ દર્શન થતાં એનું દુઃખ જતું રહ્યું. ગુરૂજીએ હસીને કહ્યું " તું તો પાકો લુંટારોજ છે, મારૂં હૃદય આજે તેં લુંટ્યું છે, તારા જેવો શિષ્ય મળવો મુશ્કેલ છે." આટલુંજ કહી આત્મજ્ઞાનનો બોધ કર્યો કે ઝટ સમાધિ લાગી. પછી ગુરૂજીએ એને પૂર્વ સ્થિતિમાં લાવી કહ્યું " આજે તને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે એ અખંડ રહેવા માટે તારે નામ મંત્રનો જાપ કરવો જોઇએ, દાસ બોધમાં કહ્યા મુજબ તારે વર્તન રાખવું જોઇએ, અને તે ગ્રંથનું અધ્યયન તારે દરરોજ કરવું જોઇએ. હવે તું તારે ઘેર જા અને તારી પાસે જે ભકતો આવે તેમને નામ જપનો ઉપદેશ કરી તેમનો ઉદ્ધાર કરજે. તને ધન્ય છે ! આજથી તું શુદ્ધ ચૈતન્ય બન્યો છે અને તેથીજ હું તારૂં નામ બ્રહ્મચૈતન્ય રાખું છું. ગુરૂજીના આવા કૃપાયુકત બોલ સાંભળી શિષ્યનો કંઠ ભરાઈ આવ્યો અને આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. ગુરૂજીને પગે પડી કહ્યું " મને નિત્ય રૂપનું ભાન કરાવી મારો આજે તમે ઉદ્ધાર કર્યો છે." પછી ગુરૂજીની આજ્ઞા લઈ તે પોતાને ઘેર ગયો.

ઘેર ગયા પછી તેમની કીર્તિ વધી ગઇ અને ગોંદવલેકર મહારાજના નામથી ઓળખાવા લાગ્યા. એમના હાથથી ઘણા ભકતોનો ઉધ્ધાર થયો છે. અને ઘણાઓને

નામ મંત્રનો બોધ કર્યો છે. એમનો એક શિષ્ય તમ્મણુ શાસ્ત્રી કરીને હુબળીમાં છે તે સિધ્ધારૂઢને પણ પ્રિય છે. એક વખત આ શાસ્ત્રીના મનમાં આવ્યું કે આ બુવાને અહિંઆ તેડી લાવી બધા શિષ્યોને આશિર્વાદ અપાવવા અને શ્રી સિદ્ધારૂઢની ભેટ કરાવવી. તેથી તે શિષ્યોને લઈ ગોંદવલે જઈને બુવાને હુબળીમાં તેડી લાવ્યા.

હુબળી આવ્યા બાદ ઘણા બ્રાહ્મણોએ આ બ્રહ્મ-ચૈતન્ય બુવા પાસેથી નામ જપનો મંત્ર લીધો અને તેમણે શ્રી સિદ્ધારૂઢ સ્વામી પાસે જવાની મનાઇ કરી. તો પણ એક વખત બ્રાહ્મણો પાસે નથી એવો સમય જોઈ એક શિષ્યને ઘેરથી બ્રહ્મચૈતન્ય શ્રી સિધ્ધારૂઢ સ્વામીને મળવા નીકળી પડયા. તે સમય બપોરનો હોવાથી સિદ્ધારૂઢ સ્વામી મઠમાં વિસામો લેવા માટે આડા પડયા હતા તે એકાએક ઝટ ઉઠી બેઠા થયા અને માણસોને કહ્યું મને મળવા સારૂ બ્રહ્મચૈતન્ય હમણાંજ નીકળ્યા છે માટે ચાલો મઠની બહાર એમની રાહ જોતા ઉભા રહીએ.

મઠની બહાર આવતાંજ લાંબેથી બ્રહ્મચૈતન્ય આવતા દેખાયા કે બન્ને સ્વામી સામ સામે દોડયા અને એકમેકને ભેટી પડયા. અને આ વખતનો દેખાવ શંકર અને વિષ્ણુ ત્રિપુરાસુરનો અંત આણ્યા પછી એક બીજાને ભેટી પડયા

હતા, તેવોજ લાગતો હતો. જીવ અને શિવ એક થતાં જેવો બ્રહ્માનંદ લાગે છે તેવોજ આનંદ બન્નેને થયો, દેહ-ભાન ભુલી બંનેના નેત્રમાંથી પ્રેમાશ્રુ પડવા લાગ્યાં. આવો અલૌકિક પ્રેમ જોઈ આજુબાજુના માણસોને પણ બન્ને સ્વામી માટે પ્રેમ ઉત્પન્ન થઇ ઘણોજ આનંદ થયો. બન્ને સ્વામી એક બીજાને પગે પડયા પછી સિધ્ધારૂઢ સ્વામીએ બ્રહ્મચૈતન્યનો હાથ પકડી મઠમાં લઇ જઇ પોતાના આસન ઉપર બેસાડ્યા. પછી પોતાની અમૃત તુલ્ય વાણીથી બ્રહ્મ-ચૈતન્યે સ્વામીજીને કહ્યું કે આ દેહ ગોંદવલે ગામમાં રહે છે અને એના ઘણા સ્નેહીઓ અહિંઆ છે અને તેમના આગ્રહથી એ દેહ અહિંઆ આવ્યો છે. તમારા દર્શન થવાથી ઘણોજ આનંદ થયો છે, આ દેહ હમેશાં રામનામનું રટણ કરે છે, અને મુમુક્ષુઓને કરાવે છે, આ વર્તન તમોને કેમ લાગે છે ? તે જણાવશો.

આ પ્રશ્ન પુછવાથી સ્વામીજીને આનંદ થયો અને કહ્યું આ દુનીયામાં ખરૂં સુખ નામ સ્મરણમાં છે અને તેનાથી જીવનો ઉધ્ધાર થાય છે. ભગવાન પોતે પણ એનું રટણ કરે છે. સંસાર દુઃખમય છે પરંતુ નામ સ્મરણ કરનાર ઉપર પરમેશ્વર કૃપા કરે છે એટલુંજ નહિ પણ એનું બધું દુઃખ ટાળે છે.

આ સિવાય બીજો ઉપાયજ નથી અને હું પોતે પણ નામ સ્મરણ કરૂં છું અને મારા ભકતોને પણ તેમજ કરવા કહું છું.

વેદાન્તમાં પણ "રામનામ" સત્ય છે એમ કહ્યું છે. "આત્મારામ" રૂપે રામ દરેક જીવોમાં વસે છે.

સંતોના અવતાર નામ ઉપદેશ કરી જીવોનો ઉદ્ધાર કરવા માટેજ છે અને એના જેવું સારૂં ફળ આપનાર બીજું એક પણ કૃત્ય નથી.

શ્રી સિદ્ધસ્વામીજીનું આવું વચન સાંભળી બ્રહ્મચૈતન્ય તથા બધી મંડળીને ઘણોજ આનંદ થયો અને બન્ને સ્વામીના નામનો જયઘોષ કરી પગે લાગ્યા.

સ્ત્રીઓએ બન્ને સ્વામિયોની આરતી ઉતારી પછી સિદ્ધારૂઢ સ્વામીએ બ્રહ્મચૈતન્યનો હાથ પકડી અંદર લઇ જઇ કેળાં વગેરે ફળાહાર એક બીજાને કરાવ્યો.

આવી રીતનું વર્તન કરી બન્ને એક રૂપ છે એમ પ્રગટ કર્યું.

પછી બ્રહ્મચૈતન્ય પોતાને ઉતારે ગયા ત્યાં સચ્ચિદાનંદ શાસ્ત્રી મળ્યા અને બોલ્યા હે ગુરૂ તમારો મહિમા અગાધ છે અને એ હું જાણી શકતો નથી તો પણ અત્યારેજ તમો સિધ્ધારૂઢ સ્વામીને મળી આવ્યા છો તેથી તમોને પુછુ

છું કે સિદ્ધારૂઢ સ્વામીનો મહિમા કેવો છે? તે મને કૃપા કરી જણાવો.

બ્રહ્મચૈતન્યે કહ્યું સિધ્ધારૂઢ સ્વામી મહાજ્ઞાની અને મને તો જ્ઞાનેશ્વરનોજ અવતાર લાગે છે. પહેલી વખતે એમણે મહારાષ્ટ્રમાં અવતાર લઈ ત્યાંના લોકોનો ઉદ્ધાર કર્યો અને અત્યારે કર્ણાટક પ્રાન્તમાં અવતાર લઈ અહિંઆના લોકોનો ઉદ્ધાર કરવા સારૂ આવ્યા છે એમાં જરાએ શંકા નથી.

આ સાંભળી શાસ્ત્રીને આનંદ થયો અને પછી તે સિધ્ધાશ્રમમાં ગયો ત્યાં સ્વામીજીને હાથ જોડી કહ્યું "હે ભગવાન બ્રહ્મચૈતન્ય આપને મળવા આવ્યા હતા તે તેમનો મહિમા આપને કેમ લાગે છે? તે કૃપા કરીને મને કહો, કારણકે સંતનાં અંતઃકરણ સંતજ જાણી શકે છે તો મારા જેવા મૂઢને એ કયાંથી ખબર પડે.

સ્વામીજીએ કહ્યું કે મને તો આગળ થઈ ગયેલા રામદાસ સ્વામીએ બ્રહ્મચૈતન્ય રૂપમાં હમણાંજ અવતાર ધારણ કરેલો હોય એમ લાગે છે.

મુમુક્ષુના પુન્યથી એ નિર્મળ દેહ અવતરેલો છે એમાં જરાએ શંકા નથી.

પ્રકરણ ૩૯ મું.

તમ્મણ શાસ્ત્રીને થએલો સાક્ષાત્કાર

હુબળી શહેરમાં નવલગુંદ ગામના રહીશ પુરાણી તમ્મણ શાસ્ત્રી શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના પરમ ભક્ત છે. એમની અભંગ બોલવાની અને પુરાણુ કહેવાની ઢબ એવી સરસ છે કે એક વખત એ ઉભા થયા કે ભાવિક જનોનાં મન ભક્તિ ઉપર વળી ઘણી વખતે દેહભાન પણ ભૂલી જઈ તલ્લીન રહે છે, અને એથી એમના કીર્તન વખતે ઘણીજ ભીડ થયા કરે છે.

સ્વામીજીનો સ્વભાવ બહુજ સાદો અને વાસના રહીત વૈરાગી જેવો છે.

એક દીવસ રૂઢી મુજબ શાસ્ત્રીએ સ્વામીજીને શરણે જઈ હાથ જોડી કહ્યું-" હે દયાળુ ગુરૂ મહારાજ તમારી શરણાગતને તારવાની કીર્તિ સાંભળી હું તમારે શરણે આવ્યો છું, કારણ કે આ સંસારથી હું ઘણોજ કંટાળી ગયો છું;

તથા એમાં મને સુખ લાગતું નથી, માટે મારા ઉપર દયા કરી મારો ઉધ્ધાર થાય એવું કરો." આવા શબ્દો સાંભળી સ્વામીજીએ કહ્યું–"હે શાસ્ત્રીજી તું તો એક વૈરાગ્યની મૂર્તિજ છે અને દરરોજ જ્ઞાનથીજ વર્તે છે, પણ મનુષ્ય માત્રને દાખલો બેસાડવા માટે તેં આ પ્રશ્ન કર્યો છે અને એનો હેતુ બધાઓના ઉદ્ધાર થાય તેવો છે.

હું આ સાંભળી ઘણોજ ખુશી થયો છું અને અત્યારનું તારૂં વર્તન જોઈ મને શ્રીરામ, કૃષ્ણ અવતારમાં કરેલા વશિષ્ટ ગુરૂજી તેમજ શ્રીકૃષ્ણ અવતારમાં સાંદીપનિ વીગેરેનું અવતારી પુરૂષોએ ગુરૂ કરી આપેલું માન મને યાદ આવે છે. હવે હું જે તને કહું છું. તે ધ્યાન દઈ સાંભળઃ—"હું તારો ત્યાગ કરૂં છું એ મનમાં લાવતો નહિ આગળ જતાં ઘણાં જીવોના ઉધ્ધાર થવા માટે હું તને આજ્ઞા કરૂં છું કે ગોંદવળે ગામમાં બહુજ જ્ઞાની અને કીર્તિવાન **બ્રહ્મચૈતન્ય** સ્વામીજી કરીને છે તેમની પાસે તું જા. ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યા મુજબ ગુરૂજીની આજ્ઞા તારે પાળવી જોઈએ.

આ સાંભળી શાસ્ત્રીજીને આનંદ થયો અને પગે લાગી આશીર્વાદ લઇ ગોંદવલે ગામ જવા નીકળી પડયો, ત્યાં પહોંચ્યા પછી બ્રહ્મચૈતન્યને પગે લાગી હાથ જોડીને કહ્યું "હું આપને શરણે છું, મારૂં હિત મને સમજાતું નથી તેથી મારો ઉદ્ધાર થાય એવું કરો."

બ્રહ્મચૈતન્યે એનો અધિકાર જાણીને કહ્યું તમે તો હુબળીના રહીશ છો અને શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીના કહેવાથી અહીંઆં આવ્યા છો તમારો ભ્રમ નિવારણ થવા માટે "શ્રીરામ જયરામ જય જયરામ" આ તેર અક્ષરી મંત્રનો જપ તેર લાખ વખત નિયમથી કરવો પડશે. શાસ્ત્રીએ આજ્ઞા માથે લઈ મનપૂર્વક એકાન્તમાં જઇ જપ કરવાની શરૂઆત કરી, નિયમ પુરો થતાંજ શ્રીરામનું પ્રત્યક્ષ દર્શન થયું આ વખતે હજાર કોટિ સૂર્યનારાયણ જેટલું તેજ પડયુ હતું અને શાસ્ત્રીજી દેહભાન ભુલી સમાધિ સ્થિતિમાં રહ્યા.

એક કલાક સુધી મનપૂર્વક દર્શન કર્યા પછી શાસ્ત્રીજીએ શ્રીરામને સ્તવન કરી કહ્યું "આવો દર્શનનો લાભ મને હંમેશાં થાય એવો આશિર્વાદ દો.

શ્રીરામજીએ કહ્યું "જે કોઇ અંતઃકરણ પૂર્વક મારૂં નામ સ્મરણ કરશે તેમને હું દર્શન આપુ છું. શાસ્ત્રીજી આ સાંભળી પગે લાગ્યા પછી તે રૂપ અદૃશ્ય થયું.

પછીથી ગુરૂજી પાસે આવી પગ પકડી પ્રેમાશ્રુ સાથે કહ્યું કે "તમારા પ્રતાપથી હું આજે શ્રીરામના પ્રત્યક્ષ દર્શન કરી શકયો છું ગુરૂજીએ કહ્યું કે "શ્રી સચ્ચિદાનંદ સિધ્ધારૂઢ સ્વામીજીએ તમોને મારી પાસે મોકલેલા હોવાથી હું આજથી તમારૂં નામ "સચ્ચિદાનંદ" રાખુ છું. હવે

તમો ખુશીથી ઘેર જઇ જીવોનો ઉદ્ધાર કરજો, પછીથી ગુરૂજીની આજ્ઞા લઇ હુબળી પાછો આવી શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના પગે લાગી કહ્યું "હે દયાળુ સ્વામીજી તમારી આજ્ઞા મુજબ હું ગુરૂજીને ત્યાં ગયો મને ગુરૂજીએ તેર અક્ષરી મંત્રનો ઉપદેશ કર્યો અને તેથી હું કૃતકૃત્ય થયો છું. સર્વ રૂપમાં તમેજ છો એવી ખાત્રી હવે મને થઈ છે, હવે મારૂં અભિમાન ટળે એવો ઉપાય બતાવો!

સ્વામીજી હસ્યા અને બોલ્યા, "તું પરાર્થે જીવી, ભિક્ષા માગી જે કંઈ મળે તેનું અન્નદાન કર." આ સાંભળી શાસ્ત્રીએ નમસ્કાર કરીને કહ્યું "હે ભગવાન હું ભિક્ષા માગી જે કંઇ મળશે તેથી **દાસનવમી**નો ઉત્સવ કરીશ અને તેજ વખતે ભોજન પણ આપીશ.

પછીથી શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીની આજ્ઞા લઈ એક સારો મંડપ તૈયાર કરી, તેની અંદર સાત દીવસ સુધી ભજન કીર્તન રાત દિવસ ચાલુ રાખ્યું.

ઘણા દૂરના હરિદાસો કીર્તન કરવા આ વખતે આવ્યા હતા તથા સાંભળવાને માટે ઘણીજ ભીડ થતી હતી, આ સાત દીવસો બહુજ આનંદમાં પસાર થઈ ગયા.

આઠમે દીવસે ભોજનને માટે દરેકને આમંત્રણ આપ્યું અને દશ હજાર માણસને પુરૂં પડે તેટલી ભોજન સામગ્રી તૈયાર કરાવી.

આ વખતે શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીને સમારંભ માટે મોટા ઠાઠથી તેડી લાવ્યા હતા. સ્વામીજી આ બધી તૈયારી જોઈ આનંદમાં આવી બોલ્યા, "હે શાસ્ત્રીજી ! ભિક્ષાવૃત્તિ ઉપર આવું મોટું કાર્ય તેં કર્યું છે, તે મને આશ્ચર્ય લાગે છે."

શાસ્ત્રીએ કહ્યું–"હે દયાળુ ભગવાન આ તમારીજ લીલા છે હું તો નામ માત્ર છું. આ બધાના કર્તાહર્તા તમેજ છો. એટલામાં પહેલી પંગતમાં આઠ હજાર માણસ જમી ઉઠી ગયા, અને બીજી પંગત તો બીજા આઠ હજારની તૈયારી થઇ. આ જોઈ શાસ્ત્રીજી મનમાં ગભરાયા કારણ કે બે હજાર માણસોને પહોંચે એટલો ખોરાક સીલીકમાં હતો, વળી બીજી સામગ્રી પણ તૈયાર હતી નહિ, હવે શું કરવું રસ્તો શાસ્ત્રીજીને સુજ્યો નહિ તેથી સ્વામીજીને પગે પડી કહ્યું "હે દયાળુ પ્રભૂ" "તારૂં કાર્ય તુંજ સંભાળ." આટલું કહી સ્વામીજીને રસોડામાં લઈ ગયા.

સ્વામીજીએ કૃપા ભરી દૃષ્ટિથી બધું નિહાળ્યું અને કહ્યું–"કોઇએ કંઇ ચિંતા રાખવી નહિ મનમાં સ્વામીજી ચિન્તવન કરી પિરસવા માંડો, અને સંકોચાયા વિના બધાને આગ્રહ કરી જમાડો.

ગુરૂજીએ બધો ભાર લીધેલો જોઈ શાસ્ત્રીને આનંદ થયો અને પોતાની ચિન્તા દુર થઇ, પછીથી પોતાના માણસોને

કહ્યું–" આપણી લાજ રાખનાર સ્વામીજી આવ્યા છે, હવે વખત લગાડશો નહિ અને તુરત પિરસવા માંડો.

આશ્ચર્યની વાત એ છે કે બે હજાર માણુસના ભોજનમાં આઠ હજાર માણુસો જમી તૃપ્ત થયા, અને પાછળ રહેલા પીરસનારાઓ જ્યારે જમી ઉઠયા તો પણ કંઈ ખુટયુંજ નહિ.

આવોજ સ્વામીજીનો પ્રભાવ જોઇ બધાઓને ઘણોજ આનંદ થયો અને સ્વામીજીને વાજતે ગાજતે મઠમાં પહોંચાડયા.

હવે તમ્મણુ શાસ્ત્રી વિચારમાં પડયા કે બધાઓનો ઉદ્ધાર થાય એવો રસ્તો શોધવો જોઈએ, બહુજ વિચાર કર્યા પછી એક દીવસે તે સ્વામીજી પાસે ગયા અને પોતાના વિચાર સ્વામીજીને જણાવી કહ્યું " હે ભગવાન મને એક રસ્તો સારો લાગે છે અને તમો કબુલ કરશો તો અજમાવું "

સ્વામીજીએ કહ્યું–કહે.

" તમે બધા ભકતોને એકઠા કરી કહો કે મેં તેર કોટી નામ જપ કરવાનો સંકલ્પ કર્યો છે માટે મદદ કરવા દરેક જણુ પુરસદના વખતમાં આવી જપ કરવાની શરૂઆત કરો અને જેટલા થાય તે આ શાસ્ત્રી પાસે આવી લખાવતા રહો. "

સ્વામીજીને આ રસ્તો બહુજ પસંદ પડ્યો અને કહ્યું કે "આ માર્ગ જીવોનો ઉદ્ધાર કરવા માટે ઘણોજ સારો છે".

પછીથી દરેકને એકઠા કરી જપ કરવાની શરૂઆત કરાવી, બૈરાં, છોકરાં તથા પુરૂષોના દરેકના હાથમાં માળા ફરવા લાગી, દરેક જણ પોતાની એક ક્ષણ પણ ફોકટ જવા દેતા નહિ.

દરેકે તેર તેર લાખનો સંકલ્પ કર્યો અને પોતપોતાનું નામ શાસ્ત્રીજી પાસે લખાવી દરરોજની સંખ્યા મંડાવા લાગ્યા.

એક વર્ષમાં પુરૂ થવાનું કાર્ય ફક્ત છ માસમાં પુરૂં થયું.

નામ જપવાની મઝા એટલી બધી પડી કે કોઇ માળા છોડવાને ખુશીજ ન હતા, અને ફરીથી બીજા તેર હજારના સંકલ્પ કરી, બધા જણો મોટા આનંદથી નામ જપવા લાગ્યા.

તમ્મણ શાસ્ત્રી આવી રીતે દરેક જણને ઉદ્ધારમાર્ગ ઉપર લાવ્યા તો પણ પોતાને જરાએ અભિમાન થયું નહિ અને સ્વામીજીની કૃપાથી આ બધું થયું છે એમ પોતે માનતો હતો.

"સ્વામીજી એ પ્રેમના સાગર છે અને ભક્તો રત્નરૂપ છે વળી એક કરતાં એક ચઢતા, અને રૂપમાં તેજસ્વી છે. આ બધાઓનું રક્ષણ કરનાર સ્વામીજી પોતે છે.

પ્રકરણ ૪૦ મું

" ચમ્પુ બાઇના લગ્નમાં નડેલાં વિઘ્નો "

સ્વામીજી, ભકતોનો ભાર કેવી રીતે લે છે એનો ખ્યાલ વાંચકોને નીચેની વાર્તા ઉપરથી સમજાશે.

હુબળીમાં નારાયણ મોડક નામનો એક બ્રાહ્મણ રહે છે. એના કુટુંબના માણસો શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીની ભક્તિ કરે છે.

નારાયણ હરરોજ ભજનકીર્તન તથા પુરાણ સાંભળવા નિયમસર મઠમાં આવતો જતો હતો.

એક દીવસે બહુજ ગરીબાઇથી નારાયણે ચિન્તાતુર મોંઢે સ્વામીજીને પુછ્યું કે " હે ભગવાન ! મારી દીકરી ચમ્પુનું લગ્ન નિર્વિઘ્ને પસાર થાય એવો આશિર્વાદ આપો.

સ્વામીજીએ કહ્યું " તમારૂં આખુ કુટુંબ જ્યારે અખંડ નામસ્મરણ કરે છે ત્યારે વિઘ્ન આવેજ કયાંથી ? આવું સાંભળી નારાયણ શ્રમ લઇ લગ્નની તૈયારી કરવા લાગ્યો.

લગ્નના બે દીવસ પહેલાં એકાએક વિઘ્ન આવ્યું કે ચમ્પુને ઘણોજ તાવ આવ્યો અને તાવનું પ્રમાણ વધતુંજ ગયું. ઘણા ઉપચારો કર્યા તો પણ તાવ ઉતર્યોજ નહિ.

એટલામાં વેવાઇ પક્ષના માણસો જાન લઇને આવી પહોંચ્યા અને તેઓને ઉતારો આપવા વિગેરેની વ્યવસ્થા નારાયણે કરી દીધી, પછીથી ઘેર આવી જુએ છે તો ચમ્પુની સ્થિતિ ઘણીજ ગંભીર અને ભાન વગર, તાવથી લવરી કરતી માલુમ પડી આથી તે ઘણોજ ગભરાયો અને શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીને બૂમો પાડી કહેવા લાગ્યો કે " હે ભગવાન અમારી બધી આશા તમારામાંજ છે, આવા સંકટ વખતે અમોને મદદ કરનાર તારા સિવાય બીજો કોઇ નથી. અમારા વૈદ્ય તમેજ છો આવી વખતે બીજાની દવા મારે કેવી રીતે કરવી ? આ લગ્નમાં વિઘ્ન ન આવે માટે તમારો આશિર્વાદ મેં અગાઉથી લીધો છે, હવે આ વખતે તમો દોડી આવી મારી આબરૂ રાખો કારણ કે જાન પણ આવી પહોંચી છે. " આ સંસાર મ્હારો નથી તું તારૂં વચન સંભાળજે. કેટલો વખત લાગશે એમ સમજી મને ફીકર થાય છે માટે હવે હે સ્વામીજી ! તમે વધારે વખત લગાડશો મા આવી પ્રાર્થના કરે છે તેવામાંજ ઓરડીનું બારણું કોઇ ઉઘાડતું હોય તેવી રીતે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી પ્રગટ થયા.

નારાયણ સામે દોડયો અને સ્વામીજીનો હાથ પકડ કહ્યું—હે ભગવાન મારી અરજ સાંભળી, યાદ કરતાં તમે દોડી આવ્યા છો આટલું કહેતામાં એનો કંઠ ભરા આવ્યો અને આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં, પછીથ સ્વામીજીને ચમ્પુ સુતી હતી ત્યાં લઇ જઈ તેને બતા પોતે પગે પડયો.

સ્વામીજી ચમ્પુ તરફ કૃપા દૃષ્ટિથી જોઇને બોલ્ય "ગભરાવાનું કંઇજ કારણ નથી તમે ફક્ત સ્વામીજી ના સ્મરણ અખંડ કરો અને બધો ભાર એના ઉપર મુકી તમા કાર્ય કરો, એજ બધું સારી રીતે પાર ઉતારશે. આટલું કહ ચમ્પુના માથા ઉપર હાથ ફેરવ્યો એટલે એનો તાવ તુરત ઉતર ગયો. આથી નારાયણને ઘણોજ આનંદ થયો. એટલામ સ્વામીજી અદૃશ્ય થયા. તેથી એને બહુજ લાગી આવ્યું અરે! સ્વામીજીની પૂજા પણ મેં કરી નહિ. પછીથી ઘર માણસોને બોલાવી બનેલી બીના કહી સંભળાવી એટ સ્વામીજીના નામનો જયઘોષ કર્યો.

આવી રીતે તાવ તો મટી ગયો, અને બધા આવીને ચમ્પુને જોઇ તો એના આખા શરીર ઉપર "માતાજી જેવાં ચિન્હો દેખાયા, આથી માંહોમાંહે કહેવા લાગ્યા "જ્યારે તાવથી બચી ત્યારે વળી માતાજીના ઝપાટા આવી. આ વખતે વેવાઇ પક્ષના માણસો ત્યાં આવ્યાં અ



સ્વામીજીએ બન્નેના માથા ઉપર અક્ષત મુકી આશીર્વાદ દીધો

ચમ્પુની આવી સ્થિતિ નિહાળી કહેવા લાગ્યા કે "આવી સ્થિતિમાં લગ્ન થાયજ નહિ માટે હાલમાં મુલતવી રાખી આગળ ઉપર રાખો.

આ વાતની ખબર પોતાના જમાઇને પડતાંજ તેણે પણ પરણવાની ના પાડી, આથી નારાયણ ઘણોજ ગભરાયો અને વિચારમાં પડયો કે "જો જાનના માણસો પાછા જશે તો મારૂં નામ વગોવાઇ જઇ ચમ્પુને આગળ વાંધો આવશે."

આવી સ્થિતિમાં પોતાના જમાઇને તથા વેવાઇ પક્ષના માણસોને કેવી રીતે સમજાવવા એની સુજ પડી નહિ, તોપણ પોતાના વેવાઇ પક્ષના માણસોને બોલાવી કહ્યું કે "તમો બધા ધીરજ રાખો." શ્રી સિદ્ધારૂઢ સ્વામી મહારાજ પોતે ઇશ્વર છે અને તેમનો આશિર્વાદ કદી ફોકટ જશે નહિ"

આખરે વિચાર કરતાં એણે મનમાં નિશ્ચય કર્યો કે સ્વામીજીને ઘેર લાવી પૂજા કરવી જેથી સ્વામીજીના દર્શન આ લોકોને થતાંજ તેમનાં મન ઉપર સારી અસર થશે.

આવો વિચાર કરી પોતે સ્વામીજીને તેડવા ઘોડા ગાડી લઇ મઠમાં ગયો અને પગે પડી નમસ્કાર કરી બોલ્યો "હે કૃપાળુ સ્વામીજી મહારાજ" મારા ઉપર બહુજ દુ:ખનું વાદળ ઘેરાઇ ગયું છે, તમારા આશિર્વાદથી ચમ્પુનો

તાવ ઉતરી ગયો પણ માતાજીના લક્ષણ દેખાય છે, અને આ જોઇ, આવેલી જાનના માણુસો પાછા જવા તૈયાર થયા છે, જો આ લોકો જશે તો ચમ્પુનું લગ્ન થવું મુશ્કેલ છે, માટે તમો જો કૃપા કરી મારે ઘેર પધારશો તો આ વિઘ્ન જરૂરથી દૂર થશે.

નારાયણની આવી વાત સાંભળી તથા તેની શ્રદ્ધા જોઈ સ્વામીજી આનંદ પામી ઘેર આવવા તૈયાર થયા.

સ્વામીજીને ઘોડા ગાડીમાં બેસાડી પોતાને ઘેર તેડી આણ્યા, અને મંડપમાં બેસાડી પુજા કરવા માંડી આથી ઘરના તથા જાનનાં માણુસો પગે લાગવા આવ્યા અને સ્વામીજીને જોતાંજ ઘણા ખુશી થયા.

નારાયણે પોતાના જમાઇને તેડી લાવી સ્વામીજીના પગે લગાડયા આથી એની બુદ્ધિ ફરી ગઇ અને મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે લગ્ન કર્યા વિના પાછા જઈશું નહિ. એટલામાં સ્વામીજીએ વધુ વરને પાસે બોલાવી, **બન્નેનાં માથા ઉપર અક્ષત્ મુકી આશિર્વાદ દીધો** આથી બધાના મનનું સમાધાન થયું. પછીથી સ્વામીજીને ભોજન કરાવી મઠમાં પહોંચાડયા.

ચમ્પુની સ્થિતિ સુધરી જવાથી નારાયણને તથા દરેકને આનંદ થયો. અને જમાઇ કહેવા લાગ્યો કે સ્વામીજીએ અક્ષતથી વધાવી અમારૂં લગ્ન કયારનું એ કરી દીધું છે.

એકાએક સ્થિતિમાં અંતર પડેલો જોઈ નારાયણની ચિન્તા જતી રહી અને એનું ધ્યાન જોશીએ આપેલા લગ્ન મહુર્ત તરફ ગયું અને જુએ છે તો સમય બહુજ નજદીક હોવાથી બધી તૈયારી કરી વધુ વરને ચોરી પાસે લાવી, મંગળાષ્ટક બોલવાની શરૂઆત કરી અને આપેલા વખતે હસ્ત મેળાપ કરી લગ્ન કર્યું.

ચમ્પુનું લગ્ન નિર્વિઘ્નપણે પાર પડવાથી પાછળના ચાર દિવસો ઘણુાજ આનંદમાં પસાર થયા. પછીથી વધુ વરને સ્વામીજી પાસે લઇ જઇ પગે લગાડી, નારાયણે કહ્યું, "હવે વધુ વરને સારો આશિર્વાદ આપી જવાની આજ્ઞા આપો."

સ્વામીજીએ આશિર્વાદ દઇ આજ્ઞા આપી. આથી આનંદ પામી પોતાને ઘેર જઇ જાનને વિદાય કરી.

"આવી રીતે ભકતોને સંકટમાં આવેલા જોઈ સ્વામીજી પોતેજ દોડી આવી તેમનો બધો ભાર લઇ પાર પાડે છે."



પ્રકરણ ૪૧ મું.

શરણુપ્પાની ઉત્તમ ભક્તિ

આ દુઃખી સંસારમાંથી મુકત થવા માટે સહેલામાં સહેલો માર્ગ સ્વામીજીની ભહિત છે. હરેક સંસારી માણસને જરૂર અજમાવી જોવાથી સુખ પ્રાપ્ત થશે.

આપણને શરણુપ્પા અક્કલ કોદીના ચરિત્ર ઉપરથી એની ઉત્તમ ભક્તિ માલમ પડશે, અને નામ સ્મરણ ઉપર આશ્ચર્યકારક કાર્યો કરતોજ ગયો છે એ વાંચકોના ધ્યાનમાં આવશે.

બહુજ નાની વયમાંથી શિવપૂજા કરવાનો એને ઘણોજ શોખ હતો અને જીવો ઉપર સમદ્દષ્ટિથી દયા રાખતો હતો.

તે ઉંમર લાયક થયા પછી દુકાળ પડયો ત્યારે એક વર્ષ સુધી ગરીબોને અન્ન તથા કપડા વિગેરે તેણે પુરાં

પાડયાં હતાં, અને ઘણી જગ્યાએ સંસ્કૃત પાઠશાળાઓ તથા આશ્રમો બંધાવ્યાં હતાં.

કેટલીક વખતે તે બીજાઓને કહેતો કે " જો હું બસવણ્ણાના સમયમાં હોત તો સ્વામીજી સેવા વધારે સારી રીતે બજાવત. આથી મલ્લીકાર્જુને કહ્યું કે–" એજ મૂર્તિ હાલમાં હુબલીમાં શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીના રૂપમાં અવતરેલી છે.

આ વાત સાંભળી શરણપ્પાને ઘણોજ સંતોષ થયો, અને સ્વામીજીને મળવા એ હુબળીમાં આવ્યો.

સ્વામીજીની કૃપાથી એની ગુરૂ ભકિત દૃઢ બની, ચિત્ત શાન્ત થઇ જ્ઞાનની પ્રાપ્તિ થઇ અને પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો. આથી તેને ખાતરી થઇ અને ગુરૂ સેવા કરવા માટે ગામેગામ ફરી કીર્તન કરવા લાગ્યો. તેના કીર્તનમાં બહુજ રસ પડતો અને તેથી માણસોનું મન ભકિત તરફ ખેંચાતું હતું

શિવરાત્રી ઉત્સવ ઉપર તે ગમે ત્યાંથી હુબળી આવતો ત્યારે હજારો ભકતોને તે સાથે તેડી લાવતો.

ઘણા ભકતો તેની પાસે આવી પોતપોતાનું દુ:ખ રડતા હતા ત્યારે તે લોકોને કહેતો હતો કે તમે સ્વામીજી નામ સ્મરણ કરો અને શિવરાત્રિ ઉત્સવ ઉપર હુબળી

જવાની બાધા રાખો, તેથી તમારા મનની ઇચ્છાઓ સફળ થશે. આવી રીતે હજારો માણસોને તે બાધા આપતો અને ભક્તિમાર્ગ તરફ વાળતો. આથી જીવોને બે લાભ મળતા હતા, એક તો પોતાની ઇચ્છા પાર પડતી હતી અને બીજું સાથે સાથે પોતાના દેહનું કલ્યાણ પણ થતું હતું.

હુબળી પાસે ઉણુકલ કરીને ગામ છે ત્યાંના ભક્તોએ શરણપ્પાની કીર્તિ સાંભળી વિચાર કર્યો કે આપણા ગામમાં એક મહિના સુધી કીર્તન કરવા એમને બોલાવવા. આ ઠરાવ નક્કી કર્યા પછી, ગામના લોકો એની પાસે આવ્યા અને પોતાનો વિચાર જણાવ્યો આથી તેણે ત્યાં જવાનું કબુલ રાખ્યું પણ એ સરતે કે "શ્રાવણ માસના સોમવારે તમારે તૈયાર કરેલાં ભોજન સામગ્રીનાં ગાડાં ભરી શ્રી સિદ્ધારૂઢ સ્વામીને અર્પણ કરવાં જોઇએ." આ વાત સાંભળી ગામલોકોએ હા પાડી અને કહ્યું કે આ એક અમારો ઉદ્ધાર કરવાનો રસ્તો છે આથી અમો ખુશીથી તમારી ઇચ્છા પૂર્ણ કરીશું.

કહ્યા મુજબ શરણપ્પાએ ત્યાં જઇ કીર્તનની શરૂઆત કરી. દરરોજ હજાર કરતાં વધારે માણસો સાંભળવા આવતાં હતાં અને ખુશ થઇ માંહોમાંહે, સ્વામીજીનું નામ શરણપ્પા પ્રેમભાવથી ઉચ્ચારતો, ત્યારે તલ્લીન થઇ જતા.

આ ગામમાં બે બૈરીઓને ભુત વળગ્યું હતું તે બન્ને કથા સાંભળવા આવવા લાગ્યાં ત્યારથી ભુત નિકળી ગયેલું માલમ પડયું. આથી લોકોને વધારે પ્રેમભાવ તથા ભકિત ઉત્પન્ન થઇ અને કહેવા લાગ્યા કે આ એક મોટો લાભ થયો છે.

એક મહિનો સારી રીતે આનંદમાં પસાર થયા બાદ શરણુપ્પાએ ઉત્સવ માટે ગોઠવણ કરવા કહ્યું તે વખતે ગામવાળા લોકોએ એકહજાર ઝાંઝ જોડી તૈયાર કરાવી તેટલામાંજ ભજન કહેનારા અને વગાડનારા તૈયાર કર્યા અને તેમને સર્વેની આગળ ગોઠવી તેઓ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીનું નામ સ્મરણ કરી ભજન ગાતા ચાલ્યા અને તેમની પાછળ એકહજાર સ્ત્રીઓ સારા અલંકારો પહેરી હાથમાં આરતીઓ લઇ મહારાજનું નામ સ્મરણ કરતી ચાલવા લાગી.

સ્ત્રીઓની પાછળ સાંઠ ગાડાં તૈયાર કરેલા અન્નથી ચીકાર ભરેલાં અને ફુલોથી શણગારેલાં ચાલવા લાગ્યાં અને ગાડાં પછવાડે વાજીંત્ર સાથે અસંખ્ય માણસો સિદ્ધારૂઢ સ્વામીજીનું નામ સ્મરણ કરતાં નીકળ્યાં. બે માઇલ સુધીનો રસ્તો આ ગીરદીથી ચીકાર થઇ ગયો હતો. મધ્યાહ્ન થતાં આશ્રમમાં બધા લોકો આવી પહોંચ્યા અને સિદ્ધારૂઢ સ્વામીનું દર્શન કર્યું ત્યાર બાદ નામનો જયઘોષ કરી

તળાવની બાજુમાં ગાડાં છોડી પંગત પાડી સ્વામીજીની આજ્ઞાથી પીરસવા માંડયું.

એવી રીતે દશ હજાર માણુસો એકી વખતે જમવા બેઠેલા સ્વામીજીએ ઉંચી જગાએ જઇ જોયા અને ભક્તોને થએલો આનંદ જોઇ પોતે ઘણુાજ ખુશી થતા હતા. આ દીવસે તલાવની બાજુમાં દશ દશ હજાર માણુસોની છ પંગતો પડી અને આવી રીતે સાંઠ હજાર માણુસ જમી તૃપ્ત થયાં.

ત્યાર બાદ શરણુપ્પા સ્વામીજી આગળ કીર્તન કરવા પ્રેમભાવથી ઉભો થયો અને બે કલાક સુધી ભક્તિપૂર્વક કીર્તન કર્યું અને બધાઓને સ્વામી ચરણે લાગાડયા. પછી સ્વામીજીની આજ્ઞા લઇ બધા પાછા ફર્યા.

પછીથી ઉણુકલ ગામના લોકોએ શરણુપ્પા પાસે આવી કહ્યું કે આપણુા ગામમાં સ્વામીજીને તેડી લાવી ઉત્સવ કરવો જોઇએ અને તમારા પ્રેમથીજ સ્વામીજી આવશે માટે આ કાર્ય તમે પાર ઉતારી આપો.

લોકોની દૃઢ ભક્તિ જોઇ શરણુપ્પા મઠમાં આવી હાથ જોડી સ્વામીજીને કહ્યું હે ભગવાન ! ઉણુકલના લોકો તમારી પુજા કરવા પોતાના ગામમાં તેડવાની બધી તૈયારી કરી રહ્યા છે. માટે તમે ત્યાં ચાલો.

શરણુપ્પાની વાત સાંભળી હુબળીના ભકતોએ કહ્યું કે "મહારાજ હુબળી છોડી કોઇપણ વખતે બહાર નીકળ્યા નથી અને જો તમે તેમને લઇ જશો તો અમે છોડનાર નથી.

ભકતોનો આવો વાંધો સાંભળી શરણુપ્પાએ કહ્યું "મહારાજને છોડી તમારે અહીંઆં રહેવાનુંજ નથી તમે પણ મહારાજ જોડે ચાલો હું તમોને પણ આમંત્રણ આપવા આવ્યો છું.

શરણુપ્પાનું આવું નમ્ર ભાષણ સાંભળી બધાઓ ખુશ થયા. સ્વામીજીએ શરણુપ્પાને કહ્યું "તારો ધારેલો વિચાર પૂર્ણ કરતો તું ચાલ્યો જા." સ્વામીજીની સમ્મતિ મળતાંજ એક પાલખી મંગાવી સારી રીતે શણગારી તથા સ્વામીજીને ઉત્તમ પોશાક તથા સોનાનો મુગટ પહેરાવી ફુલોની માળાઓથી ભરપુર કરી હુબળીના એક હજાર ભકતો સાથે લઇ સ્વામીજીને પાલખીમાં બેસાડી વાજતે ગાજતે ઉણુકલ જવા સારૂ નીકળ્યા.

આ વખતની શોભાનું વર્ણન કરવાને મારી શકિત નથી. એટલું તો ખરૂં કે તે વખતે જોનારના મન ઉપર બ્રહ્મતત્વના સંસ્કાર પડયા વગર રહે નહિ.

એક કલાકમાં ઉણુકલ ગામે આવી પહોંચ્યા અને ઉત્તમ આસન ઉપર સ્વામીજીને બેસાડયા, પછી શરણુપ્પાએ

સ્વામીજીની પૂજા કરી. તેમને એક ઉંચી જગા ઉપર લઇ જઇ ત્યાંથી એક સુંદર તલાવની બાજુમાં એક લાખ માણુસો ભોજન કરવા બેઠેલા દેખાડયા. આ વખતે જોનારના મન ઉપર માન સરોવર અને ત્યાંના હંસોની યાદ આવ્યા વગર રહે નહી.

આથી સ્વામીજી ઘણુાજ ખુશ થયા અને શરણુપ્પાને પુછયું- આ બધું તું કેવી રીતે કરી શકયો ?

શરણુપ્પાએ કહ્યું-હે ભગવાન ! તમારૂં ભજન અને કીર્તિ ગાવાથી આ લોકોના મન ઉપર સારી અસર થઇ. તેમના મન શુદ્ધ થતાંજ પોતે આ કાર્ય આપોઆપ કરી રહ્યા છે. તમારી કીર્તિનોજ મહીમા છે. સ્વામીજીએ ભકતો જમી ઉઠયા બાદ મંડપમાં લાવી વૈભવથી ફરીથી પૂજા કરી. આ વખતે મંડપનો દેખાવ કૈલાસને ભુલાવે તેવો હતો. પૂજા કર્યા પછી સ્વામીજીને પાલખીમાં બેસાડી પાછા હુબળી આશ્રમમાં આણ્યા.

આવી રીતે શરણુપ્પાના લોકોદ્ધાર કરવાના બધા પ્રયત્નો સ્વામીજીએ પૂર્ણ કર્યા.

શ્રાવણુ માસમાં એક દીવસે સ્વામીજીનું દર્શન લઇ અપવાસ છોડવો એવો વિચાર કરી શરણુપ્પા ગોકાકથી નીકળી પડયો. રસ્તામાં ઘટપ્રભા નદીમાં પૂર હતું. ત્યાં પેલી પાર

જવા માટે એકજ નાવ હતું. પાછળથી તે નાવ આ કિનારે આવવા નીકળ્યું પણ પૂર જોસમાં હોવાથી આવી શકયું નહિ.

શરણુપ્પાવાળા કિનારેથી બીજા ઘણા જવાવાળા માણસો હતા, તે લોકો થોડો વખત ધીરજ રાખી ઉભા રહ્યા પણ જ્યારે, નાવ આ બાજુ આવી શકે તેમ નથી. એવું જોયું ત્યારે બધા પાછા જવા ચાલી નીકળ્યા. પણ જ્યારે શરણુપ્પાને સિદ્ધારૂઢ સ્વામીનું નામ સ્મરણ કરતો ત્યાંજ બેસી રહેલો જોયો ત્યારે એની પાસે આવી બીજા બધા કહેવા લાગ્યા કે "હવે શા માટે અહિંઆં થોભો છો, ચાલો ગામમાં જઇએ." કાલે સવારે નદીનું પૂર ઉતરી જશે એટલે હુબળી જઇશું.

શરણુપ્પાએ કહ્યું મહારાજનું દર્શન કર્યા વગર હું અન્ન લેવાનો નથી ત્યારે બધા શરણુપ્પાને ત્યાંજ છોડી ગામમાં ગયા.

એટલામાં સાંજ પડી તો પણ શરણુપ્પા અંધકારમાં સ્વામીજીનું નામ ગાતો ત્યાંજ બેસી રહ્યો. અંધારૂં પડી જવાથી શરણુપ્પા કહેવા લાગ્યો "હે ભગવાન! આજ સુધી દરેક ઉત્સવમાં કીર્તન કરવાનો મારો નિયમ ચુકયો નથી પણ આજ તુટે એમ લાગે છે."

"ભગવાન સંસાર રૂપી ભવનદી, જે ઘણીજ ભયંકર છે, તેમાંથી ભક્તો તારી તું હમેશાં પાર ઉતારે છે તો તેની આગળ આ નાની ઘટપ્રભા નદી તો શું હિસાબમાં છે? મને તારવા માટે તું ઝટ આવ અને પુજા કરવા સારૂ તું મને લઇ ચાલ." આ મારો નિશ્ચય તારે જોવો હોય તો જો એમ કહી જય સિદ્ધારૂઢની બૂમ મારી નદીમાં પડતું નાખ્યું. નદીમાં પડતાંજ પ્રવાહથી તણાવા લાગ્યો, એટલામાં જ સ્વામીજી એક હોડી લઇ પ્રગટ થયા અને એને હોડીમાં મૂકી પેલે પાર લઇ ગયા. જ્યારે તેને ઉંચકી કાંઠા ઉપર મૂક્યો ત્યારે તેને ભાન આવ્યું અને જુએ છે તો કોઇને દીઠું નહિ ત્યારે બોલ્યો; "હે સ્વામીજી! મને તમેજ નદીના આ કિનારે મૂકી અદૃશ્ય થયા છો, તેમાં જરાએ શંકા નથી. પછી હુબળી સ્વામીજી પાસે જઇ બધી બનેલી બીના કહી સંભળાવી અને કહ્યું "નદીના પ્રવાહના ખેંચાણમાં હું તણાઇ જવાનો હતો"

સ્વામીજીએ કહ્યું–"જીવ મોહરૂપી પ્રવાહમાં" જ છે અને તેમાંથી બચાવનાર સ્વામીજી સિવાય બીજો કોઇ નથી.

શરણપ્પાએ અનેક રીતે સ્વામીજીની સેવા બજાવેલી છે એના થોડા દાખલાઓ વાંચકો માટે રજુ કરૂં છું. શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીના દર્શન એને પહેલવહેલાં જે જગ્યાએ



શરણાપ્પા ભક્ત

Nyayasagar Press, Kalbadevi, Bombay 2.

થયાં તે જગ્યા મઠની બાજુમાં છે, તે વેચાતી લઈ પૂજા માની ત્યાં ધર્મછત્ર બાંધી સાધુ લોકને માટે ખુલ્લું મૂક્યું છે. દરવર્ષે ઉત્સવના વખતે પોતાના પૈસાથી એક સો ગુણુ અનાજની અર્પણુ કરે છે.

બીજે ચાર ઠેકાણે સ્વામીજીના નામથી મઠો બાંધ્યા છે અને ત્યાં અન્નદાન પણુ કરવામાં આવે છે. એ પોતે ગામોગામ ફરી સ્વામીજીનું ભજન કરે છે એટલુંજ નહિ પણુ મોટા મોટા લોકોમાં તથા રજવાડામાં પણુ જઈને સ્વામીજીનું ભજન કરે છે અને ત્યાંના લોકોને શ્રદ્ધા ઉત્પન્ન કરી સ્વામીજીના દર્શને લઈ આવે છે.

ઉત્સવના કાર્યમાં વાપરવા માટે ચાંદીનો રથ પન્નાલાલ મહારાજને ત્યાંથી એ લઈ આવ્યો હતો. ચડવળી તથા ચીમાડ મહારાજ જેવા સાધુઓને પણુ એ સ્વામીજીનાં દર્શને લઇ આવ્યો હતો. આવી રીતે સ્વામીજીની સેવા તથા પોતાનો ઉધ્ધાર અને જનસેવા બજાવી રહ્યો છે.

ધન્ય છે એવા સ્વામી ભક્તોને !



પ્રકરણ ૪૨ મું.

હાલના શિવપુત્રનો પૂર્વ વૃત્તાંત

એક દીવસે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી મઠમાં બેઠા હતા ત્યારે એક બ્રાહ્મણે આવી નમસ્કાર કરીને કહ્યું કે–" હે ભગવાન મારે ઘેર એક વૃધ્ધ બ્રાહ્મણ તાવથી ઘણોજ બીમાર અને મરણ પથારીએ છે." એ ઘણોજ દુરથી આવેલો છે અને આખો વખત તમારૂં નામસ્મરણ કર્યા કરે છે તથા તમારા દર્શનની આશા રાખે છે.

આ વાત સાંભળી સ્વામીજી ઉઠયા અને તે વૃધ્ધ બ્રાહ્મણને મળવા સારૂ તેની સાથે ઘેર ગયા.

સ્વામીજીને જોઇ તે વૃદ્ધ બ્રાહ્મણ પથારીમાંથી ઉભો થઇ પગે લાગી બોલ્યો કે " મારો પ્રાણ તમારા દર્શનાર્થે રહ્યો હતો. તમોને મળવા સારૂ હું અહિંઆ આવ્યો છું, તમે દર્શન આપી મારી ઇચ્છા પૂર્ણ કરી છે.

"હે કૃપાળુ ભગવાન પહેલવહેલી મારી મુલાકાત મલ્લીકાર્જુન ક્ષેત્રમાં શ્રી ગજદંડ ગુરૂને ત્યાં થઇ હતી મારૂં નામ સુબૈયા શાસ્ત્રી છે. તે વખતે મને મારી વિદ્યાનો ઘણોજ ગર્વ હતો, આથી તમે વાદવિવાદ કરી મારા ગર્વનું ખંડન કર્યું હતું.

આ વખતથીજ હું તમોને પૂજ્ય માનતો આવ્યો છું."

આ વાત બન્યા પછી થોડાજ વખતમાં તમારા દર્શનની મને ઇચ્છા થઇ તેથી મેં પાછા ફરી તમારી તપાસ કરી, ત્યારે તમે તિર્થાટન કરવા ગયા હતા એમ માલુમ પડયું. પછીથી મને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તમારી શોધમાં તિર્થયાત્રા કરવા નીકળી પડયો.

આજ સુધી બહુ દેશો ફરીને અહિઆં આવી પહોંચ્યો છું. "દયાળુ ઇશ્વરે મારો પ્રાણ તમારા દર્શનને માટે આજ દીન સુધી રાખ્યો છે."

તમારૂં દર્શન થતાંજ આજે મારી આખી ઉમ્મરમાં ન ભોગવેલો આનંદ મને થાય છે. હે કૃપાળુ પ્રભુ તમો સ્વામીજી છો, આ દેહનો આજે ઉધ્ધાર કર્યો છે એમ હું માનું છું.

તમારૂં સ્વરૂપ જાણવા હું શકિતમાન નથી. આ જગતમાં રહેવા છતાં તમે અળગા છો. વેદમાં પણ તમોને નિર્વિકાર અને નિર્ગુણ કહ્યા છે.

હવે તમો દયા કરશો તો એ તમારૂં નિર્ગુણ રૂપ હું જોવા પામીશ કે જેને માટે મ્હારો જીવ તલપી રહ્યા છે. આ દેહમાં એ જ્ઞાન મને મળવા તમોને અશક્ય લાગતું હોય તો, તમારી પાસે મારી છેલ્લી અરજ એ છે કે "મને બીજો જન્મ એવો આપો કે હમેશાં તમારી પાસે રહી સેવા કરી શકું, આ મારી છેલ્લી માગણી સફળ થાય એવો આશીર્વાદ આપો કે જેથી હું મારો દેહ મુકી શકું.

તેનું આવું દયાજનક બોલવું સાંભળી સ્વામીજીને ઘણીજ લાગણી થઇ કંઠ ભરાઇ આવ્યો.

સ્વામીજીએ કહ્યું "હે સુબૈયા શાસ્ત્રીજી ! તું જ્ઞાની છે અને અંત સમયે પણ સારી ભાવના રાખી પ્રાણ છોડે છે એથી તને ધન્ય છે.

ગીતાજીમાં પણ અર્જુનને શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું હતું કેઃ—

ययं चापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
नं तमेवैति कौंतेय सदा तद्भाव भावितः ॥

હે કુંતીપુત્ર જેનું જેનું પણ સ્મરણ કરતો તે અંતકાળે દેહને ત્યજે છે, તે હંમેશાં (જીવતાં પણ) તેવીજ ભાવનાવાળો હોવાથી તેને તે પામે છે."

હવે આ શરીર તું છોડીશ એટલે તને બીજો દેહ પ્રાપ્ત થશે અને ત્યાં તને ગુરૂભક્તિની યાદ થઈ તું મારી પાસે આવશે.

સ્વામીજીનું આવું વાકય સાંભળી સુબૈયા શાસ્ત્રીએ સ્વામીજી તરફ જોઇ સિધ્ધ નામનો ઉચ્ચાર કરી પોતાનો પ્રાણ છોડયો.

પછીથી ઘણા બ્રાહ્મણો એકઠા થઇ સુબૈયાની અંત્યેષ્ઠિ કરી, તથા સ્વામીજીની પૂજા કરી મઠમાં પહોંચાડયા.

ગરગ ગામમાં મડીવાળ સ્વામી મહાન બ્રહ્મ નિષ્ઠ, રહેતા હતા, તેમને ત્યાં શિવબસપ્પા નામનો ગૃહસ્થ સેવા કરવા પોતાની પત્ની (શિવલીંગમ્મા) સાથે ઘણા વખતથી આવતો હતો, આખો દિવસ વણકરનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો અને રાત્રે બન્ને જણાં સ્વામીજીની સેવા ભક્તિપૂર્વક પ્રેમથી કરતાં હતાં.

એક દિવસે એમની દૃઢ ભકિત જોઇ સ્વામીજી પ્રસન્ન થયા અને શિવબસપ્પાને પાસે બોલાવી પુછયું કે " ત્હારી શું ઇચ્છા છે " ? જે જોઇએ તે માગી લે. શિવબસપ્પાએ કહ્યું " હે દયાળુ સ્વામીજી, આપની સેવા કરવાથી હવે આ સંસાર મ્હને બીલકુલ ગમતો નથી ફકત મ્હારે તમારી સેવાજ જોઇએ છીએ. આ સિવાય મ્હારૂ મન બીજી કોઇ પણ ઇચ્છા રાખતું નથી. "

ત્યાર બાદ શિવલીંગવ્વાને બોલાવી પૂછયું કે " તારે જે જોઇએ તે તું માગી લે, તેણીએ કહ્યું કે હે કૃપાળુ પ્રભુ ! તમે સર્વ વ્યાપી છો, તથા ભકતોનું દુઃખ જાણો છો. મારે સંતતિ નથી માટે સુપુત્ર થાય એવી મારી ઈચ્છા છે."

મડીવાળ સ્વામીજીએ બન્નેને આશીર્વાદ આપી કહ્યું " કે તમારે ત્યાં મહાજ્ઞાની પુત્ર અવતરશે, આ મારા શબ્દોમાં ભરૂસો રાખી સ્વામીજીનું સ્મરણ હંમેશાં કરજો.

આશીર્વાદ આપ્યા પછી નવ માસ પુરા થતાંજ શિવલીંગવ્વાને સારો પુત્ર અવતર્યો.

એક દિવસે એમને ત્યાં એક જોશી આવી પહોંચ્યો અને પુત્રનાં લક્ષણ જોઇ કહ્યું કે " આ પુત્ર તમોને આશીર્વાદથી પ્રાપ્ત થએલો લાગે છે માટે એનું નામ શિવપુત્ર રાખજો.

એ યોય ભ્રષ્ટ સ્થિતિમાં જન્મેલો છે તો પણ સ્વામીજીની કૃપાથી એ બ્રહ્મનિષ્ઠ બનશે અને તમારા કુળનો ઉદ્ધાર કરશે તથા ઘણોજ બુદ્ધિમાન નિવડશે, એવું કોઈપણ જોતીષી કહી શકશે.

પુત્ર બાર વર્ષનો થયો એટલે તેનું લગ્ન કર્યું. પંદર વર્ષનો અર્થાત પૂર્ણ જુવાનીમાં આવતાંજ તેને વૈરાગ્ય પ્રાપ્ત થયો. આ વખતે પોતાની સ્ત્રી તેના માબાપને ત્યાં હોવાથી લાગ જોઇ કોઇને કહ્યા વગર ઘર છોડી ચાલી નીકળી સીધો

હુબળી સિધ્ધાશ્રમમાં આવ્યો અને સ્વામીજીને પગે પડી કહેવા લાગ્યો કે " હે સ્વામીન્ તમે દયાળુ છો આખા જગતનું રક્ષણ કરનારા છો, મારૂં તમારા શિવાય બીજુ કોઈ પણ રક્ષણ કરનાર નથી, હું તમારે શરણે આવ્યો છું, મને આ સંસાર બીલકુલ ગમતો નથી માટે તેમાંથી મુકત કરી મને હંમેશાં તમારી પાસેજ રાખશો એવી આશા રાખુ છું."

સ્વામીજીએ પોતાની પાસે બેસાડી કહ્યું અહિઆં તને સંસાર ભય રાખવાનો હોયજ કયાંથી? તું સ્વસ્થ ચિત્તે સ્વામીજીનું નામ સ્મરણ કરતો અહિઆં સુખેથી રહેજે.

સ્વામીજીએ એના આવતાંનીજ વારમાં ઓળખી લીધો હતો, પછીથી બોલ્યા કે " આતો આપણો સુબૈયા શાસ્ત્રી છે, અને મરતી વખતે રાખેલી સદ્ ઈચ્છા પૂર્ણ કરવા સારૂ ફરીથી જન્મ લઈ અહિઆં આવ્યો છે. એ વિદ્યા સંપન્નજ છે, અને આગળ મોટો કુશળ પંડિત અને બ્રહ્મ-જ્ઞાની બનશે.

સંસ્કૃતનો અભ્યાસ કરવા સારૂ તેને પાઠશાળામાં મુકવામાં આવ્યો, ત્યાં બધા વેદોના ગ્રંથો વાંચી હોશીઆર બન્યો. એ નિપુણ થયા બાદ સ્વામીજીએ તેને સંન્યાસ દીક્ષા આપી.

એક દીવસે સ્વામીજીએ એને બોલાવી આંગળીથી બતાવી કહ્યું કે " પેલો પત્થરો પડયો છે તે ઉચકી દોડ."

સ્વામીજીની આજ્ઞા થતાંજ તેણે એમ કર્યું.

પરન્તુ પત્થરો ભારે હોવાથી તે દોડતાં થાકી ગયો અને પગમાં ઠેસ લાગવાથી જમીન ઉપર ગબડી પડયો, આથી તેને ઘણુંજ વાગ્યું અને શરીરમાં દુખવા લાગ્યું.

પોતાને વાગવાથી તથા દુઃખ થવાથી નિસ્તેજ ચહેરે બાજુમાં જઇ બેઠો. એટલામાં સ્વામીજીએ આવી પૂછયું કે "તું અહિંઆં કેમ બેઠો છે ?" આથી તેણે કહ્યું મારૂં આખું શરીર દુઃખે છે.

સ્વામીજીએ કહ્યું "તું દેહ છું એમ સમજે છે તેથી આ દુઃખ તને ભોગવવું પડે છે. દેહને દુઃખ તો હંમેશનું જ હોય છે. દેહનું અભિમાન રાખી દુઃખ થાય છે એમ તું કહે છે માટે તું સાંભળઃ—"દેહ એ તું પોતે છે એ શા ઉપરથી કહી શકે છે ? અહિઆં આ પત્થરો પડેલો છે તે પણ તું પોતેજ છે એમ કેમ કહેતો નથી ? જ્યારે તું પત્થર થઈ શકતો નથી ત્યારે આ જડ શરીર તુંજ છે એમ શા ઉપરથી કહે છે ? તે મને કહે. સ્વામીજીના આવા શબ્દો સાંભળી એના ઉપર દરરોજ એકાન્તમાં જઈ વિચાર કરવા લાગ્યો પછીથી એક નિશ્ચય કરી નકકી કર્યું કે "આ જડ શરીર હું નથી પણ ઇન્દ્રિય રૂપમાંજ છું. એક વર્ષ સુધી આ વિચારમાં કાયમ રહ્યો.

સ્વામીજી એનો કરેલો વિચાર જાણી ગયા હતા તેથી સ્વામીજીએ કાળાં મરી પાણીમાં ઘસી તેનું પાણી તૈયાર કર્યું અને પછી શિવપુત્રને પાસે બોલાવી એકદમ તેની આંખમાં છાંટયું આથી તેની આંખો બળવા લાગી અને વેદના થાય છે એમ કહેવા લાગ્યો.

સ્વામીજીએ કહ્યું આંખોમાં જ્યારે વેદના થાય છે એવું તને માલુમ પડે છે ત્યારે ઇન્દ્રિય રૂપમાં તું છે એમ કેમ માને છે ? ચાલ હવે એક વખત ઇન્દ્રિય રૂપ માની લીધું તો ઇન્દ્રિઓ તો દશ છે તો તેમાંથી તું કઇ ઇન્દ્રિયમાં છે તે મને કહે ? પોતે ફરીથી વિચારમાં પડયો ને પાછો એકાન્તમાં જઈ એક વરસ સુધી મનન કરી નકકી કર્યું કે " મન બધી ઈન્દ્રિઓને તાબામાં રાખે છે, કારણકે બધા વિચારો ત્યાંથીજ ઉત્પન્ન થાય છે અને પછીથી ઇન્દ્રિઓ તેવી રીતે વર્તન કરે છે, માટે હું તે મનસ્વરૂપમાં છું.

વર્ષ પુરૂ થતાંજ સ્વામીજીએ તેને પૂછ્યું કે હવે તું કોણ છે ? ત્યારે તેણે કહ્યું " સુખ અને દુઃખ, સારૂં યા નઠારૂં જે કંઇ ભોગવવું પડે છે તે મનમાંથી ઉત્પન્ન થાય છે અને તેથીજ હું મન રૂપમાં છું.

સ્વામીજીએ કહ્યું " મન ઉપર કાબુ રાખી સુખ દુઃખનું નિવારણ તું જ્યારે કરે છે તો તે કાબુ રાખનાર કોણ ?

વળી પાછો એક વર્ષ સુધી વિચાર કરી નક્કી કર્યું કે " દરેકમાં બુદ્ધિ શ્રેષ્ટ છે અને સુખદુઃખ બુદ્ધિથીજ સમજાય છે માટે તેજ હું છું.

પછીથી સ્વામીજી આગળ જઇ પોતાનો વિચાર કહી સંભળાવ્યો. આ વખતે સ્વામીજીએ સાંભળી લઈ કંઇ પણ બોલ્યા નહિ.

થોડા દીવસો વીત્યા પછી એક દીવસે મળસ્કે સ્વામીજી ઉઠયા અને જ્યાં શિવપુત્ર સુતો હતો ત્યાં જઈ એને પીઠ ઉપર થાબડયો, આ વખતે તે ભર ઉંઘમાં હોવાથી એકદમ ચમકી ઉઠયો એટલે સ્વામીજીએ પૂછયું કે આટલો વખત તેં શું અનુભવ મેળવ્યો તે મને કહે ?

શિવપુત્રે કહ્યું " મેં કશોજ અનુભવ મેળવ્યો નથી. "

સ્વામીજીએ કહ્યું " તું કહે છે કે હું બુદ્ધિ છું ત્યારે આટલો વખત તું કયાં હતો ? "

શીવપુત્રે કહ્યું " હું આખી રાત નિદ્રા સુખમાં શૂન્ય સ્વરૂપમાં હતો.

સ્વામીજીએ કહ્યું " હે જ્ઞાની શિવપુત્ર સાંભળઃ—

હું હતો એમ તેં કહ્યું છે એનો અર્થ **સત્**, શૂન્ય એટલે **ચિત્ત** અને સુખ એટલે **આનંદ**, માટે તું **સચ્ચિદાનંદ સ્વરૂપ** છે.

હંમેશનું તારૂં એજ સ્વરૂપ છે અને પાપપૂન્ય વીગેરે સાથે તારો કશો સબંધ નથી, આખી દુનીઆમાં એજ રૂપ ભરેલું છે માટે હમેશાં તું ચિદ્રુપ છે.

જડ દેહ શું એ તેં જાણ્યું છે. ઇન્દ્રિયોને પ્રેરણા કરનારો પ્રાણ અને એનું હલનચલન મનથી તું સમજે છે.

મનની વૃત્તિ બુધ્ધિથી જાણે છે અને બુદ્ધિનો વહેવાર આજે સમજાવેલા સાક્ષીરૂપમાં છે, એ સાક્ષીરૂપનો અભ્યાસ હમેશાં ધ્યાનમાં રાખજે.

સાક્ષીરૂપને કદાપિ ભૂલતો નહિ, હમેશાં વૈરાગ્યવૃત્તિથી રહી, નિરાભિમાની બની, વિષયને પણ એ રૂપમાં ગણી સ્વ-સ્વરૂપનું ધ્યાન તું છોડતો નહિ.

આવા પ્રકારનો બોધ સ્વામીજીના મુખેથી સાંભળી શિવપુત્રનું મન સ્વરૂપાકાર બન્યું અને બ્રહ્માનંદનો અનુભવ પૂર્ણ રીતે મેળવ્યો.

શિવપુત્ર ઉઠી સ્વામીજીને નમસ્કાર કરી કહ્યું હે પ્રભુ તમારી કૃપાથી આજે મારા જન્મનું સાર્થક થયું છે અને મને આત્માનુભવનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. હવે મને એવી સેવા આપો કે જેથી હું હમેશાં તમારી પાસેજ રહી શકું.

સ્વામીજીએ કહ્યું "હવે તું આશ્રમમાં રહી મારી આગળ બેસી વેદાન્ત ગ્રંથોનું વિવેચન આશ્રમમાં આવનાર

ભકતોને કહી સંભળાવી ખુશ કર કે જેથી તારૂં જ્ઞાન દૃઢ બનશે અને લોકોના ઉધ્ધારનું કાર્ય પણ થશે.

ગુરૂ આજ્ઞા માથે ચઢાવી શિવપુત્ર આ દીવસથી આશ્રમમાં હમેશાં નિયમસર પ્રેમપૂર્વક વેદાન્ત નિરૂપણ કરવા લાગ્યો.

ગુરૂ કૃપાથી પુરાણ કહેવાની ઢબ બહુજ સારી રીતે એણે એવી કેળવી કે હજારો ભકતોના મન ઉપર ભકિતની તુરતજ અસર થાય છે અને તેઓની વૃત્તિ તદાકાર બને છે.

ધન્ય છે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીની લીલાને કે હાલમાં પણ શિવપુત્ર સ્વામીસેવા તથા ભકતોના મનરંજન કરી રહ્યા છે.



પ્રકરણ ૪૩ મું

રૂકિમણીનો ભૂતથી છુટકારો અને મૃત્યુથી બચાવ

આગલકોટ ગામમાં એક નગરશેઠ રહેતો હતો, એ પૈસાદાર હોવાથી પોતાનો બધો વખત પૈસાની લેવડ દેવડમાં જતો હતો અને ધર્મ ઉપર બીલકુલ ધ્યાન અપાતું ન હતું. તેને એકજ દીકરી હતી અને તેનું નામ રૂકિમણી પાડેલું હતું. રૂકિમણીને નાની વયમાંજ ભૂત વળગેલું હોવાથી તે આખો વખત પોતાના માબાપને ગાળો દેવામાં ગાળતી હતી.

માબાપને પોતાની દીકરીની આવી સ્થિતિ જોઈ ઘણીજ ફીકર થતી હતી અને મંત્ર તંત્ર તથા બાધાઓ વગેરે ઉપાય, ભૂત કાડવા માટે કરી ચૂકયાં હતાં પણ કંઇ વળ્યુંજ નહિ. આથી તેઓની ચિન્તામાં વધારો થતો હતો.

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના ભક્ત શરણપ્પા આ ગામમાં ફરતા ફરતા આવી પહોંચ્યા તેમને આ વાતની ખબર પડતાંજ નગરશેઠને ઘેર ગયા અને પોતાના નિયમ

મુજબ સ્વામીજીને શરણે જવાનું કહી બોલ્યા કે–" હવે તમે મનમાં જરાપણ ચિંતા રાખશો નહિ, એને સાત દીવસ સુધી સ્વામીજીનું ચરિત્ર સંભળાવો અને હંમેશા સ્વામીજી નામસ્મરણ કરવાનું રાખો, તથા સ્વામીજીનું ચરણતીર્થ લાવી એને પીવડાવશો એટલે તેની પાસે કોઇપણ દીવસ ભૂત આવશે નહિ.

આ મારા કહેવા ઉપર ભરોસો રાખી આજથી ચરિત્ર વાંચવાની શરૂઆત કરો.

આ લ્યો ! હું તમોને સ્વામીજીનું ચરીત્ર આપું છું. આમ કહી પોતાની પાસેથી ચરિત્રનું પુસ્તક આપ્યું. નગર-શેઠે કહ્યું "મેં ઘણા પૈસા ખર્ચ કરી હજારો ઉપાયો કરી ચુકયો તો પણ કશો ફાયદો થયો નહિ, ત્યારે આ ખાલી ચરણતીર્થ પીવાથી તથા ચરિત્ર વાંચવાથી શું વળવાનું છે ?

શરણપ્પાએ કહ્યું તમે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીનો મહીમા હજુ જાણ્યો નથી તેથીજ આમ બોલો છો. સ્વામી-જીનો અધિકાર બહુજ ભારે છે અને તે અમારા જેવા પણ જાણી શકતા નથી તો તમોને શી રીતે ખબર પડે ?

ઉણુકલ ગામમાં બે સ્ત્રીઓની સ્થિતિ ભૂતથી આ તમારી દીકરી કરતાં પણ વધારે ભયંકર હતી અને તે સ્વામીજીના ચરણતીર્થ અને ચરિત્ર વાંચવાથી તદ્દન સારૂ થઈ ગયું છે એ અમે નજરે જોયું છે.

શરણુપ્પાનું આવું બોલવું સાંભળી નગરશેઠે કહ્યું જો એવુંજ હોય તો ભલે આજથી રૂકિમણીને સ્વામીજીનું ચરિત્ર વાંચવા દો, મને તો જરાએ પુરસદ નથી માટે બીજા કોઇ માણસને હુબળી મોકલાવી તીર્થ મંગાવી લઇશું.

શરણુપ્પાએ રૂકિમણીને પુસ્તક આપી શ્રી સિદ્ધ નામનો જયજયકાર કર્યો.

આ સાંભળી રૂકિમણીએ પોતાના પિતાને કહ્યું કે આ ચરિત્ર વાંચવાનું મને ઘણુજ પ્રિય લાગે છે માટે હું દરરોજ એનુંજ ભજન કરીશ.

પછીથી શરણુપ્પાએ ૐ શ્રી સિદ્ધ. નામનો મંત્ર આપ્યો અને કહ્યું કે " દરરોજ સ્વામીજીનું સ્મરણ કરજે એટલે ભૂત તારી પાસે કોઇ પણ દિવસ આવશે નહિ એટલુંજ નહી પણ કોઇ જાતનો ત્રાસ પણ પડશે નહિ. તેણીએ આ પ્રમાણે વર્તવાનું કબુલ કર્યું ત્યાર પછીથી શરણુપ્પા આ ગામ છોડી આગળ તિર્થયાત્રા કરવા ચાલી ગયા.

નગરશેઠે ચરણુતીર્થ મંગાવી રૂકિમણીને પાયું આથી તેને ઘણોજ પ્રાયદો દેખાયો અને હંમેશાં સ્વામીજીનું નામ સ્મરણ કરવાથી ભૂત નાશી ગયું.

સાત દિવસો ચરિત્ર વાંચવામાં આનંદથી પસાર થયા અને જે ભૂતથી ત્રાસ પડતો હતો તે બીલકુલ મટી ગએલો માલુમ પડ્યો.

નગરશેઠને ચરિત્ર વાંચવાથી થયેલો ફાયદો જોઇ કહ્યું "મને ખરૂં પુછો તો પહેલેથીજ વિશ્વાસ હતોજ નહિ પણ જ્યારે રૂકિમણીને ફાયદો થએલો નજરે જોઉં છું ત્યારે સ્વામીજીની કૃપાથીજ મટ્યું છે માટે તેમનું દર્શન કરવા હુબળી જવું જોઇએ.

થોડાજ વખતમાં સાત દીવસનું પારાયણ પુરૂં થયું તે વખતે બપોરનો સમય થયો હતો. પારાયણ જીંજીના ઝાડ નીચે કરવામાં આવ્યું હતું કારણ કે તે ઝાડ પવિત્ર ગણાય છે અને તે એક ઉંચી જગ્યાએ આવેલું હતું. રૂકિમણી ઝાડની નીચેથી ઉઠી નીચે ઉતરવા જતી હતી એટલામાં અકસ્માત રીતે ચકરી આવવાથી તે ગબડી પડી. અને તેના માથામાં પત્થરો વાગવાથી પુષ્કળ લોહી વહી રહ્યુ હતું.

એનો બાપ એકાએક આવીને જુએ છે તો તેને મરણ પામેલી સ્થિતિમાં દીઠી.

આ બનાવ જોતાંજ તે ઘણુંજ રડવા લાગ્યો અને દુઃખથી બોલવા લાગ્યો "હે સિધારૂઢ સ્વામીજી મહરાજ આ તેં શું કર્યું? પહેલેથી મારી શ્રદ્ધા હતીજ નહિ તો પણ તમોએ અમારા ઉપર કૃપા દેખાડી રૂકિમણીને ભૂતથી બચાવી અને મને શ્રધ્ધાવાન બનાવ્યો. અને વળી એટલામાં આ તેં શું કર્યું? એ તમારી કીર્તિને ડાઘ લાગવા જેવું

છે કારણ કે તમારા નામનો જપ તથા ચરિત્ર વાંચી સમાપ્તિ કરતાંજ એને મરણ આવ્યું. આ વખતે જો તમો વ્હારે નહિ આવો તો, લોકો એમજ કહેશે કે તમારી ભક્તિ કરવાથી જલદીથી મરણ આવે છે.

હે કૃપાળુ દીનદયાળ ભગવાન્ અત્યારે વ્હારે ધાઓ અને આ તમારે શરણે આવેલી મારી રૂક્મિણીને કાળના મુખમાંથી છોડાવી તમારૂં દીનદયાળ નામ સાચુ કરી બતાવો.

આવી રીતનો વિલાપ કરતો તે શબની પાસે બેઠો છે એટલામાં એક સાધુ એકાએક આવી પહોંચ્યો, આવનાર સાધુનો ચહેરો બહુજ શાંત તથા તેજસ્વી હતો. એને જોતાંજ નગરશેઠને આશ્ચર્ય લાગ્યું. સાધુએ માથા ઉપર લાલ વસ્ત્ર બાંધેલું હતું, અંગ ઉપર ભગવા રંગની શાલ ઓઢી હતી, ગળામાં રૂદ્રાક્ષ માળા પહેરેલી જણાતી હતી તથા હાથમાં કમંડળ પકડેલું હતું.

સાધુ આવતાંજ નગરશેઠની પાસે જઇ ઉભો રહ્યો અને પુછવા લાગ્યો કે "તમે શા માટે વિલાપ કરો છો? તથા આ બાળાને શું થયું છે?

નગરશેઠે કહ્યું–" અમારૂં દુઃખ તમોને શું કહું, અમોને શ્રી સિદ્ધારૂઢની ભકિત કરવાથી આ આફત મારા ઉપર આવી પડી છે. આજથી સાત દિવસ પહેલાં એક સાધુ આવ્યો

હતો અને એના કહ્યા ઉપર વિશ્વાસ રાખી અમે શ્રી સિધ્ધારૂઢનું ચરીત્ર વાંચવાની શરૂઆત કરી અને એ પુરૂં થતાંજ આ મારી બાળાનો જીવ ગયો.

નગરશેઠનું આવું શ્રી સિધ્ધારૂઢને ડાઘ લગાડવા જેવું બોલવું સાંભળી સાધુએ પોતાના બન્ને હાથે કાન ઢાંકી કહેવા લાગ્યો કે " શિવ ! શિવ ! આ બાળાનું આયુષ્ય સંપુર્ણ થતાંજ એનું મૃત્યું થયું છે, એમાં તમે શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી ઉપર શા માટે આળ મુકો છો ? જે હંમેશના માયાથી અળગા છે તથા અજ્ઞાનીઓને તારવા માટેજ એમનો અવતાર છે. એમની નિન્દા કરી તમો તમારૂં બુરૂં હાથેજ કરો છો માટે કંઇક સમજો ?

સ્વામીજી તો ઘણાજ દયાળુ છે અને અત્યારે તેમણેજ મને અહિંઆં મોકલ્યો છે. " પોતાના ભકતનું રક્ષણ કરવા સારૂ શું શું ઉપાયો કાળજી રાખી સ્વામીજી કરે છે તે જુઓ ?

ગઇ કાલે હું તેમના દર્શને ગયો હતો ત્યારે મને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું હતું કારણ કે મને પાસે બોલાવી કહ્યું કે " હે સન્યાસી કાલે તને એક સ્રી મરણ પામેલી દેખાશે, તો તેને માટે હું આ વિભુતિ આપુ છું તે તું તારી પાસે રાખ અને તે સ્રીના મુખમાં મુકી જીવાડજે.

પહેલાં તો મને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું પરન્તુ અત્યારે એ વાત હું મારી નજરે જોઉં છું ત્યારે એ સર્વજ્ઞ સર્વ સાક્ષી ગુરૂજીની સત્તા કેટલી છે તે માલુમ પડે છે, એટલુંજ નહિ પણ એમની કૃપાથી તારી બાળા હમણાંજ ઉઠી ઉભી થઇ જશે.

આટલું કહી સાધુએ પોતાની ઝોળીમાંથી વિભુતિ કાઢી પ્રેત પાસે જઇ બોલ્યો કે " શ્રી સિધ્ધારૂઢ ગુરૂજીની આજ્ઞાથી હું ત્હારા મોંઢામાં આ વિભુતિ મુકું છું માટે તું ઝટ ઉઠજે. આમ કહી મુખમાં વિભુતિ મુકી શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના નામનો જય જયકાર કરવા લાગ્યો.

રૂકમિણીના મરણની વાત ગામમાં ફેલાવાથી તેને જોવા સારૂ ઘણાં માણસો અહિઆં આવ્યાં હતાં. અને તે બધાઓની નજર સાધુ તથા રૂકમિણીના મોઢા તરફ આતુરતાથી નિહાળતાં તથા આનું શું પરિણામ આવે છે તે જોતાંજ ઉભાં હતાં.

સાધુ સ્વામીજીનું નામસ્મરણ કરતાંજ રૂકમિણીએ આંખો ખોલી, આ જોતાંજ નગરશેઠને બહુજ આનંદ થયો અને સાધુના પગ ઉપર માથુ મુકયું. એટલામાં રૂકિમણીને બેઠી થએલી જોઇ સાધુ એકાએક અદૃશ્ય થયો.

આ બનાવ જોઇ, બધા માણસોને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું અને દરેકે શ્રી સિધ્ધારૂઢના નામનો જયજયકાર

કર્યો તથા માંહેમાંહે કહેવા લાગ્યા કે "રૂકિમણીનું રક્ષણ કરવા શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી પોતેજ આવ્યા હતા. ધન્ય છે તેની ભક્તિ ને ?"

થોડા દીવસો વીત્યા બાદ નગરશેઠ પોતાના આખા કુટુમ્બને લઈ હુબળી ગયા, અહિઆં સ્વામીજીને પગે પડતાંજ સ્વામીજીએ નગરશેઠને પૂછ્યું કે "રૂકિમણીની તબીયત હાલમાં કેમ રહે છે ?

આ સાંભળતાંજ નગરશેઠને ઘણીજ નવાઇ લાગી અને મનમાં વિચાર કરવા લાગ્યા કે હું તો પહેલવહેલોજ સ્વામીજી પાસે આવું છું તે છતાં મને ઓળખ્યો, વળી મારા કહ્યા સિવાય રૂકિમણીની વાત કયાંથી જાણી હશે ? પછીથી રૂકિમણીને સ્વામીજીને પગે લગાડી બનેલી બધી હકીકત કહી સંભળાવી ને કહ્યું કે "હે દયાળુ પ્રભુ તમેજ મારી રૂકિમણીને બચાવી છે તથા અમો બધાને ભકિત માર્ગ ઉપર તમેજ લાવ્યા છો, અમારો ઉધ્ધાર તમારા હાથેજ થવાનો છે એમાં જરાએ શંકા નથી. હે નાથ અમારા ગરીબો ઉપર હંમેશાં કૃપા રાખશો, આટલું કહી સ્વામીજીનો આશીર્વાદ તથા આજ્ઞા લઇ પોતાને ઘેર પાછા ફર્યા.

પ્રકરણ ૪૪ મું

હુબળીના બદમાસો તથા સ્વામીજીને આપેલું ઝેર

હુબળી શહેરમાં લિંગાયત જ્ઞાતિનો રૂદ્રાક્ષ મઠ આવેલો છે અને તેની પાસેજ બસપ્પા ઉપ્પીન નામનો શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીનો ભક્ત રહે છે. દર વર્ષે શિવરાત્રિ ઉત્સવમાં સ્વામીજીની પાલખી નીકળે છે, તે વખતે આ ભક્ત પ્રેમપૂર્વક સ્વામીજીને મઠમાં ઉતારી પૂજા કરતો હતો. ઘણા વર્ષો સુધી આવી રીતે કરતો આવ્યો હતો.

એક વર્ષે લિંગાયત જ્ઞાતિમાંના કેટલાક દુષ્ટ લોકોથી સહન ન થવાથી તે લોકોએ બસપ્પાને કહેવરાવ્યું કે "આ વર્ષે તને શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીની પૂજા રૂદ્રાક્ષ મઠમાં કરવા દેવામાં આવશે નહિ કારણકે એમની પાસે લિંગ નથી તેથી અમોને લાંછન લાગે છે તથા અમારા ધર્મને બગાડે છે. જો અમારૂં કહેવું માનશો નહિ તો અમે તને તથા સ્વામીજીને જીવતા રાખીશું નહિ.

આવું ત્રાસદાયક કહેણુ સાંભળી બસપ્પાને ઘણુંજ લાગી આવ્યું, આથી પોતે સ્વામીજી પાસે જઈ બનેલી બીના કહી સંભળાવી.

સ્વામીજીએ કહ્યું–" આપણાથી જો બીજા લોકોને ત્રાસ પડતો હોય તો આપણે એ જગ્યાએ જવુંજ જોઇએ નહિ."

સ્વામીજી અને બસપ્પા વચ્ચે આ વાતચીત ચાલતી હતી તે વખતે ત્યાં દર્શનાર્થે આવેલા એક સરકારી અમલદારે આ બીના જાણી આથી પોતે સ્વામીજીને નમસ્કાર કરી બસપ્પા તરફ જોઈ કહેવા લાગ્યો કે–" તમે દર વર્ષના ધારા મુજબ આ વર્ષે પણ સ્વામીજીને રૂદ્રાક્ષ મઠમાં ઉતારી બેફીકરથી પુજા કરજો." આવા ધર્મકૃત્યમાં તમોને કેવી રીતે અને કોણ અટકાવ કરી શકે છે. તે હું જોવા માગું છું.

ઉત્સવના વખતે સ્વામીજીની પાલખી શણગારી તથા સ્વામીજીને અંદર બેસાડી વાજતે ગાજતે રૂદ્રાક્ષ મઠ તરફ જવાની તૈયારી કરી. આ વખતે સરકારી અમલદારે હથીઆર બંધ સીપાઈઓની ગોઠવણ કરી પાલખીની આજુબાજુ બરાબર રીતે સીપાઇઓને મુકી, પાલખી રૂદ્રાક્ષ મઠ તરફ કાઢવામાં આવી.

રૂદ્રાક્ષ મઠ આવતાંજ સ્વામીજીને ત્યાં ઉતારી પૂજા કરવામાં આવી. આ વખતે મઠની બહાર ઉઘાડી તલવારે સખ્ત પહેરો રાખવામાં આવ્યો હતો. આવી રીતે બસપ્પાની

પૂજા નિર્વિઘ્ને પાર પડી, પછીથી સ્વામીજીને બધે ફેરવી આશ્રમમાં પાછા લાવ્યા.

આવો સખ્ત બંદોબસ્ત જોઇ ત્યાંના દુષ્ટ લીંગાયતો ફીક્કા પડી ગયા આથી તેઓ નાશી જઇ કવન્દી મઠમાં ભેગા થયા અને આગળ શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા અને માંહે માંહે કહેવા લાગ્યા કે "હથીઆરબંધ સીપાઇઓથી આપણે ફાવી શકયા નહિ, તેઓમાંનો એક જણ કહેવા લાગ્યો કે આ સિદ્ધારૂઢ આપણામાંના મૂર્ખ લોકોને ભમાવી આપણા ધર્મનો નાશ કરવા લાગ્યો છે તે આપણે નજરે જોઈએ છીએ. જો એને એવું કરવા દઈશું તો આપણા ઉપર બસવણ્ણા દેવનો કોપ થશે માટે એને કોઇ પણ રીતે જીવતો રાખવો નહિ.

બીજા માણસે કહ્યું—એને મારવાને કેટલી વાર લાગશે ? એ ગમે તેને ત્યાં જમવા જાય છે.

ત્રીજાએ કહ્યું—હું એના એક દૃઢ ભકતનો ઢોંગ કરી, એને ફસાવી આપણા આ કવન્દી મઠમાં લઇ આવીશ એટલે આપણો ઉદ્દેશ પાર પડશે. આવી રીતની વાત સાંભળી દુષ્ટોને ઘણોજ આનંદ થયો અને કહેવા લાગ્યા કે આપણે સિધ્ધારૂઢનું હવે કાટલું કાઢી નાખીશું એટલે આગળ જતાં એનું નામ કોઇ પણ લેશે નહી. આવો સંકેત નક્કી કરી

એક દિવસે તેઓમાંનો એક જણ સ્વામીજી પાસે સાંજની વખતે આવ્યો અને નમસ્કાર કરી વિનંતિથી કહેવા લાગ્યો કે "હે ભગવાન અત્યારે મારે ઘેર ભોજન કરવા કૃપા કરી પધારશો."

સ્વામીજીએઃ—હું સાંજની વખતે જમતો નથી માટે તું કાલે સવારે આવજે એટલે હુ આવીશ.

સ્વામીજીનું આવુ બોલવું સાંભળી ઢોંગી ભકતે ગદગદ કંઠે કહ્યું આજે મારે ઘેર આપ નહી આવશો તો મારા ઘરના બધા માણસો ખાધા વગર રહેશે. આપ સાંજે જમતા ન હો તો થોડી પૂરાળ કરશો, એટલે ચાલશે. આમ કહી ખુબ આગ્રહ કર્યો, આથી સ્વામીજીએ એના કહ્યા ઉપર ભરૂસો રાખી મઠમાંના બીજા કોઈપણ શિષ્યને સાથે લીધા વગર તેની સાથે ગયા. સ્વામીજીને કવન્દી મઠમાં સીધો લઈ આવ્યો. અને એક ઓરડીમાં બેસાડીને કહ્યું કે—" હું હમણાંજ આવું છું એમ કહી ઓરડીની બહાર જઈ તુરતજ બારણાં બંધ કરી તાળું લગાડી દીધું. આવી રીતે સ્વામીજીને સપડાયેલા જોઈ તે બધા ઘણાજ આનંદમાં આવી ગયા અને બોલવા લાગ્યા કે હવે રાત થતાંજ એને યમપુરીમાં મોકલાવી આપીએ. આટલું કહી મઠની બહાર રાત્રિ પડવાની રાહ જોતા બેઠા. સ્વામીજીએ ઓરડીની અંદર જ્ઞાન દૃષ્ટિથી જોયું ત્યારે આ દુષ્ટોનાં કાવતરાં જાણી ગયા અને પોતેજ

બોલ્યા કે " આ મૂર્ખોને શું કહીએ ? " સાચુ જોતાં આ બધા અજ્ઞાનીઓ છે, અને તેથીજ પોતાને હાથે પોતાના પગમાં કુહાડો મારે છે. માટે આ લોકોને કંઇક ચમત્કાર બતલાવી ભક્તિ માર્ગ ઉપર લાવવા જોઇએ, આટલું બોલી આત્મ ધ્યાનમાં મન પરોવી સ્વસ્થ બેઠા.

બીજી બાજુ શ્રી સિધ્ધારૂઢ આશ્રમમાં સ્વામીજીને ઘણો વખત થવાથી તથા પાછા ફરેલા નહી જોવાથી ભારે ગભરાટમાં પડયા અને આખા શહેરમાં શોધવા લાગ્યા. તો પણ સ્વામીજીનો પત્તો લાગ્યો નહી. આથી આજુબાજુની ઝાડીમાં તથા નદીના કિનારે તપાસ કરતાં કરતાં થાકી ગયા અને છેવટે એક કુવાની પાસે બધા એકઠા થઇ પ્રાર્થના કરવા લાગ્યા કે " હે ભગવાન અમોને છોડી તું કયાં ગયો છે, અને અમોએ આટલી બધી ખોળ કર્યાં છતાં તારો પત્તો હજુ લાગતો નથી. માટે હે કૃપાળુ ભગવાન અમારા ઉપર દયા લાવી તુંજ આવી અમોને દર્શન આપ કારણકે અમારા કરેલા બધા ઉપાયો નિષ્ફળ ગયા છે. "

પ્રાર્થના પુરી થતાંજ કુવાની બાજુમાં અંધકારની અંદર એક વિજળી જેવો પ્રકાશ પડયો અને તેની અંદર સ્વામીજીની મુર્તિ દેખાઇ એટલે બધા ભકતો દોડયા અને સ્વામીજીને ચરણે પડી હાથ ઝાલી આશ્રમમાં લઇ આવ્યા.

આશ્રમમાં આવ્યા બાદ ભકતોએ પુછયું કે " આટલો બધો વખત આપ કયાં હતા તે કહો ? "

સ્વામીજીએ કહ્યું:—જે માણસ મને અહીઆંથી તેડી ગયો તેણે મને એક ઓરડીમાં બેસાડી બહારથી તાળુ દઈ ચાલી ગયો. એટલે હું ત્યાંજ ધ્યાનમાં બેસી રહ્યો; એટલામાં તમારી પ્રાર્થના સાંભળી એટલે ઝટ ત્યાંથી ઉઠીને તમારી પાસે હાજર થયો છું.

આ વાત સાંભળી ભકતોએ કહ્યું:—" આજે અમારૂં નશીબ પ્રબળ લાગે છે. નીકર તે દુષ્ટો શું કરત તે ન કહી શકાત.

પ્રિય વાંચક હવે આપણે કવન્હી મઠમાં શું થાય છે, તેના તરફ નજર ફેરવીએ. દુષ્ટો મધ્ય રાત્રિની રાહ જોતાં આખો વખત સિધ્ધારૂઢ સ્વામીજીને મારવાનું ધ્યાન લગાડી બેઠા હતા.

એટલામાં મધ્ય રાત્રિનો સમય થયો અને આજુબાજુ રસ્તા ઉપર આવનાર જનાર બંધ પડયા, અને ચારે બાજુ શાંતિ પ્રસરાઇ એટલે તે દુષ્ટોએ ઓરડીનુ તાળું ખોલી ધીરેથી બારણું ઉઘાડી એક જણ હાથમાં દીવો પકડી બીજા હાથમાં લાકડી લઇ દાખલ થયો અને તેની પછવાડે બાકી રહેલા પાંચ જણ લાકડીઓ સાથે અંદર ગયા. દરેકે પોત પોતાની લાકડી મારવાને તૈયાર રાખી ઓરડીમાં સ્વામીજીને

શોધવા લાગ્યા-પહેલાં તો સ્વામીજી દેખાયા નહિ. પણ તપાસ કરતાં એક જણ બોલી ઉઠયો તે "આ ખુણામાં સ્વામીજી સંતાઈ બેઠા છે." સ્વામીજીની પ્રેરણાથી તેઓ એક બીજાને સિદ્ધારૂઢ જોવા લાગ્યા. અને પોત પોતાની લાકડીથી માંહે માંહે ફટકાવવાનું શરૂ કર્યું. આ ગરબડમાં પડેલો માર સહન ન થવાથી તેઓમાંનો એક મોટેથી બૂમ પાડી રડવા લાગ્યો. આનો અવાજ સાંભળી, આજુ બાજુના પાડોશીઓ જાગી ઉઠી દોડી આવ્યા. અને ઓરડીમાં જોવા લાગ્યા તો આ છ માણસો એક બીજાને એજ સિદ્ધો છે, એમ કહેતા, ગાંડા બનેલાની માફક એક બીજાને ખુબ લાકડીથી માર મારતા દેખાયા. ત્યારે બહારના માણસો અંદર જઈને દરેકને જુદા પાડી મજબુત પકડી એક એકને બહાર લાવ્યા ત્યારે એ બધાઓએ એક બીજાને ઓળખ્યા અને પછીથી ખુબ હસ્યા. આજુ બાજુના માણસોએ કહ્યું, "કે જે સિધ્ધાને તમે મારવા ઈચ્છતા હતા ને હાલમાં શ્રી સિદ્ધારૂઢ આશ્રમમાં નીરાંતે ઉંઘે છે, તમારૂ ભેજું ઠેકાણે લાવવા તેની પાસેજ તમોને લઇ જવા પડશે એમ લાગે છે." પાડોશીઓનાં આવા બોલ સાંભળી તેઓ છ જણા ઠેકાણે આવ્યા. અને પોતાના કરેલા કૃત્ય માટે દુઃખી થઇ શરમને લીધે ત્યાંથી નાશી ગયા. ત્યારબાદ બધા લોકો વિખરાઇ જઈ પોત પોતાને ઘેર જઈ સુઈ ગયા.

બીજા દિવસે સવારે શરમાતાં શરમાતાં છ જણા આશ્રમમાં આવ્યા અને સ્વામીજીને પગે લાગી બનેલી હકીકત કહી સંભળાવી માફી માગી, ખરા ભકત તરીકે જોડાયા.

આ છ જણોને દુષ્ટ પ્રેરણા કરનારો સાતમો જે માણસ અળગો રહ્યો હતો તેને આ બનાવથી ઘણુંજ લાગ્યું હતું પોતાના દુષ્ટ હેતુ એ વખત નિષ્ફળ ગયા તોપણ પોતાની વાસના કાયમજ રાખી કોઇ પણ રીતે સ્વામીજીને મારી નાખવાને વિચાર નક્કી કર્યો.

થોડા વખતમાં એક કંગાલ બાઇને શોધી તેને દ્રવ્યની લાલચ આપી કહ્યું કે "તું હમેશાં ખાવાના પદાર્થ તૈયાર કરી સિદ્ધાશ્રમમાં લઈ જવાનો નિયમ રાખજે અને પછી એક દિવસે તેની અંદર ભયંકર ઝેર મેળવી સિદ્ધારૂઢ સ્વામીને ખવરાવી દેજે." જો તું એને આવી રીતે મારી નાખશે તો હું તને ઘણુંજ દ્રવ્ય આપીશ.

દ્રવ્યના લોભથી તે બાઈ લલચાઈ અને એ કામ પાર પાડવાનું પોતાને માથે લીધું.

નિયમ મુજબ તે બાઈ આશ્રમમાં જવા આવવા લાગી, અને એક દિવસે સારાં પકવાન્ન તૈયાર કરી, અંદર ઝેર ભેળવી આશ્રમમાં સ્વામીજી પાસે લઈ આવી, અને પોતાની મધુર વાણીથી કહેવા લાગી કે " હે ભગવાન હું

મારી જાતે આ સારાં પકવાન્ન તૈયાર કરી આપની પાસે લાવી છું, માટે એમાંથી હમણાંજ આપ આરોગશો."

તે બાઈનું આવું પ્રેમાળ બોલવું સાંભળી સ્વામીજીએ કહ્યું. "હું હમણાંજ જમી બહાર આવ્યો છું." આથી બાઇએ ઘણોજ ખાવા માટે આગ્રહ કર્યો ત્યારે સ્વામીજીએ એમાંથી એકજ ગ્રાસ પુરતું લઈ પોતે ખાધું અને કહ્યું કે તૂં "આ બધું લઇ તુરતજ ઘેર પાછી ચાલી જા અને જમીનમાં ખાડો ખોદી તેને અંદર દાટી દેજે. કોઇ જાનવરને પણ ખાવા દેતી નહી." સ્વામીજીના આવા શબ્દો સાંભળી બાઈ ઝંખવાણી પડી ગઇ અને ભયને લીધે તુરતજ પોતાને ઘેર નાશી ગઈ અને ફરીથી આશ્રમમાં દેખાઇજ નહિ. અતિશય ભયને લીધે રાત અને દીવસ ઘર અને બહાર બધેજ ઠેકાણે શ્રી સિધ્ધારૂઢને જોવા લાગી અને આવી રીતે પંદર દિવસ સુધી સિદ્ધારૂઢની ભયંકર મૂર્તિ દેખાઈ અને સોળમે દિવસે સિદ્ધ, સિદ્ધ, કહી મરણ પામી.

"વિરોધ ભકિત કરવાથી પણ એ સિદ્ધમાંજ ઐકય રૂપ થઇ એમજ કહેવું પડશે. જો કે તેણીને ઘણુંજ દુઃખ ભોગવવું પડયું હતું." સર્વ સાક્ષિ ભગવાનને આ બધું ખબર પડયા વગર રહ્યું હશે ? એ તો બધુંજ જાણી રહ્યા હતા તથા પોતાના શરીરમાં ઝેર

વ્યાપશે તે પણ સમજી ગયા હતા. તો પણ **જનહીત સાધવા માટે પોતાને દુઃખ સહન કરવુંજ જોઇએ એવો પ્રથમથીજ સિદ્ધાન્ત હતો.**

" જેમકે કાદવવાળા પાણીમાં થોડીક ફટકડી નાખવાથી તે જેમ કાદવને લઈને નીચે બેસી જાય છે અને પાણીને સ્વચ્છ કરે છે. તેવીજ રીતે સ્વામીજીએ કર્યું."

સ્વામીજી બોલ્યા કે **લોકો (ભક્તો) વિષય સુખને સારૂ માને છે અને આગળ જતાં દુઃખ ભોગવે છે. તથા તે દુઃખ જો હું પોતેજ સહન કરીશ તોજ (ભક્તોને) તે લોકોને પરલોકમાં સુખ મળશે. આવા વિચારથી પોતાના ઉપર દુઃખ વહોરી લઇ ભક્તોને સુખ આપવાનો નિશ્ચય કરેલો હતો. ભક્તો માટે પોતે દુઃખ સહન કરી, શરણુ આવવાવાળાઓને તપ વિગેરેનો ત્રાસ આપ્યા વગર આત્મ પ્રાપ્તિ દયાળુ સ્વામીજી કરી આપે છે.**

બીજે દિવસે સવારે જુએ છે તો પોતાના આખા શરીર ઉપર લાલ હીંગળોક જેવા ફોલ્લા દેખાવા લાગ્યા.

આંખ તથા જીભ પણ સુજી આવેલી હતી અને તેથી બહુજ ભયંકર લાગતું હતું. મોઢામાં પાણી ઉતરવાનો રસ્તો રહ્યો ન હતો. એકાએક આવી સ્થિતિ થયેલી જોઇ

બધા ભક્તો ઘણાજ ગભરાયા અને કોઈ ભક્તો ઉપચાર કરવા લાગ્યા તો કોઇ વૈદને તેડી લાવ્યા. વૈદ સ્વામીજીની સ્થિતિ જોઇને કહ્યું કે "હવે જીવવાનું બહુજ કઠણ છે. આની ઉપર લાગુ પડે તેવી દવાજ નથી." વૈદનું કહેવું સાંભળી ગભરાટ ફેલાઇ ગયો. સ્રી ભકતો રૂદન કરવા લાગી કે પોત પોતાના દેહનું ભાન પણ ભુલી ગયાં વળી બીજા ભકતો જમીન ઉપર પડી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા ને કહેવા લાગ્યા કે હે દયાળુ પ્રભુ આવી સ્થિતિમાં અમોને છોડી તુ જતો ના. અમારા સંકટ સમયે દોડી આવી અમારા ગુરૂને બચાવ. એમના સિવાય આ દુનીઆમાં એકલા રહેવું અમોને ઘણુંજ કઠણ પડશે." ભકત મંડળના આવા વિલાપ સાંભળી સ્વામીજીને દયા આવી અને પોતાના હાથના ઈશારાથી "બ્હીશો નહી; શાંત થઇ જાવ એમ કહ્યું."

સ્વામીજીએ આપેલા અભય વચનથી ભકતોને સુખ લાગ્યું અને શાંત થઈ કહેવા લાગ્યા કે ભગવાને અમારી સ્તુતિ સાભળી છે.

સ્વામીજીની મૂર્તિ શાંત રીતે આવી સ્થિતિમાં પડેલી જોઈ દરેકની આંખમાંથી અશ્રુ વહેતાં હતાં

પંદર દિવસ સુધી સ્વામીજી સુતેલાજ પડી રહ્યા,

અને ભકતમંડળ રાત અને દિવસ તેમની પાસે બેસી પ્રેમથી સેવા કરતા હતા.

પંદર દિવસ પુરા થતાંજ ફોલ્લાઓ બેસી ગયા અને જીભ અને આંખ સાફ થઈ પહેલાં જેવી નિર્મળ દેખાવા લાગી. આ વખતે ભકતોને થયેલા આનંદનું વર્ણન કરવું અશક્ય છે. પછીથી પ્રેમ ભાવથી આરતી ઉતારી સ્વામીજીના નામનો જયઘોષ દસ દિશાઓ ગાજી રહે તેવો કર્યો.

“ ભકતોના માટે ભયંકર ઝેર પણ સ્વામીજીએ હજમ કર્યું એથી વધારે શું કરી શકે ? ”



પ્રકરણ ૪૫ મું

વણુકર ચનમલ્લપ્પાની ઉત્તમ ભક્તિ

શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીને મનથી શરણે ગયા હોઈએ તો જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ફક્ત તેમની સેવા મન પૂર્વક કરવી જોઈએ.

પ્રેમથી તેમનું નામસ્મરમ કર્યું હોય તો સંસારનો તાપ લાગતો નથી આટલુંજ નહિ પણ ચિત્તની શુદ્ધિ થાય છે.

સંસારની બાબત મનમાં ન રાખતાં તેમની જે સેવા થાય છે તે **નિષ્કામ** સેવા રૂપે ગણાય છે.

નિષ્કામનો અર્થ એવો છે કે "ભક્તોએ કોઈપણ જાતની પૂળની ઈચ્છા રાખવી ન જોઈએ.

આનાથી પણ **ઉત્તમ સેવા** છે તે નીચે મુજબ છે:-

કોઈપણ રીતે સ્વામીજીની સેવા કરી આનંદીત કરવા. સ્વામીજીને આનંદીત થએલા જોઈ પોતે પણ સુખ માનવું.

સ્વામીજીને દુઃખ થયું હોય તો તે દુઃખ પોતાનેજ થયું હોય એમ સમજવું.

આવી રીતે જે ભકત વર્તન રાખે છે તેનેજ ઉત્તમ સેવા કહેવામાં આવે છે. હવે શ્રેષ્ઠ સેવાના લક્ષણુ વર્ણવું છું. આપણું પોતાનું જે કંઇ હોય તે સ્વામીજીને અર્પણ કરી દાસ બનવું, પછી ગુરૂમંત્ર લઈ એકાન્તમાં ધ્યાનપૂર્વક સ્વસ્વરૂપનું મનન કરવું.

ગુરૂજીના વગર કહે બધી સેવા પોતે જાતેજ કરવી, બીજાને કરવા કહેવું નહિ. આવી રીતે જે વર્તે છે તે શ્રેષ્ઠ સેવાનો અધિકારી ગણાય છે તથા જ્ઞાન અને મુકિત પણ મેળવે છે.

આવી રીતની કરેલી ભકિતનો દાખલો નીચે વર્ણવેલી વાત ઉપરથી વાંચકોના ધ્યાનમાં આવશે.

ચનમલ્લપ્પા નામનો એક ભકત સ્વામીજીની નિષ્કામ રીતે સેવા કરતો હતો એનું મન સંસાર તરફ બીલકુલ હતુંજ નહિં. આખો દિવસ સ્વામીજી પાસે બેસી જે કંઇ સેવા મળતી તે કરતો અને બીજી સેવા કરવા રાહ જોતો બેઠાજ રહેતો.

ફકત રાત્રિના વખતે વણકરનું કામ કરી પોતાનું તથા સ્રીનું ગુજરાન ચલાવતો હતો.

ઘણા દીવસો સુધી આવી રીતનું ચાલ્યું. એક દીવસે તેની સ્રી ગુસ્સામાં આવી કહેવા લાગી કે " તમે તો આખો દીવસ સ્વામીજી પાસે બેસીજ રહે છે. ઘર તરફ જરાએ ધ્યાન આપતા નથી. ખાવાનું તૈયાર મળે છે એટલે આ બધા ઢોંગ તમોને સુઝ્યા છે.

પેટ જેટલું કમાઓ છો એની શરમ તમોને હજુ પણ આવતી નથી ? તમોને મારે શું કહેવું ? આખો દિવસ જો તમે કામ કરતા હો તો આપણે વધારે પૈસા કમાઇએ એથી મને સારાં કપડાં, ઘરેણાં વિગેરે પહેરવાનું મળે, મારી વયની બીજી સ્રીઓ જેમ પહેરે છે તેમ હું પણ પહેરી શકું. પણ કોણ જાણે કયાંથી તમારા જેવા સ્વભાવના માણસ સાથે મારા જન્મની ગાંઠ પડી ? આવી કંગાલ સ્થિતિમાં કેવી રીતે આપણો સંસાર નભાવવો તે કાંઇ સુજ પડતી નથી. હવે તો હું બહુજ કંટાળી છું અને ભગવાન પાસે એટલુંજ માગું છું કે " તમારા જેવા પતિ બીજે જન્મે ન મળે ?" જેથી બીજો સંસાર આના જેવો દુઃખી ન થાય. હું ખાત્રીથી કહું છું કે " મારૂં લગ્ન બીજા સાથે કરવામાં આવ્યું હોત તો આજના જેવો કઠણ વખત મારે ગાળવો પડતે નહિ પણ ઘણા સુખમાંજ રહેતે.

સ્રીનું આવું બોલવું સાંભળી ચનમલ્લપ્પાએ કહ્યું " મેં તને બંધનમાં રાખીજ નથી.

સ્ત્રીએ કહ્યુંઃ—તમારે આવી ભીખારી સ્થિતિમાં રહેવું હતું ત્યારે શું કરવા પરણ્યા હતા?

ચનમલ્લપ્પાએ કહ્યુંઃ—તૂં જો મને ભીખારી સમજતી હોય, તો તૂં કોઈ શ્રીમંતને ઘેર ચાલીજા, ત્યાં તને તારા ધાર્યા મુજબ સુખ પ્રાપ્ત થશે. હું તો હવે તારા કહેવા મુજબ સાચોજ ભીખારી બનાવાનો.

આમ કહી શરીર ઉપરનાં બધાં કપડાં ઉતારી ફેંકી દીધાં. ફ્કત શરીર ઉપર એક જનોઇ, લંગોટી તથા એક ઝોળી રાખી ઘર છોડી બહાર નીકળી ગામમાં જઇ "ૐ જય શ્રી સિદ્ધારૂઢ" કહી ભીખ માગવા લાગ્યો અને જે કંઈ મળ્યું તે લઇ મઠમાં ગયો અને ભીક્ષાની ઝોળી સ્વામીજી આગળ મુકી હાથ જોડી ઉભો રહયો.

સ્વામીજીએ પૂછ્યું "તું આમ કેમ બન્યો?" તને શું થયું તે મને કહે? ચનમલ્લપ્પાએ કહ્યું "હૃદયમાં લાગે એવા કઠણ શબ્દો બોલી મારી સ્ત્રીએ મને બોધ કરી વૈરાગ્ય પ્રાપ્ત કરી આપ્યો છે. હવે સંસાર ઉપરથી મારૂં મન તદ્દન ઉઠી ગયું છે. મેં નિશ્ચય કર્યો છે કે મરણ સુધી તમારાં ચરણ છોડવાનો નથી, તમે મારો સ્વીકાર કરશો તોજ મને આનંદ થશે.

આવો તેનો આગ્રહ જોઇ સ્વામીજીએ તેની માગણી કબુલ રાખી અને આજથી આશ્રમમાં રહેવાનું કાયમ રાખ્યું.

ચનમલ્લપ્પા દરરોજ ગામમાં જઈ ભીક્ષા માગી લાવતો અને જે કંઇ મળતું તે સ્વામીજી આગળ લાવી મુકતો.

સ્વામીજી તેમાંથી જે કંઈ આપતા તે ખાઇ આનંદમાં રહેતો હતો.

તે મનમાં કહેતો હતો કે "હું ગુરૂ સેવા કરવા સારૂ અહિઆં રહ્યો છું. ગુરૂ સેવાની પૂર્ણ મઝા ચાખ્યા વગર હું રહેનાર નથી.

પોતે દરરોજ વહેલો ઉઠી ગરમ પાણી તૈયાર કરી સ્વામીજીની ઉઠવાની રાહ જોતો ઉભો રહેતો. સ્વામીજી જાગૃત થાય કે તુરતજ અંદર જઈ એમનું અંગ વસ્ત્ર બરાબર કરી હાથ પકડી બહાર સૌચની જગ્યા ઉપર લઈ જતો. અને પાછા આવ્યા પછી મોઢું ધોવા પાણી આપતો અને તે પાણી પ્રસાદ રૂપ ગણી પી જતો.

સ્વામીજી જ્યારે સુવા જતા હતા ત્યારે ના કહેવા છતાં તે પગ દબાવતો હતો.

સ્વામીજીના સુઈ ગયા પછી પોતે બારણા અગાડી પડી રહેતો હતો. કંઇ પણ અવાજ થાય તો તુરતજ તેની તપાસ કરતો આવી રીતે આખી રાત સાવધ રહી સ્વામી સેવા કરતો, આટલું કરતાં છતાં પણ એનું મન તૃપ્ત થતું નહિ અને વધારે સેવાની અપેક્ષા રાખતો હતો.

એક દિવસે રાત્રે સ્વામીજીના સુવાના બારણા આગળ તે આડો પડયો હતો ત્યારે તેને બહુજ ધીમો અવાજ સંભળાયો, કે ઝટ ઉઠી જોવા લાગ્યો ત્યારે માલુમ પડયું કે એક મોટો નાગ સ્વામીજી જ્યાં સુતા હતા તેની અંદર જતો માલુમ પડયો.

સ્વામીજીને બચાવવાનો વિચાર મનમાં આવતાંજ એ દેહભાન ભૂલ્યો અને નાગને ઝટ પુછડીથી પકડી બહાર ખેંચ્યો તેથી નાગ ગુસ્સે થઈ તેને ડંખ માર્યો, તેની પણ દરકાર નહિ કરતાં તથા સ્વામીજીને ઉંઘમાં ખલેલ ન થાય તેટલા માટે નાગને દૂર લઇ જઈ, બીજાને ન કરડે તેટલા માટે તેને મારી નાખ્યો.

પછીથી પાછો આવી પોતાની જગ્યાએ સુઇ ગયો.

એ સુઇ ગયા બાદ ઝેર ચઢયું અને બેભાન થઈ ગયો. એટલામાં શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી એકા એક જાગી ઉઠ્યા અને જુએ છે તો ચનમલ્લપ્પા બેભાન અવસ્થામાં પડેલા છે એમ જોયું ત્યારે સ્વામીજીએ બૂમ પાડી જોઇ તો પણ તે ઉઠયોજ નહિ ત્યારે સ્વામીજીને નવાઇ લાગી અને પોતાનેજ કહેવા લાગ્યા કે " આ તો દરરોજ સહવારમાં મારા કરતાં વહેલો ઉઠે છે તો આજે એમ કેમ પડી રહ્યો હશે ? આટલું બોલી તેને ઢંઢોળી ઉઠાડવાનો પ્રયત્ન કર્યો તો પણ તે ઉઠયોજ નહિ

એટલે સ્વામીજીએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી જોયું ત્યારે માલુમ પડયું કે તેને સાપ કરડયો છે અને તેથીજ તે આવી સ્થિતિમાં પડેલો છે," મારા ઉપર આવનારૂં સંકટ એણે પોતાના ઉપર લઈ જન્મનું સાર્થક કર્યું છે (દેહ બુધ્ધિનું જડ એણે બાળી નાખ્યું છે ?) એને આવી સ્થિતિમાં મરવા દેવો યોગ્ય નથી કારણકે ભકતનું રક્ષણ કરવું એ મારી ફરજ છે.

પછીથી શિવાય નમઃ કહી જે જગ્યાએ સાપ કરડયો હતો ત્યાં પોતાનો અમૃતતુલ્ય હાથ ફેરવ્યો કે ઝટ ચલન-વલણ શરૂ કર્યું અને જાણે ભરનિંદ્રામાંથી ઉઠતો હોય તેવી રીતે એકદમ તે ઉઠી બેઠો થયો, ત્યારે સ્વામીજીને પોતાની પાસેજ ઉભેલા જોયા એટલે તે કહેવા લાગ્યો કે "આજ મને એવી મઝાની ઉંઘ આવી હતી કે તેમાં મેં એક સ્વપ્ન જોયું. "યમદૂતો મને યમરાજ પાસે લઇ ગયા, એટલામાં તમારા જેવા એક સાધુપુરૂષ આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા કે "એને અત્યારેજ છોડી દ્યો." યમરાજે પછીથી તે સાધુપુરૂષની પૂજા કરી ને કહ્યું "તમારી આજ્ઞાનો હું તાબેદાર છું" એમ કહી પોતાના યમદૂતોને છોડી દેવાની આજ્ઞા કરી, એટલે મને છૂટો કરી અહિઆં મુકી ગયા."

આવી રીતનું ચનમલ્લપ્પાનું બોલવું સાંભળી સ્વામીજીએ હસ્તે મોંઢે પુછયું કે "તું હાથથી સર્પ પકડી

અહિંઆંથી કેમ લઈ ગયો ? તે મને કહે; ત્યારે એણે કહ્યું " હે સ્વામીજી દયાળુ ભગવાન તમારાથી કશું અજાણ્યું નથી. આ શરીર તમારૂંજ છે અને સેવા માટે તેનું રક્ષણ કર્યું છે એમાં મને નફો કે નુકશાનનો પ્રશ્નજ નથી " આમ કહી સ્વામીજીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

સુખ અને દુઃખની ભાવના મારામાં હવે રહીજ નથી.

આવું પ્રેમાળ બોલવું સાંભળી સ્વામીજીને ઘણોજ આનંદ થયો.

એક વખતે સ્વામીજીને જ્યારે તાવ આવ્યો હતો, ત્યારે ચનમલ્લપ્પા પોતાના નિયમ મુજબ સ્વામીજી પાસે સેવા કરવા બેસી રહ્યો હતો.

સ્વામીજીને ઉધરસ અગર કંઇ થુંકવાનું થાય ત્યારે વાસણ માગતા, તો તે પોતાનું મોઢું આગળ ધરી થુંક અગર ગળફો પોતે અમૃત સમાન માની ગળી જતો, પણ પોતાની દૃઢ ભકિતથી થુંક અમૃત સમાન લાગતું હતું.

આવી રીતે તેણે ચિત્તની શુદ્ધિ મેળવી હતી તેનો સ્વામીજી ઉપર અનહદ પ્રેમ હતો, સ્વામીજીને કંઇપણ અગર તાવ આવતો તો તેને ઘણુંજ દુઃખ લાગતું હતું તથા તેની આંખમાંથી આખી રાત અશ્રુ વહેતાં રહેતા હતાં.

કોઇ વખત મનમાં કહેતો હતો કે " જો હું સ્વામીજીના જોડા બનતે તો હંમેશાં પગમાં મને રહેવા મળતે. " જો હું પથારી રૂપે હોત તો સ્વામીજી મારા ઉપર હમેશાં સુઇ જતે અને તેથી સ્પર્શ લાભનો આનંદ મળતે, અગર જો ઓઢવાનું હું હોત તો આખી રાત સ્વામીજીના દેહનો સુવાસ મને મળતે. "

" સ્વામીજીના કામમાં આવનારી દરેક વસ્તુમાં હું હોત તોજ મારી ગુરૂ સેવાની ઇચ્છા પૂર્ણ થાત. "

ગુરૂ કૃપા માટે આ દેહજ નહિ પણ અનેક જન્મ ધારણ કરી પુલો અને વેલા બનીશ, તે પુલોથી સ્વામીજીને શણગારી પુજા કરતે આવો વખત મને કયારે પ્રાપ્ત થશે ? એટલામાં સ્વામીજી જાગૃત થયા એથી તે સ્વામીજી પાસે જઇ કહ્યું કે—" અત્યારે તાવ બહુજ છે. " માટે તમારે બહાર જવું ન જોઇએ, તમે અહિંઆજ બેસો, પીસાબ માટે હું વાસણ ધરૂં છું આમ કહી અંધારામાં રહી પોતાનું મોઢું ઉઘાડી નીચે વાંકો વળી રહ્યો અને પેસાબ કરવા કહ્યું.

સ્વામીજી તાવના જોરમાં હોવાથી પીશાબ કર્યો, તે બધો પેશાબ પોતે અમૃત ગણી પી ગયો.

" ધન્ય છે એની ગુરૂભકિતને " હજારો ગ્રંથ તમો વાંચશો તો પણ અનમહ્રપ્પા જેવો ભકત શોધ્યો જડશે નહિ."

દેવના પણ દેવ, જે સદ્ગુરૂ સ્વામીજી છે તેની કૃપા પોતાનો દેહભાવ મુકી તેણે મેળવી તથા ગુરૂ કૃપાથી આત્મ-જ્ઞાનની પ્રાપ્તિ પણ થઇ.

ગુરૂ સેવાની સીમા આવતાંજ મોક્ષ પામ્યો. આનેજ **નિષ્કામ ભક્તિ** કહે છે. જેણે આવી ભકિત પ્રાપ્ત કરી છે તેને મોક્ષ મેળવવો સહેલ છે, એ ચનમલ્લપ્પા એ પોતાની ગુરૂ ભકિતથી સાબીત કરી બતાવ્યું છે. "ધન્ય છે આવા પ્રેમાળ ભકતોને."



પ્રકરણ ૪૬ મું

આસગતની વૈરાગ્ય ભક્તિ

હે શ્રી સિદ્ધારૂઢ સ્વામી ! આઠે દિશામાં તું વ્યાપી રહ્યો છે, અને તેનું વર્ણન કરવા અમારામાં શકિત નથી, તારૂં રૂપ દરેક વસ્તુમાં રહેલું છે, તે ન સમજવાથી અમો ખાલી ભ્રાંતિમાં રહીએ છીએ.

રાગ, દ્વેષ આવા અનેક વિકારોથી દરેક જીવો માયામાં ગુંથાએલા છીએ, તોપણ પૂર્વના સત્કર્મોને લીધે આ સંસાર દુઃખમય છે એમ જાણી શકીએ છીએ.

આ દુઃખમય સંસારમાંથી છુટવાનો કયો રસ્તો ગ્રહણ કરવો એ જીવોને સમજાતું નથી. પરન્તુ વિચાર કરતાં "**સત્સંગ**" એ એકજ ઉપાય સંસાર ભ્રમ ટાળવા માટે યોગ્ય છે એમ માલુમ પડે છે કારણ કે સત્સંગનો મહિમા ઘણોજ છે.

સત્સંગ કરવાથી વૈરાગ્ય દૃઢ થાય છે અને વિષય સુખને જીવ ત્યાગે છે. આવી સ્થિતિમાં સ્વામીજીને શરણે જઇ વૈરાગ્ય તથા દેહબુધ્ધિનો ત્યાગ કરી, સ્વામીજીની સેવા મનપૂર્વક કરી, વેદપુરાણ સાંભળ્યું હોય તો મનની શાંતિ થાય છે. આવી સ્થિતિને **અપર વૈરાગ્ય** સ્થિતિ કહેવાય છે. એનાથી આગળ **પર વૈરાગ્ય** સ્થિતિ ગુરૂ કૃપાથી જીવ પ્રાપ્ત કરી શકે છે.

દાખલા તરીકે એક વાસણમાં પાણી ભરી દેવતા ઉપર જો મુકયું હોય અને દેવતા ચાલુજ હોય ત્યાં સુધી તે પાણી ઉકળતું રહે છે પણ દેવતા બુજાવી નાખ્યા હોય તો પાણી ઉકળતું થોભી થાય છે, છતાં તેની અંદર થોડું થંડુ પાણી ઉમેરીશું, તો પણ તે પાણીનું ગરમપણું કાયમજ રહે છે. તેજ પ્રમાણે જીવો પણ જ્યાં સુધી સ્વામીજી પાસે હોય ત્યાં લગી એવીજ રીતે થાય છે, કારણ કે જીવ એ પાણી ભરેલું વાસણ રૂપી સમજો અને તે પ્રવૃત્તિ રૂપી અગ્નિ ઉપર મૂકેલું છે. એ પ્રવૃત્તિ જ્યાં સુધી છુટે નહિ ત્યાં લગી જીવોને બહુ દુઃખ થાય છે, પણ જો જીવો પ્રવૃત્તિનો ત્યાગ કરે તો દુઃખનો પણ નાશ થાય છે, છતાં **વાસના** બાકી રહે છે ત્યારે એની અંદર સત્સંગ રૂપી થંડુ પાણી મેળવ્યું હોય તો વાસનાનો ક્ષય થાય છે એટલે કે મનમાં ઉદ્દભવેલી ઇચ્છાઓ ચિત્તમાંજ લય પામે છે. માટેજ જીવોને આ

સ્થિતિમાંથી મુક્ત થવા માટે **સત્સંગની** ખાસ જરૂર છે. આ સ્થિતિને **પર વૈરાગ્ય** સ્થિતિ કહેવામાં આવે છે.

ગુરૂ ઉપદેશથી જીવોને સ્વરૂપ જ્ઞાન થઇ બુદ્ધિમાં ફરક પડી રાગ, દ્વેષ વિકારને ત્યાગે છે.

આવી રીતે **અપરા** અને **પરાવિરક્ત** સ્થિતિએ પહોંચેલા તથા શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીની કૃપાને પાત્ર પામેલા એવા એક શિષ્યની વાત, પ્રિય વાંચકો સમક્ષ રજુ કરૂ છું.

કાલીકોટ ગામમાં એક ખાસગત નામનો માણુસ રહેતો હતો, એનું મન સંસારથી કંટાળી વૈરાગ્ય માર્ગ તરફ વળ્યું હતું એનું વૈરાગ્ય ઘણુજ કઠણુ હતું. આપ–પર–ભાવનાનો સમુળગો નાશ થઈ, દેહ બુધ્ધિ પણ રહી ન હતી.

એક દીવસે **ખાસગત** શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના મઠમાં આવી સ્વામીજીને પગે લાગી કહેવા લાગ્યો કે " હે ભગવાન ! મને આપના ચરણુ પાસે રાખો, નહીં તો મારૂં શું થશે તે મારાથી કંઇ સમજાતું નથી, કારણુ કે મારૂં મન સંસારથી કંટાળી ગએલું છે. મારો આપ સ્વીકાર કરશો તોજ આ જીવનું સાર્થક થયું એમ હું માનીશ.

સ્વામીજીએ એના વૈરાગ્ય લક્ષણો જોઇ ઘણુાજ ખુશી થઇ આજથી પોતાની પાસે રાખ્યો. પછીથી તે ભિક્ષા લેવા માટે ગામમાં ગયો ત્યાં એક બાઇ ભકતે તેને બોલાવીને

કહ્યું કે "આપ અંદર પધારો" આજે મારે ત્યાં સારાં મિષ્ટાંન્ન કરેલાં છે તો આપ પેટ ભરી જમો એટલે અમારા ઉપર ઉપકાર કર્યો એમ માનીશું.

ખાસગતે કહ્યું–કોઈના પણ ઘેર જમવાની અમોને ગુરૂ આજ્ઞા નથી માટે ભિક્ષા આપવી હોય તો આપો, છતાં તે બાઇએ ઘણોજ આગ્રહ કર્યો, ત્યારે એ ભિક્ષા લીધા વગરજ જવા તૈયાર થયો આથી તે બાઇએ સમજીને બહુજ ભિક્ષા આપી, તે લઈ મઠમાં આવ્યો, અને સ્વામીજી આગળ ઝોળી મુકી.

સ્વામીજીએ લાવેલામાંથી પ્રસાદ આપવા માંડયો તોપણ એણે કંઇજ લીધું નહિ અને જ્યારે ગુરૂ તથા બીજા શિષ્યો જમી ઉઠયા ત્યારે તે જગ્યાએ જઇ પાત્રોમાં રહેલું અન્ન એકઠું કરી દૂર ખેતરોમાં જઈ ખાવા બેઠો, ત્યારે ત્યાં એક કુતરો આવી પહોંચ્યો, તેને પાસે બેસાડી પોતાના પાત્રમાંથી ખાવા આપવા લાગ્યો.

આવી વર્તુણુક જોઇ બીજા શિષ્યોને ઘણીજ નવાઈ લાગી કારણ કે ગુરૂજીએ આપેલું અન્ન પણ એ દરેક સાથે બેસી જમ્યો નહિ પણ પડેલું એકઠું કરી દૂર ખેતરોમાં જઇ, કુતરાં બીલાડાં સાથે જમ્યો. આવી રીતનો તેનો હંમેશનો નિયમજ હતો.

જે દિવસે પાત્રમાં રહેલું અન્ન ન મળે તો ટાઢી રોટલી શોધી લાવી તેના ઉપરજ ચલાવતો.

એક દિવસે ચનમલપ્પાએ આ બાબત ઉપર ખાસગતને પ્રશ્ન કર્યો કે "તમે સારૂ અન્ન તજી છાંડેલું અન્ન કેમ જમો છો? ત્યારે ખાસગતે કહ્યું "સારા અન્નની જીવને વધારે રૂચિ હંમેશાં હોય છે અને તેથી વધારે ખાવું ગમે છે, અને વધારે જમવાથી જીવને આળસ આવે છે. આળસથી સદ્‌ગુરૂ સેવા તથા ધ્યાન કરવામાં ખામી આવે છે એટલુંજ નહિ પણ એમાં બીજા ઘણા દોષો છે.

સારાં ભોજન એક વખતે રૂચિથી ખાધાં હોય તો મન ફરીથી તેનેજ માટે ઇચ્છા રાખે છે અને જો ના મળ્યું તો દુઃખ ઉત્પન્ન થાય છે તેથીજ હું આવી રીતે વર્તું છું.

ખાસગતનું કહેવું ચનમલ્લપ્પાને યોગ્ય લાગ્યું અને બોલી ઉઠયા કે—"ધન્ય છે તમારા વૈરાગ્યને." તમારૂં વૈરાગ્ય આદર્શ રૂપ છે.

ગુરૂ કૃપા આપ જલદીથી મેળવી શકશો એમાં જરાએ શંકા નથી. મને તમારૂં વર્તન ગમે છે અને તેમજ હું વર્તવા માગું છું.


આગળ જતાં મઠમાં ખાસગત કોઇપણ સ્ત્રીને જુએ તો તે તુરતજ નાશી જતો અને જ્યાં સુધી તે સ્ત્રી જાય

નહિ ત્યાં સુધી તે આવતોજ નહિ. આથી સ્વામીજીએ એક દીવસે તેને પૂછ્યું કે–" તું સ્રીઓને જોઇ કેમ ગભરાય છે ? " મનમાં ભેદભાવ રાખતો નહિ અને બધાને બ્રહ્મ સ્વરૂપમાંજ જુઓ. પુરૂષ અને સ્રીમાં ભેદ રાખતો નહિ, જેવી રીતે એક ચિત્રકાર પુરૂષ અને સ્રીની છબીઓ એકજ રંગથી ચિત્રે છે તેવીજ રીતે તું આ પણ સમજજે.

આ સાંભળી ખાસગતે કહ્યું " આપ કહો છો તે બધુ સાચુજ છે પરંતુ મારૂં મન બ્રહ્મબુદ્ધિ ઉપર સ્થિર રહેતું નથી, સ્રીઓને જોઇ મારા મનમાં વિકારો ઉત્પન્ન થાય છે, અને હજુ સુધી ભેદરૂપજ માલુમ પડે છે તેથીજ હું બીઉં છું, આપ જો કૃપા કરશો તો મારૂં મન બ્રહ્મરૂપમાં દૃઢ બનશે અને પછી સ્રીરૂપનો ભય દૂર થશે.

આ વાત સાંભળી સ્વામીજી ખુશ થયા અને બોલ્યા કે "એ જ્ઞાનનો અધિકારી જલદીથી બનશે."

એક વખતે ખાસગતને તાવ આવ્યો, ત્યારે તેની મરજી વિરૂદ્ધ ચનમલ્લપ્પાએ આગ્રહથી દવા આપી તેથી એ બહુજ કંટાળ્યો અને કોઇને પણ કહ્યા વગર જંગલમાં ચાલી ગયો, અને એવી જગ્યા શોધી કાઢી કે કોઇપણ માણુસ ત્યાં આવી શકેજ નહિ. ત્યાં તેણે અર્ધુ વસ્ર જમીન ઉપર પાથરી અર્ધુ પહેરી એક ઝાડની નીચે સૂઇ રહ્યો.



સદ્‌ગુરૂનો સ્પર્શ થતાંજ તાવ ઉતરી ગયો.

આ જગ્યામાં ઘણુજ કાંટા તથા પત્થરો હતા પણ તેની દરકાર કર્યા વગર તે ત્યાંજ પડી રહ્યો.

થોડાજ વખતમાં તાવ અતિશય વધી પડયો, તોપણ તેની પરવા કર્યા વગર સ્વામીજીનું નામ સ્મરણ કરતો રહ્યો.

આવી એકાન્ત જગ્યા હતી છતાં પણ તેના મનમાં એક ભય લાગતો હતો કે કોઈ ઓળખીતું રખેને આવી ચઢે, તો એમાંથી કેવી રીતે બચવું એજ વિચારો તેના મનમાં આવ્યા કરતા હતા કારણ કે "પોતાને માટે બીજાને ત્રાસ ભોગવવો પડે," એને એ દુઃખ માનતો હતો.

આ જગતમાં રહી બીજાને દુઃખ આપવું એ યોગ્ય નથી અને તેનાજ માટે આવી એકાન્ત જગ્યામાં આવી રહ્યો હતો,

આવા વિચારો પોતાના મનમાં ચાલતા હતા તેવામાં એક કાગડો પાસે આવતો દીઠો, ત્યારે તેણે તેને કહ્યું "હું મારો દેહ જલદીથી તને ખાવા સારૂ અર્પણ કરીશ" કારણ કે મારા જેવો ગામમાં જઈ ભીક્ષા માગે તો કોઈપણ આપે, પણ તમોને કોઇપણ ખાવા આપતું નહિ હોય, માટે તમારો જન્મ અમારા કરતાં કઠણ છે.

આ જંગલમાં બીજી જગ્યાઓ કરતાં વધારે સુખ લાગે છે કારણકે અહિઆં હરણો, પોપટ, મેના, કોયલ એટલે કે પશુ પક્ષી વીગેરે મારા બધાજ મીત્રોજ છે અને

કોઈને પણ મારી સાથે દ્વેષ નથી માટે હું તો અહિઆં સુખેથી રહીશ.

મનુષ્ય વસ્તીમાં રહેવાથી અમોને બહુજ ત્રાસ ભોગવવો પડે છે કારણકે અમારો દ્વેષ કરનારા તથા સ્ત્રીઓ વિગેરે વિષય તાપ આપનારા અમારા દુશ્મનોરૂપ થઇ પડે છે.

મને તો ફકત સ્વામીજી ચરણની સેવા કરવામાંજ આનંદ પડે છે અને તેથી મારૂં મન સ્વામીજી તરફ ખેંચાય છે. આ તાવ મટી જશે એટલે પછી હું તેમની પાસેજ જઈ રહીશ.

જ્યારે ખાસગતના અહિંઆં આવા વિચારો ચાલી રહ્યા છે ત્યારે બીજી બાજુ સિધ્ધારૂઢ આશ્રમમાં શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી ખાસગતને બહુ વખતે ન જોવાથી ભારે ફીકર કરવા લાગ્યા અને બોલ્યા કે "ખાસગત મારો એક પુત્ર જેવો છે કારણકે બધો ભરોંસો એણે મારામાંજ રાખ્યો છે, પોતાના દેહની પણ પરવા રાખી નથી અને ઘણો વખત એ દેહભાન વગરનો થઇ જાય છે અને આખું ધ્યાન મારામાંજ રાખે છે તેથી મને એની બહુજ યાદ આવે છે" આટલું બોલતાંજ દયાસાગર સ્વામીજીની આંખોમાંથી પોતાના ભકત માટે અશ્રુ વહેવા લાગ્યાં અને ખાસગતનો શોધ કરવા સારૂ ચનમલ્લપ્પાને સાથે લઈ તથા બીજા ભકતોને આશ્રમમાં રહેવાની આજ્ઞા કરી પોતે નીકળી પડયા.

રસ્તામાં જે કોઇ મળે તેને ચિંતાતુર વદને પુછતા, આમ કરતાં આખા શહેરમાં તપાસ કરી પણ પત્તો મળ્યોજ નહિ ત્યારે બન્ને જણાં જંગલ તરપ ફરી દરેક નાની મોટી ઝાડીઓમાં તપાસ કરવા લાગ્યા. તપાસ કરતાં કરતાં જ્યાં ખાસગત સ્વામીજી નામ સ્મરણ કરતો પડયો હતો તેની નજદીક આવી પહોંચ્યા.

ખાસગતને માલુમ પડયું કે સ્વામીજી મારા તરફ દોડી આવે છે એટલામાં તો સ્વામીજી ત્યાં આવી પહોંચ્યા અને તેને તાવથી પીડાતો જોતાંજ આનંદથી તેની તરફ દોડી જઇ ભેટી પડયા અને બોલ્યા કે "હે મારા વાલા બાળક તને ન જોવાથી મને ઘણું દુઃખ થતું હતું, તું મઠ છોડી આવા ભયકર જંગલમાં આવી કેમ રહ્યો ?"

આટલું કહેતામાંજ સ્વામીજીની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યા. પછીથી ખાસગતે કહ્યું-મને અહિઆં રહેવાનું મન થયું તેથીજ હું આવ્યો છું.

એટલામાં ચનમલ્લપ્પા બોલી ઉઠયા કે જ્યારે એમને તાવ આવતો હતો ત્યારે એમની મરજી વિરૂદ્ધ દવા વિગેરે ઉપચાર મેં કર્યા તેથીજ અહિઆં કંટાળીને ન્હાસી આવેલા લાગે છે, જો એવુંજ હોય તો મારા હાથથી બહુ મોટો અપરાધ થયો ગણાશે, હું તેને માટે આપની ક્ષમા ચાહુ છું

આવા શબ્દો સાંભળી ખાસગત પોતે સ્વામીજીને

તથા ચનમલ્લપ્પાને પગે પડયા અને બોલ્યા આ મારા જેવા અજ્ઞાની જીવ માટે આપને અહિંઆં સુધી આવવાની તસ્દી લેવી પડી છે એ જોઇ મને ઘણુ દુઃખ થાય છે.

સ્વામીજીએ કહ્યું —અમો બધાને છોડી તું જંગલમાં નાસી આવી બધાને દુઃખી કર્યા છે, હવે ફરીથી આવું કરતો નહિ, તારા માટે મારો જીવ ઘણો ઉંચો નીચો થતો હતો.

સ્વામીજીનો સ્પર્શ થતાંજ ખાસગતનો તાવ ઉતરી ગયો. પછીથી ત્રણે જણાં મઠમાં આવી પહોંચ્યા.

ધન્ય છે ખાસગતની ભક્તિને કે જેણે સ્વામીજીને થોડા વખતમાં પોતાના કર્યા. એના જેવું વૈરાગ્ય બીજા કોઈનામાં પણ જોવામાં આવશે નહિ.

એ પોતે સ્વામીજીને છોડી જંગલમાં ગયો હતો તો પણ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીએ એને છોડયો નહિ.

સ્વામીજીની પ્રાર્થના એણે કરી ન હતી તો પણ સ્વામીજી પોતે જેમ એક ભુલા પડેલા બાળકની માતા શોધ કરે તેવી રીતે સ્વામીજી શોધવા નીકળ્યા હતા.

આ બધું એના **વૈરાગ્યના** પ્રભાવે હતું જે કોઇ તન, મન અને ધન સ્વામીજીને અર્પણ કરી આખો ભરૂસો તેના ઉપર મુકી અખંડ નામસ્મરણ કરે છે તેનું રક્ષણ સ્વામીજી પોતેજ કરે છે એવું સાબીત આ વાર્તા ઉપરથી સ્પષ્ટ સમજાયું હશે.

પ્રકરણ ૪૭ મું

શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીએ નિર્વાણપ્પાને વૈરાગ્ય પર કરેલો બોધ

પ્રિય વાંચકો ! આગલા પ્રકરણમાં અપરા વૈરાગ્ય બદલ આપણે વાંચી ગયા છીએ, હવે પર વૈરાગ્ય કોને કહે છે તે આપણે જોઈએ. પર વૈરાગ્યનો અર્થ એવો થાય છે કે " મન વિષય ઉપરથી ઉડી ગયું હોય, તો પણ હંમેશાં ચિત્તમાં ભોગ સંસ્કાર રહે છે. માટે તેનો સમૂળગો નાશ થવોજ જોઇએ, નહિતો પાછા પૂર્વ સ્થિતિએ ફરીથી આવવું પડે છે.

આખો જન્મ વિરકતતા મેળવી હોય તો પણ ગુરૂ ઉપાસના અને સત્સંગ જો ન કર્યો હોય તો એ વિરકત દશા ફોકટજ ગઈ એમ સમજવું.

વૈરાગ્યનું સાર્થક કયો ઉપાય યોજવાથી સાધકને સાધ્ય કરતા સહેલું પડે અને મન નિર્વિષય કેવી રીતે બને એનો

ખ્યાલ શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી અને નિર્વાણપ્પાના થએલા સંવાદ ઉપરથી વાંચકોના ધ્યાનમાં આવશે.

કર્ણાટક દેશમાં ઉગરગોળ નામનું એક ગામ છે ત્યાં નિર્વાણપ્પા કરીને એક વિરકત અને સત્વશીલ માણસ રહેતો હતો, તે બાળપણથીજ વૈરાગ્યશીલ હતો એણે ઘણા વર્ષો સુધી યોગનો અભ્યાસ કર્યો હતો, તો પણ મનની શાંતિ મેળવી શકયો ન હતો, આખરે આ બધું ગુરૂ કૃપા વગર ફોકટ છે એમ સમજાયું.

એ જ્યારે સોળ વર્ષનો થયો ત્યારે શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીની કીર્તિ સાંભળી, તેમને મળવા સારૂ હુબળી આવ્યો.

મઠમાં આવી સ્વામીજીને પગે લાગી હાથ જોડી ઉભો રહ્યો પણ એનાથી કશું બોલી શકાયું નહિ.

સ્વામીજીએ તેની આવી સ્થિતિ જોઈ તથા તેના લક્ષણો અને નિરાભિમાન સ્થિતિ ધ્યાનમાં લઇ સમજી ચૂકયા હતા કે “ આ જ્ઞાનનો અધિકારી છે.” પછીથી સ્વામીજીએ કહ્યું કે–“ હે ભકત મનમાં શું ધારી તું અહિંઆ આવ્યો છે તે મને કહે ?

નિર્વાણપ્પાએ કહ્યું:–હે સર્વ સાક્ષી સ્વામીજી ભગવાન ! મારી વાત આપનાથી કયાં અજાણી છે ? આપ સર્વ જાણો છો, મારાથી સંસાર ત્રાસ સહન કરી શકાતો નથી, હે પ્રભુ

તારી પાસે આવતાંજ સવ દુઃખોનો નાશ થયો છે, માટે હવે પાછા સંસાર વહેવારમાં મારે શા માટે પડવું જોઈએ કે જેથી મૃત્યુનો વારંવાર ભય રહે માટેજ હું સ્વામીજી પાસે આવ્યો છું.

સ્વામીજીએ મધુર વાણીથી કહ્યું "જો તારી ઇચ્છાજ હોય તો અત્રેજ રહે અને દરરોજ વેદાન્ત શ્રવણ કર કે જેથી તારૂ મન શાન્ત થશે.

આ સાંભળી નિર્વાણાપ્પા ખુશ થયો અને જાણ્યું કે સ્વામીજીએ મને ઓળખી અભય માર્ગ બતાવ્યો છે જેથી આનંદથી મઠમાં રહેવા લાગ્યો.

એ દરરોજ ગુરૂમુખથી વેદાન્ત શ્રવણ કરી એકાન્તમાં જઈ મનન કરતો, એથી જે વૃત્તીઓ આગળ ઉપર પ્રદીપ્ત થતી હતી તે બધી શાંન્ત થવા લાગી. મનન કરતી વખતે આખુ ધ્યાન એમાંજ લગાડતો એટલે એ એટલો બધો તલ્લીન થઇ જતો હતો કે આજુ બાજુમાં શું થાય છે તેનું તેને ભાન પણ રહેતું નહિ. આથી એનું મન દૃઢ થયું અને નિજાનંદનો અનુભવ કરવા લાગ્યો.

ઘણા પૂજ્ય ભાવથી સ્વામીજીની સેવા કરતો અને દરેક ઉપર દયા રાખતો તેમજ કોઇની પણ હિંસા કરતો નહિ.

એક દીવસે નિર્વાણાપ્પાએ સ્વામીજીને બહુજ નમ્રતાપૂર્વક નમસ્કાર કરી કહ્યું " હે દીન દયાળ ભગવાન, આપની

પાસે રહેવાથી મને ઘણોજ લાભ થયો છે કારણ કે મારો સંસાર તાપ તદ્દન મટયો છે પણ હજુ એક સંશય બાકી રહ્યો છે. આપ કૃપા કરી જો આજ્ઞા આપો તો તે નિવેદન કરૂં.

સ્વામીજીએ કહ્યું—બીલકુલ મનમાં શંકા રાખતો નહિ, જે કંઇ શંકા હોય તે મને પુછજે મારાથી બનશે ત્યાં સુધી શંકાનું નિવારણ કરીશ.

નિર્વાણાપ્પા—" હે ભગવાન ! વિષય સેવન તેમજ સ્થૂલ દેહાભિમાન, જીવ રહીત હોય, તો પણ અંતરમાં ભયંકર વાસના રહે છે કે જેથી મન વિકારી બને છે અને ત્રિગુણના વિકારો જોઇ વિષય ઉત્પન્ન થઇ, અંતઃકરણને હંમેશાં ત્રાસ આપે છે તથા નિવૃત્તિ સ્થિતિને પ્રતિબંધક થઇ, ગમે તેટલો વિચાર કર્યો હોય છતાં મન સ્થિર રહેતું નથી પણ ઉલટું ચંચળ થઇ ચિત્તને દુઃખી કરે છે, તો તેને નિર્ગુણ રસ્તા ઉપર અચળ રહેવા સારૂ કયો ઉપાય યોજવો એ મને કૃપા કરી સમજાવો.

સ્વામીજીઃ—તું પૂર્ણ અધિકારી છે અને તારી **અપર વિરક્તિ** તો સ્થિરજ છે, પરંતુ **વૈરાગ્ય** જે પર છે તે સાધવા **આત્માને** નિર્વિકાર દૃષ્ટિથી જો, કારણ કે આત્માનું રૂપ એવુંજ છે.

મોક્ષના રસ્તામાં બંધન લાવનાર ત્રિગુણના ગુણો પ્રકૃતિનાં છે.

હું અને મારૂં માનવું એજ આત્માને બંધનમાં નાખે છે. નીકર આત્મા હંમેશાનો મુક્ત છે; હવે હું દેહ છું એવું માનવું તે આત્માને માર્યા બરાબર છે. કારણ જીવત્વ એવા પ્રકારનું બનેલું છે અને એ પોતાના રૂપને જાણી શકતો નથી.

પછીથી જીવ આવી રીતે અનેક પ્રકારના સંશયમાં રહી તથા પંચભૂતના વ્યવહારથી ભ્રાન્તિમાં પડી અનેક વિષયમાં સપડાય છે અને આખરે અશક્ત બની રહે છે.

વિષયનો અંગીકાર કરવાથી રાગ દ્વેષ એ જીવને ખેંચી લે છે તથા વિષયની ઈચ્છા વધી જતાં અનેક યોનિમાં ફરી ફરીથી આવે છે એટલે કે વારે ઘડીએ જન્મ મરણનું, દુઃખ ભોગવું પડે છે.

આગળ જતાં પ્રભુકૃપાથી સંતસંગનો લાભ થાય છે કે જેને સુખ માને છે, પણ તે બીજાજ પ્રકારનું છે પણ વિષયમાં નથી એવું (જીવ) એ પારખી શકે છે.

જીવ વિષય સુખનો ત્યાગ કરી એનાથી શ્રેષ્ઠ સુખ મેળવવાને પ્રયત્ન કરે છે કારણકે બહુ વખતનો અનુભવ મેળવ્યાથી હવે વિષયને સુખ ન માનતાં દુઃખજ માને છે, અત્યાર સુધી આત્મસુખનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી પણ જીવને પૂર્વ જન્મના દુઃખની યાદ થાય છે ત્યારેજ એ

(જીવ) વિષયને ત્યજી દે છે, આવી રીતે વિષયથી થતો ત્રાસ બંધ થાય છે અને સુખનો લાભ થાય છે. તું પણ આ સ્થિતિમાં અત્યાર સુધી આવેલો છે કારણ કે ત્હેં મોહ, મમતા, અને વિષય ત્યજી દીધેલાં છે, પરન્તુ ભોગ સંસ્કાર તારામાં બાકી રહેલા છે તે તારા મનમાંથી ઝટ જતા નથી પણ એ તો ફરીથી જન્મ લેવાનો એ બીજરૂપ છે એવું નક્કી સમજજે; આના ઉપર બીજો કોઇપણ ઉપાય લાગુ પડતો નથી, પણ જ્યારે આત્મજ્ઞાન મેળવે ત્યારેજ એ વાસના દૂર થઇ સ્વામીકૃપાથી એ જીવ બંધનમાંથી મુક્ત થાય છે.

સ્વામીજીનો આવો બોધ સાંભળી નિર્વાણપ્પાને ઘણોજ આનંદ થયો અને હાથ જોડીને બોલ્યો હે કૃપાળુ ભગવાન્ ! એવું આત્મજ્ઞાન કયો ઉપાય કરવાથી મેળવી શકાશે અને તે કેવા પ્રકારનું છે તે મને કૃપા કરી સમજાવો.

સ્વામીજીઃ—હે મારા વાલા ભકત ! હું તને તે પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવું છું તે ધ્યાન દઇ સાંભળ.

“ વાસનાનો લોપ થયા બાદ આત્મજ્ઞાનનો લાભ એની મેળેજ થાય છે, માયા અને ગુણો એ તો મૃગજળ સમાન છે, એમાં ખરૂં કશુંજ નથી પણ ખાલી ભાસ છે.

આ બધું સમજનારો તુંજ છે. તું નિર્વિકાર અને વગર શરીરનો છે. જાગૃતિ, સ્વપ્ન અને શુષુપ્તિ આ ત્રણે

અવસ્થાને જાણુનારો સાક્ષીભૂત જે આત્મા છે તે તું છે. હું અને મારૂં એવું મનમાં જે લાવે છે તે વિષયાભિમાની **જાગરી** સમજ જે.

હું કર્તા અને ભોક્તા એવી ભાવનાઓ એ સ્વપ્નની તેજસ જાણજે. એ ધ્યેય અને હું ધ્યાતા, એનું ધ્યાન કરનારો એનેજ પ્રાજ્ઞ અભિમાન જાણ. આને અજ્ઞાન શુષુપ્તિ ભોગવવી પડે છે વળી એનાજ લીધે જગત્ તેજસ પ્રાજ્ઞ છે, આ બધું તુંજ છે, તથા આ ત્રણેનો સાક્ષીરૂપ પૂર્ણ **તુરીયધન** પણ તું છે.

ઉપર સમજાવેલા જાગૃતિ સ્વપ્ન અને શુષુપ્તિ આ ત્રણે સ્થિતિ માની કોઇપણ સ્થિતિ કાયમ રહે તો આત્મજ્ઞાન પ્રાપ્ત થયું નથી પણ અજ્ઞાન કાયમ છે એવું સમજવું.

હવે આત્મજ્ઞાનના લક્ષણો તને સમજાવું છું. જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તેને એમ સમજાય છે કે આખું જગત્ આટલો વખત જે અનુભવ્યું તે ખોટું (સ્વપ્નવત) છે તથા સાચું કશુંજ નથી, કારણકે એ ખરૂં છે એવું સાબીત કરવા મારામાં કશું નથી, હું તો અહિંઆં નીસંગ એકલોજ છું તથા ત્રણે કાળમાં એના શિવાય જે કંઇ જોયું તે બધું ખોટું (માયાવિક) હતું. કારણકે તે બધું મારામાંથીજ થએલું છે અને મારા શિવાય બીજું કંઇપણ નથી.

વગર મહેનતે આ બધું જ્ઞાનિ માણસોને સમજાય પરસ્થિતિની કદાચ જ્ઞાનીને યાદ આવે તોપણ એમને જગ નથી, કારણ કે આ જગતમાં વંઝાપુત્ર છે એવું કોઈ માનવાનું નથી, તેજ પ્રમાણે આ જગત જ્ઞાનીઓને લાગે

સ્ત્રી, પુત્ર વીગેરે બધું નામનુંજ છે. જો હું આક બનત, તો મારા દેહનો ભાસ થતો નથી. એ દેહ મારી સ ન હોવાથી હું રૂપ કેવી રીતે કહી શકું?

હું કંઇ કરૂં છું એવું કહીએ તો મને કરવાનું કં નથી. અને તે કાર્ય પણ મને દેખાતું નથી એટલે ક કયાંથી બનીશ?

હવે હું ભોક્તા છું એવું માનીએ તો ખાવાને મુખજ નથી અને મારા સિવાય ખાવાને માટે બીજી વસ્ દેખાતી નથી તો હું ભોક્તા કેવી રીતે ગણાઉં?

આવી રીતે દરેક ઇન્દ્રિયોના વહેવાર બધા ખોટ છે એવી ખાત્રી અનુભવ લેવા વાળાની થાય છે અને પ તેઓ જગતને એવીજ દૃષ્ટિથી જુવે છે ત્યારે બધુંજ વિ દેખાય છે.

દરેક વસ્તુમાં હું પોતેજ છું એવો ભાસ જ્ઞાનીને છે, દાખલા તરીકે "માટીનો એક ઘડો" જેને સહુ ઘડોજ કહેશે પણ કોઇ માટી કહેતું નથી જો કે ખરૂં તો એ માટીજ છે.

જ્ઞાનીઓને આખુ જગત હું છું અને તેને સાક્ષીરૂપમ હું નીહાળું છું એમ લાગે છે.

આવું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા સારૂ શું ઉપાય યોજવે તે સાંભળ:–

સદ્ગુરૂના નામસ્મરણુનો જપ રાત અને દીવસ કરવો કે જેથી ચિત્તની શુદ્ધિ થઇ અભિમાનનોં લોપ થાય છે.

આવો કાર્યક્રમ આગળ ચાલુ રાખવાથી ચિત્ત એક સ્થીર થઇ એકાગ્ર બને છે ત્યાર પછી એકાગ્રચિત્તથી જે કંઇ નીહાળશો તે બધું પોતામાંથીજ બનેલું છે એમજ સમજાશે. આ ભાવને **સોહમ્** ભાવ તરીકે ઓળખાય છે.

મનમાં નાની નાની જે કંઇ કલ્પનાઓ ઉત્પન્ન થાય તે વખતે મન એકાગ્ર કરી તેને સોહમ્ ભાવથી જોવી એટલે પર ભાવનાનો નાશ થશે, અને ઘણા વખત સુધી આવો અભ્યાસ કરવાથી સોહમ્ ભાવ પ્રાપ્ત થશે.

જ્યારે પર ભાવના જશે ત્યારે આત્મ સ્થિતિ સ્થિર થશે, અને પછીથી પોતાના પ્રિય ધ્યેયનું ધ્યાન કરવાથી આપણે પોતેજ ધ્યેય થઇ એક ધ્યાન કરનાર સ્વરૂપ આકારમાં તદ્રૂપ બની એમાંજ આત્મા છે એવો ભાસ દેખાશે.

" દુનીઆમાં એવીજ રીતે વર્તી સર્વ વસ્તુ માત્રને સોહમ્ ભાવથી જોવી. તથા એક ક્ષણ પણ એ ધ્યાનને છોડવું

નહિ. આવા પ્રકારનો અભ્યાસ દૃઢ થવાથી હરરોજ આત્મા દેખાશે અને પછી હું દેહ છું આવો ભાસ કદી દેખાશે નહિ.

આવી રીતનો બોધ સાંભળી નિર્વાણપ્પા થોડો વખત તદ્દાકાર બન્યો, એક ક્ષણ નીર્વીકલ્પ સ્થિતિમાં એ રહ્યો, પછીથી સ્વામીજીને કહ્યું " હે દીન દયાળુ ઉદ્ધાર કરવા વાળા ભગવાન્ " આજે મ્હને જે જ્ઞાન બોધ કર્યો છે તેથી મારી બધી શંકાઓ દૂર થઈ છે તથા મારૂ મન આનંદિત બન્યું છે. આ બધું સ્વામીજીની કૃપાથીજ બન્યું છે.

આ દિવસથી નિર્વાણપ્પા હરરોજ એકાન્તમાં જઈ મનન કરવા લાગ્યો અને થોડાજ વખતમાં જ્ઞાન દૃઢ થઇ સંપૂર્ણ આત્મજ્ઞાની બન્યો.

નિર્વાણપ્પા એ પછીથી વેદાન્ત ઉપર " પંચીકરણ " નામનો ગ્રંથ બહાર પાડયો છે. એ ગ્રંથ મુમુક્ષોને જ્ઞાન સંપાદન કરવા બહુજ યોગ્ય છે.

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી બહુજ દયાળુ છે. મનથી એમનું ચિંત્વન કરવાથી ફરીફરીથી જન્મ મરણનું દુઃખ ટળે છે.



પ્રકરણ ૪૮ મું

આગબોટનું બુડવું અને લક્ષ્મીબાઇનો બચાવ

હે સ્વામીજી તારા નામનું રટણ કરનાર ભકતો આ સંસાર રૂપી ભવસાગરમાંથી સહેલાઇથી તરી શકે છે, એટલુંજ નહિ પણ કાળના યમદૂતોથી પણ ડરતા નથી.

તારૂં નામ સ્મરણ કરવાથી દરેક દુઃખો નાશ પામે છે અને સંકટ સમયે વારે ધાએ છે.

ભકતોનું સંકટ સમયે રક્ષણ કરનાર તારા સિવાય બીજું કોઈ નથી, અને રક્ષણ કરવા તું હંમેશનો તૈયારજ હોય છે. વળી તારી લીલા અગાધ છે તે નીચેની વાર્તા ઉપરથી સમજાશે.

દક્ષિણના દરીઆ કીનારે કુન્દાપુર કરીને એક ગામ આવેલું છે, ત્યાં શ્રીધર નામનો એક ગૃહસ્થ બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ લક્ષ્મીબાઇ હતું. તેણીની ભક્તિ શ્રી સિધ્ધારૂઢ સ્વામીજી પ્રત્યે ઘણીજ હતી, કારણકે તેનાં માબાપ

હુબળીના રહીશ હતા એટલુંજ નહિ પણ સ્વામીજીના ભક્ત હોવાથી લક્ષ્મીબાઇ ઉપર ભકિત માર્ગના સારા સંસ્કાર પહેલેથીજ પડ્યા હતા.

લક્ષ્મીબાઇના લગ્ન કર્યા પછી, સાસરે જવાનું થયું ત્યારે એ સ્વામીજી પાસે જઇ પગે લાગી, આ વખતે સ્વામીજીને છોડી જવાનું હતું તેથી તેણીનું મન ભરાઈ આવ્યું અને આંખમાંથી અશ્રુ વહેતાં કહેવા લાગી કે "હે દયાળુ સ્વામીજી હવે આજથી તમોને છોડી મારે બહુજ દૂર જવાનું છે, માટે મારા ઉપર કૃપા રાખશો એવી આશા રાખું છું, આપનાં દર્શન સિવાય મારો વખત કેમ જશે ? વળી આપનાં દર્શનનો લાભ દરરોજ નહિ મળે, તેની મને ફીકર થાય છે.

આવા દયાજનક શબ્દો સાંભળી સ્વામીજીએ કહ્યું, " તું મ્હારા વ્હાલા ભગવાનનું નામસ્મરણ હંમેશાં કરતી રહેજે તથા એનું સગુણ રૂપ ધ્યાનથી કરજે એટલે તને દર્શન કર્યા બરાબરનો લાભ પ્રાપ્ત થશે. મ્હારા દુઃખ સમયે સદ્ગુરૂ ભગવાન દોડી આવી તારૂં રક્ષણ કરશે, એમાં જરાએ શંકા રાખતી નહિ.

સ્વામીજીનો આશિર્વાદ લઇ આનંદ પામતી ફરીથી પગે લાગી કહ્યું " હે સ્વામીજી ભગવાન ! મને જલદી તમારા ચરણ પાસે બોલાવશો, આટલું કહેવામાં તો ફરીથી

આંસુ આવી ગયાં પોતાના માબાપને છોડતાં કશુંજ લાગ્યું નહિ પણ સ્વામીજીને છોડતાં ઘણુંજ દુઃખ થતું હતું.

લક્ષ્મીબાઈ પોતાના પતિની સાથે ગયા બાદ દરરોજ સ્વામીજીની પુજા અને તેમનું રૂપ મનમાં લાવી ધ્યાન કરવા લાગી એટલુંજ નહિ પણ પતિ સેવા સારી રીતે કરતી હતી.

આવી રીતે આનંદથી તેઓ દિવસો પ્રસાર કરતાં હતાં એટલામાં શીવરાત્રી ઉત્સવનો દિવસ નજીદીક આવી પહોંચ્યો, ત્યારે એક દિવસે તે પોતાના પતિને કહેવા લાગી હે પ્રાણનાથ! હું આશા રાખું છું કે મારી ગરીબની એક નમ્ર વિનંતી ધ્યાનમાં લેશો?

" હુબળી શહેરમાં શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી રહે છે તેમને ત્યાં શીવરાત્રીનો ઉત્સવ બહુજ ધામધુમથી ઉજવાય છે અને એ જોવા ઘણા દૂરના ભકતો તથા હરીદાસો કીર્તન કરવા અને દર્શનનો લાભ મેળવવા માટે આવે છે. "

શીવરાત્રી ઉપર હજારોની મેદની ભેગી થાય છે તથા સાત દીવસ સુધી વેદપારાયણ, કીર્તન તથા ૐ નમઃ શિવાય ના નામનો ઘોષ ચાલુજ રહે છે.

ઉત્સવમાં બપોરના વખતે હજારો માણસોને સ્વામીજી તરફથી ભોજન કરાવામાં આવે છે, સાંજે મહાપુજા થાય છે. આ વખતનો સ્વામીજીનો દેખાવ ઘણોજ અલૌકીકજ લાગે

છે તેનું વર્ણન મારાથી કરી શકાય તેમ લાગતું નથી, આપ એક વખત નજરે જોશો એટલે ખાત્રી થશે, અને પછી એમની શોભા અવર્ણનીય છે એમજ કહેશો.

આવી રીતે છ દિવસ સુધી ઉત્સવ ચાલે છે અને સાતમે દિવસે સ્વામીજીને રથમાં બેસાડી પૂર્ણ વૈભવથી વરઘોડો કાઢવામાં આવે છે, આ વખતની શોભા જોઈ દરેક ને આનંદ થાય છે, માટે હું તમોને ખાસ ભલામણ કરૂંછું કે આપણે આ વર્ષે ઉત્સવ વખતે હુબળી જઇએ એટલે હું શું કહુ છું એની ખાત્રી થશે.

શ્રીધરે કહ્યું:—વ્હાલી ! તું કહે છે તેના ઉપર મને પૂર્ણ ભરૂષો છે પણ તું જાણે છે કે મારા ધંધા આગળ એટલા બધા દુર જવાને વખત પુરતો નથી, માટે અહિંઆં થી ગૌકર્ણ ક્ષેત્ર નજદીકમાં છે ત્યાં પણ શીવરાત્રી ઉત્સવ સારી રીતે ઉજવવામાં આવે છે અને હજારો માણસો પવિત્ર ક્ષેત્ર હોવાથી આવે છે. માટે આપણે પણ ત્યાં જઇશું.

પતિનો આવો વિચાર સાંભળી લક્ષ્મીબાઇએ કહ્યું હે સ્વામીન્ મારૂં કહેવું બીજુંજ છે.

હુબળીનો તો પ્રત્યક્ષ ભગવાનનો દર્શનનો લાભ થાય છે કે જે ભગવાન ભકતોની સાથે વાતો પણ કરે છે એટલુંજ નહિ પણ એમનાં બોલવામાં શું પ્રેમ રહેલો છે

તથા દર્શનથી જન્મ મરણના દુઃખનો નાશ થાય છે તે પ્રત્યક્ષ જોવાથી આપને સમજાશે.

એક વખતે એમના ચરણ ઉપર મસ્તક મુકયું અને દર્શનનો લાભ મેળવ્યો કે પ્રત્યક્ષ ભગવાનનું દર્શન થયું હોય એમ દરેકને લાગે છે, અને પછી મન બીજે ઠેકાણે લાગતુંજ નથી પણ ઉલટું આનંદમાં આવી પ્રેમથી ભકિત માર્ગ તરફ મન વળે છે.

એટલું બોલતામાં તો લક્ષ્મીબાઇનું મન પ્રેમભાવથી ભરી આવ્યું અને પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં.

તેણીની સ્વામીજી પરની એક નિષ્ટા જોઈ શ્રીધરને દયા આવી અને પ્રેમથી કહ્યું કે જ્યારે હુબળી જવાની તને ઘણીજ હોંસ છે ત્યારે હું પણ મારો વિચાર ફેરવી આપણે બન્ને જણાં આવતા શુક્રવારની આગબોટમાં હુબળી જવા નીકળીશું.

પતિના શબ્દો તેણીને અમૃત સમાન લાગ્યા અને પ્રવાસમાં જવા સારૂ બધી તૈયારી કરવા લાગી.

પોતાના ઠરાવ્યા મુજબ શુક્રવારને દીવસે તેઓ આગબોટમાં બેસી હુબળી જવા સારૂ નીકળ્યાં આથી લક્ષ્મી-બાઇને ઘણોજ આનંદ થયો, અને નામ સ્મરણ કરવા લાગી.

રાત અને દિવસ સ્વામીજીના નામનો જપ કરવાથી જયાં અને ત્યાં સ્વામીજીનું દર્શન થવા લાગ્યું.

દરીઆના મોજાં જોઇ કહેવા લાગી કે જુઓ! "આ બધાં મોજાં જે ઉછાળા મારી રહ્યાં છે તે સ્વામીજી ઉપરનો પ્રેમ બતાવે છે." બોટના ઇન્જીનનો અવાજ થાય ત્યારે કહેવા લાગી કે "આ તો સ્વામીજીની આરતી વખતનો જય જયકારનો ઘોષ થાય છે" તથા દરેક ઉતારૂઓને જોઈ કહેવા લાગી "આ બધા તો શ્રી સિદ્ધારૂઢ ઉત્સવ માટેજ જાય છે. આવી રીતે લક્ષ્મીબાઇનું ભાન તન, મન અને ધન શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી ઉપર લાગ્યું હતું.

આગબોટ હવે જોસમાં ચાલવા લાગી હતી. એટલામાં સ્હામેથી બીજી આગબોટ જણાઈ અને અકસ્માતથી અથડાઈ ભયંકર અવાજ સાથે આગબોટ ઉંચકાઇ ફ્રરીથી નીચે પડી.

પછીથી તપાસ કરતાં માલુમ પડયું કે આગબોટમાં એક મોટું ગાબડું પડેલું માલુમ પડયું, આથી ઉતારૂઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો અને દરેક જણ પોતપોતાનો જીવ બચાવવા સારૂ પ્રયત્ન કરી રહ્યા.

સામેથી જે આગબોટ આવી તેમાં નુકશાન થયું ન હતું તેથી તેણે ઉતારૂઓને લેવા માટે પાસે ઉભી રાખી હતી.

દરેક જણ પોતાનો જીવ બચાવવા સારૂ એક ઉપર એક પડતાં નાંખવા માંડયું. શ્રીધર તો આગબોટના અથડાચલા અવાજથી ઘણોજ ગભરાઈ ગયો અને નાસીપાસ થવા

લાગ્યો. ગભરાટથી પોતાની પત્નિને પણ પાસે લઈ બીજી બોટમાં ઉતરવાનું ભૂલી જઈ એકલોજ ગયો.

પોતાને એકલો આવેલો જોઇ બીજા ઉતારૂઓએ તેની પત્ની લક્ષ્મીબાઇ માટે પૂછપરછ કરવા માંડી અને એકલો આવ્યો તેના માટે ઘણોજ ઠપકો આપવા લાગ્યા. ત્યારે તેણે કહ્યું “ આવા વખતમાં તેની ચિન્તા રાખવી એ શું કામ લાગે ? હું જીવતો રહ્યો છું તો સ્ત્રીઓ કેટલી ? પણ જો હું મરી જાત તો મારી સ્ત્રીને આ દુનીઆમાં મારા સિવાય રહેવું નકામું હતું.

આ વાતચીત થતી હતી એટલામાં તો ભાંગેલી આગબોટ કે જેમાં લક્ષ્મીબાઈ રહી ગયાં હતાં તે ધીરેધીરે ડુબવાની તૈયારીમાં હતી. તેણીએ પોતાના પતિ માટે ઘણીજ તપાસ કરી પણ જોવામાં આવ્યા નહિ હજુ પણ આગબોટમાં માણસો હતાં અને એક ઉપર એક જીવ બચાવવા સારૂ બીજી બોટ તરફ ઉતરવા માટે પડતાં નાખતાં હતાં.

લક્ષ્મીબાઇ સ્વામીજીનો મંત્ર જપ કરતી કરતી બોટના ઉતરવાના રસ્તા સુધી આવી પહોંચી પણ લોકોની ભીડ હોવાથી ઉતરવા પામી નહી તેથી તે ત્યાંજ ઉભી રહી.

આજુબાજુ નજર ફેરવતાં એક નાનું બાળક બોટમાં તેની દૃષ્ટિએ પડયું કે જે કોઇ છોડીને ચાલી ગયું

હતું. બાળકને જોતાંજ પોતાના જીવની દરકાર કર્યા વગર તેના તરફ દોડી જઈ બાળક ઉંચકી લીધુ કારણ કે તે ભાગમાં પાણી ભરાવા માંડયું હતું. દરેક જણ આગબોટમાંથી ઉતરી ગએલું તેણીએ જોયું, ફક્ત પોતે એકલીજ છે એમ ધારી બાળક સાથે ઉતરવા સીડી તરફના રસ્તા આગળ આવી પહોંચી પણ દૈવ્ય યોગે સીડી ભાંગી પડેલી જોઇ અને ઉતરવાનું કશું સાધન રહ્યું નહિ એટલામાં તો તેણીની કમર સુધી પાણી આવવા લાગ્યું અને થોડીવારમાં આગબોટ ડુબી જવાની તૈયારીમાં હતી, તેથી બાળકને બચાવવા સારૂ પોતાના બન્ને હાથ ઉંચા રાખી બાળક પકડી રાખેલું હતું અને મોટેથી શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીને કહેવા લાગી કે—“ હે દયાના સાગર સ્વામીજી! આ ભર દરીઆમાં મને એકલી કેમ મુકી જાઓ છો? હે કૃપાળુ ભગવાન, બહાર નીકળવાનો રસ્તો મને દેખાતો નથી વળી મારા પતિ કયાં હશે? એમનું પણ હે પ્રભો રક્ષણ કરજે. બીજી જે આગબોટ હતી તે પણ આગળ ચાલી ગઇ છે, હવે તારા શિવાય મારૂં રક્ષણ કરનાર કોઈજ નથી. મારા માટે આપ કંટાળી ગયા હો તો આ બાળકની ખાતર પણ દયા લાવી વારે ધાશો અને અમારૂ રક્ષણ કરશો.

આવી રીતની દયા ઉપજાવનારી પ્રાર્થના લક્ષ્મીબાઈ કરતાં ઉભાં રહ્યાં છે. એટલામાં આગબોટ ડુબી, પોતે પણ

પાણીની અંદર જવા લાગ્યાં તો પણ બાળકને ઉંચુજ રાખી સ્વામીજીની પ્રાર્થના ચાલુજ રાખી હતી.

સ્વામીજીએ તેણીની પ્રાર્થના સાંભળી, જેવી આગબોટ ડુબી કે તુરતજ પોતે એક નાનકડી હોડી સાથે, લક્ષ્મીબાઇની પાસેજ પ્રગટ થયા, અને ઝટ બાળકને ઉંચકી લઇ હોડીમાં મુકી, લક્ષ્મીબાઈને ઉંચકીને બેસાડયાં, આથી તેણી ઘણીજ આનંદમાં આવી સ્વામીજીને પગે પડી. પછીથી સ્વામીજીએ આગળ નીકળી ગએલી આગબોટ તરફ હોડી હંકારવા માંડી.

આ બનાવ બીજી આગબોટ ઉપરના ઉતારૂઓએ નજરે જોયો અને વળી હોડીમાં બે માણુસો તેમના તરફ આવતાં જોવાથી આગબોટ પણ ઉભી રાખી.

જોતજોતામાં સ્વામીજીની હોડી આગબોટની નજદીક આવી પહોંચી અને લક્ષ્મીબાઇ તથા બાળકને આગબોટમાં ચઢાવી દીધાં કે તુરતજ સ્વામીજી હોડી સાથે અદૃષ્ય થયા આ ચમત્કાર જોઈ બધા ઉતારૂઓને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું. સ્વામીજીની માયાને આપણે સમજી શકવા શકિતમાન નથી એમનો મહિમા ઘણોજ અગાધ છે.

લક્ષ્મીબાઇ ઉપર જતાંજ બધાં માણુસો ભેગાં થઈ ગયાં અને તે બાળકની મા એકદમ તેની પાસે દોડી આવી અને પગે પડી કહેવા લાગી કે "હે બાઇ તમે તો દેવી

રૂપજ છો, આપનું નામ યથાર્થ છે, આ નાનકડા બાળકનો પ્રાણ બચાવી મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો બદલો વાળી શકાશેજ નહિ"

લક્ષ્મીબાઈ એ બાળકને પ્રેમથી રમાડી તેની માના હાથમાં સોંપી દીધું અને પોતાના પ્રાણનાથની શોધ કરવા લાગી.

લક્ષ્મીબાઇ આવવાની વાત આખી આગબોટમાં ફેલાઇ ગઈ હતી, એથી શ્રીધર લોકલજ્જાથી ઘણોજ શરમાઇ એક બાજુ ઉપર લપાઇ રહ્યો હતો, તેને બીજા ઉતારૂઓએ સમજાવી લક્ષ્મીબાઇ આગળ લાવ્યા કે એકદમ આનંદમાં આવી નમ્રતા પૂર્વક પોતાના પતિને ચરણે પડી અને કહ્યું "જુઓ ! સદગુરૂ સ્વામીજીએ મને કેવી બચાવી ? સ્વામીજી ઘણાજ દયાળુ છે, તેમના ઉપર વિશ્વાસ રાખવાથી આવીજ રીતે દરેકનું હમેશાં દયા રાખી રક્ષણ કરે છે, તમારૂં પણ રક્ષણ સ્વામીજીએજ કર્યું છે."

આવા પ્રેમના શબ્દો સાંભળી આગબોટ ઉપરના બધા માણસોની આંખમાંથી પ્રેમાશ્રુ વહી રહ્યાં.

પછીથી પોતાના પતિ સાથે બેસી જે કંઇ બન્યું તે કહી સંભળાવ્યું, પોતાને એકલી મુકી ગયાનું કંઈપણ કહ્યું નહિ શ્રીધર બધું સાંભળ્યા પછી કહ્યું" આજે તો

ગુરૂ કૃપાથીજ તારો મેળાપ થયો છે." આજનો દીવસ ર્ણમય છે."

હું કઠણુ હૃદયનો કે તને એકલી છોડી મારો જીવ ચાવવા સારૂ નાસી છુટયો તેને માટે મને ઘણુંજ ખરાબ ગે છે. "જેને રામ રાખે તેને કોણ ચાખે" એ કહેવત ાખર છે.

લક્ષ્મીબાઇએ પોતાના પતિને શાન્તવન આપી કહ્યું મોને બચેલા જોઈ મને ઘણોજ આનંદ થાય છે જે ગુરૂએ મને બચાવી છે તેમણેજ તમોને પણ મદદ કરી એમાં જરાએ શંકા નથી. એમની માયા અલૌકીક છે.

આ વાર્તાલાપ થતો હતો એવામાં ગોવા આવી ગયું ટલે અહિઆં ઉતરી પડી આગગાડીમાં બેસી હુબળી તરફ ાના થયાં.

હુબળી આવી પહોંચતાજ તેઓએ આશ્રમમાં આવી ામીજીના દર્શનનો લાભ લીધો. આ વખતે લક્ષ્મીબાઇના ાનંદની સીમાજ રહી ન હતી. તેની આંખમાંથી પ્રેમાશ્રુ ડવા લાગ્યાં અને રસ્તામાં બનેલો બનાવ સ્વામીજીને કહી ભળાવ્યો તથા ફરીથી પ્રેમભાવથી પગે લાગી ભેટી પડ્યાં. ામીજીએ કહ્યું-"હે લક્ષ્મીબાઇ!" ધન્ય છે તારી ભકતીને? ગુરૂનું જે તું હંમેશાં નામ રટણ કરે છે એ સદ્‌ગુરૂ તારી

પાસે હંમેશના રહે છે અને તું સંકટમાં છે એમ જોતાંજ દોડી આવી બચાવ કર્યો છે.

આવા સ્વામીજીના શબ્દો સાંભળી બન્નેને આનંદ થયો, પછીથી કહ્યું "હે ભગવાન" હવે પાછું જવાનું મન બીલકુલ થતું નથી, આપ કૃપા કરશો તો અમો અહિઆંજ રહીશું.

સ્વામીજી–ઉત્સવ પૂર્ણ થયા બાદ તમો મનમાં કંઇ પણ બીક રાખ્યા વગર તમારે ગામ જજો, કારણ તે જે માણસો હંમેશાં નામ સ્મરણ કરે છે તે ગમે તેટલો દૂર હોય તોપણ સદ્‌ગુરૂ પાસેજ હોય છે. તથા નામ સ્મરણમાં સમાએલો આનંદ ગમે ત્યાં જઇએ તોપણ કાયમનોજ રહે છે તથા તેમાં તમારૂં કલ્યાણ સમાએલું છે.

શિવરાત્રી ઉત્સવ પુરો થતાંજ બન્ને જણાં સ્વામીજીનો સારો આશિર્વાદ લઈ પોતાના ગામ ગયાં.

દરરોજ નિયમસર સદ્‌ગુરૂ નામ સ્મરણ પ્રેમથી કરવા લાગ્યાં, જેથી સ્વામીજી પોતાની પાસે હંમેશના છે એવું દેખાવા લાગ્યું.

આ વાતોનો સાર નીચે મુજબ લેવો.

શ્રીધર એટલે જીવ, લક્ષ્મીબાઇ એજ સદ્‌ભકિત જાણવી તેમને સંસારરૂપી ભવસાગર પાર થવા માટે સદ્‌ગુરૂએ

સદ્‌ગુરૂ પાસે મોકલ્યાં, જ્યારે આસકિત રૂપી બોટમાં બેઠાં ત્યારે વિરકિત રૂપી બીજી બોટ સામેથી આવી આસકિતને તોડી નાંખી.

ત્યારે જીવ ભકિત છોડી ઝટ વિરક્તિ પાસે દોડી ગયો ત્યાં પણ બધું એવુંજ જોવાથી એને સમાધાન થયું નહિ.

બીજી તરફ ભકિતએ બાળક ઉપર દયા લાવી તેને ઉંચકી લીધો, તેથી એ આશક્તિમાં ફસાઇ અને દરિઆમાં બુડવા લાગી, ત્યારે સ્વામીજી પ્રગટ થઈ દયા અને ભકિતરૂપી લક્ષ્મીબાઈનો બચાવ કરી જીવના ભેગી કીધી.

ભક્તિ આવેલી જોઈ જીવને સમાધાન થઇ આનંદ લાગ્યો. પછીથી જીવ અને ભકિત સાથે મળી સ્વામીજીને મળ્યાં ત્યારે સ્વામીજીએ નામ સ્મરણ હંમેશાં કરવાનો ઉપદેશ કર્યો.

સ્વામીજી પોતાના ભકતોને આધીન છે, ભકત ગમે તેટલો દૂર હોય યા ગમે તેવા સંકટમાં હોય તો આવીજ રીતે બચાવ કરે છે. માટે હે પ્રિય વાંચક આવા સ્વામીજીને શરણે જવામાં વિલંબ કરતો નહિ.

પ્રકરણ ૪૯ મું

બાળકનો બચાવ

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીને દરરોજ ઘોડાગાડીમાં બેસાડી મઠમાંથી શહેરમાં પ્રેમી ભકતો પોતાને ઘેર જમાડવા સારૂ લઈ જાય છે.

એક દીવસે સ્વામીજી ગાડીમાં બેસી જતા હતા. આ વખતે એક બાઈ પોતાના બે વર્ષના બાળક સાથે રસ્તા ઉપર પસાર થતી હતી, એટલામાં સ્વામીજીની ગાડી નજદીક આવેલી જોઇ ઘણી ગભરાઈ ગઇ અને ગભરાટમાં પોતાના બાળકનો હાથ છોડી દુર ખસી ગઇ તેથી બાળક ગાડી નીચે સપડાઈ ચગદાઈ ગયું અને મરણ પામ્યું.

આ બનાવથી થોડે દુર જઇ સ્વામીજીએ ગાડી તુરતજ ઉભી રાખી.

બાળકની માતા પોતાના વહાલા બાળકને મરણ પામેલો જોઈ બહુજ રડવા લાગી અને સ્વામીજી ઉપર દોષ

ૂકી કહેવા લાગી કે–" તું બધાનો જ્યારે રક્ષણ કરતા કહેવાય ો ત્યારે તું મારા બાળકનો કાળરૂપ કેમ બન્યો? મારા નેર્દોષ બાળકને માટે તારા હૃદયમાં જરાએ દયા ના આવી મને આખી ગાડી પસાર થવા દીધી? જો તારામાં દયા ોત તો તું પહેલેથીજ ગાડી ઉભી રખાવતે?" આવી રીતે । કહેવાના ઘણા શબ્દો તે બાઇએ સ્વામીજીને કહ્યા.

આ શોરબકોરથી આજુબાજુના ઘણા લોકો ભેગા ઇ ગયા તથા આ વાતની ગામમાં ખબર પડતાંજ તેનાં ાગાં વહાલા પણ આવી પહોંચ્યાં.

મરણ પામેલા બાળક માટે પંચ નીમવામાં આવ્યું. રંતુ સ્વામીજીની ઘોડાગાડી જોઇ તે લોકો સ્વામીજી પાસે ઇ પગે લાગી કહેવા લાગ્યા કે હે પ્રભુ! અદાલતમાં જો ા વાત જશે તો અમો બધા બાળક માટે એમ કહીશું તેને ચકરી આવવાથી રસ્તા ઉપર પડી મરણ પામ્યું છે; ાવી રીતની સાક્ષી અમો પુરીશું અને આપના ઉપરનો ાક્ષેપ દુર કરીશું, માટે આપ બેફીકરથી ઘોડાગાડી જવા । અને જ્યાં જવું હોય ત્યાં પધારો.

સ્વામીજી:—મારા માટે તમો લોકો જુઠું બોલશો હિ કારણકે હું દરરોજ ખોટું ન બોલવાનો ઉપદેશ દરેકને ઠમાં કરૂછું અને આજે મારા ઉપર આવેલી આફત દૂર

કરવા સારૂ શા માટે ખોટું બોલવું જોઇએ? આમ કહી સ્વામીજીએ પોતાની ગાડી ફેરવી બોલ્યા કે "બાળક મરી કેમ જાય" તમો બધા કહોછો કે બાળક મરી ગયું છે પણ મને જાતે જોવા દો તો હું ખરૂ માનું.

આમ કહી પોતે મરણ પામેલા બાળક પાસે આવી તે બાળકને ઉંચકી ગાડીમાં મુકયું અને તેના મસ્તક ઉપર બન્ને પગ સ્પર્શ કરી " ૐ શિવાયેનમઃ " બોલ્યા કે ઝટ બાળકની અંદર પ્રાણ આવી ગયો અને ચલનવલણ શરૂ કર્યું.


થોડી વારમાંજ બાળકે આંખ ઉઘાડી અને એકદમ હસતું ઉભું થઇ ગયું.

આ બનાવથી તેની માતા તથા એકત્ર થએલા લોકો ઘણાજ આશ્ચર્ય પામ્યા અને આનંદમાં આવી સ્વામીજીના નામનો જયજયકાર કરી ધન્યવાદ આપવા લાગ્યા. બાળકની માતા સ્વામીજીને પગે પડી કહેવા લાગી કે હે ભગવાનના ભગવાન! મેં પાપણીએ આપને ન કહેવાના શબ્દો કહી ઘણોજ મોટો અપરાધ કર્યો છે માટે માફી આપવા કૃપા કરશોજી. આ મારૂ મરણ પામેલું બાળક જીવતું કરી મારા ઉપર ઘણોજ મોટો ઉપકાર કર્યો છે. હે સદગુરૂ ભગવાન ! આપ મનુષ્ય અવતાર ધારણ કરી આ અદભૂત

ચમત્કાર અમોને દેખાડયો છે, તે ઉપરથી અમારી પુરેપુરી ખાત્રી થાય છે કે આપ ખરેખરા ઇશ્વરરૂપજ છો.

બાળકની માતા પોતે તથા બાળકને ફરીથી પગે લગાડી ઘર તરફ જવાની આજ્ઞા આપી, પોતાના બાળકનો હાથ પકડી ઘર તરફ ચાલી ગઈ તથા સ્વામીજી પણ ભકતોને ત્યાં ભોજન લેવા માટે ચાલી ગયા.

"ધન્ય છે શ્રીસિધ્ધારૂઢ સ્વામીજીને કે યમરાજ જેવા પણ તેમની આજ્ઞામાં સદાને માટે રહે છે."



પ્રકરણ ૫૦ મું

કુષ્ટ રોગનું નિવારણ



દરેક પુરાણોમાં અને વેદાન્તમાં પણ સત્સંગ તથા ગુરૂભક્તિને શ્રેષ્ઠ ગણી છે, કારણ કે જીવોની મુક્તિ માટે એ એકજ આ કલીકાળમાં સહેલામાં સહેલો ઉપાય છે.

શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીનો અવતાર ભકતોનો (જીવોને) ઉદ્ધાર કરવા માટે અવતરેલો છે. સ્વામીજીને શરણે જવાથી સત્સંગનો લાભ તથા જીવોની મુક્તિ બહુજ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે, તે નીચેનાં દૃષ્ટાંત ઉપરથી વાંચકોને સમજાશે.

એક દિવસે બપોરના સમયે સ્વામીજીએ પોતાના શિષ્યોને બોલાવીને કહ્યું કે " આપણે બધાને ચાલે એટલી રોટલી અને રસાદાર શાક તૈયાર કરી, એક વાસણમાં ભરી મારી સાથે પશ્ચિમ દિશામાં આવેલા ડુંગર ઉપર જવા તૈયાર થઈ જાવ. "

ગુરૂની આજ્ઞા થતાંજ પચીસ શિષ્યોએ બધી તૈયારી કરી ડુંગર તરફ ભજન કરતા કરતા સ્વામીજી સાથે નીકળ્યા અને આનંદથી બે કલાકમાં ડુંગર ઉપર ચઢી ગયા.

શિખર ઉપર સરસ જગ્યા જોઈ એક ઉંચા પત્થર ઉપર સ્વામીજીને બેસાડયા અને પુજા કરવા માટે તૈયારી કરી રહ્યા હતા.

કેટલાક શિષ્યો આજુ બાજુની ઝાડીમાંથી પુલો વીણી લાવી હાર તૈયાર કરી સ્વામીજીને આરોપી પુજા વીગેરે આનંદથી કરી, દરેક જણ સંતોષ પામ્યા.

પછીથી દરેક જણ એકબીજાનો હાથ પકડી સ્વામીજી આગળ ગોળાકારમાં આનંદથી ભજન કરતા રાસક્રીડા કરવા લાગ્યા.

સ્વામીજી આ જોઈ ઘણુજ આનંદીત બન્યા. શીષ્યોને થાકેલા જોઇ બધાંને એકત્ર કરી નીચે જમીન ઉપર બેસાડી વાર્તાલાપ કરવા લાગ્યા.

થોડા વખત વાર્તાલાપ કર્યા પછી, બેઠેલી જગ્યામાં જ્યાં એક પત્થરનો ખાડો હતો તે સાફ કરી તેની અંદર બધી રોટલીઓના ટુકડા કરી ઉપરથી રસાદાર શાક નાખી બધું એકત્ર કર્યું.

સ્વામીજીએ તેમાંથી થોડુંક થોડુંક લઇ દરેકના મોંઢામાં પ્રસાદ તરીકે આપવા લાગ્યા, જેથી દરેક શિષ્યોનું

મન આનંદીત બની, ગુરૂની સાથે બેસી એક બીજાને જમાડવા લાગ્યાં.

આ વખતનો ઐક્ય ભાવનો દેખાવ એટલો બધો વર્ણનીય હતો કે બધાંના શરીરો જુદાં હતાં, છતાં પણ તે એકનાંજ છે એમ લાગતું હતું. (એટલે કે બીજા ભાવના રહીજ ન હતી.)

આ વખતનો દેખાવ જોવા માટે દેવલોકો પણ પોતપોતાના વિમાનો સાથે આકાશમાં એકત્ર થયા હતા આટલુંજ નહિ પણ માંહેમાંહે કહેવા લાગ્યા કે " જો આજે આપણે મનુષ્ય લોકમાં હોત, તો આ અમુલ્ય લાભ આપણને પણ મળતે !

આપણને અમૃત પ્રાશન કરવા દરરોજ મળે છે, તે પણ આ અવતારી પુરૂષના હાથથી વહેંચાતી પ્રસાદી આગળ તેની કંઇ કીંમતજ નથી, કારણકે આપણું પુન્ય ખલાસ થતાં જન્મમરણનો ફેરો ટળતો નથી પણ આ સ્વામીજીના હાથથી લીધેલી પ્રસાદીથી દરેક જીવોનો ઉધ્ધાર થઇ જન્મ મરણનો ફેરો ટળે છે, આથી આપણને બહુજ લાગી આવે છે

આ બધું અંતરજ્ઞાનથી જ્ઞાની શિષ્યો જોઇ તથા સાંભળી રહ્યા હતા, એટલામાં નંદી ઉપર ઇશ્વર પાર્વતી કૈલાસ તરફ જતાં હતાં ત્યારે દેવલોકોની એકજ જગ્યાએ

થએલી ભીડ જોઇ, પાર્વતીજીએ શ્રી શંકર ભગવાનને પ્રશ્ન કર્યો કે "હે ભોળાનાથ! આજે મૃત્યુલોકમાં શું એવું બન્યું છે કે આ બધા દેવલોક એકત્ર થઈ નીચે નીહાળ્યા કરે છે? તે આપ કૃપા કરી જણાવો.

શ્રી શંકરે—ચાલો, આપણે પણ શું થાય છે તે જોઇએ. ઇચ્છા થતાંજ વગર વિલંબે નંદીએ બન્નેને એ જગ્યાએ લાવી મુક્યાં.

પાર્વતીજીએ બધા શિષ્યોને એકજ રૂપ તથા શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી સાથે બેસી પ્રસાદી લેતા જોઈ ઘણુંજ આનંદીત બન્યાં અને શ્રી શંકર ભગવાનને પ્રશ્ન કર્યો કે "આ મહાત્માજી કોણુ છે તે કૃપા કરી જણાવો?

શ્રી શંકર ભગવાને—હે ગીરીજા! સાંભળ, એતો મારોજ અવતાર છે.

હંમેશાં પૃથ્વી ઉપર ઘણુંજ પાપ થાય છે ત્યારે હું અવતાર ધારણુ કરી દુષ્ટોનો સંહાર કરૂં છું. પરન્તુ આ વખતે દેવ લોકો મારી પાસે આવી પ્રાર્થના કરી વીનંતી સાથે કહ્યું કે "હે ભગવાન! આપ દુષ્ટોનો સંહાર હંમેશાં કરો છો તોપણુ એ જીવો ફરીથી જન્મ ધારણુ કરી પૃથ્વી ઉપર પાછું પાપાચરણુ ચાલુજ રાખે છે, તેથીજ એવા જીવોનો સંહાર કરેલો નકામો છે, માટે આપ આ વખતે

બહુજ શાન્ત અને માયાળુ રૂપ ધારણ કરી, પૃથ્વી ઉપ દુષ્ટોનો સંહાર કર્યા વિના, જ્ઞાનમાર્ગથીજ ઉધ્ધાર કરશો તો અવતાર કાર્ય સફળ થયું ગણાશે.

દરેક ઉપર દયા રાખી ભકિતમાર્ગથી દુષ્ટોને પણ મોક્ષ પ્રાપ્ત કરી આપવું, એવી દેવલોકની માગણી મને જરા કઠણ તો લાગી, તો પણ મેં કહ્યું કે "તમો બધ અત્યારે જાઓ" હું આનો વિચાર કરી પછીથી જણાવીશ

ત્યાર બાદ મેં શ્રી સિદ્ધારૂઢ સ્વામીજીના રૂપમાં અવ તાર ધારણ કરવાનો વિચાર નકકી કરી દેવલોકમાં કહેવડાવ્યુ દેવલોકોએ પણ મારી સાથે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી મદદ કરવાનું વચન આપ્યું.

આ કલીકાળમાં હું શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના રૂપમાં છું અને બીજા દેવલોક પણ મારા ભકત તરીકે મારી સાથે અવતર્યા છે હું દુષ્ટોના ઉપર દયા રાખી, તેઓનાં ફકત દૃષ્ટ ગુણોને સંહાર કરી સત્ માર્ગે લઈ જાઉં છું. હું દરેક જીવોને સરખોજ ગણું છું. દરેક દુઃખી જીવોનાં દુઃખનો નાશ કરી સુખની પ્રાપ્તી કરી આપુ છું, એટલુંજ નહિ પણ **મારા જેવોજ બનાવું છું,** કારણે કે બીજા અજ્ઞાન જીવોને મારો અવતાર ખલાસ થયા બાદ, તેઓ તારી શકે આવી રીતની યોજના કરી મ્હેં આ અવતાર ધારણ કર્યો છે

શ્રી શંકર ભગવાનના આવા શબ્દો સાંભળી પાર્વતીજી ઘણાં ખુશ થઇ ગયાં. પછીથી બન્ને જણાં નંદી ઉપર બેસી કૈલાસ તરફ ગયાં.

આ વખતે દેવલોકો ભોજનની શોભા જોઈ રહ્યા હતા, એટલામાં એક દુષ્ટ રોગથી પીડાતો કે જેના આખા શરીરમાંથી ઘણુંજ ખરાબ વાસ વાળું પરૂ વહયાં કરતું હતું તથા શરીરમાં મોટાં બાકોરાં પણ પડી ગયાં હતાં. એવો માણસ સ્વામીજી આગળ આવી પહોંચ્યો.

આવતાંની વારમાં તે માણસે સ્વામીજીના પગ પકડી કહેવા લાગ્યો કે " હે ભગવાન આ મારો આખો જન્મ આવી સ્થિતિમાં ગયો છે, કારણ કે મારે આપના સિવાય બીજા કોઇનો આધાર આ દુનીયામાં રહયો નથી, માટે મારો અંગીકાર કરી આપના ચરણ આગળ આ દેહ મુકવાની તક આપશોજી કે જેથી મારી ઇચ્છા પૂર્ણ થશે.

તેના આવા દયાજનક શબ્દો સાંભળી તથા તેની આવી સ્થિતિ જોઇ શિષ્યો કહેવા લાગ્યા કે " સ્વામીજીના ચરણ છોડી જરા દૂર તો ઉભો રહે ? આટલું કહ્યું એટલુંજ નહિ પણ તેને બાજુએ ખસેડવા તૈયાર થયા.

આ જોતાંજ સ્વામીજીએ શિષ્યોને થોભાવી કહ્યું " એને મારા પગ પાસે ભલે રહેવા દો ? એ પણ મારા ભકતમાંનો એક ભકત છે. "

શિષ્યોએ સ્વામીજીને પ્રશ્ન કર્યો કે " હે ગુરૂમહારાજ જીવોને કયા કારણથી આવું દુઃખ ભોગવવું પડતું હશે ? કૃપા કરી અમોને સમજાવો.

સ્વામીજી--આ રોગ બે પ્રકારના થાય છે, એ સ્થુલ અને બીજો સુક્ષ્મ છે. હવે સ્થુલ રોગ જે છે દેહને થાય છે અને તેના લક્ષણો આ માણસને જોવાથ સ્પષ્ટ સમજાશે; આ રોગ થવાંના કારણો ઘણાજ છે, પણ નીચેના દોષને લીધેજ જીવોને ઘણુંખરૂં દુઃખ ભોગવવુ પડે છે.

(૧) એક તો પરદારા ગમન. (૨) લોકોને ફસાવ પૈસા મેળવવા. (૩) સદ્‌ગુરૂની નીંદા કરવી. (૪) વગ અપરાધે કોઈને શિક્ષા કરવી. (૫) માબાપની નીંદા કરનારને (૬) શીવ વિષ્ણુંમાં ભેદ ગણનારને. (એટલે કે દેવલોકન નીંદા કરનારને.)

સુક્ષ્મ રોગનાં લક્ષણો ઘણાજ થોડા પ્રમાણમાં હોય છે પરન્તુ તે સ્પષ્ટ રીતે બહાર શરીર ઉપર દેખાતાં નથી ઘણુંખરૂં એનું પરિણામ બુધ્ધિ ઉપરજ થાય છે, એટલે કે બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને બીજા માટે દ્વેષ ઉત્પન્ન થઈ કોઇનો પણ ઘાત કરવો એવી રીતની બુધ્ધિ બની, નીંદા-જનક વચનો એના મુખમાંથી આખો દીવસ નીકળ્યા કરે

કરે છે; આવી રીતનું દુઃખ તે સુક્ષ્મ જીવને ભોગવવું પડે છે.

આ બન્ને રોગ ઉપર કોઇ પણ જાતની દવા લાગુ પડતી નથી પણ **સત્સંગ** અને **ગુરૂસેવા** કરવાથીજ એનું નીવારણ થાય છે.

આ વાત સાંભળી શિષ્યો ખુશ થયા. ત્યારપછી સ્વામીજીએ પ્રસાદીમાંથી થોડીક પ્રસાદી લઇ તે રોગીના મોંમાં મુકી નામ સ્મરણ કર્યું.

પ્રસાદી રોગીનાં પેટમાં જતાંજ એનું આખું શરીર પલટાઇ ગયું અને કોઇપણ જગ્યાએ રોગનું નામનિશાન રહ્યું નહિ.

પોતાનું આખું શરીર આવી અદ્‌ભૂત રીતે સારૂં થએલું જોઈ તેને ઘણોજ આનંદ થયો અને સાષ્ટાંગ નમસ્કાર કરી કહેવા લાગ્યો કે " હે દયાળુ ભગવાન ! આપ ભગવાનના પણ ભગવાન છો ! આપના ચરણસ્પર્શ કર્યાથી મારૂં સઘળું દુઃખ નષ્ટ થયું છે. તથા આજે મારા જન્મનું સાર્થક પણ થયું છે એમ હું માનું છું.

જ્યાં સુધી મારામાં જીવ છે ત્યાં સુધી આપની ભક્તિ ભૂલવાનો નથી. આજથી આ નિર્મળ બનેલું શરીર આપને અર્પણ કરૂં છું, તથા મારા યોગ્ય કોઈપણ જાતની

સેવા આપવા કૃપા કરશો એવી આશા રાખું છું. આવી રીતનું બોલતાં બોલતાં તેને પ્રેમાશ્રુ આવી ગયાં અને સ્વામીજીને પ્રેમથી ફરીથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

સ્વામીજીએ તેને પ્રેમથી ઉઠાડીને કહ્યું " દેહ તો મારોજ છે." એમ સમજી પ્રેમ રાખી એનું રક્ષણ કરજે.

હમેશાં નામસ્મરણ કરતો રહેજે, દરેક જીવો માત્ર ઉપર દયા રાખજે તથા દરરોજ સદ્ગુરૂ દર્શન કરતો રહેજે એટલે પૂરીથી આવો રોગ કદાપી કાળે પણ થશેજ નહિં એટલુંજ નહિ પણ તું સદગતિએ પહોંચશે.

આ અદભૂત ચમત્કાર દેવલોકોએ આકાશમાંથી જોઇ સ્વામીજી ઉપર પુલોની વૃષ્ટિ કરી તથા દુંદભીનાદ સાથે સ્વામીજીની પ્રસંસા કરતા પોતપોતાને સ્થાને વિદાય થયા.

આ વખતે સ્વામીજી પણ પોતાનું કાર્ય સમાપ્ત કરી રહ્યા એટલામાં શિષ્યો સદ્ગુરૂને કહેવા લાગ્યા કે " હે દયાળુ મહારાજ ! અમો બધાને ઘણીજ તરસ લાગી છે અને અહિંયા તપાસ કરતાં પાણી કંઈ દેખવામાં આવતું નથી માટે હવે શું કરવું ?

આ સાંભળતાંજ સ્વામીજી પોતે ઉઠયા અને એક બાજુ તરફ થોડેક જઇ કહેવા લાગ્યા કે "પાણી તો આ રહ્યું, તમો બધાએ અત્યાર સુધી શું જોયું ? પણ પાણીની

અંદર જીવાત પડેલી દેખાય છે, તોપણ સાચવીને પાણી પી તૃષાને શાંન્ત કરો.

શિષ્યો ત્યાં જઈ જુએ છે તો પાણીમાં ઘણીજ જીવાત તરતી દેખાઇ, એટલે કોઇપણ પાણી પીવા આગળ થયું નહિ; ત્યારે સ્વામીજીએ કહ્યું "ચાલો હુંજ પહેલાં પાણી પીઉં છું." આમ કહી પોતે નીચે પડી પાણી પીવા લાગ્યા. (એટલે કે મોંઢું પાણીને અડાડી પીવા લાગ્યા.)

સ્વામીજીનો મુખસ્પર્શ થતાંજ પાણી નીર્મળ બની ગયું. શિષ્યોએ પાણીમાં પડેલો ફરક જોતાંજ આશ્ચર્ય પામ્યા, અને પછી દરેકે પાણીથી પોતપોતાની તૃષાને શાંન્ત કરી. સાંજનો વખત થઇ જવાથી સ્વામીજી શિષ્યો સહીત ભજન કરતા કરતા આનંદથી મઠમાં આવી પહોંચ્યા.

ઉપરના દૃષ્ટાંતનો સાર નીચે મુજબ લેવો.

પચીસ શિષ્યો એ પચીસ તત્વો સમજવાં. છવીસમું તત્વ તે સ્વામીજી પોતેજ. આ બધાં તત્વો સ્વામીજી આગળ રમતાં હતાં. એ રમત ગોળાકારમાં જન્મમરણના ફેરાનીજ થતી હતી.

સ્વામીજી પોતાના અધિકારથી આ કઠણ રમતમાં થાકી ગએલા શિષ્યોને જોયા, ત્યારે સદ્‌ગુણ રૂપી પ્રસાદી (રોટલી શાક) તૈયાર કરી, સંસારરૂપી દુષ્ટને તે પ્રસાદી આપી ઉદ્ધાર કર્યો.

સદ્દગુણોરૂપી પ્રસાદીના સેવનથી **મોક્ષરૂપી** ઇચ્છા તરસ ઉત્પન્ન થઇ કે જેથી શિષ્યોએ પાણીની માગણી કરી.

સ્વામીજીએ જીવનરૂપી અમૃત પાસેજ દેખાડયું જેમ પાણી પીવાથી તરસ મટે છે તેમજ અમૃત પીવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ સાધનરૂપી જીવાંતો (કીડાઓ) જોવાથી તે અમૃતરૂપી પાણી પીવાને દરેકે ના પાડી હતી, પણ દયાળુ સ્વામીજી પોતે દુઃખ વેઠી મોક્ષ સાધનનો માર્ગ સહેલો કરી આપ્યો, આથી દરેક જણુ અમૃત સેવનથી મુકિતને પ્રાપ્ત કરી શકયા.

શ્રી સિદ્ધારૂઢ સ્વામીજી ઉપર દરેક જીવો ભરૂસો રાખી પોતાનો ઉધ્ધાર થાય તેવું કરી લેશે એવી આશા રાખવામાં આવે છે.

ધન્ય છે શ્રી સિધ્ધારૂઢ સ્વામીજીના પ્રભાવને !





શીવરામ અને રાધાબાઇ.

Ny?yasagar Press. Kalbadevi Bombay 2.

પ્રકરણ પર મું

'શિવરાવનો પરીચય'

મેવાર દેશમાં મુક્તાપુર કરીને એક ગામ આવેલું છે ત્યાં લક્ષ્મણ ચન્દ્રગીરી કરીને એક ભકત રહે છે તેમની પત્નીનું નામ પદ્માવતી છે કે જેણી વૈરાગ્ય ભક્તિવાન ઘણીજ હતી તેમને બીજા પુત્રરૂપે શીવરાવ હતા.

શીવરાવની પત્નિનું નામ રાધાબાઈ છે તથા શીવરાવ પોતે વકીલાતનો ધંધો સારી રીતે ચલાવતા હતા.

આ દંપતીનું ધ્યાન ઈશ્વર ભક્તિ તરફ વધારે હતું અને ભક્તિના પ્રભાવથીજ તેઓ સુખમાં દીવસો પ્રસાર કરતાં હતાં.

એટલામાં તેમને ત્યાં એક પુત્ર પ્રાપ્તિ થઈ, આથી બન્ને જણાં બહુજ સુખી થયા તેનું નામ "રામરાવ" રાખ્યું.

આ વખતે તેમની સ્થિતિ બધી રીતે ઘણીજ સારી હતી, તો પણ શીવરાવનું મન વૈરાગ્ય તરફ વધું પડતું હતું

આ ઉપરથી સમજાય છે કે તેમનાં પૂર્વજન્મનાં કંઇક સારાં સંસ્કારો હોવા જોઇએ, નીકર સુખના વખતમાં વૈરાગ્ય તરફ મન કયાંથી વળે ?

શીવરાવ એક દીવસે કોઇને કહ્યા વગર ઘરબાર છોડી ચાલી ગયો, અને ઘણાં તીર્થો ફરી ફરી છેવટે હુબળી શહેરમાં આવી સ્વામીજી પાસે આશ્રમમાં રહેવા લાગ્યો.

આ બનાવથી રાધાબાઇને બહુજ ચિંતા ઉત્પન્ન થઇ અને જાતે તપાસ કરવા નીકળી ગયાં અને બહુ જગ્યાએ ફરી વાળ્યાં પછી માલુમ પડયું કે પોતાના પતિ, સ્વામીજી પાસે હુબળીમાં રહે છે; ત્યારે તે ત્યાં આવી પહોંચ્યાં.

આશ્રમમાં આવ્યા પછી સ્વામીજીને નમસ્કાર કરી ભક્તિપૂર્વક પુજા કરી, કે જેથી સ્વામીજી પ્રસન્ન થયા, પછીથી પોતાનાં બાળક રામરાવને સ્વામીજીના ચરણે લગાડી કહ્યું કે “ હે ભગવાન ! મારા પતિ ઘરબાર ત્યજી આપના આશ્રમમાં આવી રહ્યા છે તથા આ નાનકડા બાળકનું પોષણ એના પીતા વગર કોણ કરશે ?

રાધાબાઇની આવી દયાજનક વાણી સાંભળી, સ્વામીજીને દયા આવી અને શીવરાવને પાસે બોલાવી આજ્ઞા કરી કે,“ આ પુત્ર ને કાન્તા સાથે તારે ઘેર જઈ તમારો સંસાર ફરીથી ચલાવો અને તેઓને એકલાં છોડી તારે કંઇ પણ જવું નહિ, અને જો જવાની જરૂર પડે તો સાથે લઈ જવાં.”

સ્વામીજીની આજ્ઞા માથે ચઢાવી શીવરાવ પોતાને ઘેર પાછો આવ્યો, પરન્તુ તેના અલૌકીક વૈરાગ્ય આગળ તેનું મન શાન્ત થયું નહિ.

થોડા દીવસો પોતાને ઘેર રહી, બાળક તથા સ્ત્રીને સાથે લઇ તેઓ પાછા તીર્થાટન કરવા સારૂ નીકળી પડ્યા.

આ વખતનો દેખાવ રાજા હરિશ્ચન્દ્ર, રોહીદાસ અને તારામતિરાણી સાથે રાજ ત્યાગ કરી નીકળી પડ્યા હતા એવી રીતનું દેખાતું હતું; કારણ કે શીવરાવ અને પુત્ર પૈસાટકા લીધા શીવાય પગેથીજ તીર્થાટન કરવા સારૂ નીકળ્યાં હતાં.

રસ્તામાં પડેલી મુશ્કેલીઓ તેઓના દૃઢનિશ્ચય આગળ સહન કરી શકયાં હતાં. જો કે હાલના વખતમાં એમની સ્થીતિના જીવોથી આવી રીતનો પ્રવાસ થઇ શકેજ નહિ. બલકે પાછાજ ફરે.

તેઓ દરેક સ્થળે ફરી પાછાં હુબળીમાં આવ્યાં અને સ્વામીજીને ચરણે પડ્યાં ત્યારેજ તેઓને શાન્તી વળી.

સ્વામીજીએ એમનું અંતઃકરણ તરતજ પીછાણી લીધું અને હુબળીમાં કાયમ માટે રહેવાનું કહી ત્યાંજ તજવીજ કરી નિશાળમાં માસ્તરની નોકરી પણ અપાવી.

તેઓ આનંદથી હુબળીમાં રહી પોતાના દીવસો ભક્તિમાં પ્રસાર કરવા લાગ્યા એટલુંજ નહિ પણ દરરોજ

ત્રણ માઈલ ચાલી આશ્રમમાં સ્વામીજીના દર્શન કરવા સારૂ આવતાં હતાં. તેઓની ઉત્કૃષ્ટ ભકિત જોઇ સ્વામીજી તેઓનાં બધાં સંકટોનું નીવારણ કરી રહ્યા હતા; એટલામાં શાકે ૧૮૪૨ના માગશર સુદી પૂર્ણિમાના દીવસે તેમને ત્યાં કોઈ એક ભકત આવી ચઢયા, ત્યારે તેમની સાથે પોતાના પુત્ર અને સ્રીને લઈ શ્રી સિદ્ધાશ્રમમાં દર્શનાર્થે આવ્યા.

ભકતોની પુજા થયા બાદ સ્વામીજીએ શીવરાય તથા રાધાબાઈને કહ્યું. " તમો અત્યારે પાછા ઘેર જતા નહિ. પણ થોડા વખત માટે અહિંઆ મઠમાંજ રહેજો. "

શિવરાવે સ્વામીજીની આજ્ઞા માથે ચઢાવી તેઓ બધાં મઠમાંજ રહી પડયાં.

આ દીવસે સ્વામીજી તથા બીજા ભકતો પુરાણ સાંભળવા બેઠા હતા, તેમની બાજુમાં રસોડું બાંધવાનું કામ ચાલી રહ્યું હતું તથા ઘણા ભકત લોકો છાપરા ઉપર કામ કરી રહ્યા હતા, તેઓમાંથી એક જણે ઉપર કંઈ કામ માટે મોટેથી બુમ મારી, આથી શીવરાવ પોતે ઉઠી છાપરા ઉપર ચઢવા લાગ્યો કે તુરતજ નીસરણી ખસી જવાથી તે નીચે પડયો અને માથામાં ભારે ઇજા થવાથી મોટો ઘા પડી લોહી વહેવા લાગ્યું.

આજુબાજુના સર્વે ભકતો ભેગા થઈ ગયા અને

શીવરાવની સ્થિતિ જોઇ ઘણાજ ગભરાઈ ગયા કારણકે તેનો જીવ હમણાજ નીકળી જશેએવું દેખાતું હતું.

સ્વામીજીના ભકતો આગળ યમરાજનું પણ ચાલતું નથી. જેમ શંકર ભકત માર્કંડેય મુનીને મુકી નાસવું પડયું હતું તેમજ અહિંઆં પણ બન્યું. કારણકે સ્વામીજીનું અલૌકિક સામર્થ, પંચભૂતો અને દેવલોકો ઉપર પણ સરખુંજ છે.

શીવરાવ ત્રણ દિવસ સુધી બેશુધ્ધ સ્થિતિમાં પડી રહ્યો હતો, એની પત્નિ અને પુત્ર દરરોજ સ્વામીજી આગળ જઇ, પુજા કરી; પોતાના પતિનો બચાવ કરવા માટે પ્રાર્થના કરતી હતી. આંથી શીવરાવને ત્રણજ દીવસમાં આરામ થઈ ગયો. આવી અજબ રીતે પોતાના ભકતો માટે સ્વામીજીએ સંભાળ લીધી હતી, અને હજુ પણ દરેક ભકત માટે સંભાળ લેયાજ કરે છે.

આ દૃષ્ય ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સ્વામીજીએ તેને માથે ભમી રહેલું સંકટ રૂપી વાદળ હોવાથી તેને ગામમાં જવા દીધો ન હતો; બલકે પોતાના આશ્રમમાં રહેવાનું કહ્યું હતું; તેનું કારણ આજ હોવું જોઇએ.

રાધાબાઇએ સ્વામીજીની ઘણીજ સ્તુતિ કરી કહ્યું “હે ભગવાન, આ સંકટમાંથી બચાવી મારા પતીને જીવતદાન

અરપ્યું છે એટલુંજ નહિ પણ હમારા જન્મનું સાર્થક કર્યું છે એમ અમો માનીએ છીએ.

સ્વામીજીએ એની સ્તુતીથી આનંદ પામી સારો આશીર્વાદ આપ્યો અને કહ્યું કે "તમોને અષ્ઠ ઐશ્વર્ય પ્રાપ્ત થશે." પછીથી તેઓ પગે લાગી આજ્ઞા લઈ પાછા હુબળીમાં ગયા અને વળી થોડાજ વખતમાં સ્વામીજીએ તેઓને પાછા બોલાવ્યા; ત્યારે કાનડી ભાષામાંથી સ્વામીજીનું ચરિત્ર મરાઠી ઉળીબદ્ધમાં સ્વામીજીની આજ્ઞાથી બનાવી ઉત્તમ જન સેવા તથા ગુરૂ સેવા કરી આટલુંજ નહિ પણ રાધાબાઈ અને શીવરાવ મઠમાં આવનાર ભકતોને બહુજ સારી રીતે અત્યાર સુધી મદદ કરી છે; ધન્ય છે તેઓની વૈરાગ્ય ભક્તિને !

સ્વામીજીનું ચરિત્ર કાનડી ભાષામાંથી મરાઠી ઉળીબદ્ધમાં બનાવનાર આ પહેલ વહેલાજ શીવરાવ ભક્ત છે. તેઓએ જે શ્રમ લઇ જન સેવા બજાવી ચરિત્ર બહાર પાડયું છે તેથી આપણે તેમનો આભાર માનવો જોઇએ.

સમાપ્ત